
# ગુણસ્થાન વિવેચન

(ધવલા સહિત)



ૐ નમ: સિદ્ધેભ્યો:

# ગુણસ્થાન - વિવેચન

(ધવલા સહિત)


લેખક

**બ્ર. યશપાલજી જૈન,**

M. A., જયપુર

: સંપાદક :

**પંડિતજી રતનચંદ ભારિલ્લ**

શાસ્ત્રી, ન્યાયતીર્થ, M. A., B. Ed.

પ્રાચાર્ય શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલય, જયપુર

: અનુવાદક :

હિતેન્દ્ર કુંવરજીભાઈ વોરા, B.com.

દહીંસર, મુંબઈ



: પ્રકાશક :

**નમ્રશ્રદ્ધા પ્રકાશન**

દહીંસર, મુંબઈ-૪૦૦૦૬૮

તથા

**પંડિતજી ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર**

એ - ૪, બાપુનગર, જયપુર(રાજસ્થાન) ૩૦૨૦૧૫

ફોન: (૦૧૪૧) ૨૭૦૫૫૮૧, ૨૭૦૭૪૫૮.

ફેક્સ: ૨૭૦૪૧૨૭. Email : ptstjaipur@yahoo.com

• પ્રથમ આઠ સંસ્કરણ (હીન્દી) : ૨૩,૫૦૦
નવમું સંસ્કરણ (ગુજરાતી) : ૧,૦૦૦
(તા.૨૯-૪-૨૦૦૬, વૈશાખ સુદ ૨, ગુરૂદેવ જન્મજયંતી) ૨૪,૫૦૦

પડતર કિંમત : રૂા. ૬૦/=
વેચાણ કિંમત : રૂા. ૨૫/=

લેજર ટાઈપ સેટિંગ :
પ્રેરક કોમ્પ્યુટર
બોરીવલી

પ્રાપ્તિસ્થાન :

૧) નમ્ર શ્રધ્ધા પ્રકાશન (હિતેન્દ્ર કે. વોરા)
૨૦૨, શારદા કો. ઓ. હા. સોસાયટી, ચુનાભટ્ટી,
એસ. એન. દુબે રોડ, દહિસર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૬૮.
ફોન - ૦૨૨ ૨૮૯૫ ૮૬૦૫ મો. ૯૮૨૦૪ ૪૫૧૫૧.

૨) પૂ. કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ
કહાનનગર, લામ રોડ, દેવલાલી,
નાસિક, મહારાષ્ટ્ર - ૪૨૨ ૪૦૧.
ફોન : (૯૫૨૫૩) ૨૪૯૧૦૪૪

૩) પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ
એ-૪, બાપૂનગર, જયપુર (રાજસ્થાન) - ૩૦૨૦૧૫.
ફોન : (૦૧૪૧) ૨૭૦૫૫૮૧, ૨૭૦૭૪૫૮

મુદ્રક :

કે. ટી. પ્રિન્ટર્સ
૩૪, જયહિંદ કોલોની,
એસ. વી. રોડ, બોરીવલી (પૂર્વ),
મુંબઇ - ૪૦૦ ૦૬૬.
ફોન - (૦૨૨) ૨૮૯૫ ૬૫૪૫ / ૨૮૯૪ ૮૩૧૦

# પ્રકાશકીય
(નવમું સંસ્કરણ)

ગુણસ્થાન પ્રવેશિકાનું આ સંશોધિત તથા સંવર્ધિત રૂપ ગુણસ્થાન-વિવેચનના આઠ હીન્દી સંસ્કરણ કર્યા પછી (ગુજરાતીનું આ પ્રથમ) સંસ્કરણ કરતા અમોને અત્યંત પ્રસન્નતાનો અનુભવ થઈ રહ્યો છે.

જયપુરમાં આયોજીત આધ્યાત્મિક શિક્ષણ શિબિરના અવસર પર કરણાનુયોગનું પ્રારંભિક જ્ઞાન કરાવવાના ઉદ્દેશથી ગોમ્મટસારના ગુણસ્થાન પ્રકરણના વર્ગો બ્ર. યશપાલજી દ્વારા લેવાય છે. આ વર્ગોમાં બેસવાવાળા વિદ્યાર્થીઓને આ વિષય સમજવામાં ઘણી મુશ્કેલી પડતી હતી, તેને ધ્યાનમાં રાખી બ્ર. યશપાલજીએ આ કૃતિ તૈયાર કરી છે.

બ્ર. યશપાલજી ચારે અનુયોગોના સમતુલીત અધ્યેતા તથા વૈરાગ્ય રસથી ભીંજાયેલા હૃદયવાળા આત્માર્થી વિદ્વાન છે. શ્રી ટોડરમલ સ્મારક ભવનમાં સંચાલિત થવાવાળી પ્રત્યેક ગતિવિધિઓમાં આપનું સક્રીય યોગદાન રહે છે. ટ્રસ્ટના અનુરોધથી આપ પ્રવચનાર્થે અન્યત્ર પણ જાઓ છો અને પંડિત ટોડરમલજી દ્વારા લખેલ ટીકા સમ્યફ્જ્ઞાન ચંદ્રિકાનું સંપાદાન કાર્ય અત્યંત શ્રમ તથા એકાગ્રતાપૂર્વક કર્યું છે તથા સંપાદાન કાર્યથી પ્રાપ્ત અનુભવનો ભરપુર ઉપયોગ પ્રસ્તુત કૃતિની રચનામાં કર્યો છે. કરણાનુયોગ કૃતિને માટે ટ્રસ્ટ આપનો હૃદયથી આભારી છે.

ગુણસ્થાન-પ્રવેશિકાનું સંશોધન કરી જ્યારે વિસ્તૃત રૂપ પ્રદાન કરવામાં આવ્યું, ત્યારે તેના સંપાદનની જરૂરિયાત જણાઈ. તેને માટે પં. રતનચંદજી ભારિલ્લથી નિવેદન કર્યું, તેથી તેઓએ પોતાના લેખનાદિ કાર્યોની પ્રતિકુળતાઓમાં પણ સમય કાઢી તેને સંપાદિત કરી સુવ્યવસ્થિત કર્યું છે, તેથી ટ્રસ્ટ તેમનો હાર્દિક આભારી છે.

આ પુસ્તકની લેજર ટાઈપ સેટીંગ પ્રેરક કોમ્પ્યુટર દ્વારા તથા પ્રીટિંગ કે. ટી. પ્રીન્ટસ, બોરીવલી દ્વારા કરવામાં આવેલ છે. તે માટે ટ્રસ્ટ આપનો હૃદયથી આભાર માને છે.

પ્રથમ ગુજરાતી અનુભાષીત આ સંસ્કરણ દ્વારા આપ સર્વે પોતાના પરિણામોને ઓળખી આત્મકલ્યાણ કરો એ જ મંગલ ભાવના.........


**વિમળાબેન કે. વોરા**
**અધ્યક્ષ**
**નમ્રશ્રધ્ધા પ્રકાશન, દહીંસર.**

**ડૉ હુકમચંદજી ભારીલ્લ**
**મહામંત્રી**
**શ્રી ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર.**

# સંપાદકીય

અધ્યાત્મગર્ભિત આગમના અભ્યાસમાં રૂચિ રાખવાવાળા શ્રીયુત બ્ર. યશપાલજી જૈન ગત અનેક વર્ષોથી કરણાનુયોગનો વિષય ગુણસ્થાનનું સામાન્ય જ્ઞાન કરાવવા માટે શિક્ષિણ શિબિરોમાં પ્રૌઢ વર્ગો લેતા રહ્યા છે. જેમ - જેમ આપના આ વર્ગો લોકપ્રિય થતા ગયા, તેમ-તેમ આપનો ઉત્સાહ વધતો ગયો. ફળસ્વરૂપે આપે એક ૬૪ પાનાની પુસ્તક પણ ગુણસ્થાન પ્રવેશિકા નામથી લખીને પ્રકાશિત કરાવી.

આગમના અધ્યયન અધ્યાપનથી વિષયનું પરિમાર્જન તો થવું જ રહ્યું. ગુણસ્થાનોની કક્ષા લેવાથી ગુણસ્થાનોથી સંબંધિત વિષય-વસ્તુ હજુ પણ વિસ્તૃત રૂપમાં સંકલિત થતી રહી. તેથી આપે ચાર વર્ષ પછી વળી આ નિર્ણય લીધો કે શા માટે આ ગુણસ્થાન પ્રવેશિકાને વિસ્તૃતરૂપ ન આપી શકાય?

પોતાના દ્વારા લેવાયેલ નિર્ણયને અનુસાર બ્રહ્મચારીજીએ સંકલન સામગ્રીને વ્યવસ્થિત રૂપ આપવાનું કામ પ્રારંભ કરી દીધું અને તેના સંપાદન માટે મને કહ્યું. એક વર્ષની અંદર જ આ લઘુ પુસ્તિકાની લગભગ ૨૫૦ પાનાની પાંડુલિપિ તૈયાર કરી મને વળી સંપાદાન માટે આગ્રહ કર્યો.

મારા પોતાના લેખન, અધ્યયન - અધ્યાપન આદિના કારણે મારી પાસે ઘણું કરી સમયાભાવ રહે છે છતાં પણ ધર્મ સ્નેહવશ તથા આ વિચાર કરીને કે "આ નિમિત્તથી પોતાના ગુણસ્થાન સંબંધી જ્ઞાનનું પરિમાર્જન થઈ જશે." - મેં તેઓનો આગ્રહ સહજ સ્વીકાર કરી લીધો.

બ્રહ્મચારી યશપાલજી જૈન મૂળ તો કન્નડભાષી છે અને આપની શિક્ષા મરાઠી ભાષામાં થઈ, તેથી કન્નડ તથા મરાઠી ભાષા ઉપર તો આપનો વિશેષ અધિકાર છે, પરંતુ હિંદી ભાષા ઉપર તેવો અધિકાર નથી, જેવો હિંદી લેખન માટે અપેક્ષિત હોય છે, આ કારણે ભાષા સંબંધી કમજોરી તો હતી જ.

વિસ્તારથી શિખવવાની આદત તથા અભ્યાસ હોવાથી પ્રશ્નો પણ મોટા અને તેના ઉત્તર પણ આડા-અવળા હતા, થોડું પુનરાવર્તન પણ હતું. વિષયવસ્તુ અત્યંત ઉપયોગી હોવા છતાં પણ તેનું પ્રસ્તુતીકરણ નબળું હતું. મેં બ્રહ્મચારીજીની સંમતિથી જ તેના મૂળભાવને સંપૂર્ણરીતે સુરક્ષિત રાખીને વિષયવસ્તુ તથા ભાષામાં સંશોધન તથા પરિમાર્જન કરી સુગઠિત તથા સુવ્યવસ્થિત સ્વરૂપ પ્રદાન કરવાનો પ્રયાસ કર્યો છે.

પ્રસન્નતાની વાત તો એ હતી કે મેં જે પણ સંશોધન કર્યું, સલાહ આપી, તેને બ્રહ્મચારીજીએ ઘણી સહજતાથી સ્વીકાર કર્યો અને વારંવાર હાર્દિક પ્રસન્નતા પ્રગટ કરી. મને આનો સૂક્ષ્મતાથી અધ્યયન કરવાથી ઘણો લાભ થયો. બધું મળીને (એક રીતે કહીએતો) વસ્તુતઃ આ ગુણસ્થાન વિવેચન ઘણું જ જ્ઞાનવર્ધક થઈ ગયું છે. આગમ તથા અધ્યાત્મમાં પ્રવેશ કરવાને માટે આ બૃહદાકાર પુસ્તક પ્રવેશદ્વાર સિદ્ધ થશે. કૃતિને વાંચવાથી જણાય છેકે લેખકે આ કૃતિને લખવામાં તથા વિષય-વસ્તુનું સંકલન કરવામાં અનેક ગ્રંથોનું ગહન અધયન કર્યું છે. એટલા માટે લેખકને જેટલા ધન્યવાદ આપવામાં આવે તેટલા ઓછા જ છે. હું કામના કરૂં છું કે લેખકનો શ્રમ સાર્થક થાય.

- સંપાદક : પં. રતનચંદજી ભારિલ્લ

# આત્મનિવેદન

વિતેલા અનેક વર્ષોથી કરણાનુયોગના મહતવપૂર્ણ વિષય ગુણસ્થાન સંબંધી વર્ગો લેવાનું સૌભાગ્ય મને વિભિન્ન શિક્ષણ શિબિરોના અવસરે મળતું રહ્યું છે. પ્રારંભમાં તો માત્ર શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ દ્વારા જયપુરમાં આયોજીત શિબિરોમાં જ આ વર્ગો ચાલતા હતા. પરંતુ શીખનારાઓની વધતી જતી જિજ્ઞાસાને જોતાં હવે પ્રત્યેક શિબિરનો આ એક અનિવાર્ય વર્ગ થઈ ચૂક્યો છે. આ રીતે હું જ્યાં પણ પ્રવચનાર્થે જાઉ છું ત્યાં પણ ગુણસ્થાન પ્રકરણને સમજાવવાનો આગ્રહ થવા લાગે છે. સમાજની આ પ્રકારની વિશેષ જિજ્ઞાસાએ જ મને આ વિષય ઉપર અધ્યયન હેતુ પ્રેરિત કર્યો.

શ્રી ટોડરમલજી દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયમાં શાસ્ત્રી પ્રથમ વર્ષના પાઠ્યક્રમના અંતર્ગત ગુણસ્થાન પ્રકરણના અધ્યાપનના નિમિત્તથી પણ મારા આ વિષયનું ચિંતન-મનન વધતું ગયું. તેનું ફળ આ "ગુણસ્થાન વિવેચન" છે.

ગુણસ્થાન વિવેચનના માધ્યમથી ગુણસ્થાનના વર્ગ લેવાની/સમજાવવાની મજા કાંઈક અલગ જ છે. હવે હું વિદ્યાર્થીઓને "આટલા પાના વાંચીને આવશો તો વિષય સરળતાથી સમજમાં આવશે"- એમ કહું છું. વિશેષ કરીને શ્રી ટોડરમલજી દિગંબર જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને શીખવાડવામાં, તેઓને ગુણસ્થાન વિષયની તૈયારી કરવામાં વિશેષ અનુકુળતા થઇ ગઇ છે. હવે વિદ્યાર્થી ગુણસ્થાનની ભૂમિકારૂપ પ્રશ્નોત્તર તો યાદ કરે જ છે, સાથે સાથે ગુણસ્થાન વિવેચન અધ્યાયમાંના પ્રત્યેક ગુણસ્થાનનો સમજેલો વિષય પોતાના શબ્દોમાં આત્મવિશ્વાસપૂર્વક સંભળાવે છે. આ રીતે ગુણસ્થાન વિવેચનના કારણે ગુણસ્થાન સંબંધી વિષય સમજવો તથા સમજાવવો હવે ઘણો જ સુગમ થઈ ગયો છે.

મેં આ ગુણસ્થાન વિવેચન કરણાનુયોગની વિશેષ જાણકારી રાખવાવાળામાંથી બ્ર. હીરાબેન (ઈંદોર), બ્ર. વિમળાબેન (જબલપુર), પં. રાજમલજી જૈન (ભોપાલ), પં. કિશનચંદજી(અલવર), પં. પી. એલ. વૈદ્ય(મલકાપુર), પં. મનોહરરાવ મારવડકર (નાગપુર) વગેરે વિદ્વાનોને આબેહુબ બતાવ્યું અને તેઓના મહત્વપૂર્ણ સલાહ-સૂચન અનુસાર સંશોધન પણ કરી લીધું છે. તેથી હું તેઓ સર્વેનો આભારી છું. પં. રાજમલજીએ આખું પુસ્તક બે-બે વાર સૂક્ષ્મતાથી વાંચ્યું છે અને સલાહ પણ આપી છે.

આ પુસ્તકને ત્રણ અધ્યાયોમાં વિભાજીત કર્યું છે. (૧) પીઠિકા (૨) પ્રશ્નોત્તર તથા (૩) ગુણસ્થાન. સર્વપ્રથમ પીઠિકામાં આચાર્યકલ્પ પંડિત ટોડરમલજી વિરચિત સમ્યજ્ઞાન-ચંદ્રિકાની પીઠિકાને ફરી સંપાદીત કરી પ્રશ્નોત્તરની સાથે આપેલ છે, જેનાથી વાંચકોને સમજવામાં વધુ સરળતા થશે.

પ્રશ્નોત્તર વિભાગમાં ગુણસ્થાન પ્રકરણને સમજવામાં સહયોગી એવા અત્યંત આવશ્યક પ્રશ્નોત્તર વિશેષ સંશોધનની સાથે વિશેષ જોડી દીધા છે. ચૌદ ગુણસ્થાનવાળા ત્રીજા અધ્યાયમાં જળમૂળથી પરિવર્તન કરીને ગુણસ્થાન-પ્રવેશિકામાં જેનો સંકેતમાત્ર કર્યો હતો, તે બધા બિંદુઓને જે રીતે વર્ગમાં વિસ્તારથી શીખવાડું છું, તે રીતે સંપૂર્ણ વિષય

આપવાનો પયાસ કર્યો છે. તેનાથી વર્ગમાં ન બેસવાવાળા પણ જો સ્વયં પોતે તેને એકલા વાંચશે તો પણ તેઓ વિષય સહજ રીતે સમજી શકશે.

ઉપરોક્ત ત્રણે અધ્યાયો પછી મોક્ષમાર્ગ હેતુ જે વિષયોને સમજવું અનિવાર્ય છે, એવા વિષય - જેમ કે જીવ બળવાન છે, કર્મબંધનો નિયમ વગેરે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

આ આઠમા (હીન્દી) સંસ્કરણમાં ધવલાગત ગુણસ્થાનનો અંશ પણ જોડી દીધો છે, જેમાં ૫૦ શંકા-સમાધાન ગર્ભિત છે. આ શંકા-સમાધાનોને અંગ્રેજી (1 થી 50 સુધી) ક્રમાંક આપવામાં આવેલ છે. આ સંસ્કરણની ભાષાની શુધ્ધતાનું શ્રેય પં. શ્રી પ્રવીણજી શાસ્ત્રી, રાયપુર ને જાય છે. અધ્યાત્મસંબંધી મતભેદ હોવા છતાં પણ આગ્રા નિવાસી કરણાનુયોગ રસિક પં. શ્રી રતનલાલજી બૈનાડાનો સહયોગ અમો ભૂલી નથી શકતા. આ બંને વિદ્વાનોનો પણ અમો આભાર વ્યકત કરીએ છીએ.

બધા જિજ્ઞાસુઓના માધ્યમથી પોતાના પરિણામોને ઓળખી આત્મકલ્યાણ કરે - એ જ મંગલકામના છે.

- બ્ર. યશપાલ જૈન.

શ્રી ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, એ - ૪, બાપુનગર, જયપુર


જિનવાણીના પ્રચાર પ્રસાર અર્થે ...............

પ્રસ્તુત સંસ્કરણના પ્રકાશન માટે............

આર્થિક સહયોગ દેનારા દાનદાતા.......

**શ્રી નેમજીભાઈ કરમસી પુનશી ગંગર**

**શ્રી રતીલાલ કરમશી પુનશી ગંગર**

(મુંબઈ - દહીંસર) (કચ્છ - કાંડાગરા)નો

અંતઃકરણપૂર્વક આભાર .......!

શુભેચ્છક :

મે. ગંગર ટીમ્બર માર્ટ મે. કુમ કુમ બીલ્ડર્સ

મે. ગંગર (હાર્ડવેર/સીરામીક્સ) મે. કુમ કુમ ડેવલપર્સ

: મે. કુમ કુમ એન્ટપ્રાઈઝ :

# અનુવાદકની કલમે......

હું અત્યારે ક્યાં ઉભો છું અને મારી મંઝિલ શું છે? આ જાણવાની ઉત્કંઠાથી ગુણસ્થાન સમજવાની જિજ્ઞાસા થઈ. આદરણીય બ્ર. યશપાલજીના "ગુણસ્થાન વિવેચન" પુસ્તકના હીન્દી સંસ્કરણનો અભ્યાસ કર્યો. તેનાથી જીવનમાં દઢતા તથા પવિત્રતા આવી. આ પુસ્તક મારા માટે પુરૂષાર્થપ્રેરક બની રહ્યું. ત્યારે થયું ...... "સમયસાર" નો સાર સમજાવનાર પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો તથા સાહિત્ય પહેલા ગુજરાતીમાં પ્રાપ્ત થતાં હોય છે, જ્યારે મારા જીવનની દીવાદાંડી સમાન ગુણસ્થાન વિવેચનનું પુસ્તક મારી માતૃભાષામાં કેમ નહીં? જો ગુજરાતીમાં આ પુસ્તકનું અનુવાદન થાય તો મારી જેમ મારા અન્ય ગુજરાતી સાધર્મીઓ માટે પણ પુરૂષાર્થપ્રેરક તથા પ્રેરણાદાયક બની રહે..... અને આ ચિંતનના સારરૂપે આજે આપના કરકમળોમાં પ્રસ્તુત થયેલ છે **"ગુણસ્થાન વિવેચન" નું પ્રથમ ગુજરાતી સંસ્કરણ ....!**

ગુણસ્થાનની વાત કરતાં હોઈએ ત્યારે સ્વાભાવિક "ગુણસ્થાન આરોહણ ક્રમ" એટલે કે શ્રીમદ્ રાજચંદ્રજીની અપૂર્વ રચના "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?" ને વિસ્મૃત કેમ કરી શકાય? પૂ. ગુરૂદેવના તેની ઉપર થયેલા પ્રવચનો પણ ખરેખર અપૂર્વ જ છે.

કરણાનુયોગનો વિષય થોડો કઠિન તથા સૂક્ષ્મ તો છે જ પરંતુ તેને પોતાની આગવી, સુગમ અને સરળ ભાષામાં બ્ર. પં. શ્રી યશપાલજી એ "ગુણસ્થાન વિવેચન" તૈયાર કરી દરેક મુમુક્ષુઓ ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તેમજ તેનું સંપાદન પં. શ્રી રતનચંદજી ભારિલ્લે સુવ્યવસ્થિત કરી સુંદર રીતે ગોઠવેલ છે, જે માટે બંને અધ્યાત્મપ્રેમીઓનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

ગુજરાતી અનુવાદ કરવા માટે મારા પ્રેરણામૂર્તિ સમાન **આદરણીય અન્નાજી (બ્ર. યશપાલજી)**નો હું ખૂબ જ ઋણી છું તેમજ આ પ્રતને ચોક્સાઈપૂર્વક ઝીણવટથી તપાસવા માટે **શ્રી અશ્વિનભાઈ (મલાડ-મુંબઈ)**નો, આર્થિક સહાય કરનાર વડીલબંધુ **શ્રી નેમજીભાઈ ગંગર તથા શ્રી રતીલાલભાઈ ગંગર (કચ્છ-કાંડાગરા) (દહીંસર, મુંબઈ)** બંધુબેલડીનો હું અંતઃકરણપૂર્વક આભારી છું

શક્તિ ઉપરાંત જીવનમાં પહેલી જ વાર નાના હાથે ઘણું મોટું કામ હાથમાં લેવાથી જિનવાણીની જાણતા-અજાણતા કોઈ અશાતના થઈ ગઈ હોય તો ક્ષમા યાચું છું અને કામમાં ક્ષતી રહી ગઈ હોય તો સુજ્ઞજનોએ સુધારીને વાંચવું તથા તે તરફ ધ્યાન દોરવા વિનંતી......

અનુવાદનું મૂળ પ્રયોજન સ્વયંનો સ્વાધ્યાય તેમજ આપણે સર્વે આપણી મંઝિલને ઓળખીયે અને ચૌદેય ગુણસ્થાન પાર કરી ગુણસ્થાનાતીત પોતાના સ્વરૂપને સાધીએ એ જ **મંગલ મનોભાવના........**

લી. હિતેન્દ્ર કુંવરજી વોરા (દહીંસર)

## ❁ અનુક્રમણિકા ❁


| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | પ્રકાશકીય આદિ | --- |
| ૨. | પ્રથમ અધ્યાય | ૧-૨૦ |
| | ♦ સામાન્ય પ્રકરણ | ૧-૫ |
| | ♦ પ્રથમાનુયોગનો પક્ષપાતી | ૬-૭ |
| | ♦ ચરણાનુયોગનો પક્ષપાતી | ૭-૧૧ |
| | ♦ દ્રવ્યાનુયોગનો પક્ષપાતી | ૧૧-૧૪ |
| | ♦ શબ્દશાસ્ત્ર, અર્થ, કામભોગ તથા અન્યમતનો પક્ષપાતી | ૧૪-૧૮ |
| | ♦ શાસ્ત્રાભ્યાસનો મહિમા | ૧૮-૨૦ |
| ૩. | દ્વિતીય અધ્યાય | ૨૧-૪૩ |
| | ♦ મહત્વપૂર્ણ પ્રશ્નોત્તર | ૨૧-૪૩ |
| ૪. | તૃતીય અધ્યાય | ૪૪-૨૬૪ |
| | ♦ ગુણસ્થાન-ભૂમિકા | ૪૪-૪૭ |
| | ♦ ગુણસ્થાન-પરિભાષા | ૪૮-૫૧ |
| | ♦ ગુણસ્થાન-વિભાજન | ૫૧-૬૦ |
| ૫. | ૧. મિથ્યાત્વ | ૬૧-૭૫ |
| | ૨. સાસાદનસમ્યકત્વ | ૭૭-૮૭ |
| | ૩. સમ્યક્‌મિથ્યાત્વ(મિશ્ર) | ૮૮-૯૫ |
| | ૪. અવિરતસમ્યક્‌ત્વ | ૯૬-૧૧૬ |
| | ૫. દેશવિરત | ૧૧૭-૧૨૭ |
| | ૬. પ્રમત્તવિરત | ૧૨૮-૧૪૮ |
| | ૭. અપ્રમત્તવિરત | ૧૪૯-૧૫૧ |
| | ૮. અપૂર્વકરણ | ૧૫૨-૧૭૫ |
| | ૯. અનિવૃત્તિકરણ | ૧૭૬-૧૮૫ |
| | ૧૦. સૂક્ષ્મસાંપરાય | ૧૮૬-૧૯૬ |
| | ૧૧. ઉપશાંતમોહ | ૧૯૭-૨૦૭ |
| | ૧૨. ક્ષીણમોહ | ૨૦૮-૨૧૬ |
| | ૧૩. સયોગકેવળી | ૨૧૭-૨૨૭ |
| | ૧૪. અયોગકેવળી | ૨૨૮-૨૩૪ |
| ૬. | ♦ સિદ્ધભગવાન | ૨૩૫-૨૪૨ |
| ૭. | ♦ પરિશિષ્ટ-૧,૨,૩,૪,૫,૬ | ૨૪૪-૨૬૪ |

# પ્રથમ અધ્યાય

## સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા - પીઠિકા

(દોહા)

વન્દૌં જ્ઞાનાનન્દ - કર, નેમિચન્દ ગુણકંદ,
માધવ-વન્દિત વિમલ પદ, પુણ્ય પયોનિધિ નંદ ॥૧॥
દોષ દહન ગુન ગહન ઘન, અરિ કરિ હરિ અરહંત,
સ્વાનુભૂતિ-રમની-રમન, જગ-નાયક - જયવંત ॥૨॥
સિધ્ધ શુધ્ધ સાધિત સહજ, સ્વરસ સુધારસ ધાર,
સમયસાર શિવ સર્વગત, નમત હોઉ સુખકાર ॥૩॥
જૈની બાની વિવિધ વિધિ, વરનત વિશ્વ પ્રમાન,
સ્યાત્પદ મુદ્રિત અહિતહર, કરહુ સકલ કલ્યાન ॥૪॥
મૈં નમો નગન જૈન જન, જ્ઞાન-ધ્યાન ધન લીન,
મૈન માન બિન દાન ઘન, એન હીન તન છીન ॥૫॥
ઈહ વિધિ મંગલ કરન તૈં, સબ વિધિ મંગલ હોત,
હોત ઉદંગલ દૂરિ સબ, તમ જ્યોં ભાનુ ઉદ્યોત ॥૬॥

હવે મંગલાચરણ કરીને શ્રીમદ્ ગોમ્મટસાર, જેનું બીજું નામ પંચસંગ્રહ ગ્રંથ, તેની દેશભાષામય ટીકા કરવાનો પુરુષાર્થ કરૂં છું. આ ગ્રંથ-સમુદ્ર તો એવો છે, જેમાં સાતિશય બુધ્ધિ-બળ યુક્ત જીવોનો પણ પ્રવેશ થવો દુર્લભ છે અને હું મંદબુધ્ધિ (આ ગ્રંથનો) અર્થ પ્રકાશવારૂપ તેની ટીકા કરવાનો વિચાર કરી રહ્યો છું.

આ વિચાર તો એવો થયો, જેમ કોઈ પોતાના મુખે જિનેન્દ્ર દેવના સર્વ ગુણોનું વર્ણન કરવા ઈચ્છે, પરંતુ તે કેમ થઈ શકે?

**પ્રશ્ન ૧ :-** ન થઈ શકે તો પુરૂષાર્થ કેમ કરો છો ?

**ઉત્તર :-** જેમ જિનેન્દ્રદેવના સર્વ ગુણોનું વર્ણન કરવાની શક્તિ નથી છતાં પણ ભક્ત પુરૂષ ભક્તિને વશ થઈ પોતાની બુધ્ધિ પ્રમાણ ગુણ-વર્ણન કરે છે, તેવી જ રીતે આ ગ્રંથનાં સંપૂર્ણ અર્થનું પ્રકાશન કરવાની શક્તિ ન હોવા છતાં અનુરાગને વશ હું મારી બુધ્ધિ અનુસાર (ગુણ) અર્થનું પ્રકાશન કરીશ.

**પ્રશ્ન ૨ :-** જો અનુરાગ છે, તો પોતાની બુધ્ધિ અનુસાર ગ્રંથાભ્યાસ કરો; પરંતુ મંદબુધ્ધિવાળાઓને તો ટીકા કરવાના અધિકારી થવું ઉચિત નથી.

**ઉત્તર :-** જેમ કોઈ પાઠશાળામાં બહુ બાળકો ભણે છે, તેમાં કોઈ બાળક વિશેષ જ્ઞાન રહિત છે, છતાં અન્ય બાળકોથી વધારે ભણ્યો છે, તો તે પોતાથી અલ્પ ભણેલા બાળકોને પોતાના જેવું જ્ઞાન થવા માટે કાંઈ લખી આપવા આદિ કાર્યનો હક્કદાર હોય છે. તે જ પ્રમાણે મને વિશેષ જ્ઞાન નથી, છતાં પણ કાળદોષથી મારાથી પણ મંદબુધ્ધિવાળા છે અને થશે પણ, તેઓને માટે મારા જેવું આ ગ્રંથનું જ્ઞાન થવા માટે ટીકા કરવાનો અધિકારી થયો છું.

**પ્રશ્ન ૩ :-** આ કાર્ય કરવું છે - એવો તો આપે વિચાર કર્યો, પરંતુ જેમ નાનો માણસ મોટું કાર્ય કરવાનો વિચાર કરે, તો ત્યાં તે કાર્યમાં ભૂલ તો થાય જ છે અને ત્યાં તે હાંસીપાત્ર બને છે. તે જ પ્રમાણે આપ પણ મંદબુધ્ધિવાળા થઈને આ ગ્રંથની ટીકા કરવાનો વિચાર કરી રહ્યા છો, તો ભૂલ તો થશે જ અને ત્યાં હાસ્યને પાત્ર થઈ જશો.

**ઉત્તર :-** આ વાત સત્ય છે કે હું મંદબુધ્ધિ હોવા છતાં પણ આવા મહાન ગ્રંથની ટીકા કરવાનો વિચાર કરી રહ્યો છું. અહીં ભૂલ તો થઈ શકે છે, પરંતુ સજ્જન હાસ્ય નહીં કરે.

જેમ બીજા બાળકોથી વધારે ભણેલો બાળક ક્યાંક ભૂલ કરે, ત્યારે મોટેરા એવો વિચાર કરે છે કે **બાળક છે તો ભૂલ તો થાય, પરંતુ બીજા બાળકોથી ભલો છે.** આ પ્રમાણે વિચારી હસશે નહીં.

તે પ્રમાણે હું અહીં કાંઈ ભૂલી જાઉ તો ત્યાં સજ્જન પુરૂષ એવો

વિચાર કરશે કે તે **મંદબુદ્ધિ હતો, તેથી ભૂલ તો થાય; પરંતુ કેટલાંય અતિ મંદબુદ્ધિવાળાથી તો ભલો(સારો) જ છે,** આવો વિચાર કરી હાસ્ય નહીં કરે.

**પ્રશ્ન ૪ :-** સજ્જન તો હાસ્ય નહીં કરે, પરંતુ દુર્જન તો કરશે જ ને?

**ઉત્તર :-** દુષ્ટ તો એવા જ હોય છે, જેના હૃદયમાં બીજાનાં નિર્દોષ-સારા ગુણ પણ વિપરીત જ ભાસે છે, પરંતુ તેના ભયથી જેમાં આપણું હિત થાય - એવા કાર્યને કોણ ન કરે?

**પ્રશ્ન ૫ :-** પૂર્વ ગ્રંથ તો છે જ, તેનો અભ્યાસ કરી - કરાવીને જ હિત થાય છે, મંદબુદ્ધિથી ગ્રંથની ટીકા કરવાની મહંતતા (મોટાઈ / પંડિતાઈ) શા માટે પ્રગટ કરો છો?

**ઉત્તર :- ગ્રંથનો અભ્યાસ કરવાથી ગ્રંથની ટીકા રચના કરવામાં ઉપયોગ વિશેષ લાગે છે, અર્થ પણ વિશેષ સમજમાં આવે છે.** અન્ય જીવોને ગ્રંથાભ્યાસ કરાવવાનો સંયોગ થવો દુર્લભ છે અને સંયોગ થવા છતાં કોઈક જીવને જ અભ્યાસ થાય છે. ગ્રંથની ટીકા રચવાથી તો પરંપરાગત અનેક જીવોને અર્થનું જ્ઞાન થશે. માટે **પોતાનું તથા અન્ય જીવોનાં વિશેષ હિત કાજે ટીકા કરૂં છું,** મહંતતાનું તો કોઈ પ્રયોજન જ નથી.

**પ્રશ્ન ૬ :-** આ સત્ય છે કે આ કાર્યમાં વિશેષ હિત થાય છે, પરંતુ બુદ્ધિની મંદતાથી ક્યાંક ભૂલથી અન્યથા અર્થ લખાઈ જાય, તો ત્યાં મહાપાપની ઉત્પત્તિથી અહિત પણ થશે.

**ઉત્તર :-** યથાર્થ સર્વ પદાર્થના જ્ઞાતા તો કેવળી ભગવાન છે, બીજાને જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસાર જ્ઞાન છે, તેઓને કોઈ અર્થ અન્યથા પણ લાગે, પરંતુ જિનેન્દ્ર દેવનો એવો ઉપદેશ છે –

**"કુદેવ, કુગુરૂ, કુશાસ્ત્રોના વચનની પ્રતીતિથી તથા હઠથી તથા ક્રોધ, માન, માયા, લોભથી તથા હાસ્ય-ભયાદિકથી જો અન્યથા શ્રધ્ધા કરે તથા ઉપદેશ આપે, તો તે મહાપાપી છે."** તથા વિશેષ જ્ઞાનવાન ગુરૂના નિમિત્ત વગર તથા પોતાના વિશેષ ક્ષયોપશમ વિના કોઈ સૂક્ષ્મ અર્થ અન્યથા પ્રતિભાસિત થાય અને તે એવું જાણે કે જિનેન્દ્રદેવનો ઉપદેશ આવો જ છે - એમ જાણી કોઈ સૂક્ષ્મ અર્થની

શ્રધ્ધા કરે અને ઉપદેશ આપે તો તેને મહાપાપ નથી થતું. તે જ આ ગોમ્મટસાર જીવકાંડ ગ્રંથમાં પણ આચાર્યશ્રી નેમિચંદ્રજી એ કહ્યું છે –

**सम्माइट्ठी जीवो, उवइट्ठं पवयणं तु सद्दहदि।**
**सद्दहदि असब्भावं, अजाणमाणो गुरुणियोगा ॥२७॥**

પ્રશ્ન ૭:- આપે વિશેષ જ્ઞાનીથી ગ્રંથના યથાર્થ સર્વ અર્થનો નિર્ણય કરી ટીકા કરવાનો પ્રારંભ કેમ ન કર્યો?

ઉત્તર :- કાળદોષથી કેવળી-શ્રુતકેવળીનો તો અત્રે અભાવ જ છે અને વિશેષ જ્ઞાની પણ જવલ્લે જ મળે છે. જે કોઈ છે તેઓ દૂર ક્ષેત્રમાં છે, તેમનો સંયોગ દુર્લભ છે અને આયુ, બુધ્ધિ, બળ, પરાક્રમ આદિ તુચ્છ રહી ગયા છે. માટે જેટલું થઈ શક્યું, તેટલા અર્થનો નિર્ણય કર્યો, બાકી શેષ જેમ છે, તેમ પ્રમાણ છે.

પ્રશ્ન ૮:- આપે કહ્યું તે સત્ય છે, પરંતુ આ ગ્રંથમાં જો ભૂલ થશે, તેને શુધ્ધ કરવાનો શું કોઈ ઉપાય પણ છે?

ઉત્તર :- એક ઉપાય આ કરીએ છીએ - જ્ઞાની પુરૂષોનો પ્રત્યક્ષ તો સંયોગ નથી, માટે તેઓને પરોક્ષ જ એવી વિનંતી કરૂં છું કે - "હું મંદબુધ્ધિ છું, વિશેષ જ્ઞાન રહિત છું, અવિવેકી છું, શબ્દ, ન્યાય, ગણિત, ધાર્મિક આદિ ગ્રંથોનો વિશેષ અભ્યાસ મને નથી, તેથી હું શક્તિહીન છું, છતાં પણ ધર્માનુરાગને વશ થઈને ટીકા કરવાનો વિચાર કર્યો છે, તેમાં જ્યાં જ્યાં ભૂલ થઈ જાય, અન્યથા અર્થ થઈ જાય, ત્યાં ત્યાં મારા ઉપર ક્ષમા કરી તે અન્યથા અર્થને દૂર કરી યથાર્થ અર્થ લખશો. આ પ્રકારે વિનંતી કરી જે ભૂલ થશે, તેને શુધ્ધ કરવાનો ઉપાય કર્યો છે.

પ્રશ્ન ૯:- આપે ટીકા કરવાનો વિચાર કર્યો, તે તો સારૂં કર્યું, પરંતુ આવા મહાન ગ્રંથની ટીકા સંસ્કૃતમાં જ જોઈએ. ભાષામાં તો તેની ગંભીરતા ભાસિત નહીં થાય.

ઉત્તર :- આ ગ્રંથની "જીવતત્વપ્રદીપિકા" નામની સંસ્કૃત ટીકા તો પૂર્વ થયેલ જ છે, પરંતુ ત્યાં સંસ્કૃત, ગણિત આમ્નાય આદિના જ્ઞાન રહિત જે મંદબુધ્ધિ છે, તેમનો પ્રવેશ થતો નથી. અહીં કાળ-દોષથી બુધ્ધિ આદિ તુચ્છ હોવાથી સંસ્કૃતાદિના જ્ઞાન રહિત જીવ ઘણા છે, તેઓને આ ગ્રંથના અર્થનું જ્ઞાન કરવા માટે ભાષા ટીકા કરૂં છું. તેથી જે

જીવ સંસ્કૃતાદિ સહિત વિશેષ જ્ઞાનવાન છે, તેઓ મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકાથી અર્થ ધારણ કરે. જે જીવ સંસ્કૃતાદિ વિશેષ જ્ઞાનરહિત છે, તેઓ આ ભાષા ટીકાથી અર્થને ધારણ કરે અને જે જીવ સંસ્કૃતાદિ જ્ઞાન સહિત છે, પરંતુ ગણિત આમ્નાયાદિકના જ્ઞાનના અભાવથી મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકામાં પ્રવેશ નથી મેળવી શકતા, તેઓ આ ભાષા ટીકાથી અર્થને ધારણ કરીને મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકામાં પ્રવેશ કરે તથા જે ભાષાટીકાથી મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકાથી વિશેષ અર્થ થઈ શકે, તેને જાણવાનો અન્ય ઉપાય થાય તે કરે.

**પ્રશ્ન ૧૦ :-** સંસ્કૃત જાણવાવાળાને ભાષા અભ્યાસમાં અધિકાર નથી.

**ઉત્તર :-** સંસ્કૃત જ્ઞાનવાળાને ભાષા વાંચવાથી તો કોઈ દોષ લાગતો નથી, આપણું પ્રયોજન જેમ સિધ્ધ થાય એમ જ કરવું. પૂર્વમાં અર્ધમાગધી આદિ ભાષામય મહાગ્રંથ હતાં. જ્યારે જીવોની બુધ્ધિની મંદતા થઈ ત્યારે સંસ્કૃતાદિ ભાષામાં ગ્રંથ બન્યા. હવે જીવોની બુધ્ધિની વિશેષ મંદતા થઈ, તેથી દેશભાષામય ગ્રંથ રચવાનો વિચાર આવ્યો. સંસ્કૃતાદિ ગ્રંથનો અર્થ પણ ભાષા દ્વારા જ જીવોને સમજાવે છે. અહીં ભાષા દ્વારા જ અર્થ લખવામાં આવે તો કોઈ દોષ નથી.

આ પ્રમાણે વિચાર કરી શ્રીમદ્ ગોમ્મટસાર બીજું નામ પંચસંગ્રહ ગ્રંથની જીવતત્વપ્રદીપિકા નામની સંસ્કૃત ટીકા અનુસાર "સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા" નામની આ દેશભાષામયી ટીકા કરવાનો નિશ્ચય કર્યો છે. શ્રી અરહંતદેવ, જિનવાણી, નિર્ગ્રંથ ગુરુવર્યોના પ્રસાદથી તથા મૂળગ્રંથકર્તા શ્રી નેમિચંદ્ર આદિ આચાર્યોના પ્રસાદ થકી આ કાર્ય સિધ્ધ થાઓ.

હવે આ શાસ્ત્રના અભ્યાસમાં જીવોને સન્મુખ કરીએ છીએ.

હે ભવ્ય જીવ! તું તારું હિત ઈચ્છતો હોય તો તને જે પ્રકારે હિત થાય તે પ્રકારે જ આ શાસ્ત્રનો અભ્યાસ કરજે.

**આત્માનું હિત મોક્ષ છે. મોક્ષ સિવાય અન્ય જે છે, તે પરસંયોગજનિત છે, વિનાશક છે, દુઃખમય છે અને મોક્ષ જ નિજસ્વભાવ છે, અવિનાશી છે, અનંત સુખમય છે. માટે તારે મોક્ષપદની પ્રાપ્તિનો ઉપાય કરવો જોઈએ.**

મોક્ષનો ઉપાય સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર છે. તેની પ્રાપ્તિ જીવાદિકનું સ્વરૂપ જાણવાથી જ થાય છે. તેને કહું છું –

જીવાદિ તત્વોનું શ્રદ્ધાન સમ્યક્‌દર્શન છે. જાણ્યા વગર શ્રદ્ધાન થવું આકાશના ફુલ સમાન છે. પ્રથમ જાણે, ત્યાર પછી તેમ જ પ્રતીતિ કરવાથી શ્રદ્ધાનને પ્રાપ્ત થાય છે. માટે જીવાદિક્નું જાણવું, શ્રદ્ધાન થવાથી પૂર્વે જ થાય છે. તે જ તેના શ્રદ્ધાનરૂપ સમ્યક્‌દર્શનના કારણરૂપ જાણવું.

શ્રદ્ધાન થવાથી જે જીવાદિકનું જાણવું થાય છે, તેનું નામ સમ્યક્‌જ્ઞાન છે.

શ્રદ્ધાનપૂર્વક જીવાદિને જાણતાં જ જીવ સ્વયમેવ ઉદાસીન થઈ હેયનો ત્યાગ, ઉપાદેયને ગ્રહણ કરે છે, ત્યારે સમ્યક્‌ચારિત્ર થાય છે. **અજ્ઞાનપૂર્વક ક્રિયાકાંડથી સમ્યક્‌ચારિત્ર થતું નથી.**

આ પ્રકારે જીવાદિકને જાણવાથી જ સમ્યક્‌દર્શન આદિ મોક્ષના ઉપાયની પ્રાપ્તિ થાય છે - એવો નિશ્ચય કરવો જોઈએ. આ શાસ્ત્રના અભ્યાસથી જીવાદિનું જાણવું યથાર્થ થાય છે. જે સંસાર છે, તે જીવ અને કર્મના સંબંધરૂપ છે તથા વિશેષ જાણવાથી તેના સંબંધનો અભાવ થાય છે, તે જ મોક્ષ છે. માટે આ શાસ્ત્રમાં જીવ અને કર્મનું જ વિશેષ નિરૂપણ છે. અથવા જીવાદિક ષટ્‌દ્રવ્ય, સાત તત્વાદિકનું પણ આમાં યથાર્થ નિરૂપણ છે, તેથી આ શાસ્ત્રનો અભ્યાસ અવશ્ય કરશો.

હવે અહીં અનેક જીવ આ શાસ્ત્રના અભ્યાસમાં અરૂચિ હોવાને લીધે વિપરીત વિચાર પ્રગટ કરે છે. તેમને સમજાવીએ છીએ :-

અનેક જીવ માત્ર પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગનો જ પક્ષ કરી આ કરણાનુયોગરૂપ શાસ્ત્રના અભ્યાસનો નિષેધ કરે છે.

**પ્રશ્ન ૧૧ :- તેમાંથી પ્રથમાનુયોગનો પક્ષપાતી** કહે છે કે વર્તમાનમાં જીવોની બુદ્ધિ બહુ જ મંદ છે, તેઓને આવા સૂક્ષ્મ વ્યાખ્યાનરૂપ શાસ્ત્રમાં કાંઈ જ સમજમાં આવતું નથી, માટે તીર્થંકરાદિકની કથાનો ઉપદેશ અપાય તો સારી રીતે સમજી લે અને સમજીને પાપથી ડરીને ધર્માનુરાગી થાય. માટે પ્રથમાનુયોગનો ઉપદેશ કાર્યકારી છે.

**ઉત્તર :-** હમણાં બધા જીવો તો એક સરખા છે નહીં, હીનાધિક બુદ્ધિ દેખાય છે, તેથી જેવો જીવ હોય, તેવો ઉપદેશ દેવો. અથવા મંદબુદ્ધિ જીવ પણ શીખડાવવાથી, અભ્યાસ કરવાથી બુદ્ધિમાન થતાં જોવામાં આવે છે. માટે જે બુદ્ધિમાન છે, તેઓને તો આ ગ્રંથ કાર્યકારી છે જ અને

જે મંદબુધ્ધિ છે, તે વિશેષબુધ્ધિવાળાઓ દ્વારા સામાન્ય-વિશેષરૂપ ગુણસ્થાનાદિકનું સ્વરૂપ શીખીને આ શાસ્ત્રના અભ્યાસમાં પ્રવર્તન કરે.

**પ્રશ્ન ૧૨** - અહીં મંદબુધ્ધિવાળા કહે છે કે આ ગોમ્મટસાર શાસ્ત્ર તો ગણિત સમસ્યાનું વર્ણન કરવાવાળું અનેક અપૂર્વ કથન સહિત હોવાથી બહુ જ કઠિન છે, એવું સાંભળવામાં આવેલ છે. અમે તેમાં કેવી રીતે પ્રવેશ કરી શકીએ ?

**ઉત્તર** :- ડરો નહીં ! આ ભાષા ટીકામાં ગણિત આદિનો અર્થ સુગમરૂપ બનાવી કહ્યો છે, તેથી પ્રવેશ મેળવવો કઠિન નથી. આ શાસ્ત્રમાં કથન ક્યાંક તો સામાન્ય છે, કયાંક વિશેષ છે, ક્યાંક સુગમ છે, ક્યાંક કઠિન છે. ત્યાં જો સર્વ અભ્યાસ થઈ શકે, તો સારૂં જ છે અને જો ન થઈ શકે તો પોતાની બુધ્ધિ અનુસાર જેટલો થઈ શકે, તેટલો જ અભ્યાસ કરો, પોતાના ઉપાયમાં આળસ ના કરશો.

તેં કહ્યું - જીવ પ્રથમાનુયોગ સંબંધી કથાદિક સાંભળવાથી પાપથી ડરીને ધર્માનુરાગી થાય છે.

**ત્યાં બંને કાર્ય-પાપથી ડરવું અને ધર્માનુરાગી થવું શિથિલતારૂપ થાય છે. અહીં પુણ્ય-પાપના કારણ-કાર્યાદિક વિશેષ જાણવાથી તે બંને કાર્ય દ્રઢતા સહિત થાય છે.** તેથી આનો અભ્યાસ કરશો. આ પ્રમાણે પ્રથમાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યો.

**પ્રશ્ન ૧૩**:- હવે **ચરણાનુયોગનો પક્ષપાતી** કહે છે કે જે આ શાસ્ત્રમાં કથિત જીવ - કર્મનું સ્વરૂપ છે, તે જેવું છે, તેવું જ છે. તે જાણવાથી શું સિધ્ધ થાય છે ? જો હિંસાદિકનો ત્યાગ કરીને વ્રતનું પાલન કરવામાં આવે, ઉપવાસાદિ તપ કરવામાં આવે, અરિહંતાદિકની પૂજા, નામસ્મરણ આદિ ભક્તિ કરવામાં આવે, દાન આપવામાં આવે, વિષય-કષાયાદિકથી ઉદાસીન થવું ઈત્યાદિક જો શુભ કાર્ય કરવામાં આવે તો આત્મહિત થાય, માટે તેનો પ્રરૂપક ચરણાનુયોગનો ઉપદેશ કરવો જોઈએ.

**ઉત્તર** :- તેને કહીએ છીએ કે - **હે સ્થૂળબુધ્ધિ !** તેં વ્રતાદિ શુભકાર્ય કહ્યા, તે કરવા યોગ્ય જ છે, પરંતુ તે સર્વે **સમ્યકત્વ વગર એવા છે જેવા એકડાં વગરના મીંડા અને જીવાદિકનું સ્વરૂપ જાણ્યા** વગર સમ્યક્ત્વનું હોવું એવું છે જાણે વાંઝીયાને પુત્ર. તેથી જીવાદિકનું સ્વરૂપ જાણવા માટે આ શાસ્ત્રનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ.

તથા તે જે પ્રકારે વ્રતાદિક શુભકાર્ય કહ્યા અને તેનાથી પુણ્યબંધ થાય છે, એમ કહ્યું તે તો ઠીક છે, તેવી જ રીતે જીવાદિકનું સ્વરૂપ જાણવારૂપ જ્ઞાનાભ્યાસ છે, આ પણ સહુથી મોટું પ્રધાન શુભ કાર્ય છે. આનાથી સાતિશય પુણ્યનો બંધ થાય છે અને પેલા વ્રતાદિકમાં પણ જ્ઞાનાભ્યાસની જ મુખ્યતા છે. તેને જ કહીએ છીએઃ -

જે જીવ પ્રથમ, જીવ-સમાસાદિ વિશેષ જાણી પશ્ચાત્ યથાર્થજ્ઞાન કરી હિંસાદિકનો ત્યાગી થઈ વ્રત ધારણ કરે, તે જ વ્રતી છે. જીવાદિકના વિશેષોને જાણ્યા વગર કાંઈક હિંસાદિકના ત્યાગથી પોતાને વ્રતી માને તો તે વ્રતી નથી. માટે વ્રતના પાલનમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

તપ બે પ્રકારના છે. બહિરંગ તપ અને અંતરંગ તપ. જેનાથી શરીરનું દમન થાય, તે બહિરંગ તપ છે અને જેનાથી મનનું દમન થાય તે અંતરંગ તપ છે. આમાં બહિરંગ તપથી અંતરંગ તપ ઉત્કૃષ્ટ છે. ઉપવાસાદિક તો બહિરંગ તપ છે, જ્ઞાનાભ્યાસ અંતરંગ તપ છે. સિધ્ધાંતમાં પણ છ પ્રકારના અંતરંગ તપોમાં ચોથું સ્વાધ્યાય તપ કહ્યું છે, તેનાથી ઉત્કૃષ્ટ કાર્યોત્સર્ગ અને ધ્યાન જ છે, માટે તપ કરવામાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

જીવાદિના વિશેષરૂપ ગુણસ્થાનાદિકનું સ્વરૂપ જાણવાથી જ અરહંત આદિનું સ્વરૂપ યથાર્થ રીતે ઓળખી શકાય છે , તથા આપણી અવસ્થા ઓળખી શકાય છે, આવી ઓળખાણ થવાથી જે અંતરંગમાં તીવ્ર ભક્તિ પ્રગટ થાય છે, તે બહુ કાર્યકારી છે અને જે કુળ-ક્રમાદિકથી ભક્તિ થાય છે, તે કિંચિત્માત્ર જ ફળ આપે છે. માટે ભક્તિમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

દાન ચાર પ્રકારના છે. જેમાં આહારદાન, ઔષધિદાન, અભયદાન તો તત્કાલ ક્ષુધાના દુઃખને કે રોગના દુઃખને અથવા મરણાદિક ભયના દુઃખને જ દૂર કરે છે, પરંતુ જે જ્ઞાનદાન છે, તે અનંત ભવોથી ચાલ્યા આવતા દુઃખને દૂર કરવામાં કારણ છે. તીર્થંકર, કેવળી, આચાર્યાદિકની પણ જ્ઞાનદાનની પ્રવૃત્તિ મુખ્ય છે. તેથી જ્ઞાનદાન ઉત્કૃષ્ટ છે. માટે જેને જ્ઞાનાભ્યાસ હોય તો તે પોતાનું ભલું કરી લે છે અને અન્યજીવોને પણ જ્ઞાનદાન આપે છે.

જ્ઞાનાભ્યાસ વિના જ્ઞાનદાન દેવું કેવી રીતે થઈ શકે ? માટે દાનમાં

પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

જેમ જન્મથી જ કોઈ પુરૂષ ઠગોના ઘરે પહોંચી જાય, ત્યાં તે ઠગોને પોતાના માને છે. કદાચિત્ કોઈ પુરૂષ કોઈ નિમિત્તથી પોતાના કુળનું અને ઠગોનું યથાર્થ જ્ઞાન કરવાથી ઠગોથી અંતરંગમાં ઉદાસીન થઈ જાય છે. તેઓને પર જાણી સંબંધ છોડવા ઈચ્છે છે. બહારમાં જેવું નિમિત્ત છે એવું પ્રવર્તન કરે છે અને કોઈ પુરૂષ તે ઠગોને પોતાના જ જાણે છે, કોઈ કારણથી કોઈ ઠગોથી અનુરાગ કરે છે અને કોઈ ઠગોથી લડીને ઉદાસીન થાય છે, આહારાદિકનો ત્યાગ કરી દે છે.

તેમ જ અનાદિથી બધા જીવ સંસારને પ્રાપ્ત છે, ત્યાં કર્મોને પોતાના માને છે. તેમાંથી કોઈ જીવ કોઈ નિમિત્તથી જીવ અને કર્મનું યથાર્થ જ્ઞાન કરીને કર્મોથી ઉદાસીન થઈ તેને પર માનવા લાગે, તેનાથી સંબંધ છોડવા ઈચ્છે છે. બાહરમાં જેવું નિમિત્ત છે, તેવી પ્રવૃત્તિ કરે છે. આ પ્રકારે જે જ્ઞાનાભ્યાસ દ્વારા જે ઉદાસીનતા થાય છે, તે જ કાર્યકારી છે. કોઈ જીવ તે કર્મોને પોતાના માને છે અને કોઈ કારણથી કોઈ શુભ કર્મોથી અનુરાગરૂપ પ્રવૃત્તિ કરે છે, કોઈ અશુભ કર્મને દુઃખનું કારણ જાણી ઉદાસીન થઈ વિષયાદિકનો ત્યાગી થાય છે.

**આ પ્રકારે જ્ઞાન વિના જે ઉદાસીનતા થાય છે, તે પુણ્યફળની દાતા છે, મોક્ષકાર્યને સાધતી નથી. માટે ઉદાસીનતામાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.** આ પ્રકારે અન્ય પણ શુભ કાર્યોમાં જ્ઞાનાભ્યાસને જ પ્રધાન જાણશો. જુઓ, મહામુનિઓના પણ ધ્યાન અને અધ્યયન - બંને ય કાર્ય મુખ્ય છે. માટે આ શાસ્ત્રના અધ્યયન દ્વારા જીવ તથા કર્મનું સ્વરૂપ જાણી સ્વરૂપનું ધ્યાન કરવું.

**પ્રશ્ન ૧૪** :- અહીં કોઈ તર્ક કરે કે - કોઈ જીવ શાસ્ત્ર અધ્યયન તો ઘણું કરે છે અને વિષયાદિકનો ત્યાગી નથી થતો, તો તેને શાસ્ત્ર અધ્યયન કાર્યકારી છે કે નહીં? જો છે, તો મહંત પુરૂષ શા માટે વિષયાદિક તજે? અને જો ન તજે, તો જ્ઞાનાભ્યાસની મહિમા ક્યાં રહી?

**ઉત્તર** :- શાસ્ત્રાભ્યાસી બે પ્રકારના છે. ૧. લોભાર્થી ૨. ધર્માર્થી.

**ત્યાં જે જીવ અંતરંગ અનુરાગ વગર ખ્યાતિ-પૂજા-લાભાદિકના પ્રયોજનથી શાસ્ત્રાભ્યાસ કરે, તે લોભાર્થી છે. તે વિષયાદિકનો ત્યાગ નથી કરતો અથવા ખ્યાતિ-પૂજા-લાભાદિકના અર્થે**

**વિષયાદિકનો ત્યાગ પણ કરે છે, છતાં પણ તેનો શાસ્ત્રાભ્યાસ કાર્યકારી નથી.**

**જે જીવ અંતરંગ અનુરાગથી આત્મહિતના અર્થે શાસ્ત્રાભ્યાસ કરે છે, તે ધર્માર્થી છે.**

પ્રથમ તો જૈન શાસ્ત્રો જ એવા છે કે જે તેનું ધર્માર્થી થઈ અભ્યાસ કરે છે, તે વિષયાદિકનો ત્યાગ કરે જ કરે છે; તેનો તો જ્ઞાનાભ્યાસ કાર્યકારી છે જ.

કદાચિત્ પૂર્વકર્મોદયની પ્રબળતાથી **ન્યાયરૂપ વિષયાદિકનો ત્યાગ ન થઈ શકે,** તો પણ તેના સમ્યક્દર્શન-જ્ઞાનના હોવાથી જ્ઞાનાભ્યાસ કાર્યકારી હોય છે, જે પ્રમાણે અસંયત ગુણસ્થાનમાં વિષયાદિકના ત્યાગ વિના પણ મોક્ષમાર્ગપણું હોય છે.

**પ્રશ્ન ૧૫ :-** જે ધર્માર્થી થઈને જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેના વિષયાદિકનો ત્યાગ ન થઈ શકે એવું તો નથી થતું કેમ કે વિષયાદિકનું સેવન પરિણામોથી થાય છે અને પરિણામ સ્વાધીન હોય છે.

**ઉત્તર :-** પરિણામ બે પ્રકારના છે. ૧. બુદ્ધિપૂર્વક ૨. અબુદ્ધિપૂર્વક. **ત્યાં જે પરિણામ પોતાના અભિપ્રાય અનુસાર થાય તે બુદ્ધિપૂર્વક અને જે પરિણામ દૈવ(કર્મ)ના નિમિત્તથી પોતાના અભિપ્રાયથી વિરૂધ્ધ (અન્યથા) થાય તે અબુધ્ધિપૂર્વક.**

જેમ સામાયિક કરતી વેળા ધર્માત્માનો અભિપ્રાય તો એવો છે કે હું મારા પરિણામ શુભરૂપ રાખું. ત્યાં જે શુભ પરિણામ જ થાય તે તો બુધ્ધિપૂર્વક છે અને જો કર્મોદયથી સ્વયમેવ અશુભ પરિણામ થાય, તે અબુધ્ધિપૂર્વક જાણવા.

તે જ પ્રમાણે ધર્માર્થી થઈને જે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેનો અભિપ્રાય તો વિષયાદિકના ત્યાગરૂપ વીતરાગભાવની પ્રાપ્તિનો જ હોય છે. ત્યાં વીતરાગભાવ હોય છે, તે બુધ્ધિપૂર્વક છે અને ચારિત્રમોહના ઉદયથી (ઉદયને વશ થવાથી) સરાગ ભાવ થાય છે, તે અબુધ્ધિપૂર્વક છે. તેથી સ્વવશ વિના(પરવશ) જે સરાગ ભાવ થાય છે, તેનાથી તેની વિષયાદિકની પ્રવૃત્તિ દેખાઈ રહી છે, કારણ કે બાહ્ય-પ્રવૃત્તિનું કારણ પરિણામ છે.

**પ્રશ્ન ૧૬ :-** જો આ પ્રકારે છે, તો અમે પણ વિષયાદિકનું સેવન

કરીશું અને કહીશું - અમારે ઉદયાધીન કાર્ય થાય છે.

ઉત્તર :- રે મૂર્ખ! કહેવાથી તો કાંઈ થતું નથી. **સિધ્ધિ તો અભિપ્રાય અનુસાર થાય છે. માટે જૈનશાસ્ત્રોના અભ્યાસ દ્વારા પોતાના અભિપ્રાયને સમ્યક્રૂપ કરવો.** અંતરંગમાં વિષયાદિક સેવનનો અભિપ્રાયહો, તો ધર્માર્થી નામ નથી પામતો. આ પ્રકારે ચરણાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યો.

**પ્રશ્ન ૧૭ :-** હવે **દ્રવ્યાનુયોગનો પક્ષપાતી** કહે છે કે આ શાસ્ત્રમાં જીવના ગુણસ્થાનાદિરૂપ વિશેષ અને કર્મોના વિશેષ ભેદનું વર્ણન કર્યું છે, પરંતુ તેના જાણવાથી તો અનેક વિકલ્પ-તરંગ ઉત્પન્ન થાય છે અને કાંઈ સિધ્ધ થતું નથી. માટે પોતાના શુધ્ધ સ્વરૂપને અનુભવવો અથવા સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરવું, એટલું જ કાર્યકારી છે. અથવા તેના ઉપદેશક જે અધ્યાત્મ શાસ્ત્ર છે, તેનો જ અભ્યાસ કરવો યોગ્ય છે.

ઉત્તર :- **હે સૂક્ષ્માભાસ બુધ્ધિ!** તે કહ્યું તે સત્ય છે, પરંતુ પોતાની અવસ્થા જોવી. **જો સ્વરૂપાનુભવમાં તથા ભેદવિજ્ઞાનમાં ઉપયોગ નિરંતર રહે છે તો અન્ય વિકલ્પ શા માટે કરવા? ત્યાં જ સ્વરૂપાનંદ સુધારસનો સ્વાદી થઈ સંતુષ્ટ થવું,** પરંતુ નીચલી ભૂમિકામાં ત્યાં નિરંતર ઉપયોગ ટકતો જ નથી, ઉપયોગ અનેક અવલંબનોને ઈચ્છે છે. તેથી જે સમયે ત્યાં ઉપયોગ ન લાગે ત્યારે ગુણસ્થાનાદિ વિશેષ જાણવાનો અભ્યાસ કરવો.

તથા તે કહ્યું કે અધ્યાત્મ શાસ્ત્રોનો જ અભ્યાસ કરવો, જે યોગ્ય જ છે, પરંતુ ત્યાં ભેદ-વિજ્ઞાન કરવા માટે સ્વ-પરનું સામાન્યપણે સ્વરૂપ નિરૂપણ છે અને વિશેષ જ્ઞાન વિના સામાન્યનું જાણવું સ્પષ્ટ નથી થતું. માટે જીવ અને કર્મને વિશેષ સારી રીતે જાણવાથી જ સ્વ-પરનું જાણવું સ્પષ્ટ થાય છે. તે વિશેષ જાણવા માટે આ શાસ્ત્રનો અભ્યાસ કરવો, કારણકે સામાન્ય શાસ્ત્રથી વિશેષ શાસ્ત્ર નિશ્ચયથી બળવાન હોય છે. ત્યાં કહ્યું છે, **"सामान्यशास्त्रतोनूनंविशेषोबलवानभवेत्"**

**પ્રશ્ન ૧૮ :-** અધ્યાત્મ શાસ્ત્રોમાં તો ગુણસ્થાનાદિ વિશેષોથી રહિત શુધ્ધ સ્વરૂપનો અનુભવ કરવો ઉપાદેય કહ્યું છે અને અહીં ગુણસ્થાનાદિ સહિત જીવનું વર્ણન છે, માટે અધ્યાત્મ શાસ્ત્ર અને આ શાસ્ત્રમાં તો વિરૂધ્ધતા ભાસે છે, તે કેવી રીતે છે?

ઉત્તર :- નય બે પ્રકારના છે. ૧. નિશ્ચયનય ૨. વ્યવહારનય.

નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ ગુણસ્થાનાદિ વિશેષ રહિત, અભેદવસ્તુ માત્ર જ છે અને વ્યવહારનયથી ગુણસ્થાનાદિ વિશેષ સહિત અનેક પ્રકાર છે. ત્યાં જે જીવ સર્વોત્કૃષ્ટ, અભેદ, એક સ્વભાવને અનુભવે છે, તેઓને તો ત્યાં શુધ્ધ ઉપદેશરૂપ જે શુધ્ધ નિશ્ચયનય છે, તે જ કાર્યકારી છે. જે સ્વાનુભવદશાને પ્રાપ્ત નથી થયા, તથા જે સ્વાનુભવદશાથી છૂટીને સવિકલ્પદશાને પ્રાપ્ત થયા છે - એવા અનુત્કૃષ્ટ જે અશુધ્ધસ્વભાવ, તેમાં સ્થિત જીવોને વ્યવહારનય પ્રયોજનવાન છે. તે જ અધ્યાત્મશાસ્ત્ર સમયસાર ગાથા -૧૨માં કહ્યું છેઃ-

**सुद्धो सुद्धादेसो, णादव्वो परमभावदरसीहिं ।**
**ववहारदेसिदा पुण, जे दु अपरमे ट्ठिदा भावे ॥**

આ ગાથાની વ્યાખ્યાના અર્થને વિચારી જો જો. સાંભળો ! તમારા પરિણામ સ્વરૂપાનુભવ દશામાં તો વર્તતા નથી અને વિકલ્પ જાણી ગુણસ્થાનાદિ ભેદોનો વિચાર નહીં કરો તો તમે **इतो भ्रष्टः ततो भ्रष्टः** થઈને અશુભોપયોગમાં જ પ્રવર્તન કરશો, ત્યાં તમારૂં ખરાબ જ થશે.

અને સાંભળો ! સામાન્યપણાથી તો વેદાંત આદિ શાસ્ત્રાભ્યાસોમાં પણ જીવનું સ્વરૂપ શુધ્ધ કહ્યું છે, ત્યાં વિશેષને જાણ્યા વિના યથાર્થ-અયથાર્થનો નિશ્ચય(નિર્ણય) કેવી રીતે થશે ?

માટે **ગુણસ્થાનાદિ વિશેષ જાણવાથી જીવની શુધ્ધ-અશુધ્ધ-મિશ્ર અવસ્થાનું જ્ઞાન થાય છે, ત્યારે નિર્ણય કરીને યથાર્થને અંગીકાર કરજો અને સાંભળો ! જીવનો ગુણ જ્ઞાન છે, તેથી વિશેષ જાણવાથી આત્મગુણ પ્રગટ થાય છે. આપણું શ્રધ્ધાન પણ દ્રઢ થાય છે. જેમ સમ્યક્ત્વ છે, તે કેવળજ્ઞાન પ્રાપ્ત થતા પરમાવગાઢ નામને પ્રાપ્ત થાય છે, માટે વિશેષોને જાણવું.**

પ્રશ્ન ૧૯ :- આપે કહ્યું તે સત્ય, પરંતુ કરણાનુયોગ દ્વારા વિશેષ જાણવાથી પણ દ્રવ્યલિંગી મુનિ અધ્યાત્મ શ્રધ્ધાન વિના સંસારી જ રહે છે અને અધ્યાત્મનું અનુસરણ કરવાવાળા તિર્યંચો આદિને અલ્પ જ્ઞાન હોવા છતાં પણ યથાર્થ શ્રધ્ધાનથી સમ્યક્ત્વ પ્રાપ્ત થઈ જાય છે. તથા **तुषमाषभिन्नः** એટલું જ શ્રધ્ધાન કરવા માત્રથી શિવભૂતિ મુનિરાજ મુક્ત થયા છે. તેથી અમારી બુધ્ધિથી તો વિશેષ વિકલ્પોનું સાધન નથી થતું. પ્રયોજનમાત્ર અધ્યાત્મનો અભ્યાસ કરીશું.

**ઉત્તર :-** દ્રવ્યલિંગી મુનિરાજ જે પ્રકારે કરણાનુયોગ દ્વારા વિશેષને જાણે છે, તે જ પ્રકારે અધ્યાત્મ શાસ્ત્રોનું જ્ઞાન પણ તેને હોય છે. પરંતુ મિથ્યાત્વના ઉદયથી ( મિથ્યાત્વવશ) અયથાર્થ સાધન કરે છે, તો શાસ્ત્ર શું કરે ?

**શાસ્ત્રોમાં તો પરસ્પર વિરોધ છે નહી, કેવી રીતે ?** તે કહીએ છીએ:-

કરણાનુયોગના શાસ્ત્રોમાં તથા અધ્યાત્મ શાસ્ત્રોમાં પણ રાગાદિક ભાવ, આત્માને કર્મ નિમિત્તથી ઉત્પન્ન થતા કહે છે, દ્રવ્યલિંગી તેના સ્વયં કર્તા થઈને પ્રવર્તે છે અને શરીરાશ્રિત સર્વ શુભાશુભ ક્રિયા પુદ્‌ગલમયી કહી છે, પરંતુ દ્રવ્યલિંગી તેને પોતાની જાણીને તેમાં ગ્રહણ-ત્યાગની બુધ્ધિ કરે છે.

બધાં જ શુભાશુભભાવ, આશ્રવ-બંધના કારણ કહ્યા છે, પરંતુ દ્રવ્યલિંગી શુભભાવોને સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ માને છે. શુધ્ધભાવને સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ કહ્યું છે, પરંતુ દ્રવ્યલિંગી તેને ઓળખતો જ નથી અને પ્રગટ શુધ્ધાત્મસ્વરૂપને મોક્ષ કહ્યો છે તેનું દ્રવ્યલિંગીને યથાર્થ જ્ઞાન જ નથી. આ પ્રકારે અન્યથા સાધન કરે, તો તેમાં શાસ્ત્રનો શું દોષ છે ?

તેં કહ્યું કે તિર્યંચાદિને સામાન્ય શ્રધ્ધાનથી કાર્યસિદ્ધિ થઈ જાય છે. તિર્યંચાદિકને પણ પોતાના ક્ષયોપશમ અનુસાર વિશેષનું જાણવું થાય જ છે. અથવા પૂર્વ પર્યાયોમાં (પૂર્વભવમાં) વિશેષનો અભ્યાસ કર્યો હતો, તે સંસ્કારના બળથી (વિશેષનું જાણવું) સિધ્ધ થાય છે.

જે પ્રકારે કોઈએ ક્યાંય દટાયેલું ધન મેળવ્યું, તો તે પ્રકારે આપણે પણ મેળવશું, એવું માની બધાએ વ્યાપારાદિકનો ત્યાગ કરવો યોગ્ય નથી. તે પ્રકારે કોઈને અલ્પ શ્રધ્ધાન દ્વારા જ કાર્ય સિધ્ધ થયું છે. તો આપણે પણ આ પ્રકારે જ કાર્યની સિદ્ધિ કરીશું, એવું માની બધાએ વિશેષ અભ્યાસનો ત્યાગ કરવો ઉચિત નથી, કારણ કે તે રાજમાર્ગ નથી. **રાજમાર્ગ તો આ જ છે. વિવિધપ્રકારના વિશેષ (ભેદ) જાણી તત્વોનો નિર્ણય થવાથી જ કાર્ય સિધ્ધ થાય છે.**

તેં જે કહ્યું કે મારી બુદ્ધિથી વિકલ્પ સાધન નથી થતાં, તો જેટલો થઈ શકે, તેટલો જ અભ્યાસ કર. **તું પાપકાર્યમાં તો પ્રવીણ છો અને આ અભ્યાસમાં કહે છે 'મારી બુદ્ધિ નથી,' તે તો પાપીનું લક્ષણ**

છે. આ પ્રકારે દ્રવ્યાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યો.

હવે અન્ય વિપરીત વિચારવાળાને સમજાવીએ છીએ :-

**પ્રશ્ન ૨૦ :- શબ્દશાસ્ત્રાદિકનો પક્ષપાતી** કહે છે કે વ્યાકરણ, ન્યાય, કોશ, છંદ, અલંકાર, કાવ્યાદિક ગ્રંથોનો અભ્યાસ કરાય તો અનેક ગ્રંથોનું સ્વયમેવ જ્ઞાન થાય છે તથા પંડિતપણું પ્રગટ થાય છે. આ શાસ્ત્રના અભ્યાસથી તો એક આનું જ જ્ઞાન થાય છે તથા પંડિતપણું વિશેષ પ્રગટ થતું નથી. તેથી શબ્દ-શાસ્ત્રાદિકનો અભ્યાસ કરવો.

**ઉત્તર :-** જો તમો, લોકમાં જ પંડિત કહેડાવવા માંગો છો, તો તમો તેનો જ અભ્યાસ કર્યા કરો અને **જો પોતાના (હિતરૂપ) કાર્ય કરવાની ઈચ્છા છે, તો આવા જૈન શાસ્ત્રો (ગ્રંથો)નો જ અભ્યાસ કરવા યોગ્ય છે.** તથા જૈની તો જીવાદિક તત્વોના નિરૂપણ કરવાવાળા જે જૈન ગ્રંથ છે, તેનો જ અભ્યાસ હોય તો પંડિત માનશે.

**પ્રશ્ન ૨૧ :-** તેં કહે છે કે હું જૈન ગ્રંથોનું વિશેષજ્ઞાન કરવા માટે જ વ્યાકરણાદિકનો અભ્યાસ કરૂં છું.

**ઉત્તર :-** એવું છે તો સારૂં જ છે, પરંતુ એટલું છે કે જે પ્રકારે ચતુર ખેડૂત પોતાની શક્તિ અનુસાર હળાદિક દ્વારા ખેતરને અલ્પ-બહુ સંભાળીને સમય પર બીજ વાવે, તો તેને ફળની પ્રાપ્તિ થાય છે.

તે જ પ્રમાણે તેં પણ જો પોતાની શક્તિ અનુસાર વ્યાકરણાદિકના અભ્યાસથી બુદ્ધિને અલ્પ-બહુ સંભાળીને જેટલા સમય સુધી મનુષ્ય પર્યાય તથા ઈન્દ્રિયોની પ્રબળતા ઇત્યાદિક છે, તેટલા સમયમાં તત્વજ્ઞાનને કારણ જે શાસ્ત્ર છે, તેનો અભ્યાસ કરીશ, તો તેને સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ થઈ જશે.

જેમ અજ્ઞાની ખેડૂત હળાદિકથી ખેતર ખેડતાં-ખેડતાં જ સમય ગુમાવે અને સમય પર બીજ ન વાવે તો તેને ફળ પ્રાપ્તિ થશે નહીં, વૃથા જ ખેદ-ખિન્ન થશે.

તેજ પ્રકારે તેં પણ જો વ્યાકરણાદિક દ્વારા બુદ્ધિને વધારવા - વધારવામાં જ સમય વિતાવશે, તો સમ્યક્ત્વાદિકની પ્રાપ્તિ થશે નહીં, વૃથા જ ખેદ-ખિન્ન થશે.

આ કાળમાં આયુ, બુદ્ધિ આદિ અલ્પ છે, માટે પ્રયોજન માત્ર

અભ્યાસ કરજે, શાસ્ત્રોનો તો પાર છે જ નહી અને સાંભળ! **કોઈ જીવ વ્યાકરણાદિકના જ્ઞાન વિના પણ તત્વોપદેશરૂપ ભાષા શાસ્ત્રો દ્વારા તથા ઉપદેશ સાંભળી તથા શીખવાથી પણ તત્વજ્ઞાની થતાં જોવામાં** આવે છે. કેટલાંક જીવ કેવળ વ્યાકરણાદિકના જ અભ્યાસમાં જન્મ ગુમાવે છે અને તત્વજ્ઞાની નથી થતાં -એવું પણ જોવામાં આવે છે.

અને સાંભળ! વ્યાકરણાદિનો અભ્યાસ કરવાથી પુણ્ય ઉત્પન્ન નથી થતું, પરંતુ ધર્માર્થી થઈને તેનો અભ્યાસ કરે તો કિંચિત્ પુણ્ય થાય છે. **તત્વોપદેશક શાસ્ત્રોના અભ્યાસથી સાતિશય મહાન પુણ્યોપાર્જન થાય છે.** માટે સારૂં તો એ છે કે આવા તત્વોપદેશક શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. આ રીતે શબ્દ - શાસ્ત્રાદિકના પક્ષપાતીને આ શાસ્ત્રની સન્મુખ કર્યા.

**પ્રશ્ન ૨૨ :- અર્થ/ધનનો પક્ષપાતી** કહે છે કે આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી શું થશે? સર્વ કાર્ય ધનથી થાય છે. ધનથી જ પ્રભાવના આદિ ધર્મ થાય છે. ધનવાન પાસે અનેક પંડિત આવીને રહે છે. અન્ય પણ સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. તેથી ધન ઉત્પન્ન કરવાનો પુરૂષાર્થ કરવો.

**ઉત્તર :-** રે પાપી! ધન કાંઈ આપણું ઉત્પન્ન કરેલું તો હોતું નથી, ભાગ્યથી થાય છે. **આ ગ્રંથાભ્યાસ આદિ ધર્મ-સાધનથી જે પુણ્યની ઉત્પત્તિ થાય છે, તેનું જ નામ ભાગ્ય છે.** જો ધન થવું છે તો શાસ્ત્રાભ્યાસ કરવાથી કેવીરીતે નહીં થાય? અને નથી થવું તો શાસ્ત્રાભ્યાસ નહીં કરવાથી કેવીરીતે થશે? **ધનનું હોવા, ન હોવાપણું તો ઉદયાધીન છે.** શાસ્ત્રાભ્યાસમાં શા માટે શિથિલ થાય છે? અને સાંભળ! **ધન છે તે તો વિનાશક છે, ભય સહિત છે, પાપથી ઉત્પન્ન થાય છે, તથા નરકાદિનું કારણ છે.**

**જે આ શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાનધન છે, તે અવિનાશી છે, ભય રહિત છે, ધર્મરૂપ છે, સ્વર્ગ-મોક્ષનું કારણ છે. તેથી મહંત પુરૂષતો ધનાદિકને છોડીને શાસ્ત્રાભ્યાસમાં જ લાગે છે** અને તું પાપી શાસ્ત્રાભ્યાસ છોડી ધન **ઉત્પન્ન** કરવામાં મોટાઈ સમજે છે, તો તું અનંત સંસારી છે.

તેં કહ્યું કે પ્રભાવના આદિ ધર્મ પણ ધનથી થાય છે, પરંતુ તે

પ્રભાવનાદિ ધર્મ તો કિંચિત્ સાવદ્યક્રિયા સંયુક્ત છે. માટે સમસ્ત સાવદ્ય પાપ રહિત શાસ્ત્રાભ્યાસરૂપ ધર્મ છે, તે પ્રધાન છે. જો એમ ન હોય તો ગૃહસ્થ અવસ્થામાં પ્રભાવનાદિ ધર્મ સાધતા હતાં, તેને છોડી સંયમી થઈ શાસ્ત્રાભ્યાસમાં શા માટે લાગે છે ?

શાસ્ત્રભ્યાસ કરવાથી પ્રભાવનાદિ પણ વિશેષ થાય છે.

તેં કહ્યું કે ધનવાનની નજીક પંડિત પણ આવીને રહે છે. તે તો લોભી પંડિત હોય અને અવિવેકી ધનવાન હોય ત્યાં તો એવું જ થાય છે. શાસ્ત્રાભ્યાસવાળાની તો ઈન્દ્રાદિક દેવો પણ સેવા કરે છે. અહીં પણ મોટા-મોટા મહંત પુરૂષ દાસ થતા જોવામાં આવે છે, માટે શાસ્ત્રાભ્યાસવાળાથી ધનવાનોને મહંત ના જાણો.

તેં કહ્યું કે ધનથી સર્વ - કાર્યની સિધ્ધિ થાય છે(પરંતુ એમ નથી). એ ધનથી તો આ લોક સંબંધી કાંઈક વિષયાદિક કાર્ય એ પ્રકારે સિધ્ધ થાય છે, જેનાથી ઘણા સમય સુધી નરકાદિકના દુઃખ સહેવા પડે છે અને શાસ્ત્રાભ્યાસથી એવા કાર્ય સિધ્ધ થાય છે કે જેનાથી આ લોક-પરલોકમાં અનેક સુખોની પરંપરા પ્રાપ્ત થાય છે.

માટે ધન ઉત્પન્ન કરવાના વિકલ્પ છોડી શાસ્ત્રાભ્યાસ કરજે અને એવું સર્વથા ન બને તો સંતોષપૂર્વક ધન ઉપાર્જન કરવાના સાધન કરી શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહેજે. આ પ્રકારે ધન ઉપાર્જન કરવાના પક્ષપાતીને શાસ્ત્રાભ્યાસ સન્મુખ કર્યો.

પ્રશ્ન ૨૩ :- કામ-ભોગાદિકનો પક્ષપાતી કહે છે કે શાસ્ત્રાભ્યાસ કરવામાં સુખ નથી, મોટાઈ નથી. માટે જેના દ્વારા અહીં જ સુખ થાય એવા જે સ્ત્રીસેવન, ખાવું-પહેરવું ઈત્યાદિક વિષય, તેનું સેવન કરવામાં આવે અથવા જેના દ્વારા અહીં જ મોટાપણું થાય, એવા વિવાહાદિક કાર્ય કરવામાં આવે.

ઉત્તર :- વિષયજનિત જે સુખ છે, તે દુઃખ જ છે, કારણ કે વિષય સુખ તો પર - નિમિત્તથી થાય છે. પહેલા, પછી અને તત્કાળ જ આકુળતા સહિત છે અને જેનો નાશ થવાના અનેક કારણ મળે જ છે. આગામી કાળમાં નરકાદિ દુર્ગતિને પ્રાપ્ત કરાવવાવાળા છે. આવું હોવા છતાં પણ તે તારી ઈચ્છાનુસાર મળતા જ નથી, પૂર્વ પુણ્યથી થાય છે, તે માટે વિષમ છે.

**જેમ** - ખંજવાળથી પીડિત પુરૂષ પોતાના અંગને કઠોર વસ્તુથી ખંજવાળે છે, તેવી જ રીતે ઈન્દ્રિયોથી પીડિત જીવ, તેની પીડા સહન ન થાય ત્યારે કિંચિત્ માત્ર જેમાં પીડાના પ્રતિકારરૂપ ભાસે, એવા જે વિષયસુખ, તેમાં વલોખા મારે છે, તે પરમાર્થરૂપ સુખ છે જ નહીં. **શાસ્ત્રાભ્યાસ કરવાથી જે સમ્યક્‌જ્ઞાન થયું, તેના થકી ઉત્પન્ન આનંદ, તે જ સાચું સુખ છે. તે સુખ સ્વાધીન છે, આકુળતા રહિત છે, કોઈના દ્વારા નષ્ટ થતું નથી, મોક્ષનું કારણ છે, તેથી વિષમ નથી.**

જે પ્રકારે જો ખંજવાળની પીડા ન હોય તો સહજ જ સુખી થાય છે, તે જ પ્રકારે જ્યારે ત્યાં ઈન્દ્રિયો પીડાવા માટે સમર્થ નથી હોતી, ત્યારે સહજ જ સુખ પ્રાપ્ત થાય છે. માટે વિષય સુખને છોડી શાસ્ત્રાભ્યાસ કરવો. જો સર્વથા વિષય ન છૂટે તો જેટલું થઈ શકે તેટલું છોડી, શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહેવું.

તેં વિવાહાદિક કાર્યમાં મોટાઈ થવાનું કહ્યું, તે મોટાઈ કેટલા દિવસ રહેશે ? જેના માટે મહાપાપારંભ કરી નરકાદિમાં ઘણા કાળ સુધી દુઃખ ભોગવવું પડશે. તે કાર્યોમાં તારાથી પણ વધારે ધન લગાવવાવાળા ઘણા છે, તેથી વિશેષ મોટાઈ પણ થવાવાળી નથી.

શાસ્ત્રાભ્યાસથી તો એવી મોટાઈ થાય છે કે જેની **સર્વજન મહિમા કરે છે, ઈન્દ્રાદિક પણ પ્રશંસા કરે છે અને પરંપરાથી સ્વર્ગ-મુક્તિનું કારણ છે.** માટે વિવાહાદિક કાર્યોનો વિકલ્પ છોડી શાસ્ત્રાભ્યાસનો પુરૂષાર્થ કરવો. સર્વથા ન છૂટે તો બહુ વિકલ્પ ના કરશો. આ પ્રકારે કામ-ભોગાદિકના પક્ષપાતીને શાસ્ત્રાભ્યાસમાં સન્મુખ કર્યો.

આ પ્રકારે અન્ય જીવ પણ જે વિપરીત વિચારથી આ ગ્રંથના અભ્યાસમાં અરૂચિ પ્રગટ કરે છે, તેઓને યથાર્થ વિચાર કરી આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ થવા યોગ્ય છે.

**પ્રશ્ન ૨૪ :- અહીં અન્યમતિ** કહે છે કે તમોએ પોતાના જ શાસ્ત્રનો અભ્યાસ કરવાને દ્રઢ કર્યો. અમારા મતમાં વિવિધ યુકિત આદિ સહિત શાસ્ત્ર છે. તેનો પણ અભ્યાસ શા માટે ન કરાવાય ?

**ઉત્તર :- તમારા મતના શાસ્ત્રોમાં આત્મહિતનો ઉપદેશ નથી. ક્યાંક શ્રૃંગારનો, કયાંક યુધ્ધનો, ક્યાંક કામ-સેવન આદિનો, ક્યાંક હિંસાદિકનું કથન છે અને તે તો વિના ઉપદેશ જ સહજમાં જ થાય**

છે. તેથી તેને ત્યજવાથી હિત થાય છે. અન્યમત તો ઉલ્ટું તેનું જ પોષણ કરે છે. માટે તેનાથી હિત કેમ થશે ?

**પ્રશ્ન ૨૫**:- ત્યાં કહે છે કે ઈશ્વરે એવી લીલા કરી છે, તેને ભજે છે. તો તેનાથી ભલું થાય છે.

**ઉત્તર** :- ત્યાં કહે છે કે જો ઈશ્વરને સહજ સુખ નથી હોતું ત્યારે સંસારીની જેમ લીલાથી સુખી થયા. જો તે સહજ સુખી હોત તો શા માટે વિષયાદિ સેવન કે યુધ્ધ આદિ કરે ? કારણ કે મંદબુધ્ધિ પણ વગર પ્રયોજન કિંચિત્ માત્ર પણ કાર્ય નથી કરતાં. એથી જણાય છે કે તે ઈશ્વર આપણા જેવા જ છે. તેનો યશ ગાવાથી શું સિધ્ધ થાશે ?

**પ્રશ્ન ૨૬** :- તે ફરી કહે છે કે અમારા શાસ્ત્રોમાં ત્યાગ, વૈરાગ્ય, અહિંસાદિકનો પણ તો ઉપદેશ છે.

**ઉત્તર** :- તે સર્વ ઉપદેશ પૂર્વાપર વિરોધ સહિત છે. ક્યાંક વિષય પોષાય છે, ક્યાંક નિષેધ કરે છે, ક્યાંક પહેલા વૈરાગ્ય બતાડી, પાછળથી હિંસાદિક કરવી તે પુષ્ટ કરે છે. તે વાતુલવચનવત્ (વાતુલ = જેની બુધ્ધિ ઠેકાણે ન હોય, ખોટી બુધ્ધિ રૂપ) વચન પ્રમાણ કેવી રીતે હોય?

**પ્રશ્ન ૨૭**:- તે કહે છે કે વેદાંત આદિ શાસ્ત્રોમાં તો તત્વનું નિરૂપણ છે.

**ઉત્તર** :- તેને કહીએ છીએ - ના, તે નિરૂપણ પ્રમાણથી બાધિત છે, અયથાર્થ છે, તેનું નિરાકરણ જૈનદર્શનના ન્યાયશાસ્ત્રોમાં કર્યું છે, ત્યાંથી જાણવું. માટે અન્યમતના શાસ્ત્રોનો અભ્યાસ ન કરવો.. આ પ્રકારે જીવોને આ શાસ્ત્રના અધ્યયનમાં સન્મુખ કર્યા.

તેઓને કહીએ છીએ ........

"હે ભવ્યજનો! શાસ્ત્રાભ્યાસના અનેક અંગ છે. **શબ્દ કે અર્થનું વાંચવું કે શીખવું, શીખવાડવું, ઉપદેશ દેવો, વિચારવું, સાંભળવું, પ્રશ્ન કરવા, સમાધાન જાણવા, વારંવાર ચર્ચા કરવી ઈત્યાદિ અનેક અંગ** છે. ત્યાં જેમ બને તેમ અભ્યાસ કરવો. જો સર્વ શાસ્ત્રોનો અભ્યાસ ન થઈ શકે તો આ શાસ્ત્રમાં સુગમ તથા દુર્ગમ, અનેક અર્થોનું નિરૂપણ છે, ત્યાં જેટલો થાય તેટલો જ અભ્યાસ કરવો, પરંતુ અભ્યાસમાં આળસુ થવું નહીં."

જુઓ ! શાસ્ત્રાભ્યાસનો મહિમા ! જેના થવાથી જીવ પરંપરાથી આત્માનુભવ દશાને પ્રાપ્ત થાય છે, **જેનાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ**

**થાય છે. એ તો દૂર રહ્યું, શાસ્ત્રાભ્યાસથી તત્કાળ પણ કેટલા ગુણ પ્રગટ થાય છેઃ-**

(૧) ક્રોધાદિ કષાયોની તો મંદતા થાય છે.

(૨) પંચેન્દ્રિયોના વિષયોમાં થવાવાળી પ્રવૃત્તિ રોકાય છે.

(૩) અતિ ચંચળ મન પણ એકાગ્ર થાય છે.

(૪) હિંસાદિ પાંચ પાપ થતાં નથી.

(૫) અલ્પજ્ઞાન હોવા છતાં ત્રિલોકના ત્રણે કાળ સંબંધી ચરાચર પદાર્થોનું જાણવું થાય છે.

(૬) હેય-ઉપાદેયની ઓળખ થાય છે.

(૭) આત્મજ્ઞાન સન્મુખ થાય છે. (જ્ઞાન આત્મસન્મુખ થાય છે.)

(૮) વધારે - વધારે જ્ઞાન થવાથી આનંદ ઉત્પન્ન થાય છે.

(૯) લોકમાં મહિમા/યશ વિશેષ થાય છે.

(૧૦) સાતિશય પુણ્યનો બંધ થાય છે.

**આટલા ગુણો તો શાસ્ત્રાભ્યાસ કરવાથી તત્કાળ જ પ્રગટ થાય છે, માટે શાસ્ત્રાભ્યાસ અવશ્ય કરવો.**

**પ્રશ્ન ૨૮ :-** હે ભવ્ય ! શાસ્ત્રાભ્યાસ કરવાના સમયની પ્રાપ્તિ મહા દુર્લભ છે ! કેવી રીતે ?

**ઉત્તર :- એકેન્દ્રિયાદિ અસંજ્ઞી સુધીના જીવોને તો મન છે જ નહીં. નારકી વેદનાથી પીડિત, તિર્યંચ વિવેક રહિત, દેવ વિષયાસક્ત,** માટે મનુષ્યોને અનેક સામગ્રી મળ્યા પછી જ શાસ્ત્રાભ્યાસ થાય છે. આ મનુષ્ય પર્યાયની પ્રાપ્તિ જ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી મહાદુર્લભ છે.

**દ્રવ્ય અપેક્ષાથી** તો લોકમાં મનુષ્ય જીવ ઘણા ઓછા છે, તુચ્છ સંખ્યાત માત્ર જ છે અને અન્ય જીવોમાં નિગોદિયા અનંત છે, બીજા જીવ અસંખ્યાત છે.

**ક્ષેત્ર અપેક્ષાથી** મનુષ્યોનું ક્ષેત્ર બહુ જ થોડું અઢાઈદ્વીપ માત્ર જ છે અને અન્ય જીવોમાં એકેન્દ્રિયોનું ક્ષેત્ર સર્વ લોક છે. અન્યોનું કેટલાંક રાજુ પ્રમાણ છે.

**કાળ અપેક્ષાથી** મનુષ્ય પર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ ઘણો ઓછો છે. કર્મભૂમિ અપેક્ષાએ પૃથકત્વ કોટી પૂર્વ માત્ર જ છે અને અન્ય પર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ - એકેન્દ્રિયોમાં તો અસંખ્યાત પુદ્ગલ

પરાવર્તન માત્ર અને અન્યોમાં સંખ્યાત પલ્ય માત્ર છે.

ભાવ અપેક્ષાથી તીવ્ર શુભાશુભપણાથી રહિત એવી મનુષ્ય પર્યાયના કારણરૂપ પરિણામ થવા અતિ દુર્લભ છે. અન્ય પર્યાયને કારણ અશુભરૂપ કે શુભરૂપ પરિણામ થવા સુલભ છે. આ પ્રકારે શાસ્ત્રાભ્યાસનું કારણ જે પર્યાપ્ત કર્મભૂમિની મનુષ્ય પર્યાય, તેનું દુર્લભપણું જાણવું.

**ત્યાં ઉત્તમ નિવાસ, ઉચ્ચકુળ, પૂર્ણ આયુ, ઈન્દ્રિયોનું સામર્થ્ય, નિરોગીપણું, સત્સંગતિ, ધર્મરૂપ અભિપ્રાય, બુધ્ધિની પ્રબળતા આદિની પ્રાપ્તિ થવી ઉત્તરોત્તર મહાદુર્લભ છે. આ પ્રત્યક્ષ દેખાય છે અને આટલી સામગ્રી મળ્યા વિના ગ્રંથાભ્યાસ થતો નથી. હવે તેં ભાગ્યથી આ અવસર મેળવ્યો છે, માટે તમોને હઠથી પણ તમારા હિત માટે પ્રેરણા કરીએ છીએ.**

જેમ થઈ શકે તેમ આ શાસ્ત્રનો અભ્યાસ કરો, અન્ય જીવોને જેમ બને તેમ શાસ્ત્રાભ્યાસ કરાવો અને જે જીવ શાસ્ત્રાભ્યાસ કરે છે, તેની અનુમોદના કરો. પુસ્તક લખાવવા કે શીખવા - શીખવાડવાવાળાની સ્થિરતા કરવી, ઈત્યાદિ શાસ્ત્રાભ્યાસના બાહ્યકારણ, તેના સાધન કરવા, કારણ કે તેના દ્વારા પણ પરંપરા કાર્ય સિધ્ધ થાય છે અને મહાન પુણ્ય ઉત્પન્ન થાય છે. આ પ્રકારે આ શાસ્ત્રના અભ્યાસાદિમાં જીવોને રૂચિવાન કર્યા.

-o-o-o-o-

# દ્વિતીય અધ્યાય

## મહત્વપૂર્ણ પ્રશ્નોત્તર

**પ્રશ્ન ૧ :-** કર્મ કોને કહે છે ?

**ઉત્તર :-** જીવના મોહ - રાગ - દ્વેષરૂપ પરિણામોના નિમિત્તથી સ્વયં પરિણમિત કાર્મણવર્ગણારૂપ પુદ્‌ગલની વિશિષ્ટ અવસ્થાને કર્મ કહે છે.

**પ્રશ્ન ૨ :-** કાર્મણવર્ગણા કોને કહે છે ?

**ઉત્તર :-** કર્મરૂપ પરિણમિત થવા યોગ્ય વર્ગણાઓને કાર્મણવર્ગણા કહે છે.

**પ્રશ્ન ૩ :-** કર્મના મૂળ ભેદ કેટલા છે ?

**ઉત્તર :-** કર્મના મૂળ આઠ ભેદ છે. - જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય. આમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મ તથા વેદનીય, આયુ, નામ અને ગોત્ર આ ચાર અઘાતિ કર્મ છે.

**પ્રશ્ન ૪ :-** મોહ કોને કહેવાય છે ?

**ઉત્તર :-** • પરદ્રવ્યમાં જીવને અહંકાર - મમકારરૂપ પરિણામનું થવું તે મોહ છે.

• દ્રવ્ય, ગુણ, પર્યાય સંબંધી મૂઢતારૂપ પરિણામ, તે મોહ છે.

• દેવ - ગુરૂ - ધર્મ, આપ્ત, આગમ અને પદાર્થોના સંબંધમાં અજ્ઞાનભાવ, તે મોહ છે.

• વિપરીત માન્યતા, તત્વોનું અશ્રદ્ધાન, વિપરીત અભિપ્રાય, પર પદાર્થોમાં એકત્વ - મમત્વ - કર્તૃત્વ - ભોક્તૃત્વ અને સુખબુદ્ધિ અર્થાત્ શરીરને પોતાનું સ્વરૂપ માનવું, પંચેન્દ્રિયોના વિષયોમાં સુખ માનવું. અનુકૂળ - પ્રતિકૂળ સંયોગોમાં ઈષ્ટ - અનિષ્ટ બુદ્ધિ રાખવી, સ્વયંને પરના અથવા પરને પોતાના કર્તા - ધર્તા - હર્તા માનવું ઈત્યાદિ

મિથ્યાત્વભાવ દર્શન મોહનીય કર્મના ઉદયના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના શ્રધ્ધાગુણના વિકારી પરિણામોને મોહ કહે છે.

**પ્રશ્ન ૫ :-** રાગ કોને કહે છે ?

**ઉત્તર :-** કોઈ પદાર્થને ઈષ્ટ જાણી તેમાં જીવનુ પ્રીતિરૂપ પરિણામનું થવું, તે રાગ છે.

માયા, લોભ, હાસ્ય, રતિ, ત્રણ વેદરૂપ પરિણામ અને પરપદાર્થ પ્રતિ આકર્ષણ, સ્નેહ, પ્રેમ, મમત્વબુધ્ધિ, ભોકતૃત્વબુધ્ધિ, આસક્તિ ઈત્યાદિ ચારિત્રમોહનીય કર્મોદયના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના ચારિત્રગુણના કષાયરૂપ પરિણમન (પરિણામો)ને રાગ કહે છે.

**પ્રશ્ન ૬ :-** દ્વેષ કોને કહે છે ?

**ઉત્તર :-** કોઈ પદાર્થને અનિષ્ટ જાણી તેમાં જીવનાં અપ્રીતિરૂપ પરિણામનું થવું, તે દ્વેષ છે.

ક્રોધ, માન, અરતિ, શોક, ભય, જુગુપ્સા અને પરપદાર્થો પ્રતિ ઘૃણા, ઈર્ષા, દ્વેષ, જલન, દ્રોહ, અસૂયા (નિંદા, અપમાન) ઈત્યાદિ ચારિત્રમોહનીય કર્મોદયના સમયે (નિમિત્તથી) થવાવાળા જીવના ચારિત્ર ગુણના કષાયરૂપ પરિણમન અર્થાત્ પરિણામોને દ્વેષ કહે છે.

**પ્રશ્ન ૭ :-** કર્મોની કેટલી અવસ્થાઓ હોય છે ?

**ઉત્તર :-** કર્મોની દશ અવસ્થાઓ હોય છે. (૧) બંધ (૨) સત્તા (૩) ઉદય (૪) ઉદીરણા (૫) ઉત્કર્ષણ (૬) અપકર્ષણ (૭) સંક્રમણ (૮) ઉપશાંત (૯) નિધત્તિ (૧૦) નિકાચિત.

**પ્રશ્ન ૮ :-** બંધ કોને કહે છે ?

**ઉત્તર :-** જીવના મોહ -રાગ - દ્વેષરૂપ પરિણામોનું નિમિત્ત પામી કાર્મણ વર્ગણાઓના આત્મપ્રદેશ સાથે થવાવાળા વિશિષ્ટ પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપ સંબંધને બંધ કહે છે.

**પ્રશ્ન ૯ :-** બંધના કેટલા ભેદ હોય છે ?

**ઉત્તર :-** બંધના ચાર ભેદ હોય છે. (૧) પ્રકૃતિબંધ (૨) પ્રદેશબંધ (૩) સ્થિતિબંધ (૪) અનુભાગબંધ

**પ્રશ્ન ૧૦ :-** પ્રકૃતિબંધ કોને કહે છે ?

**ઉત્તર :-** પ્રકૃતિ અર્થાત્ સ્વભાવ. **જેમ** - લીમડાનો સ્વભાવ કડવો, ગોળનો સ્વભાવ મીઠો હોય છે, તેવી રીતે કર્મોનાં પોત-પોતાના સ્વભાવને

પ્રકૃતિબંધ કહે છે.

• કર્મરૂપ પરિણમિત થવા યોગ્ય પુદ્ગલોનું જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિરૂપ તથા ભેદ - ઉત્તરપ્રકૃતિરૂપ પરિણમન થવાનું નામ **પ્રકૃતિબંધ** છે.

**પ્રશ્ન ૧૧ :-** પ્રદેશબંધ કોને કહે છે ?

**ઉત્તર :-** જીવની સાથે પ્રતિસમય જેટલા પુદ્ગલ પરમાણુ કર્મરૂપ પરિણમન કરે છે, તે પ્રમાણ અર્થાત્ સંખ્યાને **પ્રદેશબંધ** કહે છે.

**પ્રશ્ન ૧૨ :-** સ્થિતિબંધ કોને કહે છે ?

**ઉત્તર :-** જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમિત પુદ્ગલ સ્કંધોનું આત્મા સાથે એકક્ષેત્રાવગાહ સ્થિતિરૂપ કાળાવધિના બંધનને **સ્થિતિબંધ** કહે છે.

**પ્રશ્ન ૧૩ :-** અનુભાગબંધ કોને કહે છે ?

**ઉત્તર :-** જ્ઞાનાવરણાદિ કર્મોના રસ વિશેષને અથવા ફળ પ્રદાન કરવાની શક્તિ વિશેષને **અનુભાગબંધ** કહે છે.

**પ્રશ્ન ૧૪ :-** સત્વ અથવા સત્તા કોને કહેવાય છે ?

**ઉત્તર :-** અનેક સમયોમાં બંધાયેલા કર્મોનું વિવક્ષિત કાળ સુધી જીવના પ્રદેશો સાથે અસ્તિત્વ હોવું, તેને સત્વ અથવા **સત્તા** કહેવાય છે.

**પ્રશ્ન ૧૫ :-** ઉદય કોને કહે છે ?

**ઉત્તર :-** કર્મની સ્થિતિ પૂરી થતાં જ, કર્મના ફળ આપવાને **ઉદય** કહેવાય છે.

**પ્રશ્ન ૧૬ :-** ઉદીરણા કોને કહે છે ?

**ઉત્તર :-** જીવના પરિણામોના નિમિત્તથી કર્મની સ્થિતિ પૂરી થયા પહેલા જ કર્મનું ઉદયમાં આવી ફળ આપવું, તેને **ઉદીરણા** કહે છે.

• જીવના પરિણામોના નિમિત્તથી કર્મના ઉદયાવલીની બાહરના નિષેકોનું ઉદયાવલીના નિષેકોમાં ભળી જવું ઉદીરણા છે.

• જે કર્મનો ઉદયકાળ નથી આવ્યો, તે કર્મનું ઉદયકાળમાં આવવું તેને ઉદીરણા કહે છે.

**• અકાળપાક ને ઉદીરણા કહે છે.**

**પ્રશ્ન ૧૭ :-** ઉત્કર્ષણ કોને કહેવાય છે ?

**ઉત્તર :-** જીવના પરિણામોનું નિમિત્ત પામી કર્મની સ્થિતિ - અનુભાગનું વધવું, તેને **ઉત્કર્ષણ** કહે છે.

**પ્રશ્ન ૧૮ :-** અપકર્ષણ કોને કહેવાય છે ?

ઉત્તર :- જીવના પરિણામોનું નિમિત્ત પામી કર્મની સ્થિતિ - અનુભાગનું ઘટવું, તેને **અપકર્ષણ** કહે છે.

**પ્રશ્ન ૧૯**:- સંક્રમણ કોને કહે છે ?

**ઉત્તર** :- વિવક્ષિત કર્મ પ્રકૃતિઓના પરમાણુઓનું સજાતીય અન્ય પ્રકૃતિરૂપ પરિણમન થવું, તેને **સંક્રમણ** કહે છે.

**જેમ કે** - વિશુધ્ધ પરિણામોના નિમિત્તથી પૂર્વબધ્ધ અસાતા વેદનીય પ્રકૃતિના પરમાણુઓનું સાતાવેદનીયરૂપ તથા સાતાવેદનીયનું અસાતા વેદનીયરૂપ પરિણમન થવું.

આમાં પણ એટલી વિશેષતા છે કે (૧) મૂળ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ થતું નથી. (૨) ચારે આયુમાં આપસમાં સંક્રમણ નથી થતું (૩) મોહનીયના ઉત્તરભેદ - દર્શનમોહનીયનું ચારિત્રમોહનીયમાં સંક્રમણ નથી થતું. (૪) દર્શનમોહનીયના ભેદોમાં તથા ચારિત્રમોહનીયકર્મના ભેદોમાં પરસ્પર સંક્રમણ થાય છે.

**પ્રશ્ન ૨૦**:- ઉપશાંત કોને કહે છે ?

**ઉત્તર** :- જે કર્મ ઉદયમાં ન આવી શકે, સત્તામાં રહે, તે ઉપશાંત કહેવાય છે.

- **सत्ताविषैं तिष्ठता अपनी-अपनी स्थिति को धरै हैं ज्ञानावरणादिक कर्म का द्रव्य जा विषै, जाकी जावत् काल उदीरणा न होय तावत् काल उपशांत करण कहिए ।**
- ઉપશાંત કરણ આઠેય કર્મોમાં થાય છે.
- ઉપશાંત અવસ્થાને પ્રાપ્ત કર્મનું ઉત્કર્ષણ, અપકર્ષણ અને સંક્રમણ થઈ શકે છે, પરંતુ તેની ઉદીરણા થતી નથી.
- કર્મોની દસ અવસ્થાઓમાં ઉપશાંતકરણ છે.

**પ્રશ્ન ૨૧**:- ઉપશમ કોને કહે છે ?

**ઉત્તર** :- આત્મામાં કર્મની નિજશક્તિનું કારણવશ પ્રગટ ન થવું ઉપશમ છે. **જેમ** - કતકફળ(ફટકડી) આદિ દ્રવ્યના સંબંધથી પાણીમાં કીચડનું ઉપશમ થઈ જાય છે.

- પરિણામોની વિશુધ્ધતાથી કર્મોની શક્તિનું અનુદ્દ્ભૂત રહેવું અર્થાત્ પ્રગટ ન થવું ઉપશમ છે.

- ઉપશમ માત્ર દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીયમાં થાય છે, અન્ય કોઈ પણ કર્મોમાં નહીં.
- કર્મોની દસ અવસ્થાઓમાં ઉપશમકરણ નથી.
- પ્રશસ્ત - અપ્રશસ્ત ભેદ ઉપશાંતના નથી.

પ્રશ્ન ૨૨ :- પ્રશસ્ત ઉપશમ કોને કહેવાય છે?

ઉત્તર :- (અ) અધઃકરણાદિ દ્વારા ઉપશમ વિધાનથી (અનંતાનુબંધી ચતુષ્ટય વગર) મોહનીય કર્મની જે ઉપશમતા થાય છે, તેને પ્રશસ્ત ઉપશમ અથવા અંતરકરણરૂપ ઉપશમ પણ કહેવાય છે.

(બ) આગામી કાળમાં ઉદયમાં આવવાયોગ્ય કર્મ પરમાણુઓને જીવકૃત પરિણામ વિશેષ દ્વારા આગળ - પાછળ ઉદયમાં આવવાયોગ્ય થવાને અંતરકરણરૂપ ઉપશમ કહે છે. ઔપશમિક સમ્યક્ત્વમાં દર્શનમોહનીયનો પ્રશસ્ત ઉપશમ જ થાય છે.

(ક) ઉદય, ઉદીરણા, ઉત્કર્ષણ, અપકર્ષણ, પરપ્રકૃતિસંક્રમણ, સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત વગર કર્મોની સત્તામાં રહેવાને પ્રશસ્ત ઉપશમ કહે છે.

પ્રશ્ન ૨૩ :- અપ્રશસ્ત ઉપશમ અથવા સદવસ્થારૂપ ઉપશમ કોને કહે છે?

ઉત્તર :- અપ્રશસ્ત ઉપશમનું બીજું નામ સદવસ્થારૂપ ઉપશમ પણ છે.

- વર્તમાન સમયને છોડીને આગામી કાળમાં ઉદયમાં આવવાવાળા કર્મોનું સત્તામાં પડી રહેવું, તેને સદવસ્થારૂપ ઉપશમ અથવા અપ્રશસ્ત ઉપશમ કહે છે.
- ઉદયનો અભાવ જ અપ્રશસ્ત ઉપશમ છે.
- અનંતાનુબંધીનો અપ્રશસ્ત ઉપશમ જ હોય છે. જેમ - સર્વઘાતિ પ્રકૃતિઓનો ક્ષયોપશમ દશામાં થવાવાળો સદવસ્થારૂપ ઉપશમ.
- જે કર્મ ત્રણ કરણો વગર જ સત્તામાં સ્વયં દબાયેલા રહે, તેને અપ્રશસ્ત ઉપશમ કહે છે.
- સમ્યકદર્શનના સમયે જે ત્રણ કરણ હોય છે, તે દર્શનમોહનીયકર્મના ઉપશમને લીધે થાય છે, અનંતાનુબંધી કષાયને દબાવવા માટે નહીં, પરંતુ અનંતાનુબંધીનો સદવસ્થારૂપ/અપ્રશસ્ત ઉપશમ સ્વયં થાય છે.

પ્રશ્ન ૨૪ :- નિધત્તિ કોને કહે છે?

ઉત્તર :- સંક્રમણ અને ઉદીરણાને અયોગ્ય પ્રકૃતિઓને નિધત્તિ કહે છે.

**પ્રશ્ન ૨૫**:- નિકાચિત કોને કહે છે ?

**ઉત્તર** :- સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ તથા અપકર્ષણને અયોગ્ય પ્રકૃતિઓને નિકાચિત કહે છે.

આ ત્રણે (ઉપશાંત દ્રવ્યકર્મ, નિધત્તિ તથા નિકાચિત કર્મ) પ્રકારના કરણ દ્રવ્ય અપૂર્વકરણગુણસ્થાન સુધીજ જોવામાં આવે છે, કારણકે અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં પ્રવેશ કરવાના પ્રથમ સમયમાં જ બધાં કર્મોના ત્રણે કરણ યુગપદ્ વ્યુચ્છિન્ન અર્થાત્ નષ્ટ થઇ જાય છે. (કર્મકાંડ ગાથાઃ ૪૫૦ તથા જયધવલા પુસ્તકઃ ૧૩, પાનું ૨૩૧,૬૭૬)

**પ્રશ્ન ૨૬**:- ઉદયાવલી કોને કહે છે ?

**ઉત્તર** :- વર્તમાન સમયથી લઈને એક આવલી સુધીના કાળમાં ઉદયમાં આવવા યોગ્ય નિષેકોને ઉદયાવલી કહે છે.

**પ્રશ્ન ૨૭**:- નિષેક કોને કહે છે ?

**ઉત્તર** :- એક સમયમાં ઉદયમાં આવવાવાળા કર્મપરમાણુના સમૂહને નિષેક કહે છે.

**પ્રશ્ન ૨૮**:- ક્ષય કોને કહે છે ?

**ઉત્તર** :- કર્મોનું આત્માથી સર્વથા દૂર થવું તેને ક્ષય કહે છે.

- કર્મોની કર્મરૂપથી નાશ થવાને અર્થાત્ અકર્મદશા થવાને ક્ષય કહે છે.

**પ્રશ્ન ૨૯**:- શ્રેણી ચઢવાને પાત્ર કોણ હોય છે ?

**ઉત્તર** :- સાતિશય અપ્રમત્તવિરત નામના સાતમા ગુણસ્થાનવર્તી મુનિરાજ શ્રેણી ચઢવાના પાત્ર છે.

- ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ અપ્રમત્ત મુનિરાજ, ઉપશમ અથવા ક્ષપકશ્રેણી ચઢી શકે છે, પરંતુ દ્વિતીયોપશમ સમ્યક્દ્રષ્ટિ માત્ર ઉપશમશ્રેણી ચઢી શકે છે.

**પ્રશ્ન ૩૦**:- શ્રેણી કોને કહે છે ?

**ઉત્તર** :- ચારિત્રમોહનીયની અનંતાનુબંધી ચતુષ્ટય વિના શેષ ૨૧ પ્રકૃતિઓના ઉપશમ અથવા ક્ષયમાં નિમિત્ત થવાવાળા જીવના શુધ્ધભાવો અર્થાત્ વૃધ્ધિગત વીતરાગ પરિણામોને શ્રેણી કહે છે.

**પ્રશ્ન ૩૧**:- શ્રેણીના કેટલા ભેદ છે ?

**ઉત્તર** :- શ્રેણીના બે ભેદ છે. ૧) ઉપશમ શ્રેણી અને ૨) ક્ષપકશ્રેણી

**પ્રશ્ન ૩૨**:- શ્રેણી ચઢવાનો શું અભિપ્રાય છે ?

**ઉત્તર :-** સાતમા ગુણસ્થાનથી આગળ આ જીવ ક્રમથી શુધ્ધભાવોને અર્થાત્ વીતરાગતાને વધારતો જ જાય છે, તેને શ્રેણી ચઢવું કહે છે.

♦ સાતમા ગુણસ્થાનથી આગળ વૃધ્ધિગત વીતરાગ પરિણામોની બે શ્રેણીઓ છે. (૧) ઉપશમ શ્રેણી (૨) ક્ષપક શ્રેણી. પ્રત્યેક શ્રેણીમાં ચાર -ચાર ગુણસ્થાન છે.

**પ્રશ્ન ૩૩ :-** ઉપશમશ્રેણી કોને કહે છે ? તેના કયા-કયા ગુણસ્થાન છે?

**ઉત્તર :-** જેમાં ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓની ઉપશમતા સાથે વીતરાગતા વધતી જાય છે, તેને ઉપશમશ્રેણી કહે છે. આઠ-નવ-દસ અને અગ્યાર આ ચાર ગુણસ્થાન ઉપશમ શ્રેણીના છે.

**પ્રશ્ન ૩૪ :-** ક્ષપકશ્રેણી કોને કહે છે ? તેના કયા-કયા ગુણસ્થાન છે?

**ઉત્તર :-** જેમાં ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓના ક્ષયની સાથે વીતરાગતા વધતી જાય છે, તેને ક્ષપકશ્રેણી કહે છે. આઠ-નવ-દસ અને બારમું આ ચાર ગુણસ્થાન ક્ષપક શ્રેણીના છે.

**પ્રશ્ન ૩૫ :-** મોહનીય કર્મ કોને કહે છે ? તેના કેટલાં અને કયા-કયા ભેદ છે?

**ઉત્તર :-** જીવના મોહ - રાગ -દ્વેષ આદિ વિકારી પરિણામોના થવામાં નિમિત્ત થવાવાળા કર્મને મોહનીય કર્મ કહે છે. તેના બે ભેદ છે. (૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય.

**પ્રશ્ન ૩૬ :-** દર્શનમોહનીયના કેટલા અને કયા-કયા ભેદ છે?

**ઉત્તર :-** બંધની અપેક્ષાએ દર્શનમોહનીય કર્મ એક જ પ્રકારે છે. પરંતુ સત્વ અર્થાત્ સત્તા અને ઉદયની અપેક્ષાએ ત્રણ ભેદ છે.

(૧) મિથ્યાત્વ (૨) સમ્યક્મિથ્યાત્વ (૩) સમ્યક્પ્રકૃતિ.

જેમ - ચક્કીમાં દળેલા ક્ષાર યુક્ત ચોખાના ક્ષાર, ચોખા તથા કટકી આ પ્રમાણે ત્રણ ભેદ છે, તે જ પ્રકારે પ્રથમોપશમ સમ્યક્ત્વરૂપી ચક્કીથી દળાયેલા દર્શનમોહનીયકર્મના ત્રણ ભેદ છે.

**પ્રશ્ન ૩૭ :-** મિથ્યાત્વદર્શનમોહનીય કર્મ કોને કહે છે?

**ઉત્તર :-** સર્વજ્ઞ પ્રણિત માર્ગથી વિમુખ થઈને તત્વાર્થ શ્રધ્ધાનમાં નિરૂત્સુક, હિતાહિત વિચાર કરવામાં અસમર્થ, મિથ્યાત્વ અર્થાત્ વિપરીત માન્યતારૂપ પરિણામોમાં નિમિત્ત થવાવાળા કર્મને મિથ્યાત્વ દર્શમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૩૮ :- સમ્યક્‌મિથ્યાત્વ દર્શનમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- પ્રક્ષાલિત ક્ષીણ-અક્ષીણ મંદ-શક્તિવાળા ક્ષાર(ચોખા)ના સમાન મિશ્ર શ્રદ્ધાનમાં નિમિત્ત થવાવાળા કર્મને સમ્યક્‌મિથ્યાત્વ(મિશ્ર) દર્શનમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૩૯ :- સમ્યક્‌પ્રકૃતિ દર્શનમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- ક્ષાયોપશમિક સમ્યકત્વમાં ચલ, મલ, અગાઢ દોષોના ઉત્પન્ન થવામાં નિમિત્ત થવાવાળા કર્મને સમ્યક્‌પ્રકૃતિ દર્શનમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૪૦ :- ચારિત્રમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- સમ્યક્‌દર્શન-જ્ઞાનપૂર્વકરાગ-દ્વેષની નિવૃત્તિમય આત્મસ્થિરતા રૂપ ચારિત્રની અપ્રગટતામાં નિમિત્ત થવાવાળા કર્મને ચારિત્રમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૪૧:- ચારિત્ર મોહનીયકર્મના કેટલા ભેદ - પ્રભેદ છે? કયા-કયા?

ઉત્તર :- ચારિત્ર મોહનીયકર્મના બે ભેદ છે. (૧) કષાય (૨) નોકષાય.

• કષાયના સોળ ભેદ છે - અનંતાનુબંધી ક્રોધ - માન - માયા - લોભ, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ - માન - માયા - લોભ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ - માન - માયા - લોભ, સંજ્વલન ક્રોધ - માન - માયા - લોભ.

• નોકષાયના નવ ભેદ છે - હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસક વેદ ( આ નવ નોકષાય પણ અનંતાનુબંધી આદિ ચાર ભેદ રૂપ પણ હોય છે. અર્થાત્ તેનો ઉદય તે ક્રોધાદિ સાથે યથા સંભવ થાય છે. ખુલાસા માટે ભાવદીપિકા પાના નં. ૪૯ થી ૭૦ કષાયભાવ અંતરાધિકાર વાંચો.)

પ્રશ્ન ૪૨ :- કષાય કર્મ કોને કહે છે ?

ઉત્તર :- અમર્યાદિત - વિસ્તૃત સંસારરૂપી કર્મક્ષેત્રને ખેડીને આત્મસ્વભાવથી વિપરીત લૌકિક સુખ અને દુઃખ આદિ અનેક પ્રકારના ધાન્યના ઉત્પાદક જીવના વિકારી પરિણામોને કષાય કહે છે.

• આત્માને દુઃખી કરવાવાળા, આકુળ-વ્યાકુળ કરવાવાળા, કસવાવાળા પરિણામને કષાય કહે છે. આ જ પરિણામોના સમયે પૂર્વબદ્ધ કર્મોનો જે ઉદય નિમિત્ત થાય છે, તેને જ કષાય કર્મ કહે છે.

• આ કષાય પરિણામોના સમયે સ્વયં કર્મરૂપ પરિણમિત નવી

કાર્મણવર્ગણાને કષાય કર્મ કહે છે.

**પ્રશ્ન ૪૩**:- નોકષાય કર્મ કોને કહે છે?

**ઉત્તર** :- નો = કિંચિત્, માત્ર, અલ્પ. કિંચિત્ કષાય કર્મને નોકષાય કર્મ કહે છે.

**પ્રશ્ન ૪૪**:- અનંતાનુબંધી કષાય કર્મ કોને કહે છે?

**ઉત્તર** :- અનંત + અનુબંધી = અનંતાનુબંધી.
અનંત = સંસાર અર્થાત્ મિથ્યાત્વ પરિણામ.
અનુ = સાથે-સાથે.
બંધી = બંધાવવાવાળા.

♦ મિથ્યાત્વ પરિણામની સાથે - સાથે બંધાવવાવાળા કષાય ને અનંતાનુબંધી કષાય કર્મ કહે છે.

♦ જે કષાય અનંત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોથી અનુબંધ કરે - સંબંધ જોડે, તેને અનંતાનુબંધી કષાય કર્મ કહે છે. જેમ કે - અન્યાય, અનીતિ તથા અવિવેકપૂર્વક રાજ્યવિરૂધ્ધ, લોકવિરૂધ્ધ તથા ધર્મવિરૂધ્ધ અમર્યાદિતરૂપથી થવાવાળા જીવના કષાય ભાવ.

♦ આ કષાય સમ્યક્ત્વ તથા ચારિત્ર બંનેના ઘાતમાં નિમિત્ત થાય છે.

**પ્રશ્ન ૪૫**:- અપ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કોને કહે છે?

**ઉત્તર** :- અપ્રત્યાખ્યાનાવરણ = અપ્રત્યાખ્યાન + આવરણ.
અ = કિંચિત્, અલ્પ. પ્રત્યાખ્યાન = ત્યાગ અર્થાત્ કિંચિત્ ત્યાગ અર્થાત્ દેશચારિત્ર, સંયમાસંયમ. ♦ **દ્રવ્યવ્રત** અર્થાત્ બુધ્ધિપૂર્વક શુભોપયોગરૂપ બાહ્ય વ્રતોનું ગ્રહણ. ♦ **ભાવવ્રત/ચારિત્ર** અર્થાત્ બે કષાય ચોકડીના અભાવથી વ્યક્ત થવાવાળી વીતરાગતા. જેમ કે - ન્યાય, નીતિ તથા વિવેકપૂર્વક રાજ્યાદિથી અવિરૂધ્ધ મર્યાદાપૂર્વક થવાવાળા જીવના અકષાય ભાવ.

♦ આવરણ = ઢાંકવાવાળુ.

♦ જીવના દેશસંયમરૂપ ચારિત્ર પરિણામોને આવૃત્ત કરવામાં અર્થાત્ ઢાંકવામાં નિમિત્ત થવાવાળા કર્મને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કહે છે.

**પ્રશ્ન ૪૬**:- પ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કોને કહે છે?

**ઉત્તર** :- પ્રત્યાખ્યાનાવરણ = પ્રત્યાખ્યાન + આવરણ

પ્રત્યાખ્યાન = ત્યાગ, મહાવ્રત, સકલસંયમ, સકલચારિત્ર, સંયમ.

- દ્રવ્યવ્રત અર્થાત્ બુદ્ધિપૂર્વક શુભોપયોગરૂપ બાહ્ય મહાવ્રતોનું ગ્રહણ.
- ભાવવ્રત/ચારિત્ર અર્થાત્ ત્રણ કષાય ચોકડીના અભાવથી વ્યક્ત થવાવાળી વીતરાગતા.

- જીવના સકલસંયમરૂપ ચારિત્ર પરિણામોને ઢાંકવામાં અર્થાત્ આવૃત્ત કરવામાં નિમિત્ત થવાવાળા કર્મને પ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૪૭:- સંજ્વલન કષાય કર્મ કોને કહે છે?

ઉત્તર :- સંજ્વલન = સમ્ + જ્વલન. સમ્ = સારી રીતે, જ્વલન = પ્રકાશિત થવું. જીવના સકલસંયમ પરિણામોની સાથે જે સારી રીતે પ્રકાશિત થાય છે, રહી શકે છે. (નષ્ટ થાય છે, બળે છે)

- જે સકલસંયમ પરિણામોના ઘાતમાં નિમિત્ત નથી થતાં, પરંતુ સકલસંયમની સાથે રહે છે, તેને સંજ્વલન કષાય કહે છે.
- જીવના યથાખ્યાતચારિત્ર પરિણામો અર્થાત્ પૂર્ણ વીતરાગભાવના ઘાતમાં નિમિત્ત થવાવાળા કર્મને સંજ્વલન કષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૪૮:- ક્ષયોપશમ કોને કહે છે?

ઉત્તર :- વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય, ભવિષ્યકાળમાં ઉદયમાં આવવા યોગ્ય સર્વઘાતિ સ્પર્ધકોનું સદવસ્થારૂપ ઉપશમ અને વર્તમાનકાલીન દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય, આ ત્રણેરૂપ કર્મની અવસ્થાને ક્ષયોપશમ કહે છે.

પ્રશ્ન ૪૯:- ઉદયાભાવીક્ષય કોને કહે છે?

ઉત્તર :- જ્યારે સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય હોય છે, ત્યારે આત્માના ગુણની થોડીપણ અભિવ્યક્તિ નથી થતી, માટે આ ઉદયના અભાવને ઉદયાભાવી ક્ષય કહે છે.

- આત્મગુણો (પર્યાયો)ની કિંચિત્ પણ અભિવ્યક્તિ ન થવામાં નિમિત્ત થવાવાળા સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયના અભાવને ઉદયાભાવીક્ષય કહે છે.
- સર્વઘાતિ સ્પર્ધક અનંતગણા હીન થઈ- થઈને અર્થાત્ ઉદયના એક સમય પહેલા દેશઘાતિ સ્પર્ધકમાં પરિણમિત થઈને ઉદયમાં આવે છે. તે સર્વઘાતિ સ્પર્ધકોનું અનંતગણું હીનત્વ જ ક્ષય કહેવાય છે. તેને જ સ્તિબુક સંક્રમણ કહે છે.

**પ્રશ્ન ૫૦** :- ઘાતિકર્મ કોને કહે છે ?

**ઉત્તર** :- જીવના જ્ઞાનાદિ અનુજીવી ગુણોના ઘાતમાં અર્થાત્ જ્ઞાનાદિગુણોની પર્યાયોના વ્યક્ત ન થવામાં નિમિત્ત થવાવાળા કર્મને ઘાતિકર્મ કહે છે.

♦ આઠ કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચારઘાતિકર્મ છે. તેના બે ભેદ છે. (૧) સર્વઘાતિ (૨) દેશઘાતિ.

**પ્રશ્ન ૫૧** :- સર્વઘાતિ કર્મ કોને કહે છે ?

**ઉત્તર** :- જીવના જ્ઞાનાદિ ગુણોની (પર્યાયોની) પૂર્ણપણે ઘાત કરવામાં નિમિત્ત થવાવાળા કર્મને સર્વઘાતિ કર્મ કહે છે.

**પ્રશ્ન ૫૨** :- સર્વઘાતિ પ્રકૃતિઓ કેટલી અને કઈ - કઈ છે ?

**ઉત્તર** :- (૧) કેવળજ્ઞાનાવરણ (૨) કેવળદર્શનાવરણ (૩) નિંદ્રા (૪) નિંદ્રા - નિંદ્રા (૫) પ્રચલા (૬) પ્રચલા - પ્રચલા (૭) સ્ત્યાનગૃધ્દિ (૮ -૧૧) અનંતાનુબંધી ચતુષ્ટય (૧૨-૧૫) અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ટય (૧૬-૧૯) પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ટય (૨૦) મિથ્યાત્વ દર્શન મોહનીય (૨૧) સમ્યક્મિથ્યાત્વ દર્શનમોહનીય. આ ૨૧ પ્રકૃતિઓ સર્વઘાતિ છે.

**પ્રશ્ન ૫૩** :- દેશઘાતિ કર્મ કોને કહે છે ?

**ઉત્તર** :- જીવના જ્ઞાનાદિ ગુણોને એકદેશ (આંશિક) ઘાતમાં નિમિત્ત થવાવાળા કર્મને દેશઘાતિ કર્મ કહે છે.

**પ્રશ્ન ૫૪** :- દેશઘાતિ પ્રકૃતિઓ કેટલી અને કઈ - કઈ છે ?

**ઉત્તર** :- (૧) મતિજ્ઞાનાવરણ (૨) શ્રુતજ્ઞાનાવરણ (૩) અવધિજ્ઞાનાવરણ (૪) મનઃપર્યયજ્ઞાનાવરણ (૫) ચક્ષુદર્શનાવરણ (૬) અચક્ષુદર્શનાવરણ (૭) અવધિદર્શનાવરણ (૮) સમ્યક્ત્વ પ્રકૃતિ (૯-૧૨) સંજ્વલન ચતુષ્ટ્ય (૧૩-૨૧) હાસ્યાદિ નવ નોકષાય (૨૨) દાનાતંરાય (૨૩) લાભાંતરાય (૨૪) ભોગાંતરાય (૨૫) ઉપભોગાંતરાય (૨૬) વીર્યાતંરાય - આ ૨૬ પ્રકૃતિઓ દેશઘાતિ છે.

**પ્રશ્ન ૫૫** :- અવિભાગી - પ્રતિચ્છેદ કોને કહે છે ?

**ઉત્તર** :- શકિતના અવિભાગી અંશને અવિભાગી પ્રતિચ્છેદ કહે છે. અ = નહીં, વિભાગ = અંશ અર્થાત્ જેનો બીજો અંશ (ભાગ) ન થઈ શકે, તે અવિભાગી છે. પ્રતિચ્છેદ = શક્તિનો અંશ

• દ્રવ્યમાં સહુથી નાનો પરમાણુ તથા કાલાણુ, ક્ષેત્રની અપેક્ષાએ આકાશનો એક પ્રદેશ, કાળની દ્રષ્ટિથી સહુથી નાનો સમય અને ભાવની અર્થાત્ શક્તિની અપેક્ષાએ બધાથી નાનો અંશ અવિભાગી પ્રતિચ્છેદ છે.

**પ્રશ્ન ૫૬ :-** વર્ગ કોને કહે છે ?

**ઉત્તર :-** સમાન (સરખા) અવિભાગી - પ્રતિચ્છેદોના સમૂહને વર્ગ કહે છે. જો કે પ્રત્યેક પરમાણુમાં અનંત અવિભાગી - પ્રતિચ્છેદ હોય છે. માટે પ્રત્યેક પરમાણુ એક વર્ગ છે.

**પ્રશ્ન ૫૭ :-** વર્ગણા કોને કહે છે ?

**ઉત્તર :-** સમાન(સરખા) અવિભાગી - પ્રતિચ્છેદોથી યુક્ત વર્ગોના સમૂહને વર્ગણા કહે છે.

**પ્રશ્ન ૫૮ :-** સ્પર્ધક કોને કહે છે ?

**ઉત્તર :-** એક એક અવિભાગી - પ્રતિચ્છેદોથી અધિક વર્ગોના સમૂહરૂપ વર્ગણાઓ જ્યાં સુધી ઉપલબ્ધ થાય, તે વર્ગણાઓના સમૂહને સ્પર્ધક કહે છે.

• અનેક પ્રકારની અનુભાગશક્તિથી યુક્ત કાર્મણવર્ગણાઓને અર્થાત્ કર્મસમૂહને સ્પર્ધક કહે છે.

• સર્વઘાતિ પ્રકૃતિમાં સંપૂર્ણ સ્પર્ધક સર્વઘાતિ જ હોય છે, તેમાં દેશઘાતિ સ્પર્ધક નિયમથી હોતા નથી. આ કારણથી સર્વઘાતિ પ્રકૃતિમાં કર્મનો ક્ષયોપશમ ઘટિત થતો નથી.
જેમ કે - કેવળજ્ઞાનાવરણ કર્મ.

• દેશઘાતિ પ્રકૃતિમાં સ્પર્ધક, સર્વઘાતિ તથા દેશઘાતિ બંને પ્રકારના હોય છે. આ કારણથી દેશઘાતિ કર્મોના ઉદયકાળમાં કર્મનો ક્ષયોપશમ ઘટિત થાય છે અને જીવના જ્ઞાનાદિ અનુજીવી ગુણની પર્યાય પ્રગટ થાય છે. જેમ કે - મતિજ્ઞાનાવરણાદિ દેશઘાતિકર્મ.

**પ્રશ્ન ૫૯ :-** પૂર્વસ્પર્ધક કોને કહે છે ?

**ઉત્તર :-** અનિવૃત્તિકરણ નામના નવમાં ગુણસ્થાનની પૂર્વે જોવામાં આવતાં સ્પર્ધકોને પૂર્વસ્પર્ધક કહે છે.

**પ્રશ્ન ૬૦ :-** અપૂર્વસ્પર્ધક કોને કહે છે ?

**ઉત્તર :-** અનિવૃત્તિકરણગુણસ્થાનના પરિણામોના નિમિત્તથી અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને અપૂર્વસ્પર્ધક કહે છે.

**પ્રશ્ન ૬૧ :-** કૃષ્ટિ ( અનુકૃષ્ટિ) કોને કહે છે ?

**ઉત્તર :-** કર્મોના અનુભાગને ક્રમ ક્રમથી હીન થવાને કૃષ્ટિ અથવા અનુકૃષ્ટિ કહે છે. અર્થાત્ અનુભાગનું કૃષ થવું - ઘટવું તે કૃષ્ટિ છે. આ અનિવૃત્તિકરણગુણસ્થાનના પરિણામોના નિમિત્તથી થાય છે.

**પ્રશ્ન ૬૨ :-** બાદરકૃષ્ટિ કોને કહે છે ?

**ઉત્તર :-** અપૂર્વસ્પર્ધકથી પણ વિશેષ અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને બાદરકૃષ્ટિ કહે છે. અર્થાત્ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો અનુભાગ ઘટાડવો - સ્થૂલ ખંડ કરવો, તે બાદરકૃષ્ટિ છે.

**પ્રશ્ન ૬૩ :-** સૂક્ષ્મકૃષ્ટિ કોને કહે છે ?

**ઉત્તર :-** બાદર કૃષ્ટિથી પણ વિશેષ અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને સૂક્ષ્મ કૃષ્ટિ કહે છે.

**પ્રશ્ન ૬૪ :-** અનુકૃષ્ટિરચના કોને કહે છે ?

**ઉત્તર :-** ઉપર - નીચેના પરિણામોમાં અનુકર્ષણ (ક્રમ-ક્રમથી ક્ષીણ થવું) ને બતાવવાવાળી રચના વિશેષને અનુકૃષ્ટિરચના કહે છે.

**પ્રશ્ન ૬૫ :-** માર્ગણા કોને કહે છે અને તેના કેટલાં ભેદ છે ?

**ઉત્તર :-** કોઈક વિશિષ્ટ પર્યાયો અર્થાત્ ભાવોના આધાર પર જીવોના અન્વેષણ (ખોજ, સંશોધન)ને માર્ગણા કહે છે. તેના ચૌદ ભેદ છે - ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યક્ત્વ, સંજ્ઞા અને આહાર.

◆ માર્ગણા પ્રકરણમાં વિવક્ષિત ભાવનો સદ્ભાવ - અસદ્ભાવ બંને અપેક્ષિત હોય છે.

**પ્રશ્ન ૬૬ :-** સમ્યક્ત્વમાર્ગણા કોને કહે છે ? તેના કેટલા ભેદ છે ?

**ઉત્તર :-** સમ્યક્દર્શન/શ્રદ્ધાગુણની મુખ્યતાથી જીવોના અન્વેષણને સમ્યક્ત્વમાર્ગણા કહે છે.

તેના છ ભેદ છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, ઔપશમિકસમ્યક્ત્વ, ક્ષાયોપશમિકસમ્યક્ત્વ અને ક્ષાયિકસમ્યક્ત્વ. (પ્રથમ ત્રણ ભેદોનું સ્વરૂપ તત્સંબંધી ગુણસ્થાનરૂપ જ છે, તેથી ગુણસ્થાન અધ્યાયમાં જોવું)

"સમ્યક્ત્વના તો ભેદ ત્રણ જ છે, તથા સમ્યક્ત્વના અભાવરૂપ મિથ્યાત્વ છે. બંનેના મિશ્રભાવ તે મિશ્ર છે. સમ્યક્ત્વનો ઘાતકભાવ તે સાસાદન છે. આ રીતે સમ્યક્ત્વમાર્ગણાથી જીવનો વિચાર કરવાથી છ

ભેદ કહ્યા છે." - (મોક્ષમાર્ગપ્રકાશક - પાના નં. ૩૩૭)

પ્રશ્ન ૬૭ :- ઔપશમિકસમ્યક્ત્વ કોને કહે છે ?

ઉત્તર :- નિજ શુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવની પાંચ, છ કે સાત પ્રકૃતિઓ (દર્શનમોહનીયની ત્રણ અને અનંતાનુબંધી ચતુષ્ટય)ના ઉપશમના સમયે-તે કાળમાં - (નિમિત્તથી) થવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક્ પરિણમનને ઔપશમિકસમ્યક્ત્વ કહે છે.

અનાદિ મિથ્યાદ્રષ્ટિની પાંચ પ્રકૃતિઓનો તથા સાદિ મિથ્યાદ્રષ્ટિની સાત, છ કે પાંચ પ્રકૃતિઓનો ઉપશમ થાય છે.

**અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને સર્વપ્રથમ ઔપશમિક સમ્યક્દર્શન જ પ્રગટ થાય છે.**

પ્રશ્ન ૬૮ :- ક્ષાયોપશમિકસમ્યક્ત્વ કોને કહે છે ?

ઉત્તર :- નિજ શુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવની પૂર્વોક્ત સાત પ્રકૃતિઓના ક્ષયોપશમ સમયે - તે કાળમાં(નિમિત્તથી) થવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક્ પરિણમનને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહે છે.

• ક્ષયોપશમ - અનંતાનુબંધી ચતુષ્ટય, મિથ્યાત્વ તથા સમ્યક્મિથ્યાત્વ આ છ સર્વઘાતિ પ્રકૃતિઓના ઉદયાભાવી ક્ષય અને સદવસ્થારૂપ ઉપશમ તથા દેશઘાતિ સમ્યક્પ્રકૃતિ દર્શનમોહનીયનો ઉદય.

પ્રશ્ન ૬૯ :- ક્ષાયિકસમ્યક્ત્વ કોને કહે છે ?

ઉત્તર :- નિજ શુધ્ધાત્મસન્મુખ પુરૂષાર્થી જીવની પૂર્વોક્ત સાત પ્રકૃતિઓના સર્વથા ક્ષયના સમયે થવાવાળા તથા ભવિષ્યમાં અનંતકાળ સુધી રહેવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક્ પરિણમનને ક્ષાયિકસમ્યક્ત્વ કહે છે.

**ક્ષાયિક સમ્યક્દર્શન હંમેશા ક્ષાયોપશમિક સમ્યક્ત્વપૂર્વક જ થાય છે અને ભવિષ્યકાળમાં અનંતકાળ સુધી ક્ષાયિકરૂપ જ રહે છે.**

પ્રશ્ન ૭૦ :- ઔપશમિકસમ્યક્ત્વના કેટલા ભેદ છે ?

ઉત્તર :- બે ભેદ છે. પ્રથમોપશમ સમ્યક્ત્વ અને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ.

પ્રશ્ન ૭૧ :- પ્રથમોપશમ સમ્યક્ત્વ કોને કહે છે ?

ઉત્તર :- 'પ્રથમ' શબ્દનો અર્થ પહેલીવાર નથી. અનાદિ અથવા સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને જ્યારે પણ ઔપશમિક સમ્યક્દર્શન પ્રગટ થાય છે, તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે.

**પ્રશ્ન ૭૨** :- દ્વિતીયોપશમસમ્યક્ત્વ કોને કહે છે?

**ઉત્તર** :- ક્ષાયોપશમિકસમ્યક્ત્વના અનંતર શ્રેણી ચડવા માટે જે ઔપશમિક સમ્યક્ત્વ થાય છે, તેને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કહે છે.

• શ્રેણી ચડવાની સન્મુખ સાતિશય સાતમાં ગુણસ્થાનવર્તી ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિ મુનિરાજના (અનંતાનુબંધી ચતુષ્ટયના વિસંયોજન તથા)દર્શનમોહનીયત્રિકના ઉપશમના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક્ પરિણમનને દ્વિતિયોપશમ સમ્યક્ત્વ કહે છે.

**પ્રશ્ન ૭૩** :- વિસંયોજન કોને કહે છે?

**ઉત્તર** :- અનંતાનુબંધી ચતુષ્ટયના અપ્રત્યાખ્યાનાવરણ આદિ બાર કષાય તથા હાસ્યાદિ નવ નોકષાય કર્મરૂપ પરિણમિત થવાને વિસંયોજન કહે છે.

આ વિસંયોજનનું કાર્ય ચોથાથી સાતમાં ગુણસ્થાન સુધીના કોઈપણ એક ગુણસ્થાનમાં થાય છે.

**પ્રશ્ન ૭૪** :- જીવના અસાધારણ ભાવ કોને કહે છે? તે કેટલા પ્રકારના છે?

**ઉત્તર** :- જીવના અતિરિક્ત અન્ય દ્રવ્યોમાં ન હોય અર્થાત્ માત્ર જીવમાં જ જોવામાં આવતા હોય તેવા ભાવોને જીવના અસાધારણભાવ કહે છે. તે પાંચ પ્રકારના છે.

(૧) ઔપશમિકભાવ (૨) ક્ષાયિકભાવ (૩) ક્ષાયોપશમિકભાવ (૪) ઔદયિકભાવ (૫) પારિણામિકભાવ

**(૧) ઔપશમિકભાવ** : નિજશુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવના મોહનીય કર્મના અંતરકરણરૂપ ઉપશમના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા શુધ્ધભાવોને ઔપશમિકભાવ કહે છે.

**(૨) ક્ષાયિકભાવ** : નિજશુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવના કર્મના ક્ષયના સમયે થવાવાળા તથા ભવિષ્યમાં અનંતકાળ સુધી રહેવાવાળા શુધ્ધભાવોને ક્ષાયિકભાવ કહે છે.

**(૩) ક્ષાયોપશમિક્ભાવ** : કર્મના ક્ષયોપશમના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના ભાવોને ક્ષાયોપશમિક ભાવ કહે છે.

**(૪) ઔદયિકભાવ** : કર્મોદયના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા

જીવના ભાવને ઔદયિકભાવ કહે છે.

**(૫) પારિણામિક ભાવ :** પૂર્ણપણે કર્મનિરપેક્ષ અર્થાત્ કર્મના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અને ઉદયથી નિરપેક્ષ જીવના પરિણામને પારિણામિક ભાવ કહે છે.

**પ્રશ્ન ૭૫ :-** નિમિત્તકારણ કોને કહે છે ?

**ઉત્તર :-** જે પદાર્થ પોતે વિવક્ષિત કાર્યરૂપ તો ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના પર આરોપ આવી શકે, તે પદાર્થને નિમિત્ત કારણ કહે છે.

**જેમ કે** - ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, ચક્ર, દંડ આદિ.

**પ્રશ્ન ૭૬ :-** નિમિત્ત - નૈમિતિક સંબંધ કોને કહે છે ?

**ઉત્તર :-** જ્યારે ઉપાદાન પોતે કાર્યરૂપ પરિણમે છે, ત્યારે ભાવરૂપ કે અભાવરૂપ કયા અનુકૂળ નિમિત્ત કારણનો તેની સાથે સંબંધ છે - તે બતાવવા માટે તે કાર્યને નૈમિત્તિક કહે છે. આ પ્રકારે ભિન્ન પદાર્થના આ સ્વતંત્ર સંબંધને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ કહે છે.

નિમિત્ત - નૈમિત્તિક સંબંધ પરતંત્રતાનું સૂચક નથી, પરંતુ નૈમિત્તિકની સાથે કયો નિમિત્તરૂપ પદાર્થ છે, તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નિમિત્તની અપેક્ષા નૈમિત્તિક કહ્યું છે, તેને જ ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય પણ કહે છે.

**પ્રશ્ન ૭૭ :-** આવલી કોને કહે છે ?

**ઉત્તર :-** જઘન્ય યુક્ત અસંખ્યાત સમય-સમૂહને આવલી કહે છે.

**પ્રશ્ન ૭૮ :-** સમય કોને કહે છે ?

**ઉત્તર :-** એક આકાશપ્રદેશથી નિકટવર્તી અન્ય આકાશપ્રદેશ સુધી મંદગતિથી ગમન કરતા પરમાણુના ગમન-કાળને સમય કહે છે. આ વ્યવહારકાળનો સૌથી નાનો અંશ છે.

**પ્રશ્ન ૭૯ :-** પ્રદેશ કોને કહે છે ?

**ઉત્તર :-** એક પરમાણુથી વ્યાપ્ત આકાશક્ષેત્રને પ્રદેશ કહે છે.

એક પ્રદેશમાં અનંત પરમાણુઓને અવગાહના (જગ્યા) દેવાની શક્તિ છે.

**પ્રશ્ન ૮૦ :-** અંતર્મુહૂર્ત કોને કહે છે ?

**ઉત્તર :-** મુહૂર્તમાંથી એક સમય ઓછો - બાકીના શેષ કાળ પ્રમાણને ભિન્ન મુહૂર્ત કહે છે. તે ભિન્ન મુહૂર્તમાંથી પણ એક સમય ઓછા શેષ

કાળ પ્રમાણને અંતર્મુહૂર્ત કહે છે. આ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

(૧) જે મુહૂર્તની બાજુમાં હોય, તેને અંતર્મુહૂર્ત કહે છે.

(૨) આવલીથી વધારે અને મુહૂર્તથી ઓછા કાળને અંતર્મુહૂર્ત કહે છે.

(૩) એક મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છવાસ હોય છે. એક શ્વાસોચ્છવાસમાં અસંખ્યાત આવલી હોય છે. એક આવલી + એક સમય આ જઘન્ય અંતર્મુહૂર્ત છે.

ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તમાં એક સમય ઓછો અને જઘન્યથી એક સમય વધારે એવા મધ્યમ અંતર્મુહૂર્ત અસંખ્યાત હોય છે.

**પ્રશ્ન ૮૧ :-** મુહૂર્ત કોને કહે છે?

**ઉત્તર :-** (બે ઘડી) ૪૮ મિનિટને મુહૂર્ત કહે છે.

**પ્રશ્ન ૮૨ :-** પૂર્વ કોને કહે છે?

**ઉત્તર :-** ૭૦ લાખ, ૫૬ હજાર કરોડ વર્ષ કાળને પૂર્વ કહે છે.

**પ્રશ્ન ૮૩ :-** સાગર કોને કહે છે?

**ઉત્તર :-** દસ ક્રોડાક્રોડી અદ્ધાપલ્યોપમ કાળને સાગર કહે છે.

**પ્રશ્ન ૮૪ :-** અસંખ્યાત કોને કહે છે?

**ઉત્તર :-** સંખ્યાતીત કલ્પિત રાશિમાંથી એક-એક સંખ્યા ઘટાડતાં જતાં જે સમાપ્ત થઈ જવાવાળી રાશિને અસંખ્યાત કહે છે.

- જે સંખ્યા પાંચેય ઈન્દ્રિયોનો અર્થાત્ મતિ-શ્રુત જ્ઞાનનો વિષય છે, તેને સંખ્યાત કહે છે.
- અવધિજ્ઞાનગમ્ય અને મનઃપર્યયજ્ઞાનગમ્ય સંખ્યાને અસંખ્યાત કહે છે.
- જેની ગણતરી ન થઈ શકે, તેને અસંખ્યાત કહે છે.
- સંખ્યાતીત રાશિને અસંખ્યાત કહે છે.

**પ્રશ્ન ૮૫ :-** અનંત કોને કહે છે?

**ઉત્તર :-** અસંખ્યાતથી ઉપર કેવળજ્ઞાનગમ્ય સંખ્યાને અનંત કહે છે.

- નવી વૃધ્ધિ ન થવા છતાં પણ અસંખ્યાત કે સંખ્યાતરૂપથી કેટલું પણ ઘટાડવાં છતાં જે સંખ્યાનો અંત ન આવે, તેને અક્ષય અનંત કહે છે.
- જે સંખ્યાનો અંત આવી જાય, તેને સક્ષય અનંત કહે છે.

**પ્રશ્ન ૮૬ :-** સમુદ્‌ઘાત કોને કહે છે?

**ઉત્તર :-** મૂળ શરીરને છોડ્યા વિના તેજસ - કાર્મણરૂપ ઉત્તર દેહની

સાથે જીવ પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું, તેને સમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૮૭ :-** સમુદ્‌ઘાત કેટલા છે? કયા કયા?

**ઉત્તર :-** સમુદ્‌ઘાત સાત પ્રકારના છે. વેદના, કષાય, વિક્રિયા, મરણાંતિક, તેજસ, આહારક અને કેવળી સમુદ્‌ઘાત.

**પ્રશ્ન ૮૮ :-** કેવળી સમુદ્‌ઘાત કોને કહે છે?

**ઉત્તર :-** પોતાના મૂળ પરમ-ઔદારિક શરીરને છોડયા વિના આત્મપ્રદેશોને દંડાદિરૂપ થઈ શરીરની બહાર પૂર્ણ લોકાકાશમાં ફેલાવવાની ક્રિયાને કેવળી સમુદ્‌ઘાત કહે છે.

**પ્રશ્ન ૮૯ :-** કેવળી ભગવાનને સમુદ્‌ઘાત શા માટે હોય છે?

**ઉત્તર :-** આયુકર્મની સ્થિતિ થોડી હોય અને બાકીના ત્રણ અઘાતિયા કર્મોની સ્થિતિ આયુની અપેક્ષાએ વધારે હોવાથી, અન્ય ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મ સમાન અંતર્મુહૂર્ત કરવા માટે કેવળી ભગવાનને સમુદ્‌ઘાત હોય છે.

**પ્રશ્ન ૯૦ :-** મરણાંતિક સમુદ્‌ઘાત કોને કહે છે?

**ઉત્તર :-** મરણના અંતર્મુહૂર્ત પૂર્વે નવી પર્યાય ધારણ કરવાના ક્ષેત્રને સ્પર્શ કરવા માટે આત્મપ્રદેશોના બહાર નીકળવાને મરણાંતિક સમુદ્‌ઘાત કહે છે. જેઓએ પરભવનું આયુ બાંધી લીધું છે, તેવા જ જીવોને મરણાંતિક સમુદ્‌ઘાત હોય છે.

**પ્રશ્ન ૯૧ :-** અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કોને કહે છે?

**ઉત્તર :-** અનાદિકાળથી આજ સુધી જે જીવે મિથ્યાત્વનો નાશ નથી કર્યો અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ નથી કરી તેવા જીવને અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કહે છે.

**પ્રશ્ન ૯૨ :-** સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કોને કહે છે?

**ઉત્તર :-** એકવાર સમ્યક્દર્શન પ્રગટ થઈ ગયા પછી ફરી પુરૂષાર્થની હીનતાથી મિથ્યાત્વી થઈ જવાવાળા જીવને સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કહે છે.

**પ્રશ્ન ૯૩ :-** યોગ કોને કહે છે?

**ઉત્તર :-** કર્મોના ગ્રહણમાં નિમિત્તરૂપ જીવના પ્રદેશોની પરિસ્પંદનરૂપ પર્યાયને યોગ કહે છે.

**પ્રશ્ન ૯૪ :-** યોગના કેટલા ભેદ છે? ક્યા ક્યા?

**ઉત્તર :-** યોગના બે ભેદ છે. (૧) ભાવયોગ (૨) દ્રવ્યયોગ.

**પ્રશ્ન ૯૫:-** ભાવયોગ કોને કહે છે?

**ઉત્તર :-** કર્મ - નોકર્મને યોગ્ય પુદ્ગલમય કાર્મણવર્ગણાઓને ગ્રહણ કરવામાં નિમિત્તરૂપ આત્માની શક્તિવિશેષને ભાવયોગ કહે છે.

**પ્રશ્ન ૯૬:-** દ્રવ્યયોગ કોને કહે છે?

**ઉત્તર :-** ભાવયોગને કારણ આત્માના પ્રદેશોનું કંપન થવું, તે દ્રવ્યયોગ છે.

**પ્રશ્ન ૯૭:-** અન્ય અપેક્ષાએ યોગના કેટલાં ભેદ છે? ક્યા ક્યા?

**ઉત્તર :-** અન્ય અપેક્ષાએ યોગના બે ભેદ છે.

(૧) કષાયયોગ (૨) અકષાયયોગ.

- આલંબનની અપેક્ષાએ મનયોગ, વચનયોગ અને કાયયોગ એમ ત્રણ ભેદ છે.
- મનયોગના ૪, વચનયોગના ૪ અને કાયયોગના ૭ એમ નિમિત્તની અપેક્ષાએ ૧૫ ભેદ પણ થાય છે.
- વાસ્તવિકરૂપથી જોવા જઈએ તો યોગ એક જ પ્રકારનો છે.

**પ્રશ્ન ૯૮ :-** ગમનાગમનનો શું અર્થ છે?

**ઉત્તર :-** ગમનનો અર્થ જવું, આગમનનો અર્થ આવવું.

જીવના એક ગુણસ્થાનથી બીજા ગુણસ્થાનમાં આવવા-જવાના અર્થમાં ગમનાગમન શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

(ગો.ક.કાં. ગાથા -૫૫૬,૫૫૯)

**પ્રશ્ન ૯૯ :-** શુભોપયોગ કોને કહે છે?

**ઉત્તર :-** "જે ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન પરમભટ્ટારક દેવાધિદેવ પરમેશ્વર એવા અરહંત, સિદ્ધ તથા સાધુની શ્રદ્ધા કરવામાં તથા સમસ્ત જીવ સમૂહની અનુકંપાનું આચરણ કરવામાં પ્રવૃત્ત છે, તે શુભોપયોગ છે."

(પ્રવચનસાર ગાથા -૧૫૭ની ટીકા)

**પ્રશ્ન ૧૦૦ :-** અશુભોપયોગ કોને કહે છે?

**ઉત્તર :-** "જે ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન પરમભટ્ટારક દેવાધિદેવ પરમેશ્વર એવા અરહંત, સિદ્ધ તથા સાધુની અતિરિક્ત અન્ય ઉન્માર્ગની શ્રદ્ધા કરવામાં તથા વિષય, કષાય, કુશ્રવણ, કુવિચાર, કુસંગ અને

ઉગ્રતાનું આચરણ કરવામાં પ્રવૃત્ત છે, તે અશુભોપયોગ છે."

(પ્રવચનસાર ગાથા - ૧૫૮ની ટીકા)

**પ્રશ્ન ૧૦૧ :-** શુધ્ધોપયોગ કોને કહે છે ?

**ઉત્તર :-** (૧) "જે ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન પરદ્રવ્યમાં મધ્યસ્થ થતો થકો પરદ્રવ્યાનુસાર પરિણતિને આધીન ન થવાથી શુભ તથા અશુભરૂપ અશુધ્ધોપયોગથી મુક્ત થઈ માત્ર સ્વદ્રવ્યાનુસાર પરિણતિને ગ્રહણ કરે છે, તે શુધ્ધોપયોગ છે."

(પ્રવચનસાર ગાથા - ૧૫૯ની ટીકા)

(૨) "ઈષ્ટ - અનિષ્ટ બુધ્ધિના અભાવથી જ્ઞાનમાં જ ઉપયોગ લાગે, તેને શુધ્ધોપયોગ કહીએ - તે જ ચારિત્ર છે."

(જયચંદજી છાબડા, મોક્ષપાહુડ ગાથા - ૭૨)

(૩) ચિત્તનિરોધ, શુધ્ધોપયોગ, સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ અને યોગ આ સર્વે શબ્દ એક જ અર્થના વાચક છે.

(પદ્મનંદી પંચવિંશતિકા, ગાથા - ૬૪.)

(૪) ઉપયોગરૂપ અર્થાત્ જ્ઞાન-દર્શન વીતરાગતાને શુધ્ધોપયોગ કહે છે.

શુધ્ધોપયોગ સંબંધી અત્યંત સંતુલિત અને સ્પષ્ટ ભાવ પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રના પાનાનં. ૨૮૬ પર આ પ્રમાણે આપેલ છે.

"કરણાનુયોગમાં તો રાગાદિ રહિત શુધ્ધોપયોગ યથાખ્યાત ચારિત્ર થવાથી થાય છે, તે મોહના નાશથી સ્વયમેવ થશે. નીચલી અવસ્થાવાળો (બારમાં ક્ષીણમોહ અને અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનવાળા) શુધ્ધોપયોગનું સાધન શી રીતે કરે? તથા દ્રવ્યાનુયોગમાં શુધ્ધોપયોગ કરવાનો જ મુખ્ય ઉપદેશ છે.

માટે ત્યાં છદ્મસ્થ જે કાળમાં બુધ્ધિગોચર ભક્તિ આદિ તથા હિંસા આદિ કાર્યરૂપ પરિણામોને છોડી (શ્રાવક - ચોથા/પાંચમા ગુણસ્થાનવર્તી સાધક) આત્મઅનુભવ આદિ કાર્યોમાં પ્રવર્તે, તે કાળમાં તેને શુધ્ધોપયોગી કહે છે. છતાં અહીં કેવળજ્ઞાનગોચર સૂક્ષ્મ રાગાદિક છે, છતાં તેની વિવક્ષા અત્રે નથી કરી. પોતાના બુધ્ધિગોચર રાગાદિક છોડે છે, એ અપેક્ષાએ તેને ચોથા - પાંચમા ગુણસ્થાનોમાં શુધ્ધોપયોગી કહ્યું છે."

મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં. ૨૮૫ પર કહ્યું છે .... "ધર્માનુરાગરૂપ પરિણામ તે શુભોપયોગ, પાપાનુરાગરૂપ તથા દ્વેષરૂપ પરિણામ તે

અશુભોપયોગ અને રાગ-દ્વેષ રહિત પરિણામ તે શુદ્ધોપયોગ."

**પ્રશ્ન ૧૦૨ :-** શુદ્ધ પરિણતિ કોને કહે છે?

**ઉત્તર :-** શુદ્ધ શબ્દનો અર્થ મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવોથી રહિત એવા વીતરાગ પરિણામ.

- આત્માના ચારિત્રગુણની શુદ્ધપર્યાયને શુદ્ધ પરિણતિ કહે છે.
- બુદ્ધિપૂર્વક શુભાશુભ ઉપયોગના કાળમાં ઉપયોગ રહિત ચારિત્ર ગુણની વીતરાગ અવસ્થાને શુદ્ધ પરિણતિ કહે છે.

**પ્રશ્ન ૧૦૩ :-** અધઃકરણાદિ ત્રણ કરણ કેટલા સ્થાન પર હોય છે ?

**ઉત્તર :-** ઔપશમિક તથા ક્ષાયિક સમ્યક્ત્વ માટે અનંતાનુબંધી કષાય ચતુષ્ટયની વિસંયોજન માટે અને ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓની ઉપશમતા તથા ક્ષપણા કરવા માટે અધઃકરણ આદિ ત્રણે કરણ હોય છે.

**(વિશેષ ખુલાસો મિથ્યાત્વ ગુણસ્થાનના વિભાગના અંતમાં જુઓ.)**

**પ્રશ્ન ૧૦૪ :-** શું કર્મોના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમના નિમિત્તથી શુદ્ધભાવ થાય છે અથવા આત્માના શુદ્ધભાવોથી કર્મોનો ક્ષયાદિ થાય છે ?

**ઉત્તર :-** બંને કથન પોત-પોતાની અપેક્ષાથી બરાબર છે. પહેલું કથન કર્મની અપેક્ષાથી કર્યુ છે તથા બીજું કથન જીવના ભાવોની અપેક્ષાથી કર્યુ છે.

- કર્મના ઉપશમાદિ કાર્ય અને જીવના ઔપશમિકાદિભાવ એક જ સમયમાં થાય છે માટે બંને વાક્યોનો ભાવ એક જ છે.
- ખરેખર જોવા જઈએ તો પુદ્ગલ કર્મોમાં ઉત્પાદ, વ્યય પુદ્ગલના ઉપાદાનથી થાય છે અને આત્મ પરિણામોમાં ઉત્પાદ-વ્યય આત્મરૂપ ઉપાદાનથી થાય છે. બંને કથન પોત-પોતાની અપેક્ષાએ સાચા છે.

માત્ર અપરાધ જીવનો છે, પુદ્ગલ અર્થાત્ કર્મનો નહીં. અપરાધનો અભાવ પણ જીવ જ કરે છે. માટે જીવને જ ઉપદેશ આપવામાં આવે છે.

**પ્રશ્ન ૧૦૫ :-** વિગ્રહગતિમાં આત્મા કયા કયા ગુણસ્થાનોમાં હોય છે? ક્યાં ગુણસ્થાનોના પરિણામની સાથે જીવ પરભવમાં જાય છે ?

**ઉત્તર :-** પહેલા, બીજા તથા ચોથા ગુણસ્થાનના પરિણામો સાથે જીવ પરભવમાં જાય છે. અર્થાત્ વિગ્રહગતિમાં આ ત્રણ જ ગુણસ્થાન હોય છે.

**પ્રશ્ન ૧૦૬ :- ક્યા ગુણસ્થાનમાં જીવનું મૃત્યુ થતું નથી ?**

**ઉત્તર :-** ત્રીજા, બારમા તથા તેરમાં ગુણસ્થાનમાં જીવનું મૃત્યુ થતું નથી. કહ્યું પણ છે - **"મિશ્ર, ક્ષીણ, સજોગ તીનમેં મરન ન પાવૈ."**

- ક્ષપકશ્રેણીના કોઈપણ ગુણસ્થાનમાં મરણ નથી થતું.
- ઉપશમશ્રેણીના આઠમા ગુણસ્થાનના પ્રથમભાગમાં પણ મરણ નથી થતું.
- પાંચમાં ગુણસ્થાનથી અગ્યારમાં ગુણસ્થાન સુધીના બધાં ગુણસ્થાનોમાં જીવનું મરણ તો થઈ શકે છે. પરંતુ પાંચમાંથી અગ્યારમાં ગુણસ્થાન સુધીના ગુણસ્થાનોના પરિણામોને સાથે લઈ વિગ્રહ ગતિમાં નથી જતો. **મૃત્યુ થતાં જ વિગ્રહગતિના પ્રથમ સમયમાં ચોથું ગુણસ્થાન થઈ જાય છે.**

**પ્રશ્ન ૧૦૭ :- સંસારમાં કયા ક્યા ગુણસ્થાનનો વિરહ નથી થતો?**

**ઉત્તર :-** પહેલા, ચોથા, પાંચમાં, છઠ્ઠા, સાતમા અને તેરમાં આ ગુણસ્થાનોનો સંસારમાં ક્યારેય પણ વિરહ નથી થતો અર્થાત્ આ ગુણસ્થાનોમાં જીવો સદા વિદ્યમાન રહે જ છે.

**પ્રશ્ન ૧૦૮ :- અપ્રતિપાતી ગુણસ્થાન કયા ક્યા છે ?**

**ઉત્તર :-** બારમું, તેરમું, ચૌદમું તથા ક્ષપકશ્રેણીનું આઠમું, નવમું તથા દશમું - આ ગુણસ્થાન અપ્રતિપાતી છે. અર્થાત્ આ ગુણસ્થાનોથી જીવ નીચે ન આવતા ઉપર ને ઉપર ચઢે છે. **પડવાનું નામ પ્રતિપાત અને નહીં પડવાનું નામ અપ્રતિપાત કહેવાય છે.**

**પ્રશ્ન ૧૦૯ :- ગુણસ્થાનના જ્ઞાનથી શું લાભ છે ?**

**ઉત્તર :-** ૧) તેરમા તથા ચૌદમા ગુણસ્થાનવર્તી જ અરહંત ભગવાન હોય છે. ગુણસ્થાનાતીત શુદ્ધ આત્મા જ સિદ્ધ પરમાત્મા કહેવાય છે. આ રીતે ગુણસ્થાનના જ્ઞાનથી જ સાચા અર્થાત્ વીતરાગ તથા સર્વજ્ઞ ભગવાનનો પાકો નિર્ણય થાય છે.

૨) તેરમા ગુણસ્થાનવર્તી અરહંત ભગવાનના પરમ ઔદારિક શરીરના સર્વાંગથી દિવ્યધ્વનિ ખરે છે. દિવ્યધ્વનિથી જ યથાર્થ તત્વ સ્પષ્ટ થાય છે. દિવ્યધ્વનિનો વિષય જ સાચા શાસ્ત્રમાં લિપિબદ્ધ રહે છે. તેથી ગુણસ્થાનના જ્ઞાનથી જ સાચા શાસ્ત્ર/તત્વની જાણકારી પ્રાપ્ત થાય છે.

૩) ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યક્ત વીતરાગતા પ્રગટ કરીને પ્રચુર સ્વસંવેદનના આનંદના ભોગી જ સાચા ગુરૂ હોય છે. એવા

ગુરૂ છઠ્ઠા- સાતમા ગુણસ્થાનવર્તી હોય છે અથવા તો તે મહાપુરૂષ આઠમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનમાં બિરાજે છે, માટે ગુણસ્થાનના જ્ઞાનથી જ સાચા સાધુનું સ્પષ્ટ જ્ઞાન થાય છે.

**પ્રશ્ન ૧૧૦ :-** ગુણસ્થાનના જ્ઞાનથી શું માત્ર દેવ - શાસ્ત્ર - ગુરૂનો જ યથાર્થ નિર્ણય થાય છે કે આપણને વ્યક્તિગત પણ કાંઈ લાભ થાય છે?

**ઉત્તર :-** શા માટે નહીં ? દેવ - શાસ્ત્ર - ગુરૂના સંબંધમાં પણ જે સાચો નિઃશંક નિર્ણય તથા યથાર્થ પ્રતીતિ થાય છે, તે પણ તો આપણને જ વ્યક્તિગત લાભ થાય છે, દેવ - શાસ્ત્ર - ગુરૂને નહીં.

દેવ તથા ગુરૂના ગુણસ્થાનની જાણકારીની સાથે આપણને આપણું પોતાનું ગુણસ્થાન કયુ છે ? વિરાધક ગુણસ્થાનથી સાધક ગુણસ્થાનોની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કેમ થશે ? તથા આપણે શું કરવું આવશ્યક છે ? - આ બધાનું જ્ઞાન થાય છે.

-૦-૦-૦-૦-૦-

# તૃતીય અધ્યાય
## ગુણસ્થાન વિવેચન

### ગુણસ્થાન : ભૂમિકા

અનાદિકાળથી લઈને આજ સુધી અક્ષય અનંત સર્વજ્ઞ ભગવાન થઈ ગયા છે. હમણાં વર્તમાનકાળમાં પણ વિદેહક્ષેત્રમાં લાખો સર્વજ્ઞ ભગવાન વિદ્યમાન છે અને ભવિષ્યમાં પણ અનંત સર્વજ્ઞ ભગવાન થશે. તે સર્વ અનંતાનંત સર્વજ્ઞ ભગવંતોની અલૌકિક દિવ્યધ્વનિમાં જે વસ્તુ સ્વભાવનું વર્ણન આવ્યું છે, તેને ગણધર દેવે ચાર અનુયોગમાં વિભક્ત(વિભાજન) કર્યું છે. જે આ પ્રકારે છે -

૧) પ્રથમાનુયોગ ૨) કરણાનુયોગ ૩) ચરણાનુયોગ ૪) દ્રવ્યાનુયોગ. આને સરળ ભાષામાં કહીએ તો જે ભવ્ય જીવોએ દ્રવ્યાનુયોગને અનુસાર નિજ જ્ઞાયક આત્માનો આશ્રય લીધો છે, તેના જ કરણાનુયોગઅનુસાર કર્મોના ઉપશમાદિ હોય છે. તેમનું જ બાહ્ય જીવન ચરણાનુયોગને અનુસાર સદાચારમય થઈ જાય છે અને તે જ પ્રથમાનુયોગને અનુસાર મહાપુરૂષ કહેવાય છે.

આ રીતે દ્રવ્યાનુયોગ દીપક છે જે સમ્યક્જ્ઞાનને આલોકિત કરી અન્ય ત્રણે અનુયોગોને પ્રકાશિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

(રત્નકરંડ શ્રાવકાચાર, અધ્યાય બીજો)

### અનુયોગોની ઉપયોગીતા –

(૧) પોતાને વીતરાગી બનવું હોય તો મહાપુરૂષોને આદર્શ બનાવો.

(૨) ચિત્તમાં જ્ઞાનની સૌરભ મહેંકાવવી હોય તો કર્મસિધ્ધાંત ને અવલોકો.

(૩) પોતાના જીવનને પવિત્ર બનાવવું હોય તો મહાપુરૂષોના આચરણને અપનાવો.

(૪) શ્રધ્ધામાં નિઃશંકતા લાવવી હોય તો વસ્તુવ્યવસ્થાને જાણો. અહીં પ્રસ્તુત વિષય કરણાનુયોગ છે અને વિવક્ષિત વિષય ગુણસ્થાન સંબંધી ચર્ચા છે.

**કરણાનુયોગથી લાભ –**

(૧) સૂક્ષ્મ પરમાણુ આદિ, અંતરિત રામ-રાવણાદિ, દૂરવર્તી સુમેરૂપર્વતાદિ પદાર્થનો જ્ઞાતા કોઈ અવશ્ય હોવો જોઈએ, કારણ કે તે પદાર્થ અનુમાન જ્ઞાનનો વિષય છે. **તેથી જગતમાં કોઈ ને કોઈ સર્વજ્ઞ અવશ્ય છે - તેવો નિર્ણય થાય છે.**

(૨) સર્વજ્ઞ ભગવાન દ્વારા પ્રરૂપેલ સૂક્ષ્મ છતાંય બુધ્ધિગમ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે તથા ક્રમબધ્ધપર્યાય/ક્રમનિયમિતપર્યાયનો નિર્ણય થાય છે.

(૩) કરણાનુયોગના અભ્યાસથી કષાયની મંદતા થાય છે તથા જ્ઞાનમાં નિર્મળતા આવે છે.

(૪) જીવ પરિણામોના અને કર્મબંધનાદિના નિમિત્ત - નૈમિત્તિક સંબંધનું યથાર્થ જ્ઞાન થાય છે અને કર્તા-કર્મ સંબંધી ભ્રાંતિનો નાશ થઈ જાય છે.

(૫) ભૂમિકા અનુસાર થવાવાળા પરિણામોનું અને તદઅનુસાર શુભાશુભ આચરણનો વિવેક જાગૃત થાય છે.

(૬) યથાપદવી (યોગ્ય પદવી) નિમિત્તરૂપ થવાવાળા કર્મોના ઉપશમાદિનો સત્ય નિર્ણય થઈ જાય છે. કર્મોના બંધ, સત્તા, ઉદય આદિ દસ અવસ્થાઓનું જ્ઞાન થાય છે.

(૭) ભવિષ્યમાં થવાવાળી અશુધ્ધતા તથા અનિષ્ટ પર્યાયોથી બચવાની પ્રેરણા મળે છે.

(૮) કેવળજ્ઞાનગમ્ય સૂક્ષ્મ તથા આશ્ચર્યકારક વિષયોનું જ્ઞાન થવાથી **સર્વજ્ઞ ભગવાન અને સર્વજ્ઞ સ્વભાવી પોતાના આત્માનો મહિમા આવે છે.**

(૯) કરણાનુયોગમાં વર્ણવેલ ચૌદગુણસ્થાનો, ચૌદ માર્ગણા, ચૌદ, સત્તાવન, અઠ્ઠાણું અને ચારસો છ જીવસમાસો, કરોડો કુળ, ૮૪ લાખ યોનિ આદિનું જ્ઞાન થવાથી **જીવદયાના** ભાવ ઉત્પન્ન થાય છે. ચોસઠ અવગાહના સ્થાન આદિ અનેકાનેક **અનુપમ** વિષયોના વિશેષ

**જ્ઞાનથી આનંદ થાય છે.** (ગોમ્મટસાર જીવકાંડ - ગાથા નં. ૭૭)

**(૧૦)** આત્મસ્વરૂપને ભૂલી મિથ્યાત્વ, અજ્ઞાન તથા કષાયોને આધીન થવાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તથા ભવરૂપ સંસારમાં જીવ દુઃખ ભોગવી રહ્યો છે, આ જાણી પોતાના ભૂતકાલીન ભ્રમનું જ્ઞાન થવાથી સંસારથી ભય ઉત્પન્ન થાય છે. **ભોગોની આસક્તિ ઓછી થઈ જાય છે અને વૈરાગ્યભાવ પુષ્ટ થાય છે.**

**(૧૧)** નરક - નિગોદાદિની દુઃખોની જાણકારીથી પણ સંસાર, શરીર તથા ભોગોથી વિરક્તતારૂપ મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનો મંગળ બોધપાઠ મળે છે અને જ્ઞાયક આત્માના આશ્રયની ભાવના ઉત્પન્ન થાય છે.

કરણાનુયોગના શાસ્ત્રમાં કેવળજ્ઞાનગમ્ય સૂક્ષ્મ કથન હોવાથી તેને **અહેતુવાદ આગમ** પણ કહે છે, કારણ કે આમાં પ્રરૂપેલ પ્રત્યેક વિષયના સંબંધમાં હેતુ બતાવવો સંભવ નથી. **જેમ કે** - ગુણસ્થાન ચૌદ છે. આપ પૂછશો :- ગુણસ્થાન ચૌદ જ કેમ છે ? તેર કે પંદર કેમ નહીં ? તેનો ઉત્તર એટલો જ છે કે અનંત સર્વજ્ઞ ભગવંતોની દિવ્યધ્વનિમાં ચૌદ ગુણસ્થાનનું જ વર્ણન આવ્યું છે. માટે ગુણસ્થાન ચૌદ જ છે. આગમગર્ભિત યુક્તિ તો બતાવી શકાય છે, પરંતુ જેમ દ્રવ્યાનુયોગમાં બુદ્ધિગમ્ય હેતુ કે તર્ક આપી શકીએ છીએ, તેવું કરણાનુયોગમાં હેતુ કે તર્ક આપવું શક્ય નથી.

**"જૈનધર્મ પરીક્ષા પ્રધાની છે"** આ કથન માત્ર દ્રવ્યાનુયોગની અપેક્ષાથી છે. અન્ય ત્રણે અનુયોગોમાં કેવળી ભગવાનની આજ્ઞાની જ મુખ્યતા છે.

**પ્રથમાનુયોગના** પુરાણોમાં વર્ણિત શલાકા પુરૂષ ત્રેસઠ હોય છે. ભરત-ઐરાવત ક્ષેત્રના અવસર્પિણીના ચોથા અને ઉત્સર્પિણીના ત્રીજા આરામાં તીર્થંકર ચોવીસ જ થાય છે. વિદેહક્ષેત્રમાં હંમેશા ભરતક્ષેત્રના અવસર્પિણીના ચોથા આરાની આદિ જેવો કાળ જ વર્તે છે. ત્યાં જઘન્ય વીસ તીર્થંકર સદાકાળ વિદ્યમાન રહે છે. ચક્રવર્તી બાર હોય છે. ઇત્યાદિ કથનોની પરીક્ષા ન થઈ શકે. જેમ ભગવાનની આજ્ઞા શાસ્ત્રમાં લિપિબદ્ધ છે, તેમ જ માનવું અનિવાર્ય છે.

**કરણાનુયોગના** ગ્રંથો અનુસાર ચૌદ માર્ગણાઓ, ચૌદ જીવસમાસ, મેરૂપર્વત, અસંખ્યાદિ દ્વીપ-સમુદ્ર, નરક-સ્વર્ગ સંબંધી વર્ણિત દુઃખ તથા સુખનું સ્વરૂપ - આ બધાનું આજ્ઞાનુસાર જ શ્રદ્ધાન કરવું અનિવાર્ય છે.

**ચરણાનુયોગના** શાસ્ત્રો અનુસાર કાંદા, બટાટા, સકરકંદ, મૂળા, લસણ આદિ કંદમૂળના રાઈ જેટલા ટુકડામાં અનંત બાદર નિગોદિયા જીવ છે, તેથી તે અભક્ષ્ય છે. જીવોની અનંતતાની પરીક્ષા કેવી રીતે શક્ય છે? અહીં પણ આજ્ઞા જ શિરોધાર્ય છે. આજ્ઞાનુસાર જ આ પદાર્થોનો ત્યાગ કરવો તેજ આપણું કર્તવ્ય છે.

**દ્રવ્યાનુયોગના** શાસ્ત્રો અનુસાર પંચાસ્તિકાય, છ દ્રવ્ય, સાત તત્વ, નવ પદાર્થો, હિતકારી-અહિતકારી ભાવો, બંધમાર્ગ, મોક્ષમાર્ગ સંબંધી સત્યાસત્યનો નિર્ણય પોતાની બુધ્ધિ અનુસાર યુક્તિ-પરીક્ષા દ્વારા કરી શકીએ છીએ.

ગુણસ્થાનની પરિભાષા (વ્યાખ્યા) જાણવાની પહેલા જ આપણા મનમાં એક પ્રશ્ન થાય છે, જે આ પ્રકારે છે.

**પ્રશ્ન ૧:-** આપણે ગુણસ્થાનમાં પ્રવેશ કરવો છે કે ગુણસ્થાનના જ્ઞાનમાં?

**ઉત્તર:-** બધા સંસારી જીવોનો ગુણસ્થાનમાં પ્રવેશ તો અનાદિકાળથી છે જ, કારણ કે સંસારી જીવ ગુણસ્થાનથી રહિત હોતો જ નથી. સંસારી જીવ કોઈને કોઈ ગુણસ્થાનમાં નિયમથી રહે જ છે. ભલે પછી તે જ્ઞાની હોય કે અજ્ઞાની. માત્ર સિધ્ધ જીવ જ ગુણસ્થાન રહિત હોય છે, કારણકે તેઓ સ્વભાવ સાધનાથી ગુણસ્થાનાતીત થઈ ગયા છે. આનો અર્થ એ થયો કે સિધ્ધ જીવ વર્તમાનકાળમાં ગુણસ્થાનાતીત થઈ ગયા છે, પરંતુ તેઓ પણ પૂર્વે સંસાર અવસ્થામાં ગુણસ્થાન સહિત જ હતાં.

પ્રત્યેક સંસારી જીવ પણ આત્મસ્વભાવની અપેક્ષાથી તો ગુણસ્થાનાતીત, ત્રિકાળી, શુધ્ધ, સહજાનંદમય ભગવાન આત્મા જ છે, પરંતુ તે અધ્યાત્મનો વિષય છે, જે અહીં ગુણસ્થાનના કથન સમયે ગૌણ છે. ત્રિકાળી આત્મસ્વભાવની અહીં અત્યારે વિવક્ષા નથી. **જ્યાં જેની વિવક્ષા હોય છે, તેની જ ચર્ચા કરવી વિવક્ષિત વિષય સમજવાને માટે ઉપયોગી હોય છે.**

તાત્પર્ય એ છે કે **સર્વ સંસારી જીવ ગુણસ્થાન સહિત જ હોય છે. માટે અમને - તમને ગુણસ્થાનમાં પ્રવેશ નથી કરવાનો, પરંતુ ગુણસ્થાન વિષેના જ્ઞાનમાં પ્રવેશ કરવાનો છે.**

**ગુણસ્થાન : પરિભાષા–**

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર ગાથા ૩ તથા ૮માં ગુણસ્થાનની પરિભાષા આ પ્રકારે આપી છે.

**संखेओ ओघोत्ति य, गुणसण्णा सा च मोहजोगभवा।**
**जेहिं दु लक्खिज्जन्ते, उदयादिसु संभवेहिं भावेहिं।**
**जीवा ते गुणसण्णा, णिद्दिट्ठा सव्वदरसीहिं॥**

**મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રધ્ધા તથા ચારિત્ર ગુણની થવાવાળી તારતમ્યરૂપ અર્થાત્ હીનાધિક અવસ્થાઓને ગુણસ્થાન કહે છે.**

અનાદિકાળથી અનંત સર્વજ્ઞ ભગવંતોએ અનંત જીવોના કલ્યાણ માટે અનંતવાર દિવ્યધ્વનિથી પરમ સત્ય/પરમાર્થ વસ્તુવ્યવસ્થાનું કથન કર્યું છે. તેનું જ વિવેચન આચાર્યોએ શાસ્ત્રમાં લિપિબધ્ધ કર્યું છે. તે વસ્તુવ્યવસ્થા અનુસાર પ્રત્યેક વસ્તુ, દ્રવ્ય-ગુણ-પર્યાયમય છે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયોને છોડી આ વિશ્વમાં અન્ય કાંઈ પણ છે જ નહીં.

પ્રશ્ન ૨ :- વસ્તુવ્યવસ્થામાં ગુણસ્થાન દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય?

ઉત્તર :- જૈન તત્વજ્ઞાનની સામાન્ય જાણકારી રાખવાવાળો મનુષ્ય પણ આ જાણે છે કે દ્રવ્ય તો જાતિ અપેક્ષા જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - આ છ જ છે. તેમાં ગુણસ્થાન નામનું કોઈ દ્રવ્ય નથી. દ્રવ્યની વ્યાખ્યા અનુસાર પણ ગુણસ્થાન દ્રવ્ય નથી થઈ શકતા, કારણ કે **"ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે."** આ દ્રવ્યની વ્યાખ્યા સર્વ વિદિત છે. ગુણસ્થાન, ગુણોનો સમૂહ નથી. તેથી આ સ્પષ્ટ થઈ ગયું કે ગુણસ્થાન દ્રવ્ય નથી.

ગુણસ્થાન ગુણ પણ નથી, કારણ કે જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ જીવ દ્રવ્યના ગુણ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આ પુદ્ગલ દ્રવ્યના ગુણ છે. ધર્માદિ દ્રવ્યોના પણ ગતિહેતુત્વ આદિ ગુણ છે. તે ગુણોમાં પણ ગુણસ્થાન નામનો કોઈ ગુણ આગમમાં કહેવાયો નથી. ગુણની વ્યાખ્યા અનુસાર પણ ગુણસ્થાન ગુણ ન થઈ શકે કારણ કે, **"જે દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની દરેક અવસ્થામાં રહે છે, તેને ગુણ કહે છે."** ગુણસ્થાન કોઈપણ દ્રવ્યના સંપૂર્ણ ભાગોમાં અને તેની બધી અવસ્થાઓમાં નથી રહેતા. માટે આગમ - પ્રમાણ તથા તર્કથી પણ આ નિર્ણય થઈ જ ગયો કે ગુણસ્થાન કોઈપણ દ્રવ્યના કોઈ ગુણ નથી.

આ પ્રકારે આ સ્વયમેવ સિધ્ધ થઈ ગયું કે ગુણસ્થાન માત્ર પર્યાય જ છે. પર્યાય શબ્દનો અર્થ પરિણમન કે અવસ્થા છે. ઉપરની પરિભાષામાં **અવસ્થાને ગુણસ્થાન કહે છે** - એમ આવ્યું જ છે.

તાત્પર્ય એ નીકળ્યું કે ગુણસ્થાન સંસારી જીવ દ્રવ્યની જ પર્યાય છે, સિધ્ધ જીવ દ્રવ્યની નહીં તથા પુદ્‌ગલ, ધર્માદિ પાંચે અજીવ દ્રવ્યની પણ નથી.

ગુણસ્થાન સંસારી જીવ દ્રવ્યની પર્યાય નિશ્ચિત હોવા છતાં પણ ભેદ વિવક્ષાથી ગુણસ્થાન જીવ દ્રવ્યના કયા-કયા ગુણોની પર્યાય છે, તેની વિશેષ ચર્ચા ક્રમથી થશે જ.

ગ્રંથાધિરાજ સમયસાર શાસ્ત્રમાં તો ગુણ અને પર્યાયોના ભેદને ગૌણ કરી સામાન્ય જીવ દ્રવ્યની મુખ્યતાથી ચર્ચા કરી છે અને ગોમ્મટસાર ગ્રંથમાં દ્રવ્ય અને ગુણોને ગૌણ કરીને જીવ દ્રવ્યની વિકારી/અવિકારી પર્યાયોની મુખ્યતાથી વર્ણન કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો સમયસારને **ત્રિકાળી, એક, અખંડ ભગવાન આત્માની ચર્ચા દ્રષ્ટિની અપેક્ષાથી અપેક્ષિત છે અને ગોમ્મટસારને કર્મ સાપેક્ષ પર્યાયની ચર્ચા અપેક્ષિત છે.**

દ્રવ્ય ક્યારેય પર્યાયને છોડી અલગ ન થઈ શકે અને પર્યાય ક્યારેય દ્રવ્યને છોડી અલગ ન થઈ શકે. આ વાસ્તવિક વસ્તુવ્યવસ્થા છે. દ્રવ્ય -પર્યાય આ બંનેમાંથી માત્ર એકનો સ્વીકાર કરીએ તો એકાંત મિથ્યાત્વ છે. તેથી દ્રવ્ય-પર્યાયમય વસ્તુનું યથાર્થ જ્ઞાન કરવું પ્રત્યેક જિજ્ઞાસુ મુમુક્ષુનું કર્તવ્ય છે. અહીં મુખ્યપણે ગુણસ્થાનરૂપ પર્યાયની ચર્ચા જ ઈષ્ટ છે.

પરિભાષામાં આવેલ, **"અવસ્થાઓને"** શબ્દ આપણને સ્પષ્ટ જણાવે છે કે ગુણસ્થાન પર્યાય જ છે. **"અવસ્થાઓને"** આ શબ્દની પહેલાં **"તારતમ્યરૂપ"** શબ્દ છે. આનો અર્થ થાય છે હીન-અધિકતા. જેમ **"સારું"** આ શબ્દ માટે અંગ્રેજીમાં "ગુડ"(good) કહે છે. તેથી વિશેષ સારા માટે "બેટર" (Better) અને સર્વોત્તમ માટે "બેસ્ટ" (Best) શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. તેમ જ સંસ્કૃત ભાષામાં "તર" તથા "તમ" શબ્દોનો યથાસ્થાન ઉપયોગ કરવામાં આવે છે. અહીં તર અને તમ શબ્દનો સંબંધ શ્રદ્ધા અને ચારિત્ર ગુણની પર્યાયથી છે. આ

બંને ગુણોની થવાવાળી મિથ્યા, મિશ્ર કે સમ્યક્ એમ વિવિધ તારતમ્ય અવસ્થાઓ/પર્યાયોને ગુણસ્થાન કહે છે.

ઉપર્યુક્ત કથનથી આ તાત્પર્ય સમજવું જોઈએ કે ન જીવ દ્રવ્યને ગુણસ્થાન કહે છે અને ન શ્રધ્ધા તથા ચારિત્રગુણને. **ગુણસ્થાન તો શ્રધ્ધા અને ચારિત્ર ગુણની શુધ્ધાશુધ્ધ પર્યાયોને કહે છે.** આમાં આપણને આ પણ સ્પષ્ટ થાય છે કે જીવ દ્રવ્યને છોડીને પુદ્ગલાદિ અન્ય દ્રવ્યોથી ગુણસ્થાનનો કાંઈ જ સંબંધ નથી. જીવ દ્રવ્યનો પણ ફક્ત શ્રધ્ધા અને ચારિત્ર ગુણોથી જ ગુણસ્થાનનો સાક્ષાત સંબંધ છે. એટલું જ નહીં, શ્રધ્ધા અને ચારિત્ર ગુણોથી પણ સીધો સંબંધ ગુણસ્થાનનો નથી. **ગુણસ્થાનનો સંબંધ શ્રધ્ધા અને ચારિત્ર ગુણની અવસ્થાઓ (પર્યાયો/પરિણામો) થી છે.**

અત્યારસુધી ગુણસ્થાન સંબંધી વિચાર કરતાં સમયે આપણે સંસારી જીવ દ્રવ્ય, તેના શ્રધ્ધા અને ચારિત્ર ગુણ તથા તેની થવાવાળી પર્યાયોનો જ વિચાર કર્યો. સંક્ષેપમાં કહીએ તો માત્ર ઉપાદાન કારણનું જ ચિંતન કર્યું. આમાં નિમિત્તના સંબંધમાં હજી કાંઈ જ બતાવ્યું નથી, પરંતુ નિમિત્તના સંબંધમાં વિચાર કરવો પણ આવશ્યક છે, કારણ કે **કોઈ પણ કાર્ય નિમિત્ત-ઉપાદાન બંનેના યોગથી થાય છે.** તેથી હવે નિમિત્તનો વિચાર કરીએ છીએ.

પરિભાષાના પ્રારંભમાં જ, **"મોહ અને યોગના નિમિત્તથી"** એમ જે બે કારણોનો ઉલ્લેખ કર્યો છે, તે બંને નિમિત્ત કારણ જ છે અને "ગુણસ્થાન" એ કાર્ય છે. જીવદ્રવ્યના શ્રધ્ધા તથા ચારિત્ર ગુણનું જે પરિણમન થાય છે **(તે તો ઉપાદાન કારણ છે)** અને તે પરિણમનમાં મોહનીય કર્મનો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષયાદિ તથા યોગ **(મન-વચન - કાયા)** આ બંને નિમિત્ત કારણ છે.

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડની ત્રીજી ગાથામાં ગુણસ્થાનની પરિભાષા કહેતા લખ્યું છે **" मोहजोगभवा"** અર્થાત્ મોહ અને યોગથી ઉત્પન્ન થવાવાળાને ગુણસ્થાન કહે છે. અહીં આચાર્યદેવે માત્ર નિમિત્તભૂત કારણનો જ ઉલ્લેખ કર્યો છે, ઉપાદાન કારણને ગૌણ રાખ્યો છે.

ગુણસ્થાનને જ **સંક્ષેપ, ઓઘ અને જીવસમાસ** કહે છે, જે મોહ અને

યોગથી ઉત્પન્ન થાય છે. નિમિત્ત - પ્રધાન કથન પદ્ધતિથી આપણે એ પણ સમજી લેવું જોઈએ કે વક્તાની વિવક્ષા હમણાં નિમિત્તની મુખ્યતાથી કથન કરવાની છે. ઉપાદાન કારણને ગૌણ કર્યું છે, તેથી હવે નિમિત્તમૂલક કથનની અપેક્ષાથી **મોહજોગભવા** આ પરિભાષા સત્ય જ છે. માત્ર અહીં અવિવક્ષિત વિષયોને ગૌણ જ રાખવામાં આવ્યા છે.

**ગુણસ્થાનના ભેદ** – ગુણસ્થાનના ચૌદ ભેદ છે.

૧) મિથ્યાત્વ ૨) સાસાદનસમ્યક્ત્વ ૩) સમ્યક્મિથ્યાત્વ / મિશ્ર ૪) અવિરત સમ્યક્ત્વ ૫) દેશવિરત ૬) પ્રમત્તવિરત ૭) અપ્રમત્તવિરત ૮) અપૂર્વકરણ ૯) અનિવૃત્તિકરણ ૧૦) સૂક્ષ્મસાંપરાય ૧૧) ઉપશાંતમોહ ૧૨) ક્ષીણમોહ ૧૩) સયોગકેવળી ૧૪) અયોગકેવળી.

ચૌદ ગુણસ્થાનોના નામ ક્રમાનુસાર સિદ્ધાંત-ચક્રવર્તી આચાર્યશ્રી નેમિચંદ્ર રચિત ગોમ્મટસાર જીવકાંડની નિમ્નાંકિત નવ તથા દસ નંબરની ગાથાઓમાં છેઃ-

**मिच्छो सासण मिस्सो, अविरदसम्मो य देसविरदो य।**
**विरदा पमत्त इदरो, अपुव्व अणियट्टि सुहुमो य ।।**
**उवसंत खीणमोहो सजोगकेवलिजिणो अजोगी य।**
**चउदस जीव समासा कमेण सिद्धा य णादव्वा ।।**

ગુણસ્થાન : વિભાજન

મોહ અને યોગની મુખ્યતાથી ગુણસ્થાનોનું વિભાજન –

(૧) પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધીના ચાર ગુણસ્થાન દર્શનમોહનીય કર્મના ઉદય-અનુદયની મુખ્યતાથી છે.

(૨) પાંચમાંથી બારમા ગુણસ્થાન સુધીના આઠ ગુણસ્થાન ચારિત્ર મોહનીયકર્મના ઉદય-અનુદયની મુખ્યતાથી છે.

(૩) તેરમું ગુણસ્થાન કેવળજ્ઞાન તથા યોગના સદ્ભાવની મુખ્યતાથી છે.

(૪) ચૌદમું ગુણસ્થાન કેવળજ્ઞાનનો સદ્ભાવ તથા યોગના અસદ્ભાવની મુખ્યતાથી છે.

**જુદી - જુદી અપેક્ષાઓથી ગુણસ્થાનોનું વિભાજન –**

(૫) **અવિરત અને વિરતની અપેક્ષા :** પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાન સુધીના જે સર્વ જીવ અવિરત

જ છે. પાંચમું ગુણસ્થાન વિરતાવિરતનું છે. છઠ્ઠા પ્રમત્તવિરતથી લઈને અપ્રમત્તાદિ ઉપરના સર્વે ગુણસ્થાનવર્તી જીવ વિરત જ છે.

(૬) **અજ્ઞાની (મિથ્યાત્વી) અને જ્ઞાનીની અપેક્ષા** – પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને બીજા સાસાદન ગુણસ્થાન સુધી સર્વ જીવ મિથ્યા શ્રધ્ધાનના ધારક હોવાથી અજ્ઞાની છે, કારણ કે તેઓને સમ્યક્‌દર્શન નથી. વિશેષ એટલું છે કે ત્રીજા ગુણસ્થાનવર્તીને મિશ્ર શ્રધ્ધાની અથવા મિશ્ર જ્ઞાની પણ કહેવાય છે. **બીજા - ત્રીજા ગુણસ્થાનવર્તી જીવ ભવ્ય હોવાથી તેમનો મોક્ષ પણ નિશ્ચિત જ છે.**

અવિરતસમ્યક્‌ત્વ નામનાં ચોથા ગુણસ્થાનથી અયોગકેવળી ગુણસ્થાન સુધી બધા જીવ નિયમથી જ્ઞાની અર્થાત્ સમ્યક્‌જ્ઞાની/યથાર્થ જ્ઞાની છે કારણ કે તેઓ વસ્તુસ્વરૂપને યથાર્થ જાણે છે. તેમને નિજ આત્માનું પણ જ્ઞાન તથા અનુભવ છે. જે સર્વજ્ઞ થઈ ગયા છે/ અરહંત ભગવાન થઈ ગયા છે, તેમના જ્ઞાનનું સમ્યક્‌પણું તથા ચોથા અવિરતસમ્યક્‌ત્વ ગુણસ્થાનવર્તી અવ્રતી શ્રાવકના જ્ઞાનનું સમ્યક્‌પણું સમાન છે - આ બંનેના જ્ઞાનના સમ્યક્‌પણામાં કિંચિત્ પણ અંતર નથી. આથી સમ્યગ્દ્રષ્ટિ પણ શાસ્ત્રનો યથાર્થ વક્તા છે. તેનો ઉપદેશ પણ સમ્યક્‌ત્વની ઉત્પત્તિમાં નિમિત્ત કહેવાય છે.

અહીં સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની અર્થાત્ પૂર્ણ જ્ઞાની છે અને ચોથા ગુણસ્થાનવર્તી જીવ સમ્યક્‌જ્ઞાની હોવા છતાં પણ અલ્પજ્ઞ છે, આ જે અંતર છે, તેને માનવું જરૂરી જ છે.

(૭) **છદ્મસ્થ અને સર્વજ્ઞની અપેક્ષા** – પ્રથમ ગુણસ્થાનથી લઈને બારમાં ક્ષીણમોહ ગુણસ્થાન સુધીના બાર ગુણસ્થાનવર્તી સર્વ જીવ નિયમથી છદ્મસ્થ જ છે. મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યય જ્ઞાનના ધારક મુનિરાજ પણ નિયમથી છદ્મસ્થ અર્થાત્ અલ્પજ્ઞ જ છે.

તેરમાં તથા ચૌદમા ગુણસ્થાનવર્તી પરમગુરૂ અર્થાત્ અરહંત પરમાત્મા કેવળજ્ઞાનના ધારક હોય છે, તેથી તે સર્વ સર્વજ્ઞ જ છે. સર્વજ્ઞ જીવ પૂર્ણ જ્ઞાની હોય છે. **ક્ષાયોપશમિક જ્ઞાન ક્યારેય પૂર્ણ હોતું નથી અને કેવળજ્ઞાન ક્યારેય અપૂર્ણ નથી હોતું,** એવો નિયમ છે.

(૮) **શ્રાવકની અપેક્ષા** – એકદેશ ધર્મધારક સાધક જીવ, અવિરત સમ્યક્‌ત્વી અને દેશવિરત ગુણસ્થાનવર્તી જીવોને શ્રાવક કહે છે. ચોથા

ગુણસ્થાનવર્તી અસંયમી છે અને પંચમ ગુણસ્થાનવર્તી સંયમાસંયમી છે.

(૯) **ગુરૂપદની અપેક્ષા** – ત્રણ પ્રકારે આનું વિભાજન થઈ શકે.

(અ) **પ્રમત્તાપ્રમત ગુરૂ** : છઠ્ઠા પ્રમત્ત તથા સાતમા સ્વસ્થાન અપ્રમત્ત ગુણસ્થાનમાં સતત ઝૂલવાવાળા ભાવલિંગી સંત પ્રમત્તાપ્રમત્ત ગુરૂ છે.

(બ) **અપ્રમત્તગુરૂ** : સાતમું સાતિશય અપ્રમત્તસંયત અને અપૂર્વકરણ ગુણસ્થાનથી લઈને બારમા ક્ષીણમોહનીય ગુણસ્થાન સુધી શ્રેણીમાં મોહની ઉપશાંતતા અથવા ક્ષપણા કરવાવાળા ધ્યાનારૂઢ મહામુનિરાજ અપ્રમત્ત ગુરૂ છે.

(ક) **પરમગુરૂ** : તેરમાં અને ચૌદમાં ગુણસ્થાનોમાં કેવળજ્ઞાનાદિ ક્ષાયિક પર્યાયોથી તથા પરમ ઔદારિક શરીર સહિત શોભાયમાન પરમ પવિત્ર આત્મા, જેને અરહંત પરમાત્મા પણ કહે છે, તે પરમગુરૂ છે.

(૧૦) **શ્રેણીની અપેક્ષા** : શ્રેણી બે પ્રકારની છે. ઉપશમ શ્રેણી અને ક્ષપક શ્રેણી.

**ઉપશમ શ્રેણીના** (૧) અપૂર્વકરણ (૨) અનિવૃત્તિકરણ (૩) સૂક્ષ્મ સાંપરાય (૪) ઉપશાંતમોહ આ ચાર ગુણસ્થાન છે. ઉપશમક મુનિરાજ ચારિત્રમોહનીયનો ઉપશમ કરે છે અને ઉપશાંતમોહ ગુણસ્થાનથી નિયમથી નીચે પડે છે.

**ક્ષપક શ્રેણીના** (૧) અપૂર્વકરણ (૨) અનિવૃત્તિકરણ (૩) સૂક્ષ્મ સાંપરાય (૪) ક્ષીણમોહ આ ચાર ગુણસ્થાન છે. ક્ષપક મુનિરાજ ચારિત્રમોહનીયનો નિયમથી ક્ષય કરીને કેવળી ભગવાન થઈ સિધ્ધ થઈ જાય છે.

(૧૧) **પ્રમત્ત તથા અપ્રમત્તભાવની અપેક્ષા** : મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને પ્રમત્તસંયત ગુણસ્થાન સુધીના છ ગુણસ્થાનવર્તી સર્વ જીવ નિયમથી પ્રમત્તભાવ સહિત છે. અપ્રમત્ત ગુણસ્થાનથી લઈને ચૌદમાં અયોગકેવળી ગુણસ્થાન સુધીના સર્વે આઠ ગુણસ્થાનવર્તી મુનિરાજ અપ્રમત્તભાવ સહિત છે.

(૧૨) **યોગ અને અયોગની અપેક્ષા** – પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને તેરમાં સયોગકેવળી ગુણસ્થાન સુધીના તેર ગુણસ્થાનવર્તી સર્વ જીવ સયોગી છે અને માત્ર ચૌદમાં અયોગકેવળી ગુણસ્થાનવર્તી અરહંત પરમાત્મા જ અયોગી છે.

(૧૩) **રાગી અને વીતરાગીની અપેક્ષાથી** આના ત્રણ ભેદ થાય છે.

(અ) મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર સુધીના ત્રણે ગુણસ્થાનવર્તી જીવ, વીતરાગભાવથી રહિત માત્ર રાગાદિ પરિણામવાળા છે, મોક્ષમાર્ગના વિરાધક છે.

(બ) ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી લઈને દસમાં સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાન સુધીના સાતેય ગુણસ્થાનવર્તી જીવ રાગ તથા વીતરાગરૂપ મિશ્ર પરિણામોના ધારક સાધકજીવ છે.

(ક) અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનથી લઈને ચૌદમા અયોગકેવળી ગુણસ્થાન સુધીના ચારેય ગુણસ્થાનવર્તી સર્વ મહાપુરૂષ નિયમથી પૂર્ણ વીતરાગ પરિણામના ધારક જ હોય છે.

(૧૪) **દુઃખ અને સુખની અપેક્ષાથી** ચાર પ્રકારના વિભાજન -

(અ) મિથ્યાત્વથી મિશ્રગુણસ્થાન સુધીના સર્વ જીવ નિયમથી દુઃખી જ છે, કારણ કે મિથ્યાદર્શન, અજ્ઞાન અને અસંયમથી જીવને દુઃખ જ ભોગવવું પડે છે. યથાર્થ વસ્તુસ્વરૂપના જ્ઞાનથી જ સુખની પ્રાપ્તિ થાય છે.

(બ) ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી દસમાં સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન સુધીના સાત ગુણસ્થાનવર્તી સાધક જીવ કથંચિત્ દુઃખી પણ છે અને કથંચિત્ સુખી પણ છે. કષાયના સદ્ભાવને કારણ યથાસંભવ દુઃખ છે અને યથાયોગ્ય કષાયના અભાવથી ઉત્પન્ન વીતરાગતાથી યથાસંભવ સુખ પણ છે.

(ક) સત્તામાં હોવા છતાં પણ કષાયનો સર્વથા ઉદયનો અભાવ, અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનમાં તથા સત્તા અને ઉદયની અપેક્ષાથી પણ સર્વથા અભાવ બારમાં ક્ષીણમોહ ગુણસ્થાનમાં થાય છે. તેથી તે વીતરાગી મુનીશ્વર પૂર્ણ અતીન્દ્રિય સુખી છે.

(ડ) તેરમાં તથા ચૌદમા ગુણસ્થાનોમાં પૂર્ણ વીતરાગતાની સાથે કેવળજ્ઞાન પણ રહેલું છે. માટે આ બંને ગુણસ્થાનોમાં સુખ અનંતરૂપથી પરિણમિત થાય છે, તેથી અરહંત ભગવાન અનંતસુખી છે.

(૧૫) **બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માની અપેક્ષા** આના ત્રણ ભેદ છે.

(અ) મિથ્યાત્વથી ત્રીજા મિશ્ર ગુણસ્થાન સુધીના ત્રણે ગુણસ્થાનવર્તી સર્વ જીવ બહિરાત્મા જ છે. તેને દુઃખી, અજ્ઞાની, વિરાધક અને સંસારમાર્ગી

જ જાણવા જોઈએ.

(બ) ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી લઈને બારમાં ક્ષીણમોહ ગુણસ્થાન સુધીના નવ ગુણસ્થાનવર્તી સર્વ જીવ અંતરાત્મા છે. તે સર્વ સમ્યક્જ્ઞાની, સાધક, મોક્ષમાર્ગી અને યથાપદવી સુખી છે.

(ક) તેરમાં - ચૌદમાં ગુણસ્થાનવર્તી સયોગ-અયોગ કેવળી જિનેન્દ્રોને પરમાત્મા કહે છે. આ કેવળજ્ઞાની અનંત સુખી તો છે જ અને શીઘ્ર જ સિધ્ધ પરમાત્મા થઈ અવ્યાબાધ અનંતસુખને પ્રાપ્ત કરવાવાળા છે.

**(૧૬) અશુભોપયોગી, શુભોપયોગી, શુધ્ધોપયોગીની અપેક્ષા –** મિથ્યાત્વથી ત્રીજા મિશ્ર ગુણસ્થાન સુધીના ત્રણે ગુણસ્થાનવર્તી જીવ મુખ્યપણે અશુભોપયોગી છે. ચોથાથી લઈને છઠ્ઠા ગુણસ્થાન સુધીના ત્રણે ગુણસ્થાનવર્તી જીવ મુખ્યપણે શુભોપયોગી અને ચોથા-પાંચમાં ગુણસ્થાનવર્તી ગૌણરૂપે શુધ્ધોપયોગી પણ છે.

સાતમાથી બારમા ગુણસ્થાન સુધીના સર્વ જીવ વધતા થકા શુધ્ધોપયોગી જ છે. તથા તેરમાં અને ચૌદમાં ગુણસ્થાનમાં શુધ્ધોપયોગનું ફળ છે. એક અપેક્ષાથી ચોથા ગુણસ્થાનથી લઈને ચૌદમાં ગુણસ્થાન સુધીના અગ્યાર ગુણસ્થાનવર્તી બધા જીવ **ધર્માત્મા** જ કહેવાય છે.

**(૧૭) ધાર્મિક - અધાર્મિકની અપેક્ષા –** મિથ્યાત્વથી લઈને ત્રીજા મિશ્ર ગુણસ્થાન સુધીના ત્રણ ગુણસ્થાનવર્તી બધા જીવ અધાર્મિક જ છે, કારણ કે તેઓની પાસે નિશ્ચય સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રસ્વરૂપ રત્નત્રય ધર્મ નથી હોતો. ચોથા અવિરતસમ્યક્ત્વથી લઈને ચૌદમાં અયોગકેવળી ગુણસ્થાન સુધીના અગ્યાર ગુણસ્થાનવર્તી સર્વ જીવ ધાર્મિક જ છે, કારણ કે તેમના જીવનમાં રત્નત્રયરૂપ ધર્મ હોય છે. તેઓને ક્રમથી **અયથાર્થ પુરૂષાર્થી અને યથાર્થ પુરૂષાર્થી** પણ કહી શકાય છે.

**(૧૮) મિથ્યા-સમ્યક્ચારિત્રની અપેક્ષા –** મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર આ ત્રણે ગુણસ્થાનવર્તી જીવ મિથ્યા ચારિત્રવાન છે, કારણ કે આ જીવ સમ્યક્દ્રષ્ટિ નથી હોતા. ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી લઈ ચૌદમાં અયોગ કેવળી ગુણસ્થાન સુધીના અગ્યાર ગુણસ્થાનવર્તી જીવ સમ્યક્ ચારિત્રવાન હોય છે, કારણ કે આ સર્વ જીવ સમ્યક્દ્રષ્ટિ છે. જ્યાં શ્રદ્ધા સમ્યક્ થઈ ત્યાં જ્ઞાન તથા ચારિત્ર નિયમથી સમ્યક્ અર્થાત્ યથાર્થ થાય જ છે.

આ પ્રકારે મોહ તથા યોગના સદ્ભાવ-અસદ્ભાવની અપેક્ષાથી લઈને મિથ્યા તથા સમ્યક્ ચારિત્રની અપેક્ષા સુધીની અઢાર અપેક્ષાઓથી ગુણસ્થાનોનું વિભાજન થઈ શકે છે.

પ્રશ્ન ૩ :- આપણે હમણાં વર્તમાનમાં કયા ગુણસ્થાને છીએ, તે જો જાણવું હોય તો કઈ રીતે જાણી શકાય?

ઉત્તર :- "અમૂર્તિક પ્રદેશોનો પુંજ, પ્રસિધ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારી, અનાદિનિધન વસ્તુ સ્વ છે અને મૂર્તિક પુદ્ગલ દ્રવ્યોનો પિંડ પ્રસિધ્ધ જ્ઞાનાદિકોથી રહિત જેનો નવો સંયોગ થયો એવા શરીરાદિક પુદ્ગલ પર છે, તેના સંયોગરૂપ નાના પ્રકારની મનુષ્ય તિર્યંચાદિક પર્યાયો થાય છે. તે પર્યાયોમાં અહંબુધ્ધિ ધારણ કરે છે, સ્વ-પરનું ભેદ નથી કરી શકતો, જે પર્યાય પ્રાપ્ત કરે તેને જ પોતારૂપ (સ્વરૂપ) માને છે.

તથા તે પર્યાયમાં જ્ઞાનાદિક છે તે તો પોતાના ગુણ છે અને રાગાદિક છે, તે આપણને કર્મનિમિત્તથી ઔપાધિકભાવ થયા છે તથા વર્ણાદિક છે, તે શરીરાદિક પુદ્ગલના ગુણ છે અને શરીરાદિકમાં વર્ણાદિકોનું તથા પરમાણુઓનું નાના પ્રકારે પલટવું થાય છે, તે પુદ્ગલની અવસ્થા છે, તેથી આ બધાને જ પોતાનું સ્વરૂપ જાણે છે, સ્વભાવ-પરભાવનો વિવેક નથી થઈ શકતો.

તથા મનુષ્યાદિક પર્યાયોમાં કુટુંબ - ધનાદિકનો સંબંધ હોય છે, તે પ્રત્યક્ષ પોતાથી ભિન્ન છે તથા તે પોતાને આધીન નથી પરિણમિત થતાં, છતાંય તેનામાં મમકાર કરે છે કે આ મારા છે. તે કોઈ પણ રીતે પોતાના થતાં નથી. પોતે જ પોતાની માન્યતાથી જ પોતાના માને છે તથા મનુષ્યાદિ પર્યાયોમાં કદાચિત્ દેવાદિકનું અથવા તત્વોનું અન્યથા સ્વરૂપ જે કલ્પિત કર્યું તેની તો પ્રતીતિ કરે છે, પરંતુ યથાર્થ સ્વરૂપ જેવું છે તેવું પ્રતીત નથી કરતો."

આ પ્રકારે પંડિત પ્રવરશ્રી ટોડરમલજીએ દર્શનમોહના ઉદયથી થવાવાળા જીવના પરિણામોનું વર્ણન મોક્ષમાર્ગપ્રકાશક પાના નં. ૩૮ પર કર્યું છે. તેના આધારથી પાત્ર જીવ પોતાના સ્થાનનો નિર્ણય લેવાનો આ પ્રમાણે પ્રયાસ કરી શકે છે :-

સૌ પ્રથમ આપણે સ્વ-આત્મા અને પર દેહાદિના લક્ષણભેદથી યથાર્થ

નિર્ણય કરી પોતાના શુભ - અશુભ તથા શુદ્ધ પરિણામોને જાણવા જોઈએ. તે માટે આગમનો અભ્યાસ, યુક્તિનું અવલંબન અને પરંપરા ગુરૂઓના ઉપદેશનો આધાર લઈ નિર્ણય કરવો જોઈએ.

(૧) આપણે તેરમાં - ચૌદમાં ગુણસ્થાનવર્તી પ્રગટ પરમાત્મા છીએ, એવો ભ્રમ હોવાનો તો કોઈને અવકાશ જ નથી, કારણ કે આપણામાંથી કોઈ ન તો વીતરાગી છે, ન સર્વજ્ઞ છે અને ન અનંત સુખી પણ.

(૨) જે વસ્ત્રોનો ત્યાગ ન કરી શક્યા હોય અર્થાત્ દિગંબર સાધુ અવસ્થાનો સ્વીકાર ન કર્યો હોય, તે છટ્ઠા ગુણસ્થાનથી લઈ બારમા ગુણસ્થાનવર્તી મુનિરાજ તો છે જ નહીં, આ પણ સ્પષ્ટ નિર્ણય છે.

(૩) હવે કેવળ પ્રથમ ગુણસ્થાનથી લઈને પાંચમા વિરતાવિરત ગુણસ્થાન સુધીના પાંચ ગુણસ્થાનોમાં આપણું ગુણસ્થાન શોધવાની વાત બાકી રહે છે.

જો જીવનમાં અહિંસા આદિ પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત - આ બાર પ્રકારના શ્રાવકોચિત વ્રત આદિનો બુદ્ધિપૂર્વક સ્વીકાર જ ન હોય તો પાંચમું વિરતાવિરત ગુણસ્થાન પણ નથી. આ વિષય પણ પોતાની સમજમાં આવી જ જાય છે.

જો કદાચ કોઈએ બાહ્યમાં અણુવ્રત આદિનો પણ સ્વીકાર કર્યો હોય અને આત્માનુભૂતિ/સમ્યક્દર્શનપૂર્વક અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણ બે કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતારૂપ આનંદ (સુખ, ધર્મ, સંવર, નિર્જરા, મોક્ષમાર્ગ)નો અનુભવ કોઈને થતો હોય તો પાંચમું સંયમાસંયમ ગુણસ્થાન છે, એવું નિઃસંકોચપણે સમજવું.

(૪) જો માત્ર સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂની જ નિઃશંક શ્રદ્ધા હોય, જીવનમાં સાતે વ્યસનમાંથી કોઈ વ્યસન ન હોય, અન્યાય, અનીતિ, અભક્ષ્યનો ત્યાગ હોય, જીવનમાં આગમ કથિત આઠમૂળગુણોનું સહજરૂપથી પાલન થતું હોય અને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાય પરિણામના અભાવપૂર્વક આત્માનુભૂતિરૂપ અતિન્દ્રિય આનંદનો સ્વાદ પોતાના જીવનમાં આવતો હોય તો આપણને ચોથું ગુણસ્થાન અવિરત સમ્યક્દ્રષ્ટિ છે, એમ જાણવું.

જો દેવ-શાસ્ત્ર-ગુરૂનો પણ આગમાનુસાર લક્ષણ દ્રષ્ટિથી યથાર્થ અને હાર્દિક નિર્ણય ન હોય તો તેને સમ્યક્ત્વ પ્રગટ કરવાની પાત્રતા જ

નથી, તો પછી સમ્યક્ત્વ હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો, તે તો ગૃહીત મિથ્યાદ્રષ્ટિ છે. તેને આગમમાં તીવ્ર પાપી, અજ્ઞાની અને મૂઢ અર્થાત્ મૂર્ખ કહ્યો છે.

પ્રશ્ન ૪ :- આ વિવેચનથી આપણે મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી છીએ,એમ લાગે છે, આ સ્થિતિમાં અમારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ?

ઉત્તર :- મિથ્યાત્વ ગુણસ્થાન નથી ઈચ્છતા તો મિથ્યાત્વનો અભાવ કરી સમ્યક્દ્રષ્ટિ થવા માટે સાતતત્વોને હેય, જ્ઞેય તથા ઉપાદેય બુદ્ધિથી યથાર્થ નિર્ણય કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. આ પણ એક અપેક્ષા સમજી લેવી જોઈએ કે ચિંતા કરવાની કોઈ આવશ્યકતા નથી, કારણ કે જીવનમાં સાચો નિર્ણય કરવો તે પણ બહુ જ મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે.

આ વિષયના વિશેષ સ્પષ્ટીકરણ માટે મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથના પાના નં. ૩૧૨નો આ અંશ જુઓ - "તથા આ અવસરમાં જે જીવ પુરૂષાર્થથી તત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવવાનો અભ્યાસ કરે, તેની વિશુદ્ધતા વધશે, તેના કર્મોની શક્તિ હીણ થશે, થોડા સમયમાં પોતાની મેળે દર્શનમોહનો ઉપશમ થશે, ત્યારે તત્વોની યથાવત્ પ્રતીતિ આવશે. તેથી તેનું તો કર્તવ્ય તત્વનિર્ણયનો અભ્યાસ જ છે, તેનાથી દર્શનમોહનો ઉપશમ તો સ્વયમેવ થાય છે. તેમાં જીવનું કાંઈ કર્તવ્ય નથી.

તથા તેના થવા પર જીવને સ્વયમેવ સમ્યક્દર્શન થાય છે અને સમ્યક્દર્શન થવાથી શ્રદ્ધાન તો એ થયું કે, "હુ આત્મા છું, મારે રાગાદિક ન કરવો," પરંતુ ચારિત્રમોહના ઉદયથી રાગાદિક થાય છે. ત્યાં તીવ્ર ઉદય હોય તો વિષયાદિમાં પ્રવર્તે છે અને મંદ ઉદય હોય ત્યારે પોતાના પુરૂષાર્થથી ધર્મકાર્યોમાં તથા વૈરાગ્યાદિ ભાવનામાં ઉપયોગને લગાવે છે. તેના નિમિત્તથી ચારિત્રમોહ મંદ થઈ જાય છે, - એવું થવાથી દેશચારિત્ર તથા સકલચારિત્ર અંગીકાર કરવાનો પુરૂષાર્થ પ્રગટ થાય છે.

તથા ચારિત્રને ધારણ કરીને પોતાના પુરૂષાર્થથી ધર્મમાં પરિણતિને વધારે ત્યાં વિશુદ્ધતાથી કર્મની શક્તિહીન થઈ જાય છે. તેનાથી વિશુદ્ધતા વધે છે અને તે કર્મની શક્તિ વધારે હીન થાય છે.

આ રીતે ક્રમથી મોહનો નાશ કરે ત્યારે સર્વથા પરિણામ વિશુદ્ધ થાય છે. તેના દ્વારા જ્ઞાનાવરણાદિકનો નાશ થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પછી ત્યાં વગર ઉપાયે અઘાતિકર્મનો નાશ કરી શુદ્ધ

સિદ્ધપદને પ્રાપ્ત કરે છે."

જો કોઈ જીવ મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી હોય અને ભ્રમથી પોતાને સમ્યક્દ્રષ્ટિ અથવા પંચમાદિ ગુણસ્થાનવર્તી માનતો હોય તો તે મોક્ષમાર્ગનો પુરૂષાર્થ પણ નથી કરી શકતો. દુર્લભ મનુષ્ય જીવન ભ્રમમાં જ વ્યર્થ ગુમાવી દે છે.

જો યથાર્થ નિર્ણય થતો હોય તો તો સારું જ છે. તેનાથી ડરવાની વાત જ શું છે? સાચા ઉપાયનું અવલંબન લેવું શ્રેષ્ઠ તથા શ્રેયસ્કર છે.

**પ્રશ્ન ૫ :-** મિથ્યાત્વ ગુણસ્થાનના અભાવ કરવાનો સાચો ઉપાય શું છે?

**ઉત્તર :-** જિનેન્દ્ર કથિત તત્વાનુસાર સદાચારી જીવન જીવતા પ્રથમ સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂનું યથાર્થ જ્ઞાન કરો. પછી અધ્યાત્મ શાસ્ત્રના અધ્યયનથી આત્મસ્વભાવનો નિર્ણય કરવો. જેને એકવાર નિજ શુદ્ધાત્માનો નિર્ણય થઈ જાય છે, તે વ્યક્તિ સ્વયમેવ સમ્યક્દર્શન આદિ ધર્મ પ્રગટ કરવાની કળા પણ સમજી લે છે. નિજ શુદ્ધાત્મ સ્વભાવનો સ્વીકાર કરવો જ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાનો સાચો, સરળ તથા સુગમ અને એકમાત્ર ઉપાય છે.

**પ્રશ્ન ૬ :-** મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય ચોકડીનો નાશ પણ તો કરવો જોઈએ ને?

**ઉત્તર :-** આપનું આ કહેવું વ્યવહારનયની અપેક્ષાએ સત્ય જ છે પરંતુ **વાસ્તવમાં (ખરેખર) ત્રિકાળી નિજ શુદ્ધાત્માનો આશ્રય લેવાથી મિથ્યાત્વાદિ કર્મોનો નાશ તો સ્વયમેવ થઈ જ જાય છે. તેમાં જીવને કાંઈ કરવું નથી પડતું.** જ્ઞાનાવરણાદિ કર્મ તો પુદ્ગલની પર્યાય છે. તેમાં તો જીવ કાંઈ કરી જ નથી શકતો.

**તત્વનિર્ણય કરવો, પોતાની શ્રદ્ધાને યથાર્થ રીતે સમ્યક્રૂપ પરિણમિત કરવી અને નિજ શુદ્ધાત્મામાં રમણતારૂપ ચારિત્ર પ્રગટ કરવું - આ તો જીવ દ્રવ્યની અવસ્થા છે, તેને જીવ કરી શકે છે, કારણ કે આ કાર્ય જીવની સીમામાં આવે છે.** અન્ય જીવોની અવસ્થાઓ અને પુદ્ગલાદિ દ્રવ્યોની અવસ્થાઓ જીવની સીમામાં આવતી નથી. તેથી તેમાં જીવ કાંઈ પણ નથી કરી શકતો.

**પ્રશ્ન ૭ :-** જયારે અહીં ગુણસ્થાનની ચર્ચા પ્રારંભ કરી છે તો વચ્ચે-વચ્ચે આ આત્મા ક્યાંથી/ કેમ આવી જાય છે? સીધી કરણાનુયોગ

સાપેક્ષ વાત કરોને ?

**ઉત્તર**:- ભાઈ! આપ પણ થોડા શાંત થઈ વિચારો ને! તને આત્માની ચર્ચાથી આટલી અરૂચિ કેમ છે? અરે! ગુણસ્થાન પણ તો આત્માના જ હોય છે. અમે તો સમજી - વિચારીને જ કહી રહ્યા છીએ. અનુયોગ અનુસાર કથન તો થશે જ. એમાં અમારું આપથી અથવા અન્ય કોઈથી કાંઈ પણ મતભેદ નથી. કથન પધ્ધતિને કારણે કેવળજ્ઞાન પ્રણીત શાસ્ત્ર ચાર અનુયોગોમાં વિભકત છે. **ચારેય અનુયોગોનું તાત્પર્ય એક વીતરાગતા જ છે. (પંચાસ્તિકાય ગાથા નં. ૧૭૨)** સમ્યક્દર્શન પ્રગટ કરવાનો પુરૂષાર્થ તો મુખ્યતાથી એક દ્રવ્યાનુયોગમાં કથિત **નિજ શુધ્ધ જ્ઞાયક ભગવાન આત્માના આશ્રયથી જ થાય છે.**

વિવિધ અનુયોગને અનુસાર ધર્મ પ્રગટ કરવાના પુરૂષાર્થરૂપ ઉપાય જુદા-જુદા નથી, એક જ છે અને તે છે ત્રિકાળી **નિજ શુધ્ધાત્માનો આશ્રય કરવો**......"કરણાનુયોગના અનુસાર આપ ઉધમ કરો તો ના થઈ શકે. કરણાનુયોગમાં તો યથાર્થ પદાર્થ બતાવવાનું મુખ્ય પ્રયોજન છે.... આપ કર્મોના ઉપશમાદિ કરવા ઈચ્છો તો કેમ થશે? **આપ તો તત્વાદિનો નિશ્ચય કરવાનો પુરૂષાર્થ કરો. તેનાથી સ્વયમેવ જ ઉપશમાદિ સમ્યક્ત્વ થાય છે.."** (મોક્ષમાર્ગ પ્રકાશક, પાના નં. ૨૭૭)

**પ્રશ્ન ૮**:- સમ્યક્દર્શનની પૂર્વે કરણલબ્ધિ તો જોઈએ ને? આપ તો તેની વાત જ નથી કરતાં?

**ઉત્તર**:- હા! કરણલબ્ધિ જોઈએ; આ આપનું કહેવું સત્ય છે.

સમ્યક્દર્શનની પૂર્વે ક્ષયોપશમ, વિશુધ્ધિ, દેશના, પ્રાયોગ્ય અને કરણ - આ પાંચ લબ્ધિઓ અવશ્ય હોય છે. આમાં કરણલબ્ધિ સાધકતમ હોય છે. અર્થાત્ કરણલબ્ધિ પ્રાપ્ત થવાથી સમ્યક્દર્શન નિયમથી પ્રગટ થાય જ છે. એવો નિયમ અન્ય ચારે લબ્ધિઓ સાથે નથી. આ કરણલબ્ધિની પ્રાપ્તિનો ઉપાય પણ **એક ત્રિકાળી નિજ શુધ્ધાત્માનો આશ્રય લેવાનો જ છે**, અન્ય નહીં.

આ ઉપાય મોક્ષમાર્ગ/રત્નત્રયની પ્રાપ્તિનો છે. **જેમ** બિલાડીને કોઈ ગમે તે રીતે જમીન પર ફેંકે, તે નિયમથી પોતાના ચારે પગ ઉપર જ ઉભી થઈ જાય છે, તેમ જ **ચારેય અનુયોગોમાંથી કોઈપણ અનુયોગને વાંચો, બધામાં સમ્યક્દર્શનની પ્રાપ્તિનો ઉપાય માત્ર નિજ ભગવાન આત્માનો આશ્રય કરવો એ જ બતાવેલ છે.** -o-

# ૧

## મિથ્યાત્વ ગુણસ્થાન

પહેલા ગુણસ્થાનનું નામ મિથ્યાત્વ છે.

આ મિથ્યાત્વ ગુણસ્થાન પ્રત્યેક જીવને અનાદિકાળથી સ્વયંસિદ્ધ છે. વર્તમાનમાં સિદ્ધાલયમાં બિરાજમાન જેટલા પણ પરમપૂજ્ય સિદ્ધ ભગવાન છે, તે સર્વ ભૂતકાળમાં આ મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ હતાં. આ મિથ્યાત્વનો નાશ કરીને જ રત્નત્રયની સાધનાના બળથી તેઓ સર્વે સિદ્ધાલય પહોંચ્યા છે.

નવા અપરાધની વગર જ જીવ અનાદિકાળથી જ વિપરીત શ્રદ્ધાની છે. પરંતુ આ જીવ ઈચ્છે તો, વર્તમાનમાં પોતાના પુરૂષાર્થથી વિપરીત શ્રદ્ધાદિનો પરિહાર (ત્યાગ) કરી શકે છે. ઉંધી માન્યતાનો ત્યાગ કરવો, તે મનુષ્યના હાથમાં છે. વિપરીત માન્યતા, વિપરીત શ્રદ્ધા, મિથ્યાત્વ, સંસારમાર્ગ, દુઃખમાર્ગ - આ બધાનો એક જ અર્થ છે.

**પ્રશ્ન ૯ :-** મિથ્યાત્વ અવસ્થામાં જીવના કેવા ભાવો હોય છે ? તે સ્પષ્ટ કરશો જેનાથી મિથ્યાત્વનું સાચું સ્વરૂપ અમે સમજી શકીએ અને તેનો ત્યાગ કરી શકીએ.

**ઉત્તર :-** અજ્ઞાની જીવ અનાદિકાળથી જ વિપરીત માન્યતાને સાચી માની મિથ્યાત્વને જ સતત પુષ્ટ કરી રહ્યો છે તથા સત્સમાગમ તથા સત્‌શાસ્ત્રનું અધ્યયન ન કરવાથી પોતાની ભૂલોનું પણ યથાર્થ જ્ઞાન નથી. તેથી મિથ્યાત્વ છોડવા તથા છોડાવવાનાં અભિપ્રાયથી અહીં તે સુબોધ શબ્દોમાં મિથ્યાત્વ પરિણામ સ્પષ્ટ કરીએ છીએ.

(૧) વીતરાગી, સર્વજ્ઞ, હિતોપદેશી સાચા દેવને છોડી અન્ય મોહી-રાગી-દ્વેષી દેવ-દેવીઓને સાચા દેવ માનવા, સર્વજ્ઞકથિત સત્‌શાસ્ત્રથી વિપરીત શાસ્ત્રને યથાર્થ શાસ્ત્ર માનવું, છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલવાવાળા ભાવલિંગી દિગંબર મુનિરાજને છોડી અન્ય વેશધારીને ગુરૂ તરીકે સ્વીકારવા, આ બધું ગૃહીત મિથ્યાત્વ છે.

(૨) આપણાથી સર્વથા ભિન્ન, ધન-ધાન્ય-દુકાન-મકાન-પુત્ર-મિત્ર-

વસ્ત્રાદિમાં એકત્વબુદ્ધિને તથા સાત તત્વોમાં વિપરીત માન્યતાને અગૃહીત મિથ્યાત્વ કહે છે.

(૩) આપણે જીવ છીએ, છતાંય જીવથી સર્વથા ભિન્ન જડસ્વભાવી શરીરને પોતાનું માનવાવાળો બહિરાત્મા મિથ્યાદ્રષ્ટિ છે.

(૪) જીવ જ્ઞાનાનંદસ્વભાવી હોવા છતાં તેને ક્રોધાદિ સ્વભાવવાળો જાણવો (માનવો) તે પણ મિથ્યાત્વ છે.

(૫) જીવ અનાદિથી જ અમૂર્તિક તથા જ્ઞાનાનંદ સ્વભાવી હોવા છતાં પણ તેને મૂર્તિક, અચેતન, મનુષ્યાદિરૂપ માનવું મિથ્યાત્વ છે. પોતાને ભૂલી શરીરાદિ પરપદાર્થોમાં અહંકાર, મમકાર, કર્તૃત્વ, ભોકતૃત્વ આદિ ભ્રમભાવ રાખવો - તે બધાં મિથ્યાત્વના ચિન્હ છે.

(૬) (i) : પુણ્ય પાપભાવને ધર્મ માનવો.

(ii) : હું બીજા જીવોને મારી શકું છું અથવા બચાવી શકું છું.

(iii) : બીજા જીવ મને મારી શકે છે અથવા બચાવી શકે છે.

(iv) : હું અન્ય જીવોને સુખી - દુઃખી કરી શકું છું અથવા અન્ય જીવ મને સુખી - દુઃખી કરી શકે છે અથવા મારું અકલ્યાણ કરી શકે છે.

(v): દેવ તથા ગુરૂ મારું કલ્યાણ તથા અકલ્યાણ પણ કરી શકે છે.

(vi): વિશ્વના કોઈક પદાર્થ સારા છે અને કોઈક પદાર્થ ખરાબ છે.

આવી રીતે સર્વ અજ્ઞાનજનિત વિચાર નિયમથી તીવ્ર મિથ્યાત્વરૂપ જ છે, કારણ કે આ બધા વસ્તુસ્વરૂપથી વિરૂદ્ધ છે.

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૧૫માં મિથ્યાત્વ ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપી છે -

**मिच्छोदयेण मिच्छत्तमसद्दहणं तु तच्च – अत्थाणं ।**
**एयंतं विवरीयं, विणयं संसयिदमण्णाणं ॥**

**દર્શનમોહનીય મિથ્યાત્વ કર્મના ઉદયના સમયમાં અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના અતત્વશ્રદ્ધાનરૂપભાવને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે.**

જીવના મિથ્યાત્વ પરિણામમાં દર્શનમોહનીય કર્મના ત્રણ અર્થાત્ મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ તથા સમ્યક્પ્રકૃતિરૂપ ભેદોમાંથી મિથ્યાત્વ દર્શનમોહનીય નામના દ્રવ્યકર્મનો ઉદય નિયમથી નિમિત્તરૂપ રહે છે અર્થાત્ જ્યારે જીવ મિથ્યાત્વ પરિણામથી પરિણમિત થાય છે, ત્યારે

મિથ્યાત્વ કર્મનો ઉદય નિમિત્તરૂપ હોય જ છે. માટે મિથ્યાત્વભાવને ઔદયિકભાવ પણ કહે છે. પરંતુ મિથ્યાત્વ કર્મ જીવને મિથ્યાદ્રષ્ટિ બનાવે છે/કરે છે - એવું નથી. કર્મનો ઉદય તો નિમિત્ત માત્ર જ છે. **અપરાધતો સ્વયં જીવનો જ છે.**

આચાર્યશ્રી કુંદકુંદદેવે **"સમયસાર શાસ્ત્રની"** ગાથા ૧૩૨માં **જીવના અપરાધનો બોધ કરાવતાં સ્પષ્ટ શબ્દોમાં** કહ્યું છે -

"જીવોનું જે તત્વનું અજ્ઞાન છે (વસ્તુસ્વરૂપથી અયથાર્થ / વિપરીત જ્ઞાન) તે અજ્ઞાનનો ઉદય છે અને **જીવનું જે તત્વનું અશ્રદ્ધાન છે, તે મિથ્યાત્વનો ઉદય છે."**

**જ્યારે જીવ પોતાનો અપરાધ જોશે - જાણશે તો પોતાના અપરાધને દૂર કરવાનો પ્રયાસ કરશે.** તેથી જે આત્મા પોતાનો દોષ સ્વીકાર કરે છે, તે જ પુરૂષાર્થ કરી શકે છે/કરે છે. **જે કર્મોનો જ દોષ જાણતો - માનતો રહેશે, તે આત્મા સ્વાવલંબનરૂપ સમ્યક્પુરૂષાર્થ ક્યારેય કરી નહીં શકે.**

જે જીવ આત્મામાં થવાવાળા મોહ-રાગ-દ્વેષાદિ વિકારીભાવોની ઉત્પત્તિમાં કર્મોના ઉદયને નિમિત્તરૂપથી પણ નથી માનતો, તેની માન્યતા અનુસાર વિભાવ જ જીવનો સ્વભાવ થઈ જશે અને જે આ માની લે છે કે કર્મ જ વિકારનો કર્તા છે, આત્મા નહીં તે પણ કર્મોને જ આધીન થઈ ગયા. આવા જીવ સર્વજ્ઞ ભગવાનના ઉપદેશનું યથાર્થ સ્વરૂપ ન જાણવાને કારણે જ્ઞાની નથી.

તેથી જીવ સ્વયં મિથ્યાત્વ તથા ક્રોધાદિ વિભાવ ભાવોને કરવાવાળો અપરાધી છે. હા, જ્યારે જીવ અપરાધ કરે છે, ત્યારે કર્મનો ઉદય તેમાં નિમિત્ત અવશ્ય હોય છે. આ જ સાચી માન્યતા છે, આ જ ઉપાદાનમૂળક કથન છે.

શાસ્ત્રોમાં જ્યાં નિમિત્તની મુખ્યતા હોય છે, ત્યાં **મિથ્યાત્વ કર્મના ઉદયથી મિથ્યાત્વભાવ થાય છે,** એવું કથન જિનવાણીમાં મળે છે. પ્રથમાનુયોગ આદિ ત્રણે અનુયોગોમાં ઉપાદાનની મુખ્યતાથી કરેલા કથન ઘણાં ઓછા છે અને નિમિત્તની મુખ્યતાથી કરેલા કથન ઘણાં જ છે. માટે અજ્ઞાનીને એવો ભ્રમ થઈ જાય છે કે નિમિત્ત અર્થાત્ કર્મ જ જીવને બળજબરીથી વિકાર કરાવે છે.

જીવ પોતાના વિકારી અથવા અવિકારી પરિણામો કરવામાં પૂર્ણ સ્વતંત્ર છે, સ્વાધીન છે. આત્મા જ બળવાન છે, કર્મ બળવાન નથી. આ મહત્વપૂર્ણ વિષયને અહીં પ્રથમ ગુણસ્થાનના પ્રકરણમાં જ વિસ્તારપૂર્વક સ્પષ્ટ કરીએ છીએ, જેથી આગળના બધાં ગુણસ્થાનોમાં યથાસ્થાન યથાયોગ્ય સમજી લેવું સુગમ થઈ જશે.

કરણાનુયોગની પદ્ધતિ નિમિત્તની મુખ્યતાથી કથન કરવાની હોય છે. તેથી તેની ભાષા જ એવી હોય છે કે, "મિથ્યાત્વ કર્મના ઉદયથી/ નિમિત્તની બળવત્તાથી જ મિથ્યાત્વ ગુણસ્થાન થાય છે." ધ્યાન રહે, **નિમિત્ત-નૈમિત્તિક સંબંધની અપેક્ષાથી કથન તો થાય છે, પરંતુ કાર્ય નહીં.** કોઈપણ કર્મ કોઈપણ જીવને જબરદસ્તીથી ક્રોધાદિ વિકારભાવ નથી કરાવતું. **સદા વિકારરૂપ અધર્મ અને અવિકારરૂપ ધર્મ કરવામાં જીવ સંપૂર્ણ સ્વાધીન છે, સ્વતંત્ર છે, કર્માધીન નથી.**

જ્યારે કર્મના ઉદયથી જીવ, નીચેના ગુણસ્થાનમાં ગયો કે વિકારી થઈ ગયો, એવું કથન વાંચવામાં કે સાંભળવામાં આવે તો સમજી લેવું જોઈએ કે જીવ પોતાનાં અનાદિકાળના કુસંસ્કારોને કારણ પુરુષાર્થ હીનતાથી જ પતિત થયો છે, કર્મોએ કાંઈ નથી કર્યું. માત્ર તે કાળમાં કર્મનો ઉદય હાજર હતો એટલું જ.

જ્યારે કર્મના અભાવથી વીતરાગતા વધી ગઈ, જીવને ઉપરના ગુણસ્થાનોની પ્રાપ્તિ થઈ, એવું કથન મળે તો ત્યાં એ સમજવું કે જીવને સ્વભાવના આશ્રયરૂપ વિશિષ્ટ પુરુષાર્થથી નવો વિશેષ ધર્મ પ્રગટ થયો છે.

ભેદ – મિથ્યાત્વના પાંચ ભેદ આ પ્રમાણે છે.

એકાંત, વિપરીત, વિનય, સંશય અને અજ્ઞાન તેની પરિભાષા :-

૧) જાતિની અપેક્ષાથી જીવાદિ છ દ્રવ્ય અથવા સંખ્યાની અપેક્ષાથી અનંતાનંત દ્રવ્યોમાંથી પ્રત્યેક દ્રવ્ય અનંતધર્માત્મક હોવાથી અથવા પરસ્પર વિરોધી બે ધર્માત્મક હોવા છતાંપણ તેને માત્ર એક ધર્માત્મક માનવું તે **એકાંત મિથ્યાત્વ છે. જેમ** - દ્રવ્ય નિત્ય જ છે અથવા અનિત્ય જ છે.

૨) પુણ્ય તથા શરીરાદિની ક્રિયાઓથી જ મોક્ષ થઈ શકે છે એવું માનવું **વિપરીત મિથ્યાત્વ** છે.

૩) બધા યથાર્થ તથા અયથાર્થ દેવ-શાસ્ત્ર-ગુરૂ આપણા માટે વંદનીય

છે. તેની પૂજા, ભક્તિ, વિનય કરવો જોઈએ એવું માનવું તે **વિનય મિથ્યાત્વ** છે.

૪) વીતરાગતા ધર્મ છે કે પુણ્ય ધર્મ છે. એમ બંને પ્રકારના કથનોમાંથી કોઈપણ એક પક્ષનો નિશ્ચય ન હોવો તે **સંશય મિથ્યાત્વ** છે.

**૫)** ન સ્વર્ગ છે, ન નરક છે, ન પાપ છે, ન પુણ્ય છે. માટે ખાઓ-પીઓ અને મોજ કરો, એવી માન્યતાનું નામ **અજ્ઞાન મિથ્યાત્વ** છે.

**૨.** બીજી અપેક્ષાએ મિથ્યાત્વના બે ભેદ છે. **અગૃહીત મિથ્યાત્વ અને ગૃહીત મિથ્યાત્વ.** મિથ્યાત્વ કર્મના ઉદયના નિમિત્તથી સાત તત્વના વિષયમાં અનાદિકાળથી વિપરીત માન્યતાને અગૃહીત મિથ્યાત્વ કહે છે. **જેમ** કે અનાદિકાળથી દેહમાં આત્મબુધ્ધિ અને પુણ્યમાં ધર્મબુધ્ધિ.

(૧) અગૃહીત મિથ્યાત્વનો નાશ કરવા માટે જડ-ચેતન અને સ્વભાવ-વિભાવના ભેદજ્ઞાનપૂર્વક નિજ શુધ્ધાત્મ સ્વભાવનું જ્ઞાન તથા ભાન હોવું અત્યંત આવશ્યક છે. **વાસ્તવમાં તો નિર્વિકલ્પ રીતિથી નિજ શુધ્ધત્માનો સ્વીકાર થવો એ જ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અર્થાત્ મિથ્યાત્વના ત્યાગનો એકમાત્ર યથાર્થ ઉપાય છે.**

(૨) અનાદિકાળના અગૃહીત મિથ્યાત્વના પોષક કુદેવ, કુગુરૂ અને કુધર્મનું સેવન ગૃહીત મિથ્યાત્વ છે. જેમ કે - પોતાની મતિકલ્પનાથી રાગી-દ્વેષી દેવી-દેવતાઓને કલ્યાણકારક માની લેવા.

આ બંનેમાંથી પ્રથમ ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કરવો જરૂરી છે, કારણકે નવા અર્જિત સ્થૂળ(ગૃહીત) મિથ્યાત્વના ત્યાગ વગર અગૃહીત મિથ્યાત્વ પણ નથી છૂટતું. તથા અનાદિ સૂક્ષ્મ અગૃહીત મિથ્યાત્વના ત્યાગ વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ નથી થઈ શકતી. સમ્યક્ત્વથી જ ધર્મનો પ્રારંભ થાય છે.

ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કરવો મનુષ્યને પોતાને આધીન છે કારણ કે તેને પોતાના અજ્ઞાનભાવથી જ તેનો સ્વીકાર કર્યો છે. તેથી પોતાના જ્ઞાનભાવથી તે તેને છોડી પણ શકે છે.

**રાગી-દ્વેષી દેવી-દેવતાઓને પોતાના હિતકર્તા કે અહિતકર્તા માની લેવું, પોતાની જ અજ્ઞાનતાનું પ્રદર્શન છે. તર્કશીલ વ્યક્તિ ગૃહીત મિથ્યાત્વને સહજ જ છોડી શકે છે.**

૩. ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વૈનયિકના ભેદથી પણ મિથ્યાત્વના ચાર ભેદ છે અને તેના પ્રભેદ ૩૬૩ છે.

**મિથ્યાત્વનો શબ્દાર્થ**: મિથ્યાત્વ શબ્દનો અર્થ છે વિપરીતતા, અસત્યપણું. **શ્રદ્ધા - જ્ઞાન તથા ચારિત્રગુણના વિપરીત પરિણમનને જ અહીં મિથ્યાત્વ કહ્યું છે. વિપરીત શબ્દનો અર્થ ઊંધું, વસ્તુસ્વરૂપથી વિરૂદ્ધ છે.** પ્રત્યેક આત્મામાં અનંતા ગુણ છે. તેમાંથી મોક્ષમાર્ગમાં શ્રદ્ધા, જ્ઞાન તથા ચારિત્ર આ ત્રણ ગુણ જ મુખ્ય માનવામાં આવે છે, કારણ કે આમાં જ સમ્યક્પણું થવાથી મોક્ષમાર્ગ પ્રગટ થાય છે અને આના જ વિપરીત પરિણમનથી અજ્ઞાનીને અનાદિકાળથી સંસારમાર્ગ વર્તી રહ્યો છે.

જ્યાં એક જ અર્થાત્ શ્રદ્ધાગુણનું સમ્યક્ પરિણમન થયું, ત્યાં જ અન્ય બંને જ્ઞાન-ચારિત્ર ગુણોનું તથા અનંતગુણોનું પણ નિયમથી સમ્યક્ જ પરિણમન થઈ જાય છે. આ ભાવને મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથના સાતમાં અધ્યાયના મંગલાચરણમાં સ્પષ્ટ કર્યું છે, જે આ પ્રકારે છે:-

**ઈસ ભવતરૂ કા મૂલ ઈક, જાનહુ મિથ્યાભાવ,**
**તાકો કરિ નિર્મૂલ અબ, કરિએ મોક્ષ ઉપાવ ॥૧॥.**

આ દોહામાં પ્રયુક્ત મિથ્યાભાવ શબ્દ મિથ્યાત્વના જ અર્થમાં આવ્યો છે, જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે ગુણોની વિપરીતતાને પ્રકાશિત કરે છે. આ પ્રકારે સમ્યક્ત્વ શબ્દ પણ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણે ગુણોના સમ્યક્ પરિણમનના અર્થમાં જ પ્રયુક્ત થયો છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર**: આ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનમાં ચારિત્ર ગુણનું પરિણમન નિયમથી વિપરીત જ થાય છે. તેથી અહીં મિથ્યા ચારિત્ર જ છે. શ્રદ્ધાગુણના વિપરીત પરિણમનને લીધે જ ચારિત્રગુણનું વિપરીત પરિણમન થાય છે. આનો અર્થ શ્રદ્ધાગુણનું વિપરીત પરિણમન નિમિત્ત અને ચારિત્રગુણનું વિપરીત પરિણમન નૈમિત્તિક. આ અપેક્ષાથી આ કથન સત્ય હોવા છતાં પણ માત્ર મિથ્યા શ્રદ્ધાએ જ ચારિત્રને મિથ્યા નથી બનાવ્યો.

મિથ્યાચારિત્રના પરિણમનમાં ઉપાદાનકારણ ચારિત્ર ગુણની આપણી પોતાની તત્સમયની યોગ્યતા પણ તેવી જ હોય છે.

**જેમ કે** - ચારિત્ર ગુણના સંબંધમાં કહ્યું છે, તેમ જ જ્ઞાનાદિ સર્વેગુણોના

પરિણમનમાં પણ સમજી લેવું જોઈએ.

**કાળ અપેક્ષા વિચાર:** મિથ્યાત્વનો કાળ આનો અર્થ છે, જેટલા સમય સુધી જીવ મિથ્યાદ્રષ્ટિ થતો થકો રહે છે, તે મિથ્યાત્વનો કાળ છે.

**(૧) જઘન્ય કાળ:** મિથ્યાત્વનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત ત્યારે થઈ શકે છે, જ્યારે કોઈ સમ્યક્દ્રષ્ટિ સમ્યક્ત્વથી ચ્યુત થઈને મિથ્યાત્વી થઈ જાય છે અને અંતર્મુહૂર્તના કાળ સુધી મિથ્યાત્વ પરિણામની સાથે જીવન વિતાવી ફરીથી સમ્યક્દ્રષ્ટિ થઈ જાય છે. આ અંતર્મુહૂર્ત કાળને મિથ્યાત્વ ગુણસ્થાનનો જઘન્ય કાળ કહે છે.

આ ગુણસ્થાનમાં કોઈ જીવ એક, બે આદિ સમયથી લઈને સંખ્યાત અસંખ્યાત સમય સુધી રહેતો જ નથી. જો મિથ્યાત્વમાં આવ્યો છે તો તેને ઓછામાં ઓછા એક અંતર્મુહૂર્ત કાળ સુધી રહેવું અનિવાર્ય છે, કારણ કે મિથ્યાત્વથી છૂટીને ફરીથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવામાં ઓછામાં ઓછો એક અંતર્મુહૂર્ત કાળનો પુરૂષાર્થ આવશ્યક છે.

**(૨) ઉત્કૃષ્ટ કાળ:** સાદિ મિથ્યાદ્રષ્ટિની અપેક્ષા એ જો મિથ્યાત્વ ગુણસ્થાનના ઉત્કૃષ્ટકાળનો વિચાર કરીએ તો મિથ્યાત્વ ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ કિંચિત્ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તન માત્ર છે.

**જ્યારે કિંચિત્ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાંથી માત્ર અંતર્મુહૂર્ત કાળ શેષ રહી જાય છે, ત્યારે આ જીવ ફરી પુરૂષાર્થ કરી સમ્યક્ત્વ અને સંયમને યુગપદ્ ધારણ કરી શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિધ્ધ ભગવાન થઈ જાય છે, એવો નિયમ છે.**

**(૩) મધ્યમ કાળ:** મિથ્યાત્વ ગુણસ્થાનનો યથાયોગ્ય જઘન્યકાળ અંતર્મુહૂર્તમાં એક સમય, બે, ત્રણ, ચાર આદિ સમય મળીને અનેક ભેદ થઈ શકે છે. પછી બે, ત્રણ, ચાર અંતર્મુહૂર્ત અને તેમાં પણ એક-બે આદિ સમય મળીને મધ્યમકાળના અનેક પ્રકાર થઈ શકે છે. આ રીતે કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સુધી જેટલા પણ કાળના ભેદ થઈ શકે છે, તે સર્વ મિથ્યાત્વ ગુણસ્થાનનાં મધ્યમકાળના ભેદ સમજવા જોઈએ.

**(૪) અનાદિ અનંતકાળ:** અભવ્ય જીવના મિથ્યાત્વભાવનો કયારેય નાશ જ નથી થઈ શકતો, માટે અભવ્યોની અપેક્ષાથી મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ અનાદિ અનંત છે.

અનેક ભવ્યજીવોની અપેક્ષાથી પણ મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ અનાદિ - અનંત છે. અનાદિકાળથી પણ ભવ્યજીવોને પણ મિથ્યાત્વ ગુણસ્થાન છે અને ભવ્યોથી પણ ક્યારેય સંસાર ખાલી નહીં થાય. આ અપેક્ષાથી મિથ્યાત્વનો કાળ અનંત કહેવો આગમ સંમત છે.

**પ્રશ્ન ૧૦ :-** ભવ્યજીવોના મિથ્યાત્વનો કાળ અનંત કેવી રીતે ?

**ઉત્તર :-** આગમ અનુસાર આ સંસાર ક્યારેય ભવ્યજીવોથી રહિત નથી થતો. તેથી અનેક ભવ્ય જીવોની અપેક્ષાએ મિથ્યાત્વનો કાળ અનાદિ-અનંત સિદ્ધ થાય છે.

બીજી એક અપેક્ષા આ પણ છે કે દૂરાનુદૂર ભવ્ય, અભવ્યની સમાન જ હોય છે. તેઓને ક્યારેય મોક્ષ કે મોક્ષમાર્ગ પ્રાપ્ત થતો જ નથી. માટે પણ મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ અનાદિ-અનંત સિદ્ધ થાય છે.

**(૫) અનાદિ સાંત કાળ :** એક ભવ્ય જીવની અપેક્ષાએ કાળ અનાદિ સાંત છે. આનો અર્થ -કોઈ ભવ્ય જીવ અનાદિથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં રહે છે. આ અપેક્ષાથી ભવ્ય જીવના મિથ્યાત્વનો કાળ અનાદિ થઈ ગયો. હવે તે ભવ્ય જીવ જ્યારે પોતાના નિજ શુદ્ધાત્માનો આશ્રય કરી સમ્યક્ત્વી થાય છે, ત્યારે તેના મિથ્યાત્વનો નિશ્ચિત જ નાશ થઈ જાય છે. આ અપેક્ષાથી ભવ્ય જીવના મિથ્યાત્વનો કાળ સાંત થઈ ગયો. આ રીતે એક ભવ્ય જીવનો મિથ્યાત્વનો કાળ અનાદિસાંત સિદ્ધ થઈ ગયો.

**(૬) સાદિ- સાંત કાળ :** સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો પ્રત્યેક પર્યાયનો કાળ એક સમયનો જ હોય છે. આ અપેક્ષાથી મિથ્યાત્વ પરિણામ સમયે-સમયે બદલતા જ રહે છે. આ દ્રષ્ટિથી પર્યાય અપેક્ષા અર્થાત્ સૂક્ષ્મ ઋજુસૂત્રનયની અપેક્ષાએ મિથ્યાત્વ પરિણામનો કાળ એક સમય જ છે. માટે મિથ્યાત્વ પરિણામ સાદિ સાંત પણ છે.

**ગમનાગમન અપેક્ષા વિચાર :** ગમન શબ્દનો અર્થ છે જવું અને આગમન શબ્દનો અર્થ છે આવવું. **જીવના એક ગુણસ્થાનથી બીજા ગુણસ્થાનમાં જવાં-આવવાનાં અર્થમાં ગમનાગમન શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.** સર્વ ગુણસ્થાનોમાં ગમનાગમન શબ્દનો અર્થ આમ જ સમજવો જોઈએ.

**ગમન : (૧)** મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ જો વધારેમાં વધારે પુરૂષાર્થ કરી સીધા ઉપરના ગુણસ્થાનમાં જશે તો તે સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં જઈ શકે છે. અર્થાત્ પહેલી જ વારમાં તે

અડધા ગુણસ્થાનોને પાર કરી જાય છે, કારણ કે કુલ મળીને ગુણસ્થાન ચૌદ જ છે અને તેઓએ તો પ્રથમ વારમાં જ સાતમું અપ્રમત્તવિરત ગુણસ્થાન પ્રાપ્ત કરી લીધું છે.

સાદિ કે અનાદિ મિથ્યાદ્રષ્ટિ હોવા છતાં પણ જે મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી મુનિરાજ હોય, તે પોતાના નિજ શુધ્ધાત્માના આશ્રય કરવાનો વિશિષ્ટ પુરૂષાર્થ કરવાથી તથા બાધક કર્મોના ઉદયનો અભાવ થવાથી અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે. તે સાતિશય પુરૂષાર્થી મુનિરાજ પ્રથમ સમયમાં તો મિથ્યાદ્રષ્ટિ હતાં અને બીજા જ સમયમાં મિથ્યાત્વ કર્મ તથા મિથ્યાત્વ પરિણામનો નાશ થવાથી તે જ સમય તે અનંતાનુબંધી ચતુષ્ટય, અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ટય અને પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ટય કર્મોના ઉદયાભાવી ક્ષય થવાથી અર્થાત્ વીતરાગતા પ્રગટ થવાને લીધે ભાવલિંગી મુનિરાજ થઈ જાય છે. હવે તો માત્ર ચારિત્રમોહનીયમાંથી સંજ્વલન કષાય ચોકડી અને નવ નોકષાય કર્મનો ઉદય તથા તજ્જન્ય પરિણામ જ શેષ રહી ગયા છે.

(૨) કોઈ પ્રથમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ મિથ્યાત્વ તથા ત્રણ કષાય ચોકડીનો અભાવ ન હોવા છતાં પણ નિજ શુધ્ધાત્માના ધ્યાનરૂપ પુરૂષાર્થથી આ મિથ્યાત્વ ગુણસ્થાનથી સીધા પાંચમા વિરત-અવિરત ગુણસ્થાનમાં પણ ગમન કરી શકે છે.

(૩) અથવા કોઈ દ્રવ્યલિંગી શ્રાવક પ્રથમ ગુણસ્થાનથી શુધ્ધ આત્માના અવલંબનના બળથી સીધા પાંચમા વિરતાવિરત ગુણસ્થાનવર્તી થઈ જાય છે.

(૪) કોઈ દ્રવ્યલિંગી મુનિરાજ, દ્રવ્યલિંગી શ્રાવક અથવા અવ્રતી ભદ્ર મિથ્યાદ્રષ્ટિ જીવ મિથ્યાત્વ ગુણસ્થાનથી અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનમાં જઈ શકે છે.

(૫) કોઈ સાદિ મિથ્યાદ્રષ્ટિ દ્રવ્યલિંગી મુનિરાજ, દ્રવ્યલિંગી શ્રાવક અથવા ભદ્ર મિથ્યાદ્રષ્ટિ હોય તો તે મિથ્યાત્વ ગુણસ્થાનથી ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં પ્રવેશ કરી શકે છે.

પ્રશ્ન ૧૧ :- આપે ત્રીજા ગુણસ્થાનમાં પ્રવેશ કરવાવાળા માટે સાદિ મિથ્યાદ્રષ્ટિ, આ વિશેષણ શા માટે લગાડ્યું ? શું કોઈ અનાદિ મિથ્યાદ્રષ્ટિ ત્રીજા ગુણસ્થાન માં પ્રવેશ નહીં કરે ?

ઉત્તર :- અનાદિ મિથ્યાદ્રષ્ટિ પાસે સમ્યક્‌મિથ્યાત્વ દર્શનમોહ કર્મની સત્તા જ નથી. તેથી તે ત્રીજા ગુણસ્થાનમાં પ્રવેશ નથી કરી શકતો. સમ્યક્ત્વની ઉત્પત્તિથી પ્રથમ સમયમાં મિથ્યાત્વના ત્રણ ટુકડા થવાનો નિયમ છે.

**પ્રશ્ન ૧૨ :-** મિથ્યાત્વ ગુણસ્થાનથી કોઈ જીવ સાતમાંમાં, કોઈ પાંચમામાં, કોઈ ચોથામાં અથવા કોઈ ત્રીજા ગુણસ્થાનમાં ગમન કરે છે, એવો ભેદ કેમ/કેવી રીતે થાય છે ?

ઉત્તર :- પ્રત્યેક જીવની પોત-પોતાની પાત્રતા ભિન્ન-ભિન્ન હોય છે. ત્રિકાળી શુધ્ધાત્માનો આશ્રય કરવારૂપ પુરૂષાર્થ પણ વધ-ઘટ (વત્તો ઓછો) હોય છે. ઉદયમાં આવવાવાળા કર્મ પણ ભિન્ન-ભિન્ન જ હોય છે. ભવિતવ્ય પણ સ્વતંત્ર હોય છે. કોઈ જીવ કોઈ બીજા જીવના, પુદ્‌ગલાદિના અથવા ભગવાનને પણ આધીન નથી. માટે તેના ગુણસ્થાનમાં ગમનરૂપ કાર્ય પણ સ્વતંત્ર રીતે પર્યાયગત યોગ્યતા અનુસાર થતું રહે છે.

એક જ સમવશરણ (ધર્મસભા)માં દેવ-મનુષ્ય-તિર્યંચ ત્રણે ગતિના જીવ એક જ તીર્થંકર ભગવાનનો ઉપદેશ શ્રવણ કરે છે, છતાંય તે શ્રોતાઓમાં પણ તેમની પોત-પોતાની પાત્રતા અનુસાર જ તે મહાવ્રત કે અણુવ્રતને ગ્રહણ કરે છે, સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ કરે છે અથવા ત્રીજા ગુણસ્થાનને પાત્ર બને છે કે અંતરંગમાં તત્વનો વિરોધ કરે છે. આથી પ્રત્યેક દ્રવ્ય, ગુણ અને પર્યાયની સ્વતંત્રતા સિધ્ધ થાય છે.

**પ્રશ્ન ૧૩ :-** દ્રવ્યલિંગી મુનિરાજના કેટલા ભેદ છે ?

ઉત્તર :- દ્રવ્યલિંગી મુનિરાજને મુખ્યપણે ત્રણ ભેદ છે.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી, (૨) ચતુર્થ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી તથા (૩) પંચમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી.

પહેલા, ચોથા તથા પાંચમાં ગુણસ્થાનવર્તીને દ્રવ્યલિંગી કહે છે. તેને માટે ધવલા પુસ્તક - ૪ પાના નં. ૨૦૮ પર સ્પષ્ટ ખુલાસો આવ્યો છે, તેનું અવલોકન કરો. તેનું સંક્ષેપમાં કથન આ પ્રમાણે છે - "સમાધાન - આ કોઈ દોષ નથી, કારણ કે **છતાંય નવગ્રૈવેયકોમાં દ્રવ્યલિંગી મિથ્યાદ્રષ્ટિ, અસંયતસમ્યક્‌દ્રષ્ટિ અને સંયતાસંયત જીવ ઉત્પન્ન** થાય છે."

આ વિષય ત્રિલોકસાર ગાથા ૫૪૫માં પણ આવેલ છે. ત્યાં દ્રવ્યલિંગીને

નિર્ગ્રંથ શબ્દ દ્વારા સંબોધેલ છે.

ભાવપાહુડ ગાથા ૨૨માં ૧૦૫ ક્ષુલ્લકશ્રી સહજાનંદજી વર્ણીએ પ્રવચનોમાં પ્રથમ ગુણસ્થાનથી પાંચમાં ગુણસ્થાન સુધીના પાંચેય ગુણસ્થાનોમાં દ્રવ્યલિંગી મુનિપણાનો સ્વીકાર કરેલ છે. (પાના નં. ૩૦૩)

સાસાદન અને મિશ્ર ગુણસ્થાનવર્તીને પણ દ્રવ્યલિંગી મુનિરાજ કહી શકીએ છીએ, પરંતુ આ બંને ગુણસ્થાનોનો કાળ ઘણો થોડો હોવાને લીધે દ્રવ્યલિંગીઓમાં તેઓને મુખ્યતાથી લેવામાં નથી આવ્યા.

છઠ્ઠા ગુણસ્થાનવર્તીને જે દ્રવ્યલિંગ હોય છે, તે દ્રવ્યલિંગ ભાવલિંગની સંગાથે હોય છે. તેથી તેમને શાસ્ત્રમાં દ્રવ્યલિંગીની સંજ્ઞા નથી અપાઇ, કારણકે તે દ્રવ્યલિંગ ભાવલિંગની સાથે સુમેળવાળું છે. વાસ્તવિક રીતે વિચારીએ તો ચૌદમાં ગુણસ્થાનના અંતિમ સમય સુધી દ્રવ્યલિંગ રહે છે.

**પ્રશ્ન ૧૪ :-** પરિણામોથી જે જીવ ચોથા અને પાંચમાં ગુણસ્થાનવર્તી છે, તે જીવ સમ્યક્દ્રષ્ટિ તો છે જ અને બાહ્યમાં ૨૮ મૂળગુણોનું નિરતિચાર પાલન પણ કરે છે, છતાં પણ આપે તેમને દ્રવ્યલિંગી શા માટે કહ્યા ?

**ઉત્તર :-** અંતરંગમાં અર્થાત્ પરિણામોથી ચતુર્થ ગુણસ્થાનવર્તી અવિરત સમ્યક્દ્રષ્ટિ તથા પંચમ ગુણસ્થાનવર્તી અને બાહ્યમાં ૨૮ મૂળગુણોનાં પાલન કરવાવાળા ભાવલિંગી નથી હોતાં, કારણ કે તેઓને આત્માનુભૂતિરૂપ સમ્યક્દર્શનની સાથે ત્રણ કષાય ચોકડીના અનુદયપૂર્વક ઉત્પન્ન વીતરાગતારૂપ શુદ્ધતા નથી હોતી. માટે તેઓને દ્રવ્યલિંગી કહ્યા છે. **દ્રવ્યલિંગીનો અર્થ સર્વત્ર મિથ્યાદ્રષ્ટિ નથી થતો.**

**પ્રશ્ન ૧૫:-** આવા દ્રવ્યલિંગી મુનિરાજ સાથે સાચા શ્રાવકે કેવો વ્યવહાર રાખવો જાઈએ ?

**ઉત્તર :-** જો ૨૮ મૂળગુણોનું આચરણ આગમાનુસાર હોય તો દ્રવ્યલિંગી મુનિરાજની સાથે પણ ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ તથા પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકે નમસ્કારાદિ વિનય વચવહાર તથા આહારદાન આદિ ક્રિયાઓ હાર્દિક પરિણામોથી કરવી જોઈએ, કારણ કે નમસ્કારાદિ વ્યવહાર છે અને મુનિરાજના વ્રતનું પાલન પણ વ્યવહાર છે. સૂક્ષ્મ અંતરંગ પરિણામોનો ખ્યાલ પણ નથી આવી શકતો, કારણ કે તે તો કેવળજ્ઞાનગમ્ય જ હોય છે. વ્યવહારી જનોને માટે દ્રવ્યલિંગી પણ પૂજ્ય છે.

**(યોગસાર પ્રાભૃત અ. ૫, શ્લોક - ૨૪૬, મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં ૨૮૩-૨૮૪)**

**આગમન :** (૧) પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી સંત પણ અનાદિકાળના કુસંસ્કારોના ફરીથી પ્રગટ થવાથી વિપરીત પુરૂષાર્થથી નિજ શુધ્ધાત્માનું અવલંબન છુટવાથી તથા નિમિત્તરૂપમાં યથાયોગ્ય કર્મોનો ઉદય આવવાથી સીધા મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકે છે.

(૨) પંચમ ગુણસ્થાનવર્તી વિરતાવિરત શ્રાવક તથા પંચમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ પણ પોતાના હીણા પુરૂષાર્થરૂપ અપરાધથી તથા તે જ સમય નિમિત્તરૂપમાં યથાયોગ્ય કર્મોના ઉદયથી સીધા મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકે છે.

(૩) ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિને છોડી અન્ય બંને ઔપશમિક તથા ક્ષાયોપશમિક અવિરત સમ્યક્દ્રષ્ટિ જીવની જ્યારે શ્રધ્ધામાં વિપરીતતા આવે છે, તેમજ તે જ સમયે મિથ્યાત્વનો ઉદય આવવાથી તે જીવ સીધો મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકે છે.

(૪) મિશ્ર ગુણસ્થાનવર્તી પણ મિથ્યાત્વમાં આવી શકે છે.

(૫) સાસાદન સમ્યક્દ્રષ્ટિ તો મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવે જ છે.

**પ્રશ્ન ૧૬ :-** મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી જીવ કઈ સાધના દ્વારા અવિરત સમ્યક્ત્વ આદિ ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત કરે છે ?

**ઉત્તર : -** મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વ-પર ભેદજ્ઞાનપૂર્વક પોતાના ત્રિકાળી નિજ શુધ્ધાત્માના આશ્રયરૂપ મહાન અપૂર્વ પુરૂષાર્થથી દર્શનમોહાદિ કર્મનો પણ અભાવ થવાથી સમ્યક્દર્શનાદિ પ્રાપ્ત કરી લે છે. આ પ્રકારે મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી સાધક ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન ૧૭ :-** મુનિરાજ પ્રમત્તસંયત ગુણસ્થાનથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવતાં જ શું કપડાં પહેરી લે છે ? શું પોતાના ઘરમાં ચાલ્યા જાય છે? અથવા સરાગી દેવની શ્રધ્ધા કરવા લાગે છે ?

**ઉત્તર : -** ભાઈ સાહેબ ! ગુણસ્થાનની પરિભાષાનું આપ ફરી અવલોકન કરશો તો સમજાશે કે મોહ અને યોગના નિમિત્તથી શ્રધ્ધા અને ચારિત્રગુણની અવસ્થાઓ/પર્યાયોને ગુણસ્થાન કહે છે. ત્યાં કપડાં આદિ બાહ્ય પરિગ્રહને ગ્રહણ કરવાની વાત જ ક્યાંથી આવી ?

અંદરને અંદર અર્થાત્ મોહોદયથી અબુધ્ધિપૂર્વક શ્રધ્ધા તથા ચારિત્ર ગુણોના પરિણમનમાં વિપરીતતા આવી ગઈ છે. પરિણામોની શિથિલતાથી ગુણસ્થાન ઉતરી ગયું છે. તત્કાલ તે પોતાને બુધ્ધિપૂર્વક સંભાળવાનો

પ્રયાસ કરે છે. બીજાને કિંચિત્‌માત્ર ખબર પણ ન પડે, એટલામાં તો તે ફરીથી સાતમાં ગુણસ્થાનમાં પણ પ્રવિષ્ટ થઈ પૂર્વ અનુભૂત અપૂર્વ આત્માનંદનો રસાસ્વાદન પણ કરવા લાગે છે.

તેઓ મહાપુરૂષ છે, અલૌકિક મહામાનવ છે. એવી અવસ્થામાં તેઓને કપડાં પહેરવાનો તથા ઘરે જવાનો તથા ખોટા દેવોની આરાધનામાં જોડાવાનો ભાવ પણ આવતો નથી.

કોઈ સાધારણ સાઈકલ સવાર જ્યારે સાઈકલ ચલાવતાં પડી જાય છે તો તરત ઉઠવાની કોશિશ કરે છે કે ત્યાં જ ગાદલો લઈને સૂઈ જાય છે?

**પ્રશ્ન ૧૮**:- અપ્રમત્તાદિ ઉપરીમ ગુણસ્થાનોથી સીધા જ મિથ્યાત્વ ગુણસ્થાનમાં પ્રવેશ કેમ નથી થતો ?

**ઉત્તર** : - શુદ્ધોપયોગરૂપ અપ્રમત્ત ગુણસ્થાનોથી પ્રમત્તસંયત ગુણસ્થાનમાં જ મુનિરાજનું આગમન થાય છે. ત્યારપછી જ અનેક માર્ગથી નિચલા ગુણસ્થાનમાં ગમન/પતન થાય છે. શુદ્ધોપયોગપૂર્વક શુભોપયોગરૂપ છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિનો એવો જ નિયમ છે.

પ્રમત્તસંયતથી સીધા મિથ્યાત્વ ગુણસ્થાનમાં દરેક મુનિરાજનું આવવું આવશ્યક નથી. છઠ્ઠાથી પાંચમામાં, ચોથામાં, ત્રીજામાં અને ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ પ્રમત્તસંયત હોય તો બીજામાં તથા ક્ષાયિકસમ્યક્ત્વી ન હોય તો પહેલા ગુણસ્થાનમાં પણ આવી શકે છે. ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ મુનિરાજ ચોથા ગુણસ્થાન સુધી જ આવી શકે છે, તેનાથી નીચે નહીં.

**વિશેષ અપેક્ષા વિચાર**:(૧) એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તથા લબ્ધપર્યાપ્ત સંમૂર્છિમ મનુષ્ય જીવ મિથ્યાદ્રષ્ટિ જ હોય છે અને તે સમ્યક્દર્શનની પ્રાપ્તિ પણ પોતાના આ જીવનમાં કરી શકતા નથી.

**પ્રશ્ન ૧૯**:- સંજ્ઞી જીવ જ સમ્યક્ત્વને પામી શકે છે, એવો નિયમ શા માટે ? તેનું સ્પષ્ટીકરણ કરો.

**ઉત્તર**: - સંજ્ઞી જીવ મન સહિત હોય છે. મનના માધ્યમથી જ જીવ હિતાહિતનો વિચાર કરી શકે છે. તત્વના સૂક્ષ્મ વિચારથી પ્રગટ થવાવાળો સમ્યક્ત્વરૂપ મોક્ષમાર્ગ મન વગર નથી થઈ શકતો.

આ વિષયનું સ્પષ્ટીકરણ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા-૩૦૭માં નિમ્ન રીતે આવેલ છે. મૂળ ગાથા તથા પં. જયચંદજી છાબડાકૃત અર્થ આ પ્રમાણે છે –

**चदुगदिभव्वो सण्णी, सुविसुद्धो जग्गमाणपज्जतो।**
**संसारतडे णियडो, णाणी पावेइ सम्मत्तं ॥**

"પહેલા તો ભવ્ય જીવ હોય, કારણ કે અભવ્યને સમ્યક્ત્વ થઈ શકતું નથી. ચારેય ગતિઓમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. પરંતુ મન સહિત(સંજ્ઞી) ને જ ઉત્પન્ન થાય છે. અસંજ્ઞીને ઉત્પન્ન નથી થઈ શકતું. તેમાં પણ વિશુધ્ધ પરિણામી હોય, શુભલેશ્યા[1] સહિત હોય, અશુભલેશ્યાઓ[2]માં પણ શુભલેશ્યાઓની જેમ કષાયોના સ્થાન હોય છે, તેને ઉપચારથી વિશુધ્ધ કહે છે. સંકલેશ પરિણામોમાં સમ્યક્ત્વ ઉત્પન્ન નથી થતું. જાગૃત અવસ્થામાં થાય છે, સૂતેલાને નથી થતું. પર્યાપ્ત ને થાય છે, અપર્યાપ્ત અવસ્થામાં નથી થતું. સંસાર નો કિનારો જેની નજદીક આવી ગયો છે, જે નિકટભવી છે, જેનું અર્ધપુદ્ગલ પરાવર્તનકાળથી વધારે સંસાર ભ્રમણ બાકી હોય, તેને સમ્યક્ત્વ ઉત્પન્ન નથી થતું. જ્ઞાની હોય અર્થાત્ સાકાર ઉપયોગવાન હોય, નિરાકાર દર્શન ઉપયોગીને સમ્યક્ત્વ ઉત્પન્ન નથી થતું. એવા જીવોને સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે."

(૨) મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી બધા જીવ બહિરાત્મા જ છે. આત્માને આત્મા ન માની શરીરરાદિ પરવસ્તુઓમાં જે મમત્વાદિ કરે છે, તેને બહિરાત્મા કહે છે. પ્રથમ ત્રણ ગુણસ્થાનવર્તી બધા બહિરાત્મા જ છે. બહિરાત્મા નિયમથી દુઃખી તો છે જ, તેઓને પાપી પણ કહે છે.

(૩) કુદેવ-કુગુરૂ-કુશાસ્ત્રના ઉપાસક બધા ગૃહીત મિથ્યાદ્રષ્ટિ જ હોય છે. રાગી-દ્વેષી દેવી-દેવતાઓના કોઈ ભક્તનો વિશેષ પુણ્યોદય હોય અને વચનાદિ ચતુરાઈથી બાહરમાં કુવેશ ધારણ કરીને અનેક લોકોનો ગુરૂ બની ગયો હોય, હજારો અને લાખો મોટા ધનવાન, રાજાદિક પણ તેના અનુયાયી થઈ ગયા હોય, તો પણ સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા અનુસાર તે મિથ્યાદ્રષ્ટિ, પાપી, બહિરાત્મા, સંસારમાર્ગી જ છે. એવા ગુરૂ નામધારી લોકોના પ્રભાવમાં આવવું મિથ્યાત્વભાવનું સ્પષ્ટ પોષણ કરવું જ છે.

દયા, સજ્જનતા, પરોપકાર, દેશસેવા તથા સામાજિક કાર્ય ઈત્યાદિ લૌકિક કારણોથી સમાજમાં શ્રેષ્ઠ થઈ જવું, યશ પ્રાપ્ત કરી લેવો અલગ

૧-૨ શુભ લેશ્યા હોય તો વર્ધમાન અને અશુભ લેશ્યા હોય તો હીયમાન હોવો જોઈએ.
ધવલા પુસ્તક ૬,પાનાનં.૨૦૭

વાત છે અને તત્ત્વજ્ઞ થઈ મોક્ષમાર્ગી થઈ જવું અલગ વાત છે. **આત્માર્થી, ધર્મમાર્ગીને લૌકિક યશ-પ્રતિષ્ઠા આદિથી કાંઈ પણ સંબંધ નથી.** લૌકિકમાં અતિશય મહાન વ્યક્તિ મિથ્યાદ્રષ્ટિ હોઈ શકે છે અને સમાજમાં જેને કોઈ ઓળખતું પણ નથી, એકદમ ઉપેક્ષિત હોય, તે પણ મોક્ષમાર્ગી હોઈ શકે છે. સંક્ષેપમાં એટલું સમજી લેવું જોઈએ કે **પૂર્વબધ્ધ પુણ્યોદયના કારણમાત્રથી કોઈ ધાર્મિક નથી થઈ શકતો.**

(૪) મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય ગર્ભકાળ સહિત આઠ વર્ષ સુધી મિથ્યાત્વ નષ્ટ કરવામાં અસમર્થ રહે છે. સંજ્ઞી, પંચેન્દ્રિય, પર્યાપ્ત તથા સંમૂર્છિમ તિર્યંચ અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ નષ્ટ કરવામાં અસમર્થ રહે છે. દેવ નારકી પણ અંતર્મુહૂર્ત સુધી મિથ્યાત્વ નષ્ટ કરવામાં અસમર્થ રહે છે. વિશિષ્ટ કાળ વ્યતીત થતાં વિશિષ્ટ પાત્રતા પછી પુરૂષાર્થપૂર્વક સમ્યક્દર્શનની પ્રાપ્તિ કરી શકે છે.

-૦-૦-૦-૦-

**ધવલા પુસ્તક ૧નો અંશ** (પાના નં. ૧૬૨-૧૬૩)

**સામાન્યથી ગુણસ્થાનની અપેક્ષા મિથ્યાદ્રષ્ટિ જીવ છે. ॥૯॥**

જિનેન્દ્રદેવ સર્વે પ્રાણીઓનો અનુગ્રહ કરવાવાળા હોય છે કારણ કે તેઓ વીતરાગી છે.

"મિથ્યાદ્રષ્ટિ જીવ છે." અહીંયા મિથ્યા, વિતથ, વ્યલીક (જૂઠ) અને અસત્ય આ એકાર્થ વાચી નામ છે. દ્દષ્ટિ શબ્દનો અર્થ દર્શન અથવા શ્રધ્ધાન છે. આનાથી એ તાત્પર્ય નિકળ્યું કે જે જીવોની વિપરીત, એકાંત, વિનય, સંશય અને અજ્ઞાનરૂપ મિથ્યાત્વ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી મિથ્યારૂપ દ્દષ્ટિ હોય છે. તેને મિથ્યા દ્રષ્ટિ જીવ કહે છે.

જેટલા પણ વચન-માર્ગ છે તેટલા જ નય-વાદ અર્થાત્ નયના ભેદ હોય છે અને જેટલા નયવાદ છે તેટલા જ પર-સમય (અનેકાંત-બાહ્ય-મત) હોય છે.

આ વચન અનુસાર મિથ્યાત્વના પાંચ જ ભેદ છે, એવો કોઈ નિયમ ન સમજવો જોઈએ, પરંતુ મિથ્યાત્વ પાંચ પ્રકારના છે, એ કહેવું ઉપલક્ષણમાત્ર છે અથવા મિથ્યા શબ્દનો અર્થ ખોટું અને દ્રષ્ટિ શબ્દનો અર્થ રૂચિ, શ્રધ્ધા કે પ્રત્યય છે. **માટે જે જીવોની રૂચિ અસત્યમાં હોય છે તેને મિથ્યાદ્રષ્ટિ કહે છે.**

મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી ઉત્પન્ન થવાવાળો મિથ્યાત્વભાવનો અનુભવ કરવાવાળો જીવ વિપરીત-શ્રધ્ધાવાળો હોય છે. જે રીતે પિત્તજ્વરથી યુક્ત જીવને મધુરરસ સારો નથી લાગતો તેજ રીતે તેને યથાર્થ ધર્મ સારો નથી લાગતો.

જે મિથ્યાત્વ કર્મના ઉદયથી તત્વાર્થના વિષયમાં અશ્રધ્ધાન ઉત્પન્ન થાય છે અથવા વિપરીત શ્રધ્ધાન થાય છે, તેને મિથ્યાત્વ કહે છે. તેના સંશયિત, અભિગૃહીત અને અનભિગૃહીત ત્રણ ભેદ છે.

## અધઃ કરણાદિના કાર્ય

૧) અનંતાનુબંધી કષાય ચતુષ્ટયની વિસંયોજનાના સમયે અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ આ ત્રણે કરણ નિયમથી હોય છે.

૨) ક્ષાયિક સમ્યક્ત્વ માટે અધઃકરણાદિ ત્રણે કરણ હોય જ છે.

૩) ઉપશમશ્રેણીના આરોહણ માટે અર્થાત ચારિત્ર મોહનીય કર્મોની ઉપશમતા માટે અધઃકરણાદિ ત્રણે કરણ હોય જ છે. સાતમાં સાતિશય અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં અધઃકરણ હોય છે. તથા આઠમા અને નવમાં ગુણસ્થાનના નામ જ શેષ બંને કરણોને અનુસાર છે.

૪) ક્ષપક શ્રેણીના આરોહણ માટે અર્થાત ચારિત્રમોહનીય કર્મોની ક્ષપણા / ક્ષય કરવા માટે અધઃ કરણાદિ ત્રણે કરણ હોય છે.

૫) જો પ્રશમોપશમ સમ્યક્ત્વથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવેલા જીવને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ શીઘ્ર પ્રાપ્ત કરવું હોય તો, તેને અધઃ કરણ અને અપૂર્વકરણ આ બંનેય કરણ હોય છે.

૬) દેશચારિત્ર અર્થાત દેશવિરત ગુણસ્થાનની પ્રાપ્તિ માટે અધઃકરણ અને અપૂર્વકરણ આ બંનેય કરણ આવશ્યક છે. મિથ્યાત્વ ગુણસ્થાનથી સીધા પાંચમાં દેશવિરત ગુણસ્થાનમાં ગમન કરવાવાળાને ત્રણે કરણ હોય છે.

૭) સકલચારિત્રની પ્રાપ્તિ અર્થે પણ પહેલું તથા બીજું બંનેય કરણ હોય છે. મિથ્યાત્વથી સીધા ઔપશમિક સમ્યક્ત્વની સાથે અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં પ્રવેશ કરવાવાળાને અધઃકરણાદિ ત્રણે કરણ હોય છે.

શ્રેણીના ગુણસ્થાનોની પહેલા ચારિત્ર માટે અલગ અધઃ કરણાદિ કરણ નથી હોતાં. સમ્યક્ત્વ માટે જે અધઃકરણાદિ કરણ હોય છે, તે જ સમય યથાસંભવ અવિરત સમ્યક્ત્વ, દેશચારિત્ર કે સકલચારિત્ર હોય છે. ઔપશમિક ચારિત્ર તથા ક્ષાયિક ચારિત્ર માટે જ શ્રેણીના આરોહણકાળમાં અધઃકરણાદિ ત્રણે કરણ હોય છે. આ રીતે ઉપર્યુકત પાંચ સ્થાનો પર જ અધઃકરણાદિ ત્રણ કરણ હોય છે.

(આધાર - લબ્ધિસાર તથા જયધવલા પ્રથમ પુસ્તક)

## ૨

## સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાન

બીજા ગુણસ્થાનનું નામ સાસાદનસમ્યક્ત્વ છે.

આ ગુણસ્થાન ઔપશમિક સમ્યક્ત્વની સાથે ઉપલા ગુણસ્થાનોથી નીચે પડવાના સમયે પતનકાળમાં પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૨૦**:- જો બીજું સાસાદન ગુણસ્થાન મિથ્યાત્વ ગુણસ્થાન પછી સીધું પ્રાપ્ત નથી થતું તો સાસાદન સમ્યક્ત્વ ગુણસ્થાનને બીજા નંબર પર કેમ કહ્યું છે ?

**ઉત્તર** :- સાસાદન સમ્યક્ત્વ ગુણસ્થાનને બીજા નંબર પર હોવાના કારણો નીચે પ્રમાણે છે :

૧. સાસાદન પરિણામ મિથ્યાત્વની નજીકના પરિણામ છે.

૨. સાસાદન ગુણસ્થાનથી જીવ નિયમથી મિથ્યાત્વમાં જ પ્રવેશ કરે છે.

૩. સાસાદન સમ્યક્ત્વ પરિણામ ન સમ્યક્રૂપ છે અને ન સમ્યક્ મિથ્યાત્વરૂપ છે. માટે તેને ઉપરના ચોથા કે ત્રીજા ગુણસ્થાનમાં ન રાખી શકીએ.

૪. આ પરિણામ વ્યક્ત મિથ્યાત્વરૂપ પણ નથી. તેથી પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં પણ ન રાખી શકાય. આ બધાં કારણોથી સાસાદનસમ્યક્ત્વને બીજા નંબરમાં જ રાખવામાં આવેલ છે.

સાસાદન ગુણસ્થાન તો ઉપરના ગુણસ્થાનથી નીચે પડવાથી પતનના કાળમાં જ થાય છે. સમ્યક્દર્શનરૂપી પર્વતશિખરથી પતિત અને મિથ્યાત્વરૂપી ભૂમિની તરફ નીચે પડવાવાળા જીવ ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ જ હોય છે.

ઔપશમિક સમ્યક્ત્વરૂપ શુદ્ધ પર્યાયને છોડવારૂપ જીવના અપરાધથી તથા અનંતાનુબંધી કષાયોમાંથી કોઈ એક કષાયના ઉદય ના નિમિત્તથી જીવને સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. અહીં મિથ્યાત્વ દર્શનમોહનીય કર્મનો ઉદય ન હોવા છતાં જીવ સમ્યક્ત્વથી રહિત થઈ

ગયો છે, એ વિષય સમજવો મહત્વપૂર્ણ છે.

**પ્રશ્ન ૨૧ :-** સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાન ઔપશમિક સમ્યક્ત્વીને જ કેમ થાય છે ? ક્ષાયિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને કેમ નથી થતું ?

**ઉત્તર :-** જે સમ્યક્દ્રષ્ટિની પાસે અનંતાનુબંધી કષાયની સત્તા હોય અને તેનો ઉદય પણ હોય તો જ તેને બીજું સાસાદાન ગુણસ્થાન બને છે.

**ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિના તો અનંતાનુબંધી કષાયોનો નાશ જ થઈ ગયો છે. અર્થાત્ તેને અનંતાનુબંધી કષાયની સત્તા જ નથી તો તેને અનંતાનુબંધી નો ઉદય કેવી રીતે થશે ? તેથી ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિને બીજું ગુણસ્થાન નથી હોતું.**

**ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિને અનંતાનુબંધી કષાયોની સત્તા તો છે, પરંતુ તેની અપ્રશસ્ત ઉપશમ કે વિસંયોજના થઈ છે, તેથી અનંતાનુબંધીનો ઉદય ન હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિને પણ બીજું ગુણસ્થાન નથી હોતું.**

ઔપશમિક સમ્યક્દ્રષ્ટિને મિથ્યાત્વના **અંતરકરણરૂપ ઉપશમ** થયેલ છે. આ કારણે ઉપશમ કાળ સુધી તો કદાચ જીવ ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ રહે છે અને ઉપશમ કાળમાંથી એક સમય કે છ આવલી કાળ શેષ રહેવા પર કદાચિત્ અનંતાનુબંધીનો ઉદય/ઉદીરણા થવાથી સમ્યક્ત્વની વિરાધના થઈ જવાથી તેને સાસાદન ગુણસ્થાન થઈ જાય છે.

આ સાસાદન સમ્યક્દ્રષ્ટિ જીવને અનંતાનુબંધી કષાય કર્મના ઉદયના નિમિત્તથી અનંતાનુબંધી કષાય ભાવ ઉત્પન્ન થવાથી તેના સમ્યક્ત્વની વિરાધના કહેલ છે, પરંતુ તે હમણાં મિથ્યાત્વ પરિણામને પ્રાપ્ત નથી થયો, તેથી તેને સાસાદનસમ્યક્ત્વી કહે છે. સ + આસાદન = સાસાદન.

સ = સહિત, આસાદન = વિરાધના, નાશ. આ પ્રકારે સાસાદન શબ્દનો અર્થ **સમ્યક્ત્વનો નાશ કરવાવાળું** થાય છે.

**પ્રશ્ન ૨૨ :-** સમ્યક્ત્વનો નાશ થયો છે, પરંતુ મિથ્યાત્વ પરિણામને પ્રાપ્ત નથી થયો, તે કેવી રીતે શક્ય છે ? તે જીવ વચમાં ક્યાં અટકી જાય છે ?

**ઉત્તર :-** સામાન્યરૂપથી જોઈએ તો જીવ કાં તો મિથ્યાદ્રષ્ટિ હોય છે અથવા સમ્યક્દ્રષ્ટિ. પરંતુ કરણાનુયોગ શ્રદ્ધાગુણની છ પર્યાયોને સ્વીકાર કરે છે. **જેમ કે** - (૧) મિથ્યાત્વ (૨) સાસાદનસમ્યક્ત્વ (૩)

સમ્યક્મિથ્યાત્વ (૪) ઔપશમિક સમ્યક્ત્વ (૫) ક્ષાયોપશમિકસમ્યક્ત્વ અને (૬) ક્ષાયિકસમ્યક્ત્વ. આ કારણ થી સાસાદનસમ્યક્ત્વ અને સમ્યક્ મિથ્યાત્વ ગુણસ્થાનોની સિદ્ધિ થઈ જાય છે.

આચાર્યશ્રી નેમિચંદ્ર દેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૯માં સાસાદન સમ્યક્ત્વ ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે કરેલ છે -

**आदिमसम्मत्तद्धा समयादो छावलि त्ति वा सेसे।**
**अणअण्णदरूदयादो णासियसम्मो त्ति सासणक्खो सो॥**

**"પ્રથમોપશમ સમ્યક્ત્વના અંતઃમુર્હૂત કાળમાંથી જ્યારે જઘન્ય એક સમય અથવા ઉત્કૃષ્ટ છ આવલી પ્રમાણ કાળ બાકી રહે, તેટલા કાળમાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઈ એક કષાયના ઉદયમાં આવવાથી સમ્યક્ત્વની વિરાધના થવાથી શ્રદ્ધાની જે અવ્યક્ત અતત્વશ્રદ્ધાનરૂપ પરિણતિ થાય છે, તેને સાસન અથવા સાસાદન ગુણસ્થાન કહે છે."**

શ્રી ગુણધરાચાર્ય અને શ્રી યતિવૃષભાચાર્યના મતાનુસાર દ્વિતીયોપશમ સમ્યક્ત્વી પણ બીજાં ગુણસ્થાનમાં આવે છે.

અહીં પરિભાષામાં જે શ્રદ્ધાની અવ્યકત અતત્વ શ્રદ્ધાનરૂપ પરિણતિની વાત કહી છે, તેને દર્શનમોહજનિત મિથ્યાત્વરૂપ પરિણતિ ન કહી શકાય, કારણ કે શ્રદ્ધાની વિપરીત પરિણતિ અવ્યકત છે. અતત્વશ્રદ્ધાનની પરિણતિ વ્યકત થતાં જ મિથ્યાત્વી થઈ જાય છે. ઔપશમિક સમ્યક્ત્વની વિરાધના થવાથી સાસાદન ગુણસ્થાન ઉત્પન્ન થયું છે.

**પ્રશ્ન ૨૩ :-** ઔપશમિક સમ્યક્ત્વની વિરાધનામાં કોઈ કર્મનો ઉદય નિમિત્ત છે કે નથી ?

**ઉત્તર :-** અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભમાંથી કોઈ એક કષાય કર્મના ઉદયના નિમિત્તથી ઔપશમિક સમ્યક્ત્વની વિરાધના થઈ જાય છે.

**પ્રશ્ન ૨૪ :-** સમ્યક્ત્વની વિરાધના(નાશ) તો મિથ્યાત્વ કર્મના ઉદયથી થાય છે. આપ અનંતાનુબંધી કષાયના ઉદયથી ઔપશમિક સમ્યક્ત્વની વિરાધના થાય છે, એમ શા માટે કહો છો ?

**ઉત્તર :-** સમ્યક્ત્વની વિરાધના મિથ્યાત્વથી થાય છે. - આ સામાન્ય

કથન છે. અહીં કરણાનુયોગની વિવક્ષાથી વિશેષ કથન કર્યું છે. કરણાનુયોગ અનુસાર અનંતાનુબંધી કષાયનો ઉદય પણ સમ્યક્ત્વના નાશમાં નિમિત્ત છે.

**આચાર્યશ્રી વીરસેનસ્વામીએ ધવલા પુસ્તક એક - પાના નં. ૧૭૨ પર અનંતાનુબંધી કષાયને દ્વિસ્વભાવી કહેલ છે. અર્થાત્ અનંતાનુબંધી** કષાય સમ્યક્ત્વ અને સમ્યક્ત્વાચરણ ચારિત્ર- બંનેનો ઘાત કરવામાં નિમિત્ત છે. આ કારણથી ઉપર અનંતાનુબંધીના પણ ઉદયથી ઔપશમિક સમ્યક્ત્વની વિરાધના થાય છે. - એમ કહેવામાં આવ્યું છે. આ વિષયમાં ધવલાજીનું મૂળ કથન આ પ્રમાણે છે-

**दंसण - चरण गुणघाई चत्तारि अणंताणुबंधि पयडीओ**

અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયના ઉદય પ્રવાહને અનંત કરવારૂપ કાર્ય અનંતાનુબંધી કષાય કરે છે. (ધવલા પુસ્તક - ૬ પાનું -૪૩)

અનંતાનુબંધી કષાયનો ઉદય ક્યારે થાય છે ? આ રીતે કાળની અપેક્ષાથી પ્રશ્ન પુછવામાં આવે તો આ પરિભાષામાં જ તેનો સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો છે. જ્યારે ઔપશમિક સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત કાળમાંથી જઘન્ય એક સમય, બે, ત્રણ, ચાર, પાંચ સમય અથવા છ આવલી કાળ શેષ રહે અને અનંતાનુબંધી કષાયનો ઉદય આવે તો સાસાદન ગુણસ્થાન થાય છે.

સાસાદન ગુણસ્થાનને સાસન સમ્યક્ત્વ પણ કહે છે. સાસનનો શબ્દાર્થ આ પ્રકારે છે. સ = સહિત, અસન = સમ્યક્ત્વની વિરાધના. સ+અસન = સાસન. સાસન સમ્યક્ત્વ = સમ્યક્ત્વવિરાધક પરિણામ.

સમયસાર નાટક ચતુર્દશ ગુણસ્થાનાધિકારમાં સાસાદન ગુણસ્થાનનું કથન ૨૦માં છંદમાં કર્યું છે. તેનો અભિપ્રાય એમ છે કે - "જેવી રીતે કોઈ ભૂખ્યો મનુષ્ય સાકર મેળવેલી ખીર ખાય અને ઉલ્ટી થયા પછી તેનો કિંચિત્ માત્ર સ્વાદ લેતો રહે.

તેવી રીતે ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાન સુધી ચડેલા કોઈ ઉપશમી સમ્યક્ત્વીને અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે તો તે જ સમયે ત્યાંથી તે મિથ્યાત્વમાં પડે છે. તે પડવાની અવસ્થામાં જઘન્ય એક સમય અને વધારેમાં વધારે છ આવલી સુધીમાં જે દૂષિત થયેલા સમ્યક્ત્વનો કિંચિત્ સ્વાદ મળે છે તે સાસાદન ગુણસ્થાન છે."

સાસાદનની સંક્ષિપ્ત પરિભાષા કરીએ તો **સમ્યક્ત્વ વિરાધક પરિણામ જ સાસન ગુણસ્થાન છે. સમ્યક્ત્વ વિરાધક જીવની સમ્યક્ત્વરૂપી રત્નપર્વતશિખરથી પતિત મિથ્યાત્વરૂપી ભૂમિની સન્મુખ દશાને સાસન અથવા સાસાદનગુણસ્થાન કહે છે.**

આ ગુણસ્થાનની પરિભાષામાં જે સમ્યક્ત્વને રત્નપર્વતની ઉપમા આપી છે, તેનો અભિપ્રાય એ છે કે જેવીરીતે રત્નપર્વત અનેક રત્નોને ઉત્પન્ન કરવાવાળો અને ઉન્નત સ્થાન પર પહોંચાડવાવાળો છે, તેવી જ રીતે સમ્યક્ત્વ પણ કેવળજ્ઞાનાદિ અનેક ગુણરત્નોને ઉત્પન્ન કરવાવાળો અને બધાંથી ઉન્નત મોક્ષસ્થાન પર પહોંચાડવાવાળો છે.

**પ્રશ્ન ૨૫ :-** સાસાદનગુણસ્થાનવર્તી જીવ વિપરીત અભિપ્રાયથી દૂષિત છે, માટે તેને સાસાદનસમ્યક્ત્વ ન કહેવું જોઈએ.

**ઉત્તર :-** અહીં સમ્યક્ત્વ કહેવાનું કારણ માત્ર એ છે કે તે પહેલાં સમ્યક્ત્વી હતો. માટે ભૂતનૈગમનયની અપેક્ષાએ તેને સમ્યક્ત્વની સંજ્ઞા બની જાય છે. તે કાળ પણ હજી સમ્યક્ત્વનો ચાલી રહ્યો છે તથા દર્શનમોહનીયનો અહીં ઉપશમ જ છે. જેમ પરીક્ષાર્થીને પેપર લખવાનો સમય ત્રણ કલાકનો છે અને કોઈ વિદ્યાર્થી બે કલાકમાં પેપર લખી ચાલ્યો જાય તો પણ શેષ એક કલાકનો કાળ પેપરનો કાળ જ કહેવામાં આવશે.

**ચારિત્ર અપેક્ષાએ વિચારઃ**

આ સાસાદનગુણસ્થાનમાં શ્રદ્ધા યથાર્થ ન હોવાથી જ્ઞાન, ચારિત્ર આદિ સર્વગુણોનું પરિણમન મિથ્યાત્વરૂપ જ થાય છે.

ચારિત્ર આદિ સર્વગુણ તથા જીવાદિ દ્રવ્ય તો સ્વભાવથી અનાદિ અનંત શુદ્ધ જ છે. ગુણોમાં તથા દ્રવ્યમાં મિથ્યા અથવા સમ્યક્પણાંનો કોઈ પ્રશ્ન જ નથી. મિથ્યા કે સમ્યક્પણું અથવા શુદ્ધતા કે અશુદ્ધતા તો પર્યાયમાં જ આવે છે, તે પર્યાય ધર્મ છે.

**જો દ્રવ્યો અથવા ગુણોમાં મિથ્યાત્વપણું કે અશુદ્ધતા આવી જાય અથવા સ્વભાવથી દ્રવ્ય કે ગુણ અશુદ્ધ થઈ જાય તો તે તેનો સ્વભાવ થઈ જશે. ત્યારે ફરી તેને શુદ્ધ થવાનો કોઈ ઉપાય જ ન થઈ શકે. તેથી અનાદિથી સર્વ દ્રવ્ય અથવા પ્રત્યેક ગુણ સ્વભાવથી શુદ્ધ જ છે, એવું સ્વીકાર કરવું જોઈએ. સર્વજ્ઞ ભગવંતોની દિવ્યધ્વનિમાં દ્રવ્ય અને ગુણોને સદાય શુદ્ધ જ**

કહેવામાં આવ્યા છે.

**કાળ અપેક્ષા વિચાર :**

**જઘન્ય કાળ :** આ ગુણસ્થાનનો જઘન્ય કાળ માત્ર એક સમય છે. અર્થાત્ કોઈ જીવ છઠ્ઠા આદિ ગુણસ્થાનમાંથી ઔપશમિક સમ્યક્ત્વની સાથે પડીને આ સાસાદન ગુણસ્થાનમાં આવી જાય તો તે ઓછા માં ઓછા આ ગુણસ્થાનમાં માત્ર **એક સમય** રહી શકે છે. ત્યારબાદ તે નિયમથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં ગમન કરે છે.

**ઉત્કૃષ્ટ કાળ :** જો કોઈ જીવ આ સાસાદન ગુણસ્થાનમાં વધારેમાં વધારે કાળ સુધી રહે તો માત્ર છ આવલી સુધી જ રહી શકે છે. ત્યારબાદ નિયમથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે. તેથી તેનો ઉત્કૃષ્ટકાળ છ આવલી છે.

**મધ્યમ કાળ :** બે, ત્રણ, ચાર, પાંચ સમયથી લઈને એક આવલી બે-ત્રણ - ચાર - પાંચ આવલીથી વધારે એક સમય, બે સમયથી લઈ ત્રણ - ચાર- પાંચ અને છેવટનો એક સમય ઓછો છ આવલી સુધીના સર્વ ભેદ સાસાદનસમ્યક્ત્વના મધ્યકાળના ભેદ હોઈ શકે છે.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** સાસાદન સમ્યક્દ્રષ્ટિ જીવ નિયમથી નીચે મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે. મિશ્ર, અવિરતસમ્યક્ત્વ આદિ ઉપરના ગુણસ્થાનોમાં સાસાદન સમ્યક્દ્રષ્ટિનું ગમન નથી થતું, કારણ કે તેનું મુખ જ મિથ્યાત્વની તરફ થઈ ગયું હોય છે. આ કારણે તેની પર્યાયગત પાત્રતા જ માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ પ્રવેશ કરવાની છે.

જેમ વૃક્ષ પરથી ફળ નીચે પડી રહ્યું હોય તો તે નીચે નિયમથી જમીન પર પડશે જ. વચ્ચેના અંતરાલ કાળથી તે પાછો વૃક્ષ પર ન જઈ શકે.

તેમજ સાસાદનસમ્યક્ત્વી જીવ સમ્યક્ત્વથી છૂટી ગયો છે. મિથ્યાત્વ સન્મુખ થઈ ગયો છે. હવે સાસાદનથી જ ઉપરના ગુણસ્થાનમાં જવાનો તેને અવસર નથી. હવે તો મિથ્યાદ્રષ્ટિ થવું જ અનિવાર્ય છે. પછી મિથ્યાત્વ ગુણસ્થાનથી યથાસંભવ ઉપરના ગુણસ્થાનમાં ફરીથી પુરૂષાર્થ કરવાથી ગમન કરવો સંભવ છે.

**આગમન :** (૧) ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી મહાપુરૂષ સીધા સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાનમાં આવી શકે છે.

(૨) ઔપશમિક સમ્યક્દ્રષ્ટિના દેશવિરત ગુણસ્થાનથી અર્થાત્ વ્રતી શ્રાવક અવસ્થાથી સીધા સાસાદન સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આવવું થઈ શકે છે.

(૩) ઔપશમિક સમ્યક્દ્રષ્ટિના અવિરતસમ્યક્ત્વ નામના ચોથા ગુણસ્થાનથી પણ સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાનમાં આવવું સંભવ છે, કારણ કે ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ જ સાસાદનસમ્યક્ત્વી થઈ શકે છે, અન્ય સમ્યક્દ્રષ્ટિ નહીં, આ અફર નિયમ છે.

**વિશેષ અપેક્ષા વિચાર:** (૧) જો સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાનમાં રહેતા થકા જીવનું મરણ થાય છે, તો તે જીવ મરણોપરાંત નરકગતિમાં જતો નથી, કારણ કે સાસાદન સમ્યક્ત્વનો કાળ ઔપશમિક સમ્યક્ત્વનો કાળ છે અને સમ્યક્દ્રષ્ટિ જીવ (પૂર્વમાં આયુનો બંધ ન થયો હોય તો) નરકમાં જતો જ નથી - આ નિયમ છે.

(૨) તીર્થંકર અને આહારકદ્વિકની સત્તા સહિત જીવ સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાનમાં જતો જ નથી.

આહારક શરીર અને આહારાક અંગોપાંગ નામકર્મ - બંનેને આહારકદ્વિક કહે છે. આહારક ઋધ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજને જિનવાણીના અધ્યયનમાં કોઈ પ્રકારની શંકા ઉત્પન્ન થવાથી અથવા જિનાલયની વંદના કરવા માટે તેના મસ્તકમાંથી એક હાથ પ્રમાણ સ્વચ્છ, શ્વેત, સપ્તધાતુરહિત પુરૂષાકાર પુતળું નીકળે છે, તેને આહારક શરીર કહે છે.

છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજ ને પ્રયોજનભૂત સાત તત્વ અને દ્રવ્ય -ગુણ -પર્યાય સંબંધી શંકા નથી હોતી, કારણ કે આ વિષયોનો યથાર્થ નિર્ણય તો સમ્યક્દર્શનની પ્રાપ્તિના પૂર્વે જ થઈ જાય છે. જિનવાણી અગાધ છે અને મુનિરાજોનું ક્ષાયોપશમિક જ્ઞાન તો સીમિત જ હોય છે. તેથી અપ્રયોજનભૂત અનેક વિષયોના સંબંધમાં પ્રશ્ન તો થઈ જ શકે છે, તેના સહજ સમાધાન માટે આ પ્રક્રિયા સંપન્ન થાય છે.

આહારકદ્વિકની સત્તાવાળા મુનિરાજ વિશિષ્ટ પરિણામના ધારક હોય છે. તેથી તે આ સાસાદન સમ્યક્ત્વ ગુણસ્થાનમાં નથી આવતાં, એમ સમજવું જોઈએ.

(૩) દ્વિતિય ગુણસ્થાનવર્તી જીવના સાસાદન સમ્યક્ત્વરૂપ ભાવ/પરિણામને પારિણામિકભાવ પણ કહે છે, કારણ કે જીવના જે પરિણામ કર્મના ઉદય,

ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમની અપેક્ષાથી રહિત હોય છે, તેને પારિણામિક ભાવ કહે છે. આ પરિભાષા અનુસાર સાસાદન સમ્યક્ત્વરૂપ પરિણામ દર્શનમોહનીય કર્મના ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમની અપેક્ષા વગર જ થાય છે. તેથી દર્શનમોહનીય કર્મની અપેક્ષાએ આ બીજા ગુણસ્થાનના ભાવને પારિણામિક ભાવ પણ કહે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને ચોથા ગુણસ્થાન સુધીના ચાર ગુણસ્થાન દર્શનમોહનીય કર્મની અપેક્ષાથી છે. બીજા ગુણસ્થાનમાં દર્શનમોહનીયના ઉદયાદિની અપેક્ષા નથી, તેથી દર્શનમોહનીય કર્મની અપેક્ષાથી અહીં પારિણામિકપણું ઘટિત થાય છે. જ્યાં જે અપેક્ષાએ કથન કરેલ હોય, ત્યાં તે અપેક્ષાથી સમજી લેવું જોઈએ.

- સાસાદન ગુણસ્થાનનો કાળ ઔપશમિક સમ્યક્ત્વનો જ કાળ છે.
- મિથ્યાત્વદર્શનમોહનીય પરિણામના નિમિત્તથી પ્રથમ ગુણસ્થાનમાં બંધાવવાવાળી ૧૬ કર્મ પ્રકૃતિઓનો અહીં બંધ નથી થતો.
- અનંતાનુબંધી કષાયરૂપ ઔદયિક પરિણામોથી બંધાવા યોગ્ય ૨૫ પ્રકૃતિઓનો અહીં બંધ થાય છે.

પંડિતપ્રવર ટોડરમલજીના સાસાદન ગુણસ્થાન સંબંધી સૂક્ષ્મ ચિંતન પણ વિશેષ મહત્વનું છે. તેથી તેમના જ શબ્દો અહીં આલંકિત કરીએ છીએ. (પૃષ્ઠ ૩૩૬)

"અહીં પ્રશ્ન છે કે અનંતાનુબંધી તો ચારિત્રમોહની પ્રકૃતિ છે. તેથી ચારિત્રનો ઘાત કરે, તેનાથી સમ્યક્ત્વનો ઘાત કઈ રીતે સંભવ છે?

**સમાધાન** : અનંતાનુબંધીના ઉદયથી ક્રોધાદિરૂપ પરિણામ થાય છે, કાંઈ અતત્વશ્રદ્ધાન નથી થતું, માટે અનંતાનુબંધી ચારિત્રનો જ ઘાત કરે છે, સમ્યક્ત્વનો ઘાત નથી કરતા. તેથી પરમાર્થથી તો આમ જ છે, પરંતુ અનંતાનુબંધીના ઉદયથી જેવા ક્રોધાદિક થાય છે, તેવા ક્રોધાદિક સમ્યક્ત્વ થવાથી નથી થતાં - એવું નિમિત્ત - નૈમિત્તિકપણું જોવામાં આવે છે. જેમ કે - ત્રસપણાની ઘાતક તો સ્થાવર પ્રકૃતિ જ છે, પરંતુ ત્રસપણું થતાં એકેન્દ્રિય જાતિપ્રકૃતિનો પણ ઉદય થતો નથી. માટે ઉપચારથી એકેન્દ્રિય પ્રકૃતિને પણ ત્રસપણાનું ઘાતકપણું કહેવામાં આવે તો દોષ નથી. તે જ **પ્રકારે સમ્યક્ત્વનો ઘાતક તો દર્શનમોહ છે, પરંતુ સમ્યક્ત્વ થવાથી અનંતાનુબંધી કષાયોનો પણ ઉદય નથી થતો, માટે ઉપચારથી**

**અનંતાનુબંધીને પણ સમ્યક્ત્વનું ઘાતકપણું કહેવામાં આવે તો દોષ નથી.**

અહીં ફરી પ્રશ્ન છે કે અનંતાનુબંધી સમ્યક્ત્વનો ઘાત નથી કરતા તો તેનો ઉદય થવાથી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થઈ સાસાદન ગુણસ્થાનને કેવી રીતે પ્રાપ્ત કરે છે? (પાનું ૩૩૭)

**સમાધાન :** જેમ કોઈ મનુષ્યના મનુષ્યપર્યાયના નાશનું કારણ તીવ્ર રોગ પ્રગટ થયો હોય, તેને મનુષ્યપર્યાયને છોડવાવાળો કહીએ છીએ. તથા મનુષ્યપર્યાય દૂર થઈ દેવાદિપર્યાય થઈ, તે તો રોગ અવસ્થામાં નથી થઈ. અહીં મનુષ્યનું જ આયુ છે. તે જ રીતે સમ્યક્ત્વીના સમ્યક્ત્વના નાશનું કારણ અનંતાનુબંધીનો ઉદય પ્રગટ થયો, તેને સમ્યક્ત્વનો વિરોધક સાસાદન કહ્યું. તથા સમ્યક્ત્વનો અભાવ થવાથી મિથ્યાત્વ થાય છે, તે તો સાસાદનમાં નથી થયું. અહીં ઉપશમસમ્યક્ત્વનો જ કાળ છે - એમ જાણવું.

આ રીતે અનંતાનુબંધી ચતુષ્ટયની સમ્યક્ત્વ થવાથી અવસ્થા થતી નથી. માટે સાત પ્રકૃતિઓના ઉપશમાદિકથી પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ કહેવામાં આવે છે."

### ધવલા પુસ્તક ૧ નો અંશ (પાનાનં ૧૬૪)

**સામાન્યથી સાસાદન સમ્યક્દ્રષ્ટિ જીવ છે ॥૧૦॥**

સમ્યક્ત્વની વિરાધનાને આસાદન કહે છે. જે આ આસાદન થી યુક્ત છે, તેને સાસાદન કહે છે. કોઇ એક અનંતાનુબંધી કષાયના ઉદય થી જેનું સમ્યક્દર્શન નષ્ટ થઇ ગયું છે. પરંતુ જે મિથ્યાત્વ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ મિથ્યાત્વરૂપ પરિણામોને પ્રાપ્ત નથી થયો છતાં પણ મિથ્યાત્વ ગુણસ્થાનની સન્મુખ છે, તેને સાસાદન કહે છે.

**શંકા 1 :** સાસાદન ગુણસ્થાનવાળો જીવ મિથ્યાત્વ કર્મનો ઉદય ન હોવાથી મિથ્યાદ્રષ્ટિ નથી, સમીચીન (યથાર્થ) રૂચિનો અભાવ થવાથી સમ્યક્દ્રષ્ટિ પણ નથી તથા આ બંનેને વિષય કરવાવાળી સમ્યક્મિથ્યાત્વરૂપ રૂચિનો અભાવ હોવાથી સમ્યક્મિથ્યાદ્રષ્ટિ પણ નથી. આના સિવાય અન્ય કોઇ ચોથી દ્રષ્ટિ છે નહી, કારણ કે સમીચીન, અસમીચીન અને ઉભયરૂપ દ્રષ્ટિના અવલંબનભૂત વસ્તુની

સિવાય બીજી કોઇ વસ્તુ જોવામાં આવતી નથી. માટે સાસાદન ગુણસ્થાન અસત્સ્વરૂપ જ છે. અર્થાત્ સાસાદન નામનું કોઈ સ્વતંત્ર ગુણસ્થાન ન માનવું જોઇએ?

**સમાધાન** - એવું નથી, કારણ કે સાસાદન ગુણસ્થાનમાં વિપરીત અભિપ્રાય હોય છે. માટે તેને અસતદ્રષ્ટિ જ સમજવું જોઇએ.

**શંકા 2 :** જો એવું છે તો તેને મિથ્યાદ્રષ્ટિ જ કહેવું જોઇએ, સાસાદન સંજ્ઞા આપવી ઉચિત નથી.

**સમાધાન** - ના, કારણ કે **સમ્યક્દર્શન અને સ્વરૂપાચરણ ચારિત્રનો પ્રતિબંધ કરવાવાળા અનંતાનુબંધી કષાયના ઉદયથી ઉત્પન્ન થયેલ વિપરીતાભિનિવેશ બીજા ગુણસ્થાનમાં જોવામાં આવે છે, માટે બીજા ગુણસ્થાનવર્તી જીવ મિથ્યાદ્રષ્ટિ છે. પરંતુ મિથ્યાત્વકર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ વિપરીતાભિનિવેશ ત્યાં જોવામાં નથી આવતો. માટે તેને મિથ્યાદ્રષ્ટિ નથી કહેતાં, પરંતુ સાસાદન સમ્યક્દ્રષ્ટિ કહે છે.**

**શંકા 3 :** પૂર્વના કથનાનુસાર જયારે તે મિથ્યાદ્રષ્ટિ જ છે તો પછી તેને મિથ્યાદ્રષ્ટિ સંજ્ઞા કેમ આપવામાં નથી આવી ?

**સમાધાન :** - એવું નથી, કારણ કે સાસાદન ગુણસ્થાનને સ્વતંત્ર કહેવાથી અનંતાનુબંધી પ્રકૃતિઓની દ્વિસ્વભાવતાનું કથન સિધ્ધ થઇ જાય છે.

**વિશેષાર્થઃ** - સાસાદન ગુણસ્થાનને સ્વતંત્ર માનવાનું ફળ જે અનંતાનુબંધીની દ્વિસ્વભાવતા બતાવવામાં આવી છે, તે દ્વિસ્વભાવતા બે પ્રકારથી થઇ શકે છે. એક તો અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વ અને ચારિત્ર આ બંનેની પ્રતિબંધક માનવા આવે છે અને એજ તેની દ્વિસ્વભાવતા છે. આ કથનની પુષ્ટી અહીંયા સાસાદન ગુણસ્થાનને સ્વતંત્ર માનીને કરવામાં આવી છે. બીજું, અનંતાનુબંધી જે રીતે સમ્યક્ત્વના ઘાત (નાશ) કરવામાં મિથ્યાત્વ પ્રકૃતિનું કામ કરે છે, તે જ રીતે તે મિથ્યાત્વના ઉત્પાદનમાં મિથ્યાત્વપ્રકૃતિનું કામ નથી કરતી. આ રીતની દ્વિસ્વભાવતાને સિધ્ધ કરવા માટે સાસાદન ગુણસ્થાનને સ્વતંત્ર માનેલ છે.

દર્શનમોહનીય ના ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ થી જીવોના સાસાદનરૂપ પરિણામ તો ઉત્પન્ન થતાં નથી, જેનાથી કે સાસાદન ગુણસ્થાનને મિથ્યાદ્રષ્ટિ, સમ્યક્દ્રષ્ટિ અથવા સમ્યક્ મિથ્યાદ્રષ્ટિ કહેવામાં આવે. તથા જે અનંતાનુબંધીના ઉદયથી બીજા ગુણસ્થાનમાં

વિપરીતાભિનિવેશ હોય છે, તે અનંતાનુબંધી દર્શનમોહનીયનો ભેદ ન હોઇને ચારિત્ર ને આવરણ કરવાવાળો હોવાથી ચારિત્રમોહનીયનો ભેદ છે. માટે બીજા ગુણસ્થાનને મિથ્યાદ્રષ્ટિ ન કહીને સાસાદન સમ્યક્દ્રષ્ટિ કહ્યું છે.

**શંકા 4 :** અનંતાનુબંધી સમ્યક્ત્વ અને ચારિત્ર આ બંને નો પ્રતિબંધક હોવાથી તેને ઉભયરૂપ (સમ્યક્ત્વચારિત્રમોહનીય) સંજ્ઞા આપવી ન્યાયસંગત છે?

**સમાધાન :** આ આરોપ બરાબર નથી, કારણ કે આ તો આપણને ઈષ્ટ જ છે. અર્થાત અનંતાનુબંધી ને સમ્યક્ત્વ અને ચારિત્ર આ બંનેના પ્રતિબંધક માનેલા જ છે. છતાં પણ પરમાગમમાં મુખ્યનયની અપેક્ષાએ આ પ્રકારનો ઉપદેશ નથી આપવામાં આવ્યો.

સાસાદન ગુણસ્થાન વિવક્ષિત કર્મના અર્થાત દર્શનમોહનીયના ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ વગર ઉત્પન્ન થાય છે, માટે એ પારિણામિક છે. સાસાદન જે સમ્યક્દ્રષ્ટિ, તે સાસાદનસમ્યક્દ્રષ્ટિ છે.

**શંકા 5:** સાસાદન ગુણસ્થાન વિપરીત અભિપ્રાયથી દૂષિત છે, માટે તેને સમ્યક્દ્રષ્ટિપણું કઇ રીતે હોઇ શકે?

**સમાધાન :** ના, કારણ કે પ્રથમ તે સમ્યક્દ્રષ્ટિ હતો, માટે ભૂતપૂર્વ ન્યાયની અપેક્ષાએ તેની સમ્યક્દ્રષ્ટિ સંજ્ઞા થઇ જાય છે. કહ્યું પણ છે:-

સમ્યક્દર્શનરૂપી રત્નગિરિના શિખર પરથી પડીને જે જીવ મિથ્યાત્વરૂપી ભૂમિની અભિમુખ (સન્મુખ) છે, તથા જેનું સમ્યક્દર્શન નષ્ટ થઇ ગયું છે, પરંતુ મિથ્યાદર્શનની પ્રાપ્તિ નથી થઇ, તેને સાસન અર્થાત્ સાસાદનગુણસ્થાનવર્તી સમજવો જોઇએ.

-o-o-o-o-

## ③

## સમ્યક્‌મિથ્યાત્વ (મિશ્ર) ગુણસ્થાન

ત્રીજા ગુણસ્થાનનું નામ સમ્યક્‌મિથ્યાત્વ અથવા મિશ્રગુણસ્થાન છે. આ ગુણસ્થાનના નામથી જ આપણા મનમાં એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૨૬ :-** જે લોકો સાચા અને જૂઠા બંને પ્રકારના દેવ, શાસ્ત્ર અને ગુરૂને સમાન માને છે, તે જ સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ છે અથવા અન્ય છે ?

**ઉત્તર :-** જે લોકો સાચા અને જૂઠા દેવ, શાસ્ત્ર અને ગુરૂને સમાન પૂજનીય તથા કલ્યાણકારી માને છે, તે તો સાક્ષાત ગૃહીત મિથ્યાદ્રષ્ટિ જ છે. તેમનું તો મિથ્યાત્વ ગુણસ્થાન જ છે. તેમને તો સાચા દેવ, શાસ્ત્ર, ગુરૂનો પણ નિર્ણય નથી. તેઓ સાચા-ખોટાનો નિર્ણય કરવા માટે વિચાર પણ નથી કરી રહ્યા. તેઓને ત્રીજું ગુણસ્થાન ન હોઈ શકે. ત્રીજું ગુણસ્થાન તો તેને હોય છે, જે એકવાર સમ્યક્‌દ્રષ્ટિ થઈ ગયા હોય.

જે જીવે એકવાર સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું હોય અને ફરી મિથ્યાદ્રષ્ટિ થઈ ગયો હોય, તેને સાદી મિથ્યાદ્રષ્ટિ કહે છે.

જ્યારે અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ ઔપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે ત્યારે તે જીવના મિથ્યાત્વ કર્મના ત્રણ ટુકડા થવાને કારણ દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારના થઈ જાય છે. (૧) મિથ્યાત્વ (૨) સમ્યક્‌મિથ્યાત્વ (૩) સમ્યક્‌પ્રકૃતિ. તેથી જેની પાસે સમ્યક્‌મિથ્યાત્વ દર્શનમોહનીય કર્મની સત્તા હોય અને તેનો ઉદય આવી જાય તો જ તેને ત્રીજું ગુણસ્થાન હોય છે.

**પ્રશ્ન ૨૭ :-** જે જીવને સમ્યક્‌મિથ્યાત્વ કર્મની સત્તા અર્થાત્ અસ્તિત્વ તથા ઉદય ન હોય તો શું તે જીવને ત્રીજું ગુણસ્થાન ન હોઈ શકે ?

**ઉત્તર :-** જે જીવની પાસે સમ્યક્‌મિથ્યાત્વ કર્મની સત્તા અર્થાત્ અસ્તિત્વ છે, તે જીવને સમ્યક્‌મિથ્યાત્વ ગુણસ્થાન નિયમથી હોય જ છે - એવો કારણ -કાર્ય સંબંધ તો છે જ નહીં. નિયમ એવો જરૂર છે કે જે-જે જીવની શ્રધ્ધામાં સમ્યક્ - મિથ્યાપણું આવે છે, તેને સમ્યક્‌મિથ્યાત્વ દર્શન

મોહનીય કર્મનો ઉદય હોય છે.

જીવના પરિણામમાં કર્મનો ઉદય નિમિત્ત માત્ર છે. કર્મ જીવના પરિણામને કરતો - કરાવતો નથી - એવું બિલ્કુલ નથી. જો કર્મ જીવના પરિણામને કરાવતો હોય તો તેને બળવાન કહેવું સંભવ હોત, પરંતુ કર્મમાં એવી કાંઈ શક્તિ જ નથી. તેથી કર્મ બળવાન નથી, જીવ જ પોતાના સારા-ખરાબ પરિણામોનો કર્તા છે.

**પ્રશ્ન ૨૮ :-** એક જીવમાં એક સાથે સમ્યક્‌ અને મિથ્યારૂપ દ્રષ્ટિ સંભવ નથી, કારણ કે આ બંને દ્રષ્ટિઓનો એક જીવમાં એક સાથે રહેવામાં વિરોધ આવે છે. આ બંને દ્રષ્ટિઓ એક જીવમાં ક્રમશ રહે છે, તેથી તેનું સમ્યક્ત્વ અને મિથ્યાદ્રષ્ટિ નામના ગુણસ્થાનમાં અંતર્ભાવ થઈ જશે. માટે સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ નામનું ત્રીજું ગુણસ્થાન થતું નથી.

**ઉત્તર :-** ના, એવું નથી. સમીચીન અને અસમીચીનરૂપ ( સમાન / સત્ય, અસમાન/અસત્ય) અને મિશ્ર શ્રદ્ધા એક સાથે રહી શકે છે - એવી મિશ્ર શ્રદ્ધાવાળો જીવ સમ્યક્‌મિથ્યાત્વી છે. આત્મા અનેક ધર્માત્મક છે. માટે આત્મામાં અનેક ધર્મોનો સહાનવસ્થાન લક્ષણરૂપ વિરોધ અસિદ્ધ છે, અર્થાત્‌ એક સાથે અનેક ધર્મોના રહેવામાં કોઈ બાધા નથી આવતી. જો કહેવામાં આવે કે આત્મા અનેક ધર્માત્મક છે, આ વાત પણ અસિદ્ધ છે, તેથી એ પણ કહેવું ઠીક નથી, કારણ કે અનેકાંત વગર તેનું અર્થક્રિયાકારીપણું નથી થઈ શકતું.

**પ્રશ્ન ૨૯ :-** જે ધર્મોનો એક આત્મામાં એક સાથે રહેવામાં વિરોધ નથી, તે રહે, પરંતુ સંપૂર્ણ ધર્મ તો એક સાથે આત્મામાં નહી રહી શકે?

**ઉત્તર :-** એવું કોણ કહે છે કે પરસ્પર વિરોધી અને અવિરોધી સમસ્ત ધર્મોનું એકીસાથે એક આત્મામાં રહેવું સંભવ છે? જો સંપૂર્ણ ધર્મોનું એકસાથે રહેવું માની લેવામાં આવે તો પરસ્પર વિરૂદ્ધ ચૈતન્ય-અચૈતન્ય, ભવ્યત્વ-અભવ્યત્વ આદિ ધર્મોનું એકસાથે એક આત્મામાં રહેવાનો પ્રસંગ આવી જશે.

અનેકાંતનો અર્થ એ છે કે જે ધર્મોનો જે આત્મામાં અત્યંતાભાવ નથી, તે ધર્મ તે આત્મામાં કોઈ કાળે અને કોઈ ક્ષેત્રની અપેક્ષાએ યુગપદ્‌ મળી શકે છે, આ પ્રકારે સમીચીન અને અસમીચીનરૂપ આ બંને શ્રદ્ધાઓનું ક્રમશઃ એક આત્મામાં રહેવું સંભવ છે તો કદાચિત્‌ કોઈ આત્મામાં

એકસાથે પણ તે બંનેનું રહેવું થઈ શકે છે. આ બધા કથન કાલ્પનીક નથી, કારણ કે મિત્રામિત્ર ન્યાયથી એકકાળમાં અને એક જ આત્મામાં મિશ્રરૂપ પરિણામ થઈ શકે છે.

જેવી રીતે દેવદત્ત નામના કોઈ મનુષ્યમાં યજ્ઞદત્તની અપેક્ષાએ મિશ્રપણું અને ચૈત્રની અપેક્ષાએ અમિત્રપણું આ બંને ધર્મ એક જ કાળમાં રહે છે, તેમાં કોઈ વિરોધ નથી. આ પ્રકારે સમ્યક્ત્વ તથા મિથ્યાત્વના મિશ્રભાવ પણ આત્મામાં રહે છે.

**પ્રશ્ન ૩૦**:- પાંચ પ્રકારના ભાવોમાંથી ત્રીજા ગુણસ્થાનમાં ક્યો ભાવ છે?

**ઉત્તર**:- ત્રીજા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ભાવ છે.

**પ્રશ્ન ૩૧**:- મિથ્યાદ્રષ્ટિ ગુણસ્થાનથી સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનને પ્રાપ્ત થવાવાળા જીવના ક્ષાયોપશમિકભાવ કેવી રીતે સંભવ છે ?

**ઉત્તર**:- સંભવ છે, કારણ કે વર્તમાન સમયમાં મિથ્યાત્વ કર્મના સર્વ ઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય થવાથી અને સમ્યક્મિથ્યાત્વ કર્મના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય થવાથી સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાન ઉત્પન્ન થાય છે. માટે તે ભાવ ક્ષાયોપશમિક જ છે.(**સમ્યક્જ્ઞાનચંદ્રિકા, પાનું ૮૯**)

**પ્રશ્ન ૩૨**:- ત્રીજા ગુણસ્થાનમાં સમ્યક્મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય પણ છે, પછી ત્યાં ઔદયિકભાવ શા માટે નથી કહ્યો?

**ઉત્તર**:- ના, કારણ કે મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી જે પ્રકારે સમ્યક્ત્વનો સંપૂર્ણ નાશ થઈ જાય છે, તે જ રીતે સમ્યક્મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી સમ્યક્ત્વનો સંપૂર્ણ નાશ નથી જોવામાં આવતો. માટે ત્રીજા ગુણસ્થાનમાં ઔદયિકભાવ ન કહી ક્ષાયોપશમિક ભાવ કહ્યો છે.

**પ્રશ્ન ૩૩**:-સમ્યક્મિથ્યાત્વનો ઉદય સમ્યક્દર્શનનો પૂર્ણ વિનાશ તો કરતો નથી, તો પછી તેને સર્વઘાતિ શા માટે કહયો ?

**ઉત્તર**:- એવી શંકા યોગ્ય નથી, કારણ કે તે સમ્યક્દર્શનની પૂર્ણતાનો પ્રતિબંધક છે. આ અપેક્ષાથી સમ્યક્મિથ્યાત્વને સર્વઘાતિ કહ્યો છે. (**વિશેષ સ્પષ્ટીકરણ માટે સતપ્રરૂપણા સૂત્ર પાના નં ૧૩-૧૪ જુઓ.**)

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીજીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૨૧માં સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે :-

**सम्मामिच्छुदयेण य, जत्तंतरसव्वघादिकज्जेण ।**
**ण य सम्मं मिच्छंपि य, सम्मिस्सो होदि परिणामो ॥**

સમ્યક્મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મના ઉદયકાળમાં અર્થાત્ નિમિત્તથી ગોળ મિશ્રિત દહીંના જેવો સ્વાદ થવાવાળા જાત્યંતર પરિણામોને સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે.

ગોળ મિશ્રીત દહીંના જેવો સ્વાદ, તેનો અર્થ - ગોળનો સ્વાદ મીઠો અને દહીંનો સ્વાદ ખાટો હોય છે. બંનેના મિશ્રણથી ખાટો-મીઠો મળેલો સ્વાદ થાય છે.

તેવી જ રીતે જીવની શ્રદ્ધાગુણની પર્યાય જ્યારે સમ્યક્ તથા મિથ્યા બંને રૂપ હોય છે, ત્યારે તેને ન સમ્યક્ કહી શકીએ છીએ, ન મિથ્યા. માટે શ્રદ્ધા ગુણની જે મિશ્રરૂપ પર્યાય થાય છે, તેને સમ્યક્મિથ્યાત્વ કહે છે. જ્યારે જીવની શ્રદ્ધાગુણની મિશ્રરૂપ અવસ્થા હોય છે, ત્યારે સહજ જ સમ્યક્મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મનો ઉદય પણ રહે છે.

જાત્યંતર શબ્દનો અર્થ અલગ જ જાતિનો અર્થાત્ ન સમ્યક્શ્રદ્ધા અને ન વિપરીત શ્રદ્ધા છે, માટે જાત્યંતર શબ્દનો પ્રયોગ કર્યો છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર:**

સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનમાં જીવનું ચારિત્ર મિથ્યા જ હોય છે. ચારિત્રગુણની પર્યાય શ્રદ્ધાગુણની પર્યાયનું અનુસરણ કરે છે. જો શ્રદ્ધા યથાર્થ નથી તો ચારિત્ર યથાર્થ ન હોઈ શકે, એવો નિયમ છે. ત્રીજા ગુણસ્થાનમાં શ્રદ્ધા યથાર્થ નથી, માટે ચારિત્ર પણ મિથ્યા જ છે.

સૂક્ષ્મતાથી અને વાસ્તવિક રીતે જોઈએ તો સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનમાં ચારિત્ર અને જ્ઞાન - બંને શ્રદ્ધાની જેમ મિશ્ર અર્થાત્ સમ્યક્ -મિથ્યારૂપ જ હોય છે.

**કાળ અપેક્ષા વિચાર:** કોઈ જીવ આ સમ્યક્મિથ્યાત્વ નામનાં ત્રીજા ગુણસ્થાનમાં આવશે તો તે અંતર્મુહૂર્ત કાળ સુધી રહેશે જ.

**જઘન્ય કાળ:** સર્વ લઘુ અંતર્મુહૂર્ત કાળ છે.

**ઉત્કૃષ્ટ કાળ :** સર્વોત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ અર્થાત્ આ ગુણસ્થાનના જઘન્યકાળથી આ ઉત્કૃષ્ટ કાળ સંખ્યાત ગુણા છે. (ધવલા. પુ. ૪. પાનું ૩૪૪-૩૪૫)

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન:** (૧) સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી જીવ ઉપરના માત્ર અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે, અન્ય કોઈપણ ઉપરના

ગુણસ્થાનોમાં નહીં.

(૨) જો સમ્યક્‌મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી જીવ નીચલા ગુણસ્થાનમાં ગમન કરે છે તો તે એક માત્ર મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે. સાસાદન ગુણસ્થાનમાં નહીં.

**આગમન :** મિશ્રગુણસ્થાનમાં સીધા આગમનના ચાર માર્ગ છે.

(૧) પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી સંત સીધા સમ્યક્‌ મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવી શકે છે.

(૨) પંચમ ગુણસ્થાનવર્તી વ્રતી શ્રાવકનું સીધા ત્રીજા ગુણસ્થાનમાં આગમન થઈ શકે છે.

(૩) ચોથા અવિરતસમ્યક્‌ત્વથી પણ મિશ્ર ગુણસ્થાનમાં આવવું સંભવ છે.

આ ત્રણે ત્રીજા ગુણસ્થાનમાં આવવાવાળા ઔપશમિક અથવા ક્ષાયોપશમિક સમ્યક્‌દ્રષ્ટિ જ હોવા જોઈએ, કારણ કે ક્ષાયિક સમ્યક્‌દ્રષ્ટિ ત્રીજા ગુણસ્થાનમાં નથી આવતા, કારણ કે તેમની પાસે સમ્યક્‌ મિથ્યાત્વ દર્શનમોહનીય કર્મની સત્તા જ નથી.

(૪) સાદિ મિથ્યાદ્રષ્ટિ, જેની સમ્યક્‌ મિથ્યાત્વની સત્તા (અસ્તિત્વ) હોય અને કદાચ ઉદય પણ આવે તો તે આ ત્રીજા ગુણસ્થાનમાં આવે છે.

**વિશેષ અપેક્ષા વિચાર :**

(૧) સમ્યક્‌મિથ્યાત્વ ગુણસ્થાનમાં જીવનું મરણ થતું નથી. આ મિશ્રરૂપ શ્રદ્ધાનું પરિણામ જ ખોટું છે. સમ્યક્‌દર્શન સહિત મરણ થાય છે. મિથ્યાત્વ પરિણામની સાથે તો જીવ અનાદિકાળથી મરતો જ આવ્યો છે, પરંતુ શ્રદ્ધાની મિશ્ર અવસ્થામાં મરણ નથી થતું અર્થાત્‌ તે મિશ્ર પરિણામ મરણને માટે પણ યોગ્ય નથી.

(૨) મિશ્ર ગુણસ્થાનમાં મારણાંતિક સમુદ્‌ઘાત પણ થતો નથી.

મૃત્યુના અંતર્મુહૂર્ત પૂર્વે નવીન પર્યાય ધારણ કરવાના ક્ષેત્ર સુધી આત્મપ્રદેશોના તેજશ - કાર્મણરૂપ ઉત્તર શરીરની સાથે બહાર નીકળવાની ક્રિયાને મારણાંતિક સમુદ્‌ઘાત કહે છે. મારણાંતિક સમુદ્‌ઘાત કરવાવાળો જીવ નવીન ભવના ક્ષેત્ર/સ્થાનને સ્પર્શ કરી પાછો મૂળ શરીરમાં આવી જાય છે.

જેમણે પરભવના આયુષ્યનો બંધ કરી લીધો હોય, એવા જીવોને જ મારણાંતિક સમુદ્‌ઘાત થઈ શકે છે. જેમણે પરભવની આયુનો બંધ નથી

કર્યો, તેને મારણાંતિક સમુદ્‌ઘાત નથી થતો. જેના આગલા જન્મના ક્ષેત્ર/સ્થાન જ નિશ્ચિત ન હોય તેને મારણાંતિક સમુદ્‌ઘાત કેમ થાય ?

એકેન્દ્રિયાદિક કોઈ પણ બદ્ધાયુષ્ક (આયુ બાંધેલા) જીવને મારણાંતિક સમુદ્‌ઘાત થઈ શકે છે, તેના માટે કોઈ ખાસ વિશેષતાઓની આવશ્યકતા નથી.

(૩) મિશ્ર શ્રદ્ધાવાળા સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ જીવ જ્યાંસુધી આ ત્રીજા ગુણસ્થાનમાં છે, ત્યાં સુધી તેને આગળના ભવનો આયુકર્મનો બંધ નથી થતો, કારણ કે મિશ્ર અવસ્થારૂપ વિપરીતભાવ નવા આયુકર્મના બંધને માટે અયોગ્ય છે.

(૪) જો ત્રીજા ગુણસ્થાનમાં આવવાની પહેલા જીવને મિથ્યાત્વ પરિણામની સાથે આયુબંધ કર્યો હોય તો મિથ્યાત્વમાં જઈને મરણ કરે છે અને જો ત્રીજા ગુણસ્થાનમાં આવવાની પહેલા જીવને સમ્યક્‌ત્વ પરિણામની સાથે આયુબંધ કર્યો હોય તો તે જીવ સમ્યક્‌ત્વમાં જઈને મૃત્યુ પામે છે. **(વિશેષ માટે જુઓ જીવકાંડ ગાથા. ૨૪, સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા)**

(૫) અસ્થિર શ્રદ્ધાવાન સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ જીવ મુનિજીવનને યોગ્ય સંયમને અથવા વ્રતી શ્રાવકને યોગ્ય સંયમાસંયમ પરિણામને પ્રાપ્ત નથી કરી શકતો.

(૬) તીર્થંકર નામકર્મની સત્તા જે જીવને છે, તે જીવ આ ત્રીજા ગુણસ્થાનમાં નથી આવતો. તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળો જીવ એક અંતર્મુહૂર્ત માત્ર માટે મિથ્યાત્વ ગુણસ્થાનમાં તો જઈ શકે છે, પરંતુ ત્રીજા મિશ્ર - સમ્યક્‌મિથ્યાત્વ ગુણસ્થાનમાં નથી જતો.

**ધવલા પુસ્તક ૧ નો અંશ (પાના નં. ૧૬૭ થી ૧૭૧)**

**સામાન્યથી સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ જીવ છે. ॥૧૧॥**

દ્રષ્ટિ, શ્રદ્ધા, રૂચિ અને પ્રત્યય આ પર્યાયવાચી (સમાનાર્થી) નામ છે. જે જીવની સમીચીન અને મિથ્યા બંને પ્રકારની દ્રષ્ટિ હોય છે, તેને સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ કહે છે.

**શંકા 6 :** જે રીતે મિથ્યાત્વના ક્ષયોપશમ થી સમ્યક્‌મિથ્યાત્વ ગુણસ્થાનની ઉત્પત્તિ બતાવેલ છે, તે જ રીતે આ અનંતાનુબંધી કર્મના સર્વઘાતિ સ્પર્ધકોના ક્ષયોપશમથી થાય છે - એમ શા માટે નથી કહ્યું ?

**સમાધાન :** ના, કારણ કે અનંતાનુબંધી કષાય ચારિત્રનો પ્રતિબંધક છે,

માટે અહીં તેના ક્ષયોપશમથી ત્રીજું ગુણસ્થાન નથી કહેવામાં આવ્યું.

જે અનંતાનુબંધી કર્મના ક્ષયોપશમથી ત્રીજા ગુણસ્થાનની ઉત્પત્તિ માને છે, તેના મતથી સાસાદન ગુણસ્થાનને ઔદયિક માનવું પડશે. પરંતુ એવું નથી, કારણકે બીજા ગુણસ્થાન ને ઔદ યિક નથી માનવામાં આવ્યું.

અથવા, સમ્યક્પ્રકૃતિ કર્મના દેશઘાતિ સ્પર્ધકોના ઉદયક્ષય થવાથી સત્તામાં સ્થિત તે જ દેશઘાતિ સ્પર્ધકોનો ઉદયભાવ લક્ષણ ઉપશમ થવાથી અને સમ્યક્મિથ્યાત્વ કર્મના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય થવાથી સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાન ઉત્પન્ન થાય છે. માટે તે ક્ષાયોપશમિક છે. અહીં આ રીતે જે સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનને ક્ષાયોપશમિક કહ્યું છે, તે કેવળ સિધ્ધાંતના પાઠોને પ્રારંભ કરવાવાળઓને પરિજ્ઞાન કરાવવા માટે કહેવામાં આવેલ છે.

વાસ્તવમાં તો સમ્યક્મિથ્યાત્વ કર્મ નિરન્વયરૂપથી આપ્ત, આગમ અને પદાર્થ - વિષયક શ્રધ્ધાનો નાશ કરવા પ્રતિ અસમર્થ છે, પરંતુ તેના ઉદયથી સત્ સમીચીન અને અસત્ અસમીચીન પદાર્થને યુગપદ્ વિષય કરવાવાળી શ્રધ્ધા ઉત્પન્ન થાય છે, માટે સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાન ક્ષાયોપશમિક કહેવામાં આવે છે.

જો આ ગુણસ્થાનમાં સમ્યક્મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી સત્ અને અસત્ પદાર્થને વિષય કરવાવાળી મિશ્ર રૂચિરૂપ ક્ષયોપશમતા ન માનવામાં આવે તો ઉપશમ સમ્યક્દ્રષ્ટિના સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનની પ્રાપ્તી થવા પર તે સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનમાં ક્ષયોપશમપણું નથી થઈ શકતું, કારણ કે ઉપશમ સમ્યક્ત્વથી તૃતીય ગુણસ્થાનમાં આવેલ જીવની આવી અવસ્થામાં સમ્યક્પ્રકૃતિ, મિથ્યાત્વ અને અનંતાનુબંધી આ ત્રણેનો ઉદયાભાવી ક્ષય જોવામાં નથી આવતો.

શંકા 7 : ઉપશમ સમ્યક્ત્વથી આવેલા જીવના તૃતીય ગુણસ્થાનમાં સમ્યક્પ્રકૃતિ મિથ્યાત્વ અને અનંતાનુબંધી આ ત્રણેનો ઉદયાભાવરૂપ ઉપશમ તો જોવામાં આવે છે?

સમાધાન : ના, કારણ કે આ રીતે તો ત્રીજા ગુણસ્થાનમાં ઔપશમિકભાવ માનવો પડશે.

શંકા 8 : તો ત્રીજા ગુણસ્થાનમાં ઔપશમિકભાવ જ રહ્યો આવે ?

સમાધાન : ના, કારણકે ત્રીજા ગુણસ્થાનમાં ઔપશમિકભાવનું પ્રતિપાદન

કરવાવાળું કોઇ આર્ષવાક્ય નથી. અર્થાત્ આગમમાં ત્રીજા ગુણસ્થાનમાં ઔપશમિકભાવ નથી બતાવ્યો.

બીજું, જો ત્રીજા ગુણસ્થાનમાં મિથ્યાત્વ આદિ કર્મોના ક્ષયોપશમથી ક્ષયોપશમભાવની ઉત્પત્તિ માની લઇએ તો મિથ્યાત્વ ગુણસ્થાનને પણ ક્ષાયોપશમિક માનવું પડશે, કારણકે સાદિ મિથ્યાદ્રષ્ટિની અપેક્ષા મિથ્યાત્વ ગુણસ્થાનમાં પણ સમ્યક્‌પ્રકૃતિ અને સમ્યક્‌મિથ્યાત્વ કર્મના ઉદય અવસ્થાને પ્રાપ્ત થયેલ સ્પર્ધકોનો ક્ષય થવાથી, સત્તામાં સ્થિત તેમનો જ ઉદયાભાવ લક્ષણ ઉપશમ થવાથી તથા મિથ્યાત્વકર્મના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય થવાથી મિથ્યાત્વ ગુણસ્થાનની ઉત્પત્તિ જોવામાં આવે છે. આટલા કથન (વિધાન)થી આ તાત્પર્ય સમજવું જોઇએ કે ત્રીજા ગુણસ્થાનમાં મિથ્યાત્વ, સમ્યક્‌પ્રકૃતિ, અને અનંતાનુબંધીના ક્ષયોપશમથી ક્ષાયોપશમિક ભાવ ન થઇ ને માત્ર મિશ્ર પ્રકૃતિના ઉદયથી મિશ્રભાવ હોય છે.

## ગુરૂભકિતનું અન્યથા રૂપ

કેટલાંયે જીવ આજ્ઞાનુસારી છે. તે તો - આ જૈનના સાધુ છે, અમારા ગુરૂ છે, માટે તેઓની ભકિત કરવી જોઇએ - એવો વિચાર કરી તેઓની ભકિત કરે છે અને કેટલાંય જીવ પરીક્ષા પણ કરે છે. ત્યાં આ મુનિ દયા પાળે છે, શીલ પાળે છે, ધનાદિ રાખતા નથી, ઉપવાસાદિ તપ કરે છે, ક્ષુધાદિ પરિષહ સહે છે, કોઇના પર ક્રોધાદિ નથી કરતા, ઉપદેશ આપી અન્યને ધર્મમાં લગાડે છે - ઇત્યાદિ ગુણોનો વિચાર કરી તેમાં ભકિતભાવ કરે છે. પરંતુ એવા ગુણ તો પરમહંસાદિક અન્યમતિઓમાં તથા જૈની મિથ્યાદ્રષ્ટિઓમાં પણ જોવામાં આવે છે, માટે એમાં અતિવ્યાપ્તપણું છે, તેના દ્વારા સાચી પરીક્ષા નથી થતી.

તથા જે ગુણોનો વિચાર કરે છે, તેમાં કેટલાંયે જીવાશ્રિત છે, કેટલાંયે પુદ્‌ગલાશ્રિત છે, તેઓને વિશેષ ન જાણતાં થકા અસમાનજાતીય મુનિપર્યાયમાં એકત્વબુધ્ધિ થી મિથ્યાદ્રષ્ટિ જ રહે છે. તથા સમ્યક્‌દર્શન જ્ઞાન ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ તે જ મુનિઓનું સાચું લક્ષણ છે, તેને નથી ઓળખતા, કારણ કે આ ઓળખાણ થઇ જાય તો મિથ્યાદ્રષ્ટિ રહે નહી. આ રીતે જો મુનિઓનું સાચું સ્વરૂપ જ નહીં જાણે તો સાચી ભકિત કેવીરીતે થશે? પુણ્યબંધના કારણભૂત શુભક્રિયારૂપ ગુણોને ઓળખી તેઓની સેવાથી પોતાનું ભલું જાણી તેમાં અનુરાગી થઇ ભકિત કરે છે.

**- મોક્ષમાર્ગપ્રકાશક, અધ્યાય ૭, પાના નં ૨૫૭.**

## ૪

## અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાન

ચોથા ગુણસ્થાનનું નામ અવિરતસમ્યક્ત્વ છે. આ ગુણસ્થાનની વિસ્તારપૂર્વક ચર્ચા કરતાં પહેલા ચોથા ગુણસ્થાનમાં દર્શનમોહનીય કર્મનું શું નિમિત્તપણું છે, તેનું સ્પષ્ટીકરણ કરીએ છીએ :-

(૧) જો જીવ ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ હોય તો દર્શનમોહનીયની ત્રણ, બે કે એક કર્મ પ્રકૃતિનું અને ચારિત્ર મોહનીયની અનંતાનુબંધી કષાય ચતુષ્ટય કર્મપ્રકૃતિનું - એ રીતે સાત, છ અથવા પાંચ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે.

(૨) જો જીવ ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિ હોય તો મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાય ચતુષ્ટ્ય આ પ્રકારે છ કર્મ પ્રકૃતિઓના ક્ષયોપશમ અર્થાત્ સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય અને સદઅવસ્થારૂપ ઉપશમ રહે છે અને દેશઘાતિ સમ્યક્ પ્રકૃતિ દર્શન મોહનીય કર્મનો ઉદય રહે છે.

એટલું વિશેષ છે કે અનંતાનુબંધી કષાય ચતુષ્ટય, મિથ્યાત્વ તથા સમ્યક્મિથ્યાત્વ આ છ એ પ્રકૃતિઓ ઉદયાવલીમાં તો રહે છે, પરંતુ ઉદયથી એક સમય પૂર્વ સ્તિબુક સંક્રમણ દ્વારા યથાયોગ્ય અન્ય પ્રકૃતિઓમાં સંક્રમિત થઈને ઉદયમાં આવે છે.

(૩) જો જીવ ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ હોય તો મિથ્યાત્વાદિ ત્રણ દર્શનમોહનીય અને અનંતાનુબંધી કષાય ચતુષ્ટયનો ક્ષય રહે છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૨૯માં અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે : -

**णो इंदियेसु विरदो, णो जीवे थावरे तसे वापि।**
**जो सद्दहदि जिणुत्तं, सम्माइट्ठी अविरदो सो ॥**

જે પરિણામ સમ્યક્દર્શનથી સહિત હોય, પરંતુ ઈન્દ્રિય વિષયોથી અને ત્રસ -સ્થાવરની હિંસાથી અવિરત હોય અર્થાત્ એકદેશ કે

સર્વદેશ કોઈ પણ પ્રકારના સંયમથી રહિત હોય, તે પરિણામને અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાન કહે છે.

અહીં ચોથા ગુણસ્થાનમાં સમ્યક્ત્વના ઘાતક કર્મોનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થઈ ગયો છે. તેથી વ્યવહાર અને નિશ્ચય બંને સમ્યક્દર્શન પ્રગટ થઈ ગયા છે. મોક્ષમાર્ગનો પ્રારંભ, આંશિક વીતરાગતા, સંવર-નિર્જરા, સાચું સુખ, સમ્યક્જ્ઞાન - આ બધું અહીં અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં એકસાથે જ વ્યક્ત થાય છે.

નિશ્ચિત સમ્યક્દર્શનની સાથે જ્યાં શુભરાગના અર્થાત્ પુણ્ય પરિણામનો વિષય સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂ હોય છે, તેને જ વ્યવહાર સમ્યક્દર્શન કહે છે. તેથી બંને સમ્યક્દર્શન એક સાથે જ ઉત્પન્ન થાય છે.

ચોથા ગુણસ્થાનથી જ તીર્થંકર નામકર્મનો બંધ પ્રારંભ થાય છે. તીર્થંકર નામકર્મના બંધનું કાર્ય કોઈ જીવ નિશ્ચય સમ્યક્દર્શનના અભાવમાં કેવી રીતે કરી શકે ?

સાધકના જીવનમાં વ્યવહાર (વ્યવહારાભાસ)ની સાથે નિશ્ચય હોય પણ શકે અને ન પણ હોય એવું પણ સંભવ છે, પરંતુ નિશ્ચયની સાથે સાધકને વ્યવહાર અર્થાત્ યથાર્થ વ્યવહાર તો નિયમથી હોય જ છે. એવું જ વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલ આગમમાં વર્ણવેલું છે.

રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં - મોક્ષમાર્ગ પ્રકાશક પાનાનં.૩૪૪ પર લખ્યું છે, **"ચોથા ગુણસ્થાનમાં સિધ્ધસમાન ક્ષાયિક સમ્યક્દર્શન થઈ જાય છે."** તેથી આગમાનુસાર સર્વ કથન યથાર્થ જાણવું જોઈએ.

ચોથા ગુણસ્થાનમાં માત્ર એક કષાય ચોકડીનો જ અભાવ છે. તે કારણે આંશિક વીતરાગતા પણ છે, પરંતુ ન તો બે કષાય ચોકડીનો અભાવ છે અને ન અણુવ્રતોના ગ્રહણરૂપ રાગભાવ અર્થાત્ પુણ્ય પરિણામ છે. તેથી ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવને અવિરતિ છે.

**અવિરતિનું સ્પષ્ટીકરણ :** પંચેન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ અને ષટ્કાય જીવોની હિંસાથી અવિરતી - આ અવિરતીના ૧૨ ભેદ છે. ઉપર્યુક્ત અવિરતિનો કિંચિત્ પણ ત્યાગ આ જીવોને નથી હોતો, પરંતુ અવિરતિમાં પ્રવૃત્તિ હેયબુદ્ધિથી રહે છે તથા આગમ અનુસાર સદાચાર તો અવશ્ય હોય જ છે.

સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોના વિષય - સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને

શબ્દોમાં પ્રવૃત્ત થવું તથા યશ, પ્રસિદ્ધિ આદિ પાપરૂપ વિકલ્પોમાં મનથી પ્રવૃત્તિ કરવી આને ઈન્દ્રિયો અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કહે છે. આ પાંચ પ્રકારની ઈન્દ્રિયો અને મનથી સંબધિત છ ભેદરૂપ અવિરતી થઈ ગઈ. અવિરત સમ્યક્દ્રષ્ટિના જીવનમાં આ પ્રકારે છ પ્રકારની અવિરતિ તો પૂર્વ સંસ્કારવશ હેયબુદ્ધિથી રહે જ છે.

પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોને પાંચ સ્થાવરકાય કહે છે અર્થાત્ એકેન્દ્રિય જીવોને સ્થાવર કહે છે. બે ઈન્દ્રિયાદિથી લઈને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોને ત્રસ કહે છે.

પાંચ સ્થાવરકાય અને એક ત્રસકાય - આ પ્રકારે છકાય જીવ છે. સમ્યક્દ્રષ્ટિ જીવ આ છકાય જીવોની હિંસા ન ઈચ્છતા પણ તેમની હિંસાથી પૂર્વ સંસ્કારવશ તથા પોતાની કમજોરીને કારણ વિરત નથી. આ રીતે સમ્યક્દ્રષ્ટિ જીવ ઈન્દ્રિય અસંયમ અને પ્રાણી અસંયમને કારણ અવિરત છે. આ અવિરતિમાં અપ્રત્યાખ્યાનાવરણકષાય કર્મનો ઉદય પણ નિમિત્તરૂપ રહે છે.

જુઓ પરિણામોની વિચિત્રતા ! સમ્યક્દર્શન થઈ ગયું છે, વચ્ચે - વચ્ચે યથાયોગ્ય કાલાવધિ વ્યતીત થવા પર આત્માનુભવ પણ થાય છે. ગૃહીત તથા અગૃહીત મિથ્યાત્વનો અભાવ તો થઈ જ ગયો છે. અનંતાનુબંધી કષાય ચોકડીના અનુદયપૂર્વક આંશિક વીતરાગતા પ્રગટ થઈ ગઈ છે. જીવન અન્યાય, અનીતિ અને અભક્ષ્યથી રહિત છે. અનંત સંસારને સાંત/સીમિત કરેલ છે, છતાં પણ બાર પ્રકારની અવિરતિ હોવા છતાં પણ, મોક્ષની સાધના કરવાવાળા સાધકના પુરૂષાર્થના હીણપણાથી આ જીવ ઈન્દ્રિયસંયમ અને પ્રાણીસંયમના અભાવને કારણ અવિરત જ છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૨૯માં અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે -

**सत्तण्हं उवसमदो, उवसमसम्मो खयादु खइयो य ।**
**बिदियक्सायुदयादो, असंजदो होदि सम्मो य ॥**

અપ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના ઉદયથી અસંયત હોવા છતાં પાંચ, છ કે સાત (અનંતાનુબંધીની ચાર અને દર્શનમોહનીયની ત્રણ) પ્રકૃતિઓના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમની દશામાં થવાવાળા જીવના

**ઔપશમિક, ક્ષાયિક તથા ક્ષાયોપશમિક ભાવોને અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાન કહે છે.**

પ્રથમ "અપ્રત્યાખ્યાન" શબ્દનો અર્થ કરીશું. "અ" શબ્દનો અર્થ કિંચિત્ છે. "પ્રત્યાખ્યાન" શબ્દનો અર્થ ત્યાગ છે. જે કષાય કર્મ કિંચિત્ પણ ત્યાગ ન થવામાં નિમિત્ત છે, તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મ કહે છે.

**જેવી રીતે** – જીવ જ્યારે પોતાના પુરૂષાર્થની હીનતાથી કિંચિત્ પણ અર્થાત્ અણુવ્રતરૂપ પણ સંયમાસંયમ ભાવ પ્રગટ નથી કરતો અથવા મહાવ્રતરૂપ સંયમભાવ પણ પ્રગટ નથી કરતો, ત્યારે અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાય કર્મોના નિમિત્તરૂપથી ઉદય રહે જ છે. એવા સમ્યક્દ્રષ્ટિ જીવને અવિરતસમ્યક્દ્રષ્ટિ કહે છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર:**

ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનમાં વિવિધ જીવોની અપેક્ષાથી ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક - આ ત્રણે સમ્યક્ત્વ રહી શકે છે. એક જીવને એક સમયમાં એક જ સમ્યક્ત્વ રહે છે. ત્રણે સમ્યક્ત્વોમાં યથાર્થ શ્રદ્ધારૂપ ધર્મની અપેક્ષાથી સમાનતા હોવા છતાં પણ અન્ય અપેક્ષાઓથી અસમાનતા પણ છે. પ્રથમ સમાનતા કહીએ છીએ :-

**(૧) ત્રણેય સમ્યક્ત્વીના નવા કર્મોના બંધની અપેક્ષાએ સમાનતા છે. ત્રણે સમ્યક્ત્વોમાં ૪૧ પ્રકૃતિઓનો બંધ નથી થતો.**

**(૨) ત્રણેય સમ્યક્ત્વી ચોથા ગુણસ્થાનવર્તી જ છે.**

હવે અસમાનતા કહીએ છીએ - પ્રથમ ક્ષાયિક સમ્યક્ત્વીની વિશેષતાને બતાવીએ છીએ -

**(૧) ક્ષાયિક સમ્યક્ત્વની પહેલા બે વાર ત્રિકરણ પરિણામ થાય છે.** પ્રથમ ત્રિકરણ પરિણામ દ્વારા અનંતાનુબંધી ચતુષ્ટયનું વિસંયોજન થાય છે, પછી દર્શનમોહનીયના નાશ માટે ત્રિકરણ પરિણામ થાય છે. જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ માટે એકવાર જ ત્રિકરણ પરિણામ આવશ્યક રહે છે.

(૨) ઔપશમિક સમ્યક્ત્વીના સમ્યક્ત્વ વિરોધી સાતે પ્રકૃતિઓની સત્તા બની રહે છે. તથા કાળ પણ અંતર્મુહૂર્ત માત્ર છે. જ્યારે ક્ષાયિક સમ્યક્ત્વીના સમ્યક્ત્વ વિરોધી ૭ પ્રકૃતિની સત્તા નથી અને કાળ

સાદિ અનંત છે, તેથી નિત્ય છે.

(૩) ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ સમયે - સમયે ગુણ શ્રેણી નિર્જરા કરે છે.

(૪) પૂર્વમાં મનુષ્ય કે તિર્યંચાયુનો બંધ ન હોવાની દશામાં તે જ ભવમાં અથવા ત્રીજા જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

હવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ અસમાનતાને કહે છે.

(૧) આ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોવાથી ચલ-મલ અગાઢ દોષ હોય છે.

(૨) આનો નાશ થવામાં વાર નથી લાગતી.

(૩) આ સમ્યક્ત્વ પલ્યના અસંખ્યાતમાં ભાગ વાર છૂટી શકે છે.

(૪) આને માટે ત્રિકરણ પરિણામ આવશ્યક નથી.

(૫) ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં ગુણશ્રેણી નિર્જરા નથી થતી, આ કારણથી આ સમ્યક્ત્વની સાથે શ્રેણી ચડવાનો અપૂર્વ પુરૂષાર્થ નથી થઈ શકતો. જે, જેટલા અને જેવા ભેદ છે તેને પણ સ્વીકાર કરવો જોઈએ.

(ઉપશમાદિની પરિભાષાઓ પ્રશ્નોતર વિભાગમાં છે, ત્યાંથી જાણી લેવી.)

**સમ્યક્ત્વનો કાળ :** ઔપશમિક સમ્યક્ત્વનો જઘન્ય કાળ તથા ઉત્કૃષ્ટકાળ પણ અંતર્મુહૂર્ત જ છે. છતાં જઘન્યકાળથી ઉત્કૃષ્ટકાળ સંખ્યાત ગણો વધારે છે. અંતર્મુહૂર્ત કાળના અસંખ્યાત ભેદ છે, માટે તેના નાનું અંતર્મુહૂર્ત, મોટું અંતર્મુહૂર્ત, મધ્યમ અંતર્મુહૂર્ત એવા અનેક ભેદ છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વનો જઘન્યકાળ માત્ર અંતર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટકાળ ૬૬ સાગર છે. અથવા એક અંતર્મુહૂર્ત ઓછા એક ૬૬ સાગર પછી એક અંતર્મુહૂર્ત માટે મિશ્ર ગુણસ્થાનમાં આવીને ફરીથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સાથે ૬૬ સાગર સુધી રહી શકે છે. યથાયોગ્ય અંતર્મુહૂર્ત અધિક એક સમય, બે સમય આદિથી લઈને અંતર્મુહૂર્ત ઓછા ૬૬ સાગર સુધી વચમાં થવાવાળા કાળના સર્વ ભેદ ક્ષાયોપશમિક સમ્યક્ત્વના મધ્યમકાળના પ્રકાર થઈ શકે છે.

પ્રશ્ન ૩૪ : પ્રથમવાર ઔપશમિક સમ્યક્ત્વ થયા પછી એકવાર મિથ્યાત્વમાં જવું અનિવાર્ય છે શું ?

ઉત્તર : ના, પ્રથમવાર ઔપશમિક સમ્યક્ત્વ થયા પછી કોઈક જીવ મિથ્યાત્વમાં જઈ શકે છે. પરંતુ મિથ્યાત્વમાં જવું અનિવાર્ય નથી, કારણ

કે ઔપશમિક સમ્યક્ત્વનો કાળ પૂરો થયાબાદ જીવ ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિ, સમ્યક્‌મિથ્યાદ્રષ્ટિ, સાસાદન સમ્યક્‌દ્રષ્ટિ પણ થઈ શકે છે.

આ વિષયના વિશેષ સ્પષ્ટ ખુલાસા માટે ધવલા પુસ્તક-૬. પાનું. ૨૪૨ (૧, ૯, ૮, ૯) ગાથા ૧૨ તથા જયધવલા પુસ્તક ૧૨ ગાથા ૧૦૩ અને ૧૦૫ ને ટીકા સાથે જુઓ.

અહીં ગાથા ક્રમાંક ૧૦૫નો અર્થ તથા ટીકાનું અનુવાદ આપીએ છીએ.

**સમ્યક્ત્વના પ્રથમ લાભના અનંતરપૂર્વ પાછલા સમયમાં મિથ્યાત્વ જ હોય છે. અપ્રથમ લાભના અનંતરપૂર્વ પાછલા સમયમાં મિથ્યાત્વ ભજનીય છે ॥ ૧૧-૧૦૫॥**

અહીં ગાથા સમ્યક્ત્વને ગ્રહણ કરવાવાળા જીવના અનંતરપૂર્વ પાછલા સમયમાં શું મિથ્યાત્વનો ઉદય છે અથવા નથી એવી પુછા થવાથી તેનો નિર્ણય કરવા માટે આવી છે. હવે એનો અર્થ કહે છે. જેમ કે - અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવના સમ્યક્ત્વનો જે પ્રથમ લાભ થાય છે. તેના 'અણંતરં પચ્છદો' અર્થાત્ અનંતરપૂર્વ પાછલી અવસ્થામાં મિથ્યાત્વ જ હોય છે, કારણ કે તેની પ્રથમ સ્થિતિનો અંતિમ સમય પ્રાપ્ત થવા સુધી મિથ્યાત્વના ઉદયને છોડી પ્રકારાંતર સંભવ નથી.

**'लंभस्स अपढमस्स दु'** અર્થાત્ જે નિયમથી અપ્રથમ અર્થાત્ દ્વિતીયાદિ વાર સમ્યક્ત્વનો લાભ છે તેના અનંતરપૂર્વ પાછલી અવસ્થામાં મિથ્યાત્વનો ઉદય ભજનીય છે. કદાચિત્ મિથ્યાદ્રષ્ટિ થઈને વેદક સમ્યક્ત્વ કે ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે અને કદાચિત્ સમ્યકદ્રષ્ટિ થઈને વેદક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે આ ઉપરની ગાથા-સૂત્રનો ભાવાર્થ છે.

(જયધવલા પુસ્તક - ૧૨, પાનુ. ૩૧૭)

**પ્રશ્ન ૩૫:** જેણે આજે જ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી છે અને જેણે અનેક વર્ષો પહેલા સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી છે - આ બંને જીવોની શ્રદ્ધાની તથા ચારિત્રની શુધ્ધિમાં કાંઈ અંતર હશે કે નહીં?

**ઉત્તર:** સામાન્ય કથનની અપેક્ષાથી બંનેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી એક જ કષાય ચોકડીના અનુદયપૂર્વક વ્યક્ત વીતરાગતા સમાન રહે છે, છતાંય શેષ ત્રણ કષાય ચોકડીની મંદ, મંદતર, મંદતમ ઉદયાનુસાર તથા વ્યક્તિગત પુરૂષાર્થ અનુસાર અંતર પણ રહે છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર:**

સમ્યક્દર્શન એકલું નથી હોતું. તેની સાથે જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યક્ થાય જ છે, એટલું જ નહીં આત્માના અન્ય અનંતગુણોમાં પણ આંશિક શુધ્ધતા પ્રગટ થાય છે. **'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ'** એવો ઉલ્લેખ પણ આગમમાં મળે છે. આનો ભાવ એ છે કે સમ્યક્ત્વ થવા પર આત્માના ચારિત્ર આદિ અનંત ગુણોમાં સમ્યક્પણું નિયમથી થઈ જાય છે. વ્રતરૂપ સંયમ ન હોવાથી ચોથા ગુણસ્થાનવર્તી જીવને અવિરત કહ્યો છે. છતાં પણ સમ્યક્દર્શનનો અવિનાભાવી અનંતાનુબંધીના અભાવપૂર્વક થવાવાળું સમ્યક્ત્વાચરણ/સ્વરૂપાચરણ ચારિત્ર તો હોય જ છે.

અણુવ્રતો કે મહાવ્રતોનું પાલન ન હોવાથી ચતુર્થ ગુણસ્થાનવર્તીને ચરણાનુયોગ અસંયમી કહે છે. ગુણસ્થાન આ વિષય કરણાનુયોગનો છે અને કરણાનુયોગ આ સમ્યક્દ્રષ્ટિને અવિરત જ કહે છે.

હવે કરણાનુયોગની જ અન્ય અપેક્ષાઓથી થોડો વિચાર કરીએ. ચારિત્રમોહનીય કર્મની અનંતાનુબંધી કષાય ચોકડી આ ચોથા ગુણસ્થાનમાં નિયમથી નથી. આ કષાય ચોકડીના અભાવથી ચારિત્રગુણમાં આંશિક નિર્મળતા અથવા અલ્પ વીતરાગતા અહીં ચોથા ગુણસ્થાનમાં વ્યક્ત થાય છે. તેથી ચારિત્રનું બીજ/અંશ અહી પ્રગટ થઈ ગયું છે. **સૂક્ષ્મ વિષયોના કથન કરવાવાળા કરણાનુયોગ શાસ્ત્રની દ્રષ્ટિથી સતર્ક સિધ્ધ થવાથી અહીં ચારિત્ર પ્રમાણિત જ છે.** તથા તેના બાધક કારણનો પણ અભાવ છે.

દ્રવ્યાનુયોગની અપેક્ષાએ પણ ચતુર્થ ગુણસ્થાનમાં સ્વરૂપાચરણ ચારિત્ર છે જ. વસ્તુતઃ તો સ્વરૂપમાં આચરણ કરવું જ ચારિત્ર છે. આ વિષયને આચાર્યશ્રી અમૃતચંદ્રદેવે પ્રવચનસાર ગ્રંથની ગાથા નં. ૭ની ટીકામાં સ્પષ્ટ કહ્યું છે - "સ્વરૂપમાં ચરણ કરવું (રમવું) તે ચારિત્ર છે. સ્વસમયમાં પ્રવૃત્તિ કરવી એવો આનો અર્થ છે." આચાર્યશ્રી જયસેનદેવે પણ કહ્યું છે. - **"શુધ્ધ ચૈતન્ય સ્વરૂપમાં આચરણ- પ્રવૃત્તિ-લીનતા ચારિત્ર છે."**

આચાર્ય કુંદકુંદદેવે આને જ **"સમ્યક્ત્વાચરણ ચારિત્ર"** નામ આપ્યું છે. ચોથા ગુણસ્થાનમાં જો આંશિક વીતરાગતા પ્રગટ થઈ ગઈ છે તો ચારિત્ર તો છે જ.

સમ્યક્દર્શનનો અવિનાભાવી કે સહચારી હોવાથી સ્વરૂપાચરણ ચારિત્રને જ સમ્યક્ત્વાચરણ ચારિત્ર નામ આપવામાં આવ્યું છે.

સિદ્ધોને અનંત અતિન્દ્રિય સુખ પ્રગટ થઈ જાય છે. તેમના અનંતસુખના અનંતમાં ભાગરૂપ સાચું સુખ સમ્યક્દ્રષ્ટિને પણ પ્રગટ થઈ ગયું છે, કારણ કે તેણે અનંતસંસારને આત્મસ્વભાવના યથાર્થ શ્રદ્ધાનથી સીમિત કરી દીધો છે.

કરણાનુયોગની અપેક્ષાથી પણ અનંતાનુબંધી ચારિત્રમોહનીય કર્મના અનુદયરૂપ અભાવ થવાથી અર્થાત્ પ્રતિબંધક કારણનો અભાવ થવાથી વીતરાગતાની અભિવ્યક્તિરૂપ ચારિત્ર સિદ્ધ થાય જ છે.

સમ્યક્ત્વાચરણ ચારિત્ર શબ્દનો પ્રયોગ આચાર્યશ્રી કુંદકુંદદેવે અષ્ટપાહુડ ગ્રંથના ચારિત્ર પાહુડની ગાથા આઠ તથા નવમાં કર્યો છે. સ્વરૂપાચરણ ચારિત્ર શબ્દનો પ્રયોગ-ધવલા પુસ્તક -૧, પાનાનં. ૧૬૫માં અને પં. સદાસુખદાસજી કૃત રત્નકરંડશ્રાવકાચારમાં અનેક જગ્યાએ આવ્યો છે.

ગુરૂ ગોપાલદાસજી બરૈયાએ જૈન સિદ્ધાંત પ્રવેશિકાના પ્રશ્ન નં. ૨૨૨ના ઉત્તરમાં સ્વરૂપાચરણ ચારિત્ર આપેલ છે તથા પ્રશ્ન ૨૨૩ના ઉત્તરમાં તેની પરિભાષા બતાવી છે.

**કાળ અપેક્ષાએ વિચાર:**

ચોથા ગુણસ્થાનના આ પ્રકરણમાં જ પહેલા સમ્યક્ત્વના કાળનું વર્ણન કર્યું છે અને અહીં હવે અવિરત સમ્યક્ત્વ નામના ચોથા ગુણસ્થાનના કાળ સંબંધી સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

**જઘન્ય કાળ :** ચોથા ગુણસ્થાનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત છે. ચારેય ગતિમાં જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે છે. એક ભવથી અન્ય ભવમાં સમ્યક્ત્વ લઈને જઈ પણ શકે છે.

જો કોઈ જીવ એકદેશ સયંમ અથવા સર્વદેશ સંયમ વગર અર્થાત્ પાંચમાં કે છઠ્ઠા-સાતમાં ગુણસ્થાન વગર માત્ર સમ્યક્દર્શન સહિત ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં ઓછામાં ઓછો કાળ રહે તો તે માત્ર એક અંતર્મુહૂર્ત જ રહી શકે છે.

એક અંતર્મુહૂર્તથી ઓછું એટલે કે એક સમય, બે, ત્રણ, ચાર સમય આદિ અથવા એક આવલી કાળ સુધી નથી રહી શકતો. આ અવિરત સમ્યક્ત્વ ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવના જઘન્યકાળનું કથન થયું.

**ઉત્કૃષ્ટ કાળ :** સાધિક ૩૩ સાગર છે. અનુત્તરવાસી દેવોમાં એક સમય ઓછો ૩૩ સાગર સુધી અવિરતસમ્યક્ત્વ અર્થાત્ ચોથું ગુણસ્થાન રહે છે. અનુત્તરવાસી દેવ સ્વર્ગથી ચ્યુત થઈને પૂર્વકોટી વર્ષની આયુવાળા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તે અંતર્મુહૂર્ત પ્રમાણ આયુ બાકી રહેવા સુધી અવિરત સમ્યક્દ્રષ્ટિ થઈને રહે તો એક સમય ઓછો ૩૩ સાગર અને અંતર્મુહૂર્ત ઓછો કોટિપૂર્વ કાળ સુધી ચોથા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ હોય છે. (ધવલા પુ. ૪, પાનું. ૩૪૭ - ૩૪૮)

આ અપેક્ષાએ અવિરતસમ્યક્ત્વનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૩૩ સાગર હોય છે.

સાતમી નરકમાં નારકીઓની અપેક્ષાએ છ અંતર્મુહૂર્ત ઓછા ૩૩ સાગરકાળ અવિરતસમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનનું છે.

ધવલામાં આનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે - મોહકર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિઓની સત્તા રાખવાવાળો એક તીર્યંચ અથવા મનુષ્ય મિથ્યાદ્રષ્ટિ જીવ સાતમી પૃથ્વીમાં ઉત્પન્ન થયો. તે છ યે પર્યાપ્તિઓથી પર્યાપ્ત થઈ (૧) વિશ્રામલેતો થકો (૨) વિશુધ્ધ થઈ (૩) વેદક સમ્યક્ત્વને પ્રાપ્ત થયો. અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ આયુકર્મની સ્થિતિના અવશેષ રહેવા પર ફરી મિથ્યાત્વને પ્રાપ્ત થયો. (૪) ત્યાં આગામી ભવની આયુને બાંધી (૫) અંતર્મુહૂર્ત કાળ વિશ્રામ લઈ (૬) નીકળ્યો, આ પ્રકારે છ અંતર્મુહૂર્ત ઓછા ૩૩ સાગરકાળ સુધી નરકગતિમાં અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાન રહે છે. (ધવલા પુ. ૪. પાનું ૩૫૯)

મનુષ્ય તથા તિર્યંચ ગતિની અપેક્ષા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનનો કાળ અનુક્રમથી સાધિક ત્રણ પલ્ય તથા ત્રણ પલ્ય છે .

(સર્વાર્થસિધ્ધિ. પાનું. ૪૧-૪૨)

**મધ્યમકાળ :**

એક અંતર્મુહૂર્તથી લઈને સાધિક ૩૩ સાગરકાળની વચ્ચે જેટલા પણ ભેદ થઈ શકે છે, તે સર્વ અવિરત સમ્યક્ત્વના ચોથા ગુણસ્થાનના મધ્યમકાળના પ્રકારે સમજવા જોઈએ.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** કોઈ અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનીરાજ હોય, જો તે પોતાના ત્રિકાળી નિજ શુધ્ધાત્મના વિશિષ્ટ પુરૂષાર્થપૂર્વક ધ્યાન

કરે છે તો તે તુરંત આગળના સમયે સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં ગમન કરે છે અર્થાત્ ભાવલિંગી મુનિરાજ બની જાય છે.

ચતુર્થ ગુણસ્થાનમાં તો એક કષાય ચોકડીના અભાવથી ઉત્પન્ન વીતરાગ પરિણતિ સહિત હતાં અને સાતમામાં જતાં જ ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યક્ત મહાન વીતરાગતાના અપૂર્વ આનંદનો રસાસ્વાદન કરવા લાગે છે.

**પ્રશ્ન ૩૬ :** શું ચોથાથી સાતમાં ગુણસ્થાનમાં જવાવાળા મુનિરાજને આ અપૂર્વ પરિવર્તન સમજમાં આવે છે ?

**ઉત્તર :** શા માટે નહીં ? અવશ્ય સમજમાં આવે છે. જે આત્મા ક્રોધાદિ વિભાવભાવોનો અનુભવ કરી શકે છે તો તે આત્મા ચારિત્ર ગુણના વ્યક્ત સુખદ સ્વભાવ પરિણમનનો અનુભવ શા માટે ન કરી શકે ? યથા પદવી વ્યક્ત વીતરાગતાથી ઉત્પન્ન આનંદનો અનુભવ મુનિરાજ અવશ્ય કરે જ છે. તેમને ગુણસ્થાનને જાણવાનો વિકલ્પ નથી થતો. તેથી ગુણસ્થાનનું જ્ઞાન નથી થતું.

૨. ચતુર્થ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ અથવા ચતુર્થ ગુણસ્થાનવર્તી વ્રતી દ્રવ્યલિંગી શ્રાવક ચોથા ગુણસ્થાનથી દેશવિરત નામના પાંચમાં ગુણસ્થાનમાં પણ પ્રવેશ/ગમન કરી શકે છે.

પહેલાંથી ચોથા ગુણસ્થાનમાં પ્રવેશ કરવો હોય અથવા ચોથાથી ઉપરનાં કોઈ પણ ગુણસ્થાનમાં પ્રવેશ કરવો હોય તો નિજ શુદ્ધાત્માનું જ્ઞાન તથા ધ્યાન અનિવાર્ય છે. **શુદ્ધોપયોગપૂર્વક જ ચતુર્થ ગુણસ્થાનમાં તથા આનાથી ઉપરના ગુણસ્થાનોમાં જવું સંભવ છે. એવું થવા પર જ્યાં જેટલા કર્મોનું ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થવું હોય છે, તે સર્વ કાર્ય પણ એકસાથે પોતાની મેળે થઈ જ જાય છે.**

**પ્રશ્ન ૩૭ :** મિથ્યાત્વ ગુણસ્થાનથી સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં અને ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં દ્રવ્યલિંગી મુનિરાજ જ ગમન કરે છે. એવું શા માટે કહ્યું ? કોઈપણ વ્રતી કે અવ્રતી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક સાતમામાં ગમન કરી છઠ્ઠા ગુણસ્થાનમાં આવી બહારમાં દિગંબર મુનિદીક્ષા ધારણ શા માટે નથી કરી શકતાં ?

**ઉત્તર :** જ્યારે ત્રણ કષાય ચોકડીના અનુદયરૂપ અભાવપૂર્વક વીતરાગતા

વ્યક્ત થાય છે, ત્યારે કપડાં પહેરવાનો રાગ પરિણામ જ નથી રહેતો અને રાગભાવ ન રહેવાથી કપડાં આદિ બાહ્ય પરિગ્રહ પણ નથી રહેતો- આ જ સુમેળ છે. રાગ પરિણામ કપડાં પહેરવાનું કામ કરાવે છે, જ્યારે રાગ જ નષ્ટ થઈ ગયો તો કપડાં પહેરશે કોણ ? બાહ્ય પરિગ્રહના અભાવપૂર્વક જ અપ્રમત્તપણાનો સુમેળ છે. એવો જ બંનેમા સહજ નિમિત્ત - નૈમિત્તિક સબંધ છે. માટે સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનની પ્રાપ્તિની પહેલાં જ કપડાં આદિ સર્વ બાહ્ય પરિગ્રહનો બુધ્ધિપૂર્વક ત્યાગ પહેલાં, ચોથા અથવા પાંચમાં ગુણસ્થાનમાં કષાયની મંદ, મંદતર તથા મંદતમ ઉદયમાં થઈ જ જાય છે. તેથી દ્રવ્યલિંગી મુનિરાજ જ સાતમાં ગુણસ્થાનમાં ગમન કરે છે.

**પ્રશ્ન ૩૮ :** આપના આ કથનથી એ સ્પષ્ટ થાય છે કે દ્રવ્યલિંગ પ્રથમ થાય છે અને ભાવલિંગની પ્રાપ્તિ પાછળથી થાય છે. શું આપ એમ કહેવા માંગો છો?

**ઉત્તર :** હા, દ્રવ્યલિંગપૂર્વક જ ભાવલિંગ હોય છે, એવું જ વસ્તુનું સ્વરૂપ છે.

**પ્રશ્ન ૩૯ :** સામાન્ય વ્યક્તિઓ માટે તો દ્રવ્યલિંગપૂર્વક ભાવલિંગ થવાનો નિયમ ઠીક છે, પરંતુ તીર્થંકર આદિ મહાપુરૂષોને તો પહેલા ભાવલિંગ થઈ જતું હશે?

**ઉત્તર :** ના, **"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ."**

જિનધર્મમાં તો કોઈ વિશિષ્ટ વ્યક્તિને માટે પણ મોક્ષમાર્ગ કે મોક્ષપ્રાપ્તિના ઉપાયમાં કાંઈ છૂટછાટ નથી. **વસ્તુસ્વરૂપ તો બધાંને માટે સમાન જ હોય છે.** જેમ કે - વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તીર્થંકર થવાવાળા યુવા મહાવીરે પણ વનમાં જઈ અલંકાર, મુકુટ આદિ આભૂષણો અને વસ્ત્રોનો બુધ્ધિપૂર્વક ત્યાગ કર્યો. કેશલોચ કરીને દિગંબર મુની થયા.

**આ રીતે દ્રવ્યલિંગને ધારણ કરી મુનિ થઈ તે ધ્યાનમાં બેસી ગયા અને શુધ્ધોપયોગમાં પોતાના નિજ શુધ્ધાત્માનું ધ્યાન કરી લીધું, ત્યારે જ ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક અપ્રમત્તસંયત ગુણસ્થાનને પ્રાપ્ત થયા હતાં અને ભાવલિંગી મુનિરાજ બન્યા હતા.**

આ પ્રકારે તીર્થંકર થવાવાળા યુવક મહાવીરને પણ દ્રવ્યલિંગપૂર્વક જ ભાવલિંગ થયું છે. આ રીતે દ્રવ્યલિંગ અને ભાવલિંગનો પરસ્પર સુમેળ બધાં જીવો માટે અનાદિથી છે અને આગળ પણ અનંતકાળ સુધી રહેશે,

એવું સમજવું જોઈએ.

**પ્રશ્ન ૪૦ :** તીર્થંકર તો પોતાની આઠ વર્ષની ઉમરમાં જ પંચમ ગુણસ્થાનવર્તી વ્રતી શ્રાવક થઈ જાય છે, એવું અમે પાર્શ્વપુરાણ શાસ્ત્રમાં વાંચ્યુ છે. તેનું શું તાત્પર્ય છે?

**ઉત્તર:** પાર્શ્વપુરાણ પ્રથમાનુયોગનું શાસ્ત્ર છે. ત્યાં સ્થૂળરૂપથી સામાન્ય કથન કર્યું છે. ત્યાં તીર્થંકર થવાવાળા આઠ વર્ષના બાળકનું બાહ્ય આચરણ પંચમ ગુણસ્થાનવર્તી વ્રતી શ્રાવક સમાન હોય છે, આ સમજાવવાનો ભાવ છે. **આચાર્યોએ બાળ તીર્થંકરના આદર્શ જીવનને પ્રસ્તુત કરી સાધક જીવોને તેમના જેવું જીવન બનાવવાની પ્રેરણા આપી છે.**

**વસ્તુતઃ વાત એ છે કે તીર્થંકર, ચક્રવર્તી વગેરે વિશિષ્ટ પદવીધારક મહાપુરૂષોનો અણુવ્રતરૂપ અલ્પ પુરૂષાર્થ નથી હોતો. તે તો સીધા મહાવ્રતોને જ અંગીકાર કરે છે, કારણ કે તેઓનો પુરૂષાર્થ મહાન જ હોય છે.**

**પ્રશ્ન ૪૧ :** આચાર્યશ્રી કુંદકુંદદેવે અષ્ટપાહુડ-ભાવપાહુડની ગાથા ૭૩માં તો પ્રથમ ભાવલિંગ પ્રગટ કરો, ત્યારબાદ દ્રવ્યલિંગને સ્વીકાર કરવાની પ્રેરણા આપી છે. તેનો શું અભિપ્રાય છે?

**ઉત્તર :** આચાર્યશ્રીએ એ ગાથામાં સમ્યક્દર્શનને ભાવલિંગ કહ્યું છે. **मिच्छत्ताईं य दोस चइऊणं** નો અર્થ છે મિથ્યાત્વાદિ દોષોને છોડીને. આચાર્યશ્રીને ત્યાં સમ્યક્દર્શન અર્થ અભિપ્રેત છે. સમ્યક્દર્શન વગર મુનિપણાનો યથાર્થ પુરૂષાર્થ પ્રગટ જ નથી થતો. તેથી અનાદિનિધન માર્ગ તો એ જ છે કે **પહેલા સમ્યક્દર્શન પ્રગટ કરવું અને તત્પશ્ચયાત સંયમ ધારણ કરવું. મિથ્યાત્વની ગ્રંથી તોડવી તે જ પ્રથમ દ્રષ્ટિ અપેક્ષાએ નિર્ગ્રંથતા છે.**

આચાર્યશ્રી કુંદકુંદદેવે **णग्गो ही मोक्खमग्गो** નગ્નતા જ મોક્ષમાર્ગ છે, એમ સ્પષ્ટ કહ્યું છે.

**પ્રશ્ન ૪૨ :** તો પછી આચાર્યશ્રી કુંદકુંદદેવના વચનાનુસાર બાહ્ય નગ્નતાને જ મોક્ષમાર્ગ અને મુનિપણું કેમ ન માનવું? ત્રણ કષાય ચોકડીના અનુદયરૂપ વીતરાગતાની શું જરૂર છે?

**ઉત્તર :** **णग्गो ही मोक्खमग्गो** આ કથન વ્યવહારનયનું છે. જે

બાહ્યનિમિત્તની અપેક્ષાથી સાચું હોવા છતાં પણ નિશ્ચયની અપેક્ષા રાખે છે. એક જ નયના વિષયને સ્વીકાર કરવાથી મિથ્યાત્વનો પ્રસંગ આવે છે. તેથી શરીરની નગ્નતા આદિ ૨૮ મૂળગુણમય દ્રવ્યલિંગનું પાલન કરવારૂપ રાગભાવ અર્થાત્ પુણ્યમય પરિણામ અને ત્રણ કષાય ચોકડીના અનુદયથી વ્યક્ત વીતરાગભાવ - આ બંનેના સદ્ભાવથી જ છઠ્ઠા - સાતમાં ગુણસ્થાનની ભૂમિકા બને છે.

હવે ચોથા ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનોમાં ગમન કરવા વિષે વિચાર કરીએ છીએ.

૩. ચતુર્થ ગુણસ્થાનવર્તી અવિરત સમ્યક્દ્રષ્ટિના સમ્યક્મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મની સત્તા હોય અને તેની નિર્મળ શ્રદ્ધા પોતાના જ અપરાધથી કે પૂર્વ કુસંસ્કારવશ મિશ્રભાવરૂપ થઈ જાય તો તે સમયે મિશ્ર કર્મનો ઉદય આવવાથી તે ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

૪. આ ચોથા ગુણસ્થાનવર્તી જો ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ હોય અને સ્વયમેવ જ વિપરીત પુરૂષાર્થથી તેને અનંતાનુબંધી કષાય પરિણામ થઈ જાય તો તે જ સમયે અનંતાનુબંધી કષાયકર્મનો ઉદય પણ સ્વયમેવ આવે છે અને આ જીવ સાસાદનસમ્યક્ત્વ નામના બીજા ગુણસ્થાનમાં ગમન કરે છે.

૫. જો **(ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિને છોડીને)** કોઈ અવિરત સમ્યક્દ્રષ્ટિની પરિણતિ મિથ્યાત્વભાવરૂપ થઈ જાય અને તે જ સમયે મિથ્યાત્વ કર્મનો ઉદય પણ આવી જાય તો તે મિથ્યાત્વ ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે.

**આગમન :** ૧) સાદિ કે અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ શુદ્ધાત્માના આશ્રયથી મિથ્યાત્વ ગુણસ્થાનથી સીધો અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આવી શકે છે.

૨) સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી જીવોનો પણ શુદ્ધાત્માના આશ્રયથી અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આગમન થઈ શકે છે.

૩) દેશવિરત ગુણસ્થાનવર્તી જીવોનો પોતાના પુરૂષાર્થ - હીનતાથી અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આવવું સંભવ છે.

૪) છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજ પણ પોતાના હીણા પુરૂષાર્થથી સીધા ચોથા ગુણસ્થાનમાં આવી શકે છે.

ઉપરનાં ગુણસ્થાનોથી નીચલા ગુણસ્થાનોમાં આવેલા મુનિરાજ તો તત્કાળ જ આત્માશ્રિત ધ્યાન-મગ્નતાનો વિશેષ પુરૂષાર્થ કરીને સાતમાં

અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં પહોંચી પ્રચુર સ્વસંવેદનરૂપ વિશિષ્ટ અનુપમ આનંદનો અનુભવ કરે છે.

પ્રયત્ન કરવા છતાં પણ મુનિ-દશાને યોગ્ય છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનરૂપ ભાવલિંગની પ્રાપ્તિ નથી થતી, તો સ્વયં જ મુનિવેષ/દ્રવ્યલિંગનો ત્યાગ કરવો, તે ઉપાય નથી. પ્રત્યેક અંતર્મુહૂર્તમાં જ નહીં યથાર્થ મુનિપણું પ્રાપ્ત કરવા માટે બુધ્ધિપૂર્વક સતત પ્રયાસ કરતા રહેવું ઘણું આવશ્યક છે. જેમ - આચાર્ય વારિષેણના શિષ્ય પુષ્પડાલે પ્રયત્ન કર્યો છે. આચાર્યએ પણ પોતાના શિષ્યને મુનિ-પદમાં સ્થિર કરવાના જ અનેક ઉપાય કર્યા છે.

આગમના અધ્યયનથી આ વાત પણ સ્પષ્ટ થઈ જાય છે કે અનેક દિગંબર મુનિરાજ પોતાના મુનિજીવન અર્થાત્ મનુષ્ય જીવનના અંતિમ સમય સુધી દ્રવ્યલિંગી મુનિરાજ જ બની રહે છે અને આગળના ભવમાં નવ ગ્રૈવેયકમાં પણ જન્મ લઈ શકે છે. નવ ગ્રૈવેયકમાં દ્રવ્યલિંગી મુનિરાજ જન્મ લે છે, આ કથન આગમમાં સર્વત્ર મળે છે. આનાથી આપણને આ નિર્ણય આગમાનુસાર ઉચિત પ્રતીત થાય છે કે ગૃહીત વ્રતોનો ત્યાગ કરવો તે ઉપાય નથી, વ્રતોને અનુસાર આંતરિક જીવન ધર્મમય બનાવવું કર્તવ્ય છે.

પ્રશ્ન ૪૩ : રત્નકરંડશ્રાવકાચારના રચયિતા આચાર્ય સમંતભદ્રદેવે પોતાના પૂર્વ જીવનમાં ભસ્મક રોગ થવાને લીધે તથા આચાર્ય આર્યનંદીએ (ક્ષત્રચૂડામણિમાં ઉલ્લેખિત) પણ મુનિપદનો ત્યાગ કર્યો હતો. આ વિષય શાસ્ત્રમાં આવેલો છે. તેથી આપ તેને સ્પષ્ટ સમજાવો.

ઉત્તર: તેમના જીવનનું ઉદાહરણ લેવું હોય તો આચાર્ય સમંતભદ્રના પ્રભાવના કાર્યનું તથા આચાર્ય આર્યનંદીના મુક્તિ-પ્રાપ્ત કરવારૂપ આદર્શ પુરૂષાર્થનો લેવો જોઈએ. મુનિપદનો ત્યાગ તો અપરિહાર્ય કારણથી તથા ગુરૂના ઉપદેશથી થયો છે.

જે જીવન સર્વોત્તમ ન હોય તેના અનુસરણનો વિચાર પોતાની મનોભૂમિકાની મલીનતાને જ સ્પષ્ટ કરે છે. તેથી ગૃહીત વ્રતોના ત્યાગનો વિચાર કરવો સાચો માર્ગ નથી. વાસ્તવિક રીતે જોઈએ તો ગૃહીત વ્રતોના નિર્દોષ પાલનની સાથે નિજ શુદ્ધાત્માના ધ્યાનથી ભાવલિંગ પ્રગટ કરવાનો અવિરત પ્રયાસ જ શ્રેષ્ઠ ઉપાય છે.

૫. ઉપશમ શ્રેણીની અપેક્ષાએ ઉપશમ શ્રેણીના ચારે ગુણસ્થાનોમાં મરણ થઈ જાય તો સીધા ચોથા ગુણસ્થાનમાં આવે છે. અર્થાત્ મરણના અંતસમય સુધી તો શ્રેણીનું તે જ ગુણસ્થાન રહે છે, પરંતુ વિગ્રહગતિમાં પ્રથમ સમયથી જ ચોથું ગુણસ્થાન થઈ જાય છે.

**પ્રશ્ન ૪૪:** સાદિ કે અનાદિ કોઈપણ મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય શું મિથ્યાત્વથી અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ કરી શકે છે કે તેની પણ કાંઈ વિશિષ્ટ પાત્રતા આવશ્યક છે?

**ઉત્તર:** બંને મિથ્યાદ્રષ્ટિઓને સમ્યક્ત્વ માટે પુરૂષાર્થ તથા પાત્રતા સમાન જ હોય છે. હા, એટલું અવશ્ય છે કે જેની પાત્રતા વિશેષ હોય છે તે શીઘ્ર જ સમ્યક્ત્વરૂપી રત્નને પ્રાપ્ત કરી શકે છે. વિશિષ્ટ કારણોથી પાત્રતાને પ્રાપ્ત મિથ્યાદ્રષ્ટિ જ અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ કરી શકે છે, સર્વ અથવા કોઈ પણ મિથ્યાદ્રષ્ટિ નહીં.

**પ્રશ્ન ૪૫:** અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ માટે પાત્રતાનું સ્વરૂપ શું છે?

**ઉત્તર:** ગૃહીત મિથ્યાત્વનો પૂર્ણ ત્યાગ આવશ્યક છે. રાગી-દ્વેષી દેવી-દેવતાઓને માનવા-પૂજવાવાળા મિથ્યાદ્રષ્ટિ જીવને ચોથું અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાન પ્રાપ્ત નથી થઈ શકતું. વીતરાગી, સર્વજ્ઞ અને હિતોપદેશી દેવ જ સાચા દેવ છે. વીતરાગતાની પોષક વાણી જ સાચા શાસ્ત્ર છે. છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં ઝૂલવાવાળા ભાવલિંગી દિગંબર સાધુ જ ગુરૂ છે. એવો દ્રઢ શ્રદ્ધાવાન મિથ્યાદ્રષ્ટિ જ સમ્યક્દ્રષ્ટિ થવાને પાત્ર છે.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરૂની અંતરંગ-બહિરંગ લક્ષણ દ્રષ્ટિથી નિર્ણયાત્મક જ્ઞાન શ્રદ્ધા વગર કોઈ કેટલો પણ પ્રયાસ કરે, તે જીવ અવિરત સમ્યક્ત્વ નામના ચોથા ગુણસ્થાનને પ્રાપ્ત નથી કરી શકતો. દેવ-શાસ્ત્ર-ગુરૂ આ ત્રણેમાંથી કોઈ એકની પણ યથાર્થ શ્રદ્ધાન ન હોય તો ત્રણેની સાચી શ્રદ્ધા નથી.

અન્યાય, અનીતિ અને અભક્ષ્યના બાહ્ય ત્યાગરૂપ સદાચારી જીવન વગર ધર્મ સમજમાં આવવો પણ કઠણ છે. જૈન કુળાચાર પાલન કરવાવાળાને અર્થાત્ આઠ મૂળગુણો (મદ્ય, માંસ, મદિરા આ ત્રણ મકાર અને પાંચ ઉદંબર ફળોના ત્યાગરૂપ અષ્ટ મૂળગુણો)ને ધારણ

કર્યા વિના સમ્યક્ત્વની પ્રાપ્તિની પાત્રતા પણ નથી આવી શકતી.

**અન્યાય :** જે કામને સરકાર પણ અયોગ્ય માને છે, દંડ યોગ્ય સમજે છે, મનુષ્યને જેલમાં નાખે છે, દેશનિકાલ કરે છે, ફાંસી આદિની સજા આપે છે, એવું કોઈ પણ કામ કરવાવાળો મનુષ્ય અન્યાયી છે અને તે સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અપાત્ર છે.

**અનીતિ :** જે કામને લીધે જૈન સમાજ અથવા જૈનેતર સમાજ પણ મનુષ્યની નિંદા કરે, એવું કાર્ય અનીતિની કોટીમાં આવે છે. **જેમ** - વૃધ્ધ માતા - પિતાની સેવા ન કરવી, બીજાની નિંદા કરતા રહેવું, લૌકિક નીતિથી વિરૂધ્ધ આચરણ રાખવું આદિ. (**વિશેષ જાણકારી માટે ભાવદીપિકા શાસ્ત્રનો ઔદયિક ભાવાધિકાર જુઓ**)

**અભક્ષ્ય :** જે ખાવા-પીવાની જૈન શાસ્ત્રોમાં સહમતિ નથી એવી વસ્તુઓના ભક્ષણને અભક્ષ્ય કહે છે. **જેમ કે** - અનંતકાય જીવ જેમાં છે એવા પદાર્થ - કાંદા, લસણ, મૂળા, બટાટા, શકરકંદ, ગાજર આદિ જમીનકંદનું ભક્ષણ, રાત્રિભોજન કરવું, અણગળ પાણી વાપરવું, આ બધા અભક્ષ્યની કોટીમાં ગણતરી થાય છે. આ પ્રકારે અન્યાય, અનીતિ અને અભક્ષ્યના બુદ્ધિપૂર્વક ત્યાગી પાત્ર જીવ ને સમ્યક્ત્વની પ્રાપ્તિના અધિકારી સમજવા જોઈએ.

સપ્તવ્યસન અને તીવ્ર હિંસાદિ પાપોનો ત્યાગતો નામધારી જૈન પણ કરે જ છે. સપ્તવ્યસનાદિના ત્યાગને માટે જૈન મનુષ્યને સમજાવવું જૈન મનુષ્યનું અપમાન કરવા સમાન છે.

આ વિષય સંબંધી મોક્ષમાર્ગપ્રકાશક પાના ૨૬૧ પર અત્યંત માર્મિક કથન આવ્યું છે, તેને તે શાસ્ત્રના શબ્દોમાં જ જોઈએ - "..**કોઈને દેવાદિકની પ્રતીતિ અને સમ્યક્ત્વ યુગપદ હોય છે તથા વ્રત - તપ, સમ્યક્ત્વની સાથે પણ હોય છે અને આગળ - પાછળ પણ હોય છે. દેવાદિકની પ્રતીતિનો તો નિયમ છે, તેના વિના સમ્યક્ત્વ નથી થતું, વ્રતાદિકનો નિયમ નથી. ઘણા જીવ તો પહેલા સમ્યક્ત્વ થયા પછી જ વ્રતાદિકને ધારણ કરે છે. કોઈને યુગપદ્ પણ થઈ જાય છે...**"

**પ્રશ્ન ૪૬ :** અણુવ્રતો કે મહાવ્રતોનો સ્વીકાર કરવો, સમ્યક્ત્વ માટે આવશ્યક છે કે નહી ?

**ઉત્તર :** સમ્યક્દર્શન પ્રાપ્ત કરવા માટે અણુવ્રતો અથવા મહાવ્રતોનું પાલન કરવું આવશ્યક નથી. હા, જો સમ્યક્દર્શનની પહેલા કદાચ બાહ્ય

વ્યવહાર વ્રત લઈ લીધા હોય તો તેના પાલન કરતાં પણ તત્વચિંતનની મુખ્યતા હોય તો સમ્યક્‌દર્શન થઈ શકે છે, પરંતુ વ્રતો વિના પણ અવિરતસમ્યકત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ થઈ શકે છે.

**વિશેષ અપેક્ષા વિચાર :**

(૧) અવિરત સમ્યક્‌દ્રષ્ટિને વિશિષ્ટ પ્રશસ્ત રાગને કારણ જ તીર્થંકર પ્રકૃતિ નામકર્મનો બંધ પ્રારંભ થાય છે. દર્શન વિશુદ્ધિ આદિ સોલહકારણ ભાવનાઓથી તીર્થંકર પ્રકૃતિનો બંધ થઈ શકે છે. આ સોળ ભાવનાઓમાં પણ મુખ્યરૂપથી તો એક દર્શનવિશુદ્ધિ ભાવના જ કારણ છે. આ એક ભાવના હોય અને અન્ય પંદર ભાવનાઓ હીનાધિક પણ હોય તો પણ તીર્થંકર પ્રકૃતિનો બંધ થઈ શકે છે.

આ એક ભાવના જ અન્ય બધી ભાવનાઓની ઉત્પાદક છે.

**"બધાં જીવોનું પરમકલ્યાણ થાય. બધા જીવ મારી જેમ મોક્ષમાર્ગી થઈને સુખી થાય"** - એવી સમ્યક્‌દર્શનપૂર્વક લોક-કલ્યાણની અખંડ ભાવનાનું નામ જ દર્શનવિશુદ્ધિ ભાવના છે.

ચોથા ગુણસ્થાનથી લઈને સાતમાં ગુણસ્થાન સુધી ક્યાંય પણ તીર્થંકર પ્રકૃતિ નામકર્મનું બંધાવું પ્રારંભ થઈ શકે છે અને આઠમાં ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય છે. પરંતુ ઉદય, તેરમાં - ચૌદમાં ગુણસ્થાનમાં જ રહે છે, જે કારણથી બાહ્યમાં સમવસરણની પ્રાપ્તિ થાય છે.

(૨) આ અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનથી જ જીવને પારમાર્થિક અતીન્દ્રિય સુખનો અંશ પ્રગટ થાય છે. વિપરીત શ્રદ્ધાવાળા અર્થાત્ પ્રથમ ગુણસ્થાનથી ત્રીજા સમ્યક્‌મિથ્યાત્વ ગુણસ્થાન સુધીના સર્વ જીવ નિયમથી દુઃખી જ છે. પૂર્વ પુણ્યકર્મના ઉદયથી કેટલાક જીવોને બાહ્ય અનુકૂળ વસ્તુઓના સંયોગથી સુખ જેવું લાગે છે, પરંતુ તે સાચું સુખ નથી.

**વીતરાગતા/સમતાભાવ જ સાચું સુખ છે. આ સુખ યથાર્થ શ્રદ્ધાની સાથે જ ઉત્પન્ન થાય છે. યથાર્થ શ્રદ્ધા આત્માનુભવપૂર્વક જ થાય છે. આત્માનુભવ માટે અનંત સર્વજ્ઞ ભગવંતો દ્વારા કથિત દેવ-શાસ્ત્ર-ગુરૂ, છ દ્રવ્ય અને સાત તત્વોનું ભેદજ્ઞાનપૂર્વક યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાનની પણ અત્યંત આવશ્યકતા છે.**

**સાત તત્વોમાં પણ "હું ભગવાન આત્મા અનાદિ - અનંત, સહજ**

શુધ્ધ સ્વરૂપી જ છું," એવી માન્યતા/શ્રધ્ધા/પ્રતીતિ જ સમ્યક્દર્શન છે.

(૩) સમ્યક્ત્વ પ્રાપ્તિને કારણ જ જીવ અંતરાત્મા સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. ચોથા ગુણસ્થાનથી લઈને બારમાં ગુણસ્થાન સુધીના સર્વ જીવ અંતરાત્મા જ છે. આમાં પણ ચોથા ગુણસ્થાનવર્તી જીવ જઘન્ય અંતરાત્મા છે. પાંચમા છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવ મધ્યમ અંતરાત્મા છે અને સાતમા ગુણસ્થાનથી લઈને બારમાં ગુણસ્થાનવર્તી મહામુનિરાજ ઉત્તમ અંતરાત્મા છે.

(૪) "અવિરતસમ્યક્ત્વ" આ નામમાં જે "અવિરત" શબ્દ છે તે અંતદીપક છે અર્થાત્ પ્રથમ ગુણસ્થાનથી લઈનેં ચોથા અવિરત ગુણસ્થાન સુધીના સર્વ જીવ અવિરત જ છે. જેમ - અવિરત મિથ્યાત્વ, અવિરત સાસાદન સમ્યક્ત્વ અને અવિરત સમ્યક્મિથ્યાત્વ, કારણ કે મિથ્યાત્વથી લઈને ચોથા ગુણસ્થાન સુધીના સર્વ જીવ સામાન્યપણે અવિરત જ છે. છતાંય દરેક જીવોની અવિરતીમાં ઘણું અંતર છે.

(૫) મિથ્યાત્વથી રહિત થવાને કારણ અવિરત સમ્યક્દ્રષ્ટિને શ્રધ્ધાની અપેક્ષાએ **"દ્રષ્ટિ મુક્ત"** કહે છે.

મુક્તિના ભેદ આ પ્રકારે છે.

ક) જે જીવની શ્રધ્ધા યથાર્થ થઈ ગઈ, તેને **દ્રષ્ટિમુક્ત** કહે છે.

ખ) બાર પ્રકારની અવિરતિથી અતીત થવાને કારણ છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજ **અવિરતિમુક્ત** છે.

ગ) પંદર પ્રમાદોથી અતીત થવાને કારણ અપ્રમત્તસંયત આદિ આગળના ચાર ગુણસ્થાનવર્તી જીવને **"પ્રમાદમુક્ત"** કહે છે.

ઘ) ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી સર્વ જીવોને **"મોહમુક્ત"** કહેવું યોગ્ય છે.

ચ) સયોગ-અયોગ કેવળીઓને **"જીવનમુક્ત"** કહેવું સ્વાભાવિક છે. આને કથંચિત્ સિધ્ધ પણ કહે છે.

છ) ગુણસ્થાનાતીત જીવ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત હોવાને કારણ સિધ્ધ જીવોને "દેહમુક્ત"/ સાક્ષાતમુક્ત કહે છે. હવે કોઈથી મુક્ત થવાનું તેઓને બાકી નથી. મોક્ષમાર્ગ અર્થાત્ મુક્ત થવાનો પ્રારંભ તો સમ્યક્દર્શન થવા પર ચોથા ગુણસ્થાનથી થાય છે.

(૬) ભવ્યત્વ શક્તિની અભિવ્યક્તિનો પ્રારંભ ચોથા અવિરત

સમ્યક્ત્વ ગુણસ્થાનથી જ થાય છે. જે જીવ મોક્ષમાર્ગ (રત્નત્રય) પ્રગટ કરવાની શક્તિવાળો હોય છે, તેને ભવ્યજીવ કહે છે.

ચોથા ગુણસ્થાનમાં મોક્ષમાર્ગ પ્રારંભ થાય છે અને સિધ્ધ અવસ્થામાં ભવ્યત્વ શક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. આ અપેક્ષાથી સિધ્ધ અવસ્થામાં ભવ્યત્વ શક્તિનો અભાવ બતાવવામાં આવેલ છે.

**જેમ - સિધ્ધ અવસ્થાની પ્રાપ્તિ જીવને નિયમથી નિજ શુધ્ધાત્માના ધ્યાનથી જ થાય છે, તેમજ સમ્યક્દર્શનની ઉત્પત્તિ પણ નિયમથી શુધ્ધાત્માના ધ્યાનથી જ થાય છે. આ જ ધ્યાનને શુધ્ધોપયોગ કહે છે.** આ વિષયમાં જયસેનાચાર્યદેવનું કથન અત્યંત સ્પષ્ટ છે.

સમયસાર ગાથા ૩૨૦ની તાત્પર્યવૃત્તિ ટીકા લખ્યા બાદ વિશેષ ખુલાસો કરતા થકા તેઓ લખે છે:-

"તે જ પરિણમનને આગમની ભાષાથી ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વભાવરૂપ કહેવામાં આવે છે અને તે જ પરિણમનને **અધ્યાત્મભાષાથી શુધ્ધાત્માભિમુખ પરિણામ, શુધ્ધોપયોગ આદિ નામોથી કહેવામાં આવે છે."**

આનાથી આ અર્થ સહજ જ ફલિત થઈ જાય છે કે પ્રથમોપશમ સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ શુધ્ધોપયોગમાં જ થાય છે. આચાર્ય શ્રી જયસેનદેવના સમયસારના ઉપર્યુક્ત એક જ ઉદાહરણથી આ અત્યંત સ્પષ્ટ થઈ જાય છે કે - **ચોથા ગુણસ્થાનમાં શુધ્ધોપયોગ હોય જ છે.**

પ્રશ્ન ૪૭: સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે શુધ્ધાત્માના ધ્યાનને છોડી શું અન્ય કોઈ ઉપાય પણ હોઈ શકે છે ? કે એક માત્ર શુધ્ધાત્માનું ધ્યાન જ છે ?

ઉત્તર: જે પ્રકારે સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ અને તેની પૂર્ણતાનો ઉપાય નિજ શુધ્ધાત્માનું ધ્યાન જ છે. તે જ પ્રકારે સમ્યક્દર્શનની ઉત્પત્તિનો ઉપાય પણ એક નિજ શુધ્ધાત્માનું ધ્યાન જ છે. અન્ય કોઈ ઉપાય નથી.

સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર આ બંને ભાવ આત્માશ્રિત વીતરાગસ્વરૂપ જ છે અને આ બંનેના નિમિત્તરૂપથી બાધક કર્મ પણ એક મોહનીય - દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય જ છે. માટે આની પ્રાપ્તિનો ઉપાય પણ એક આત્માશ્રિતપણું જ છે. આ કારણે

સમ્યક્દર્શનની પ્રાપ્તિનો ઉપાય પણ એક નિજ શુદ્ધાત્માનું ધ્યાન જ છે; અન્ય નહીં.

ધવલા પુસ્તક ૧ નો અંશ (પાના નં ૧૭૧ થી ૧૭૪)

સામાન્યથી અસંયતસમ્યક્દ્રષ્ટિ જીવ છે ॥૧૨॥

જેની દ્રષ્ટિ અર્થાત શ્રદ્ધા સમીચીન(યથાર્થ) હોય છે, તેને સમ્યક્દ્રષ્ટિ કહે છે અને સંયમરહિત સમ્યક્દ્રષ્ટિને અસંયતસમ્યક્દ્રષ્ટિ કહે છે, તે સમ્યક્દ્રષ્ટિ જીવ ત્રણ પ્રકારના છે. ક્ષાયિકસમ્યક્દ્રષ્ટિ, વેદકસમ્યક્દ્રષ્ટિ અને ઔપશમિક સમ્યક્દ્રષ્ટિ.

સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર ગુણોનો ઘાત કરવાવાળી ચાર અનંતાનુબંધી પ્રકૃતિઓ અને મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ તથા સમ્યક્પ્રકૃતિ આ ત્રણ દર્શનમોહનીયની પ્રકૃતિઓ, આ રીતે આ સાત પ્રકૃતિઓના સર્વથા વિનાશથી જીવ ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ કહેવામાં આવે છે. તથા આ જ સાત પ્રકૃતિઓના ઉપશમથી જીવ ઉપશમસમ્યક્દ્રષ્ટિ થાય છે. તથા જેની સમ્યક્ત્વ સંજ્ઞા છે એવા દર્શનમોહનીય કર્મના ભેદરૂપ પ્રકૃતિના ઉદયથી આ જીવ વેદકસમ્યક્દ્રષ્ટિ કહેવાય છે.

તેમાં ક્ષાયિકસમ્યક્દ્રષ્ટિ જીવ કયારેપણ મિથ્યાત્વ ને પ્રાપ્ત નથી થતો, કોઇ પ્રકારના સંદેહને પણ નથી કરતો અને મિથ્યાત્વજન્ય અતિશયોને જોઇને વિસ્મયને પણ પ્રાપ્ત નથી થતો.

ઉપશમ સમ્યક્દ્રષ્ટિ જીવ પણ આ પ્રકારના જ હોય છે. પરંતુ પરિણામોના નિમિત્તથી ઉપશમ સમ્યક્ત્વને છોડીને મિથ્યાત્વમાં જાય છે. સાસાદન ગુણસ્થાન ને પણ પ્રાપ્ત કરે છે. સમ્યક્મિથ્યાત્વ ગુણસ્થાને પણ પહોંચી જાય છે અને વેદકસમ્યક્ત્વ ને પણ પ્રાપ્ત કરી લે છે.

(ઉપશમ સમ્યક્દ્રષ્ટિના ઉપર્યુકત કથનથી પણ આ સ્પષ્ટ થઇ જાય છે કે ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરવાવાળો જીવ નિયમથી મિથ્યાત્વ ને જ પ્રાપ્ત થાય છે, એવું નથી. તેને ચાર માર્ગ છે, જેને ઉપર મુજબ આચાર્યશ્રી વીરસેનજીએ સ્પષ્ટ કર્યા છે.)

તથા જે વેદક સમ્યક્દ્રષ્ટિ જીવ છે તે શિથિલ શ્રદ્ધાની હોય છે. માટે વૃદ્ધ પુરૂષ જે રીતે પોતાના હાથમાં લાકડીને શિથિલતાપૂર્વક

પકડે છે, તે રીતે તે પણ તત્વાર્થના વિષયમાં શિથિલગ્રાહી હોય છે, તેથી **કુહેતુ અને કુદ્રષ્ટાંતથી તેને સમ્યક્ત્વની વિરાધના કરવામાં વાર નથી લાગતી.**

પાંચ પ્રકારના ભાવોમાંથી કયા - કયા ભાવોના આશ્રયથી અસંયત - સમ્યક્દ્રષ્ટિ ગુણસ્થાનની ઉત્પત્તિ થાય છે ? આ રીતે પુછવાથી આચાર્ય શ્રી ઉત્તર આપે છે કે સાત પ્રકૃતિઓના ક્ષયથી જે સમ્યક્દર્શન ઉત્પન્ન થાય છે તે ક્ષાચિક છે, તે જ સાત પ્રકૃતિઓના ઉપશમથી ઉત્પન્ન થયેલ સમ્યક્ત્વ ઉપશમ સમ્યક્દર્શન હોય છે અને સમ્યક્ત્વનો એકદેશ ઘાતરૂપથી વેદન કરવાવાળી સમ્યક્પ્રકૃતિના ઉદયથી ઉત્પન્ન થવાવાળું વેદક્સમ્યક્ત્વ ક્ષાયોપશમિક છે.

**શંકા 9 :** ચોથા ગુણસ્થાનથી આગળ અસંયમનો અભાવ શા માટે નથી કહ્યો ?

**સમાધાન :** આગળના ગુણસ્થાનોમાં અસંયમનો અભાવ એટલા માટે નથી કહ્યો, કારણ કે આગળના ગુણસ્થાનોમાં સર્વ સંયમાસંયમ અને સંયમ આ વિશેષણ જોવામાં આવે છે.

આ સૂત્રમાં જે સમ્યક્દ્રષ્ટિ પદ છે, તે ગંગા નદીના પ્રવાહ સમાન આગળના સમસ્ત ગુણસ્થાનોમાં અનુવૃત્તિને પ્રાપ્ત થાય છે. અર્થાત્ પાંચમાં આદિ સમસ્ત ગુણસ્થાનોમાં સમ્યક્દર્શન જોવામાં આવે છે.

**પ્રશ્નઃ** - અમારી પાસે થોડી જ સંપત્તિ છે, તો દાન કયાંથી કરીએ?
**ઉત્તરઃ** - ભાઈ, વિશેષ સંપત્તિ હોય તો જ દાન થાય એવી કોઈ વાત નથી અને તું તેને સંસાર કાર્યોમાં ખર્ચ કરે છે કે નહી ? તો ધર્મકાર્યમાં પણ ઉલ્લાસપૂર્વક થોડી સંપત્તિમાં થી તારી શકિતપ્રમાણે ખર્ચ કર. દાન વગર ગૃહસ્થપણું નિષ્ફળ છે. અરે! મોક્ષનો ઉદ્યમ કરવાનો આ અવસર છે. તેમાં બધો રાગ ન છુટે તો થોડો રાગ તો ઘટાવ. મોક્ષ માટે તો બધો રાગ છોડવો પડશે. **જો દાનાદિ દ્વારા થોડો રાગ પણ ઘટાડવો તારાથી શકય નથી તો તું મોક્ષ નો ઉદ્યમ કઈ રીતે કરીશ ?**

- શ્રાવકધર્મપ્રકાશ, પાના નં ૧૧૪

## ૫

# દેશવિરત ગુણસ્થાન

પાંચમા ગુણસ્થાનનું નામ દેશવિરત છે. બહારમાં બુદ્ધિપૂર્વક અણુવ્રત ગ્રહણ કરવાથી અને અંતરંગમાં સમ્યક્દર્શનપૂર્વક અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણ કષાય ચોકડીનો અનુદય થવાથી દેશચારિત્રરૂપ આંશિક વીતરાગ પરિણામ પ્રગટ થવાથી પાંચમું ગુણસ્થાન થાય છે.

માત્ર વીતરાગભાવને પંચમગુણસ્થાન નથી કહેતા, વીતરાગતાના અવિનાભાવી **બાહ્ય અણુવ્રતાદિ પાલન કરવાનો રાગભાવ અર્થાત્ પુણ્ય પરિણામ** પણ આ ગુણસ્થાનના સ્વરૂપમાં અંતર્ગર્ભિત છે.

**પ્રશ્ન ૪૮ :** કોઈ મનુષ્ય અણુવ્રતોને ગ્રહણ કરે અને તેને બે કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતા વ્યક્ત ન હોય તો તેને પાંચમું ગુણસ્થાન થશે કે નહીં?

**ઉત્તર :** નહીં થાય, કારણ કે માત્ર અણુવ્રતોના ગ્રહણ કરવારૂપ રાગ અર્થાત્ પુણ્ય પરિણામને દેશવિરત ગુણસ્થાન નથી કહેતાં, કારણ કે આ માન્યતા વ્યવહારાભાસરૂપ છે. બે કષાય ચોકડીના અનુદયથી વીતરાગતારૂપ સાચોધર્મ વ્યક્ત થઈ ગયો હોય અને તે જ સમય અણુવ્રતાદિના પાલન કરવાના શુભ પરિણામ પણ ચાલી રહ્યા હોય, તો જ દેશવિરત ગુણસ્થાન હોય છે, કારણ કે ત્યાં વ્યવહાર-નિશ્ચયનો સુમેળ છે.

અણુવ્રતાદિ કે મહાવ્રત પાંચમા અથવા છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનના ઉત્પાદક કારણ નથી, માત્ર જ્ઞાપક કારણ છે. જ્ઞાપક કારણ એટલે નિમિત્ત. નિમિત્તને ઉત્પાદક કારણ માનવું મહાન અજ્ઞાન છે.

આચાર્ય શ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૩૦માં દેશવિરત ગુણસ્થાનની પરિભાષા આ પ્રકારે આપેલ છે :-

**पच्चक्खाणुदयादो, संजमभावो ण होदि णवरिं तु।**
**थोववदो होदि तदो, देसवदो होदि पंचमओ।।**

**પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના ઉદયકાળમાં અર્થાત્ નિમિત્તથી પૂર્ણ સંયમભાવ પ્રગટ ન થવા છતાં પણ સમ્યક્દર્શનપૂર્વક અણુવ્રતાદિ સહિત તથા બે કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યક્ત થવાવાળી વીતરાગ દશાને દેશવિરત ગુણસ્થાન કહે છે.**

ઉક્ત પરિભાષામાં "પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયકાળ"માં એવું વાક્ય છે તથા આગળ કહ્યું છે કે "પૂર્ણ સંયમભાવ પ્રગટ ન થવા છતાં પણ." આ વાકયોનો અર્થ એ થયો કે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયકાળમાં આંશિક વીતરાગતારૂપ દેશસંયમ હોય છે. અણુવ્રતાદિ શ્રાવકના શુભોપયોગરૂપ વ્રતોના પાલનનો ભાવ પ્રત્યાખ્યાનાવરણ કર્મના ઉદયનું કાર્ય છે.

**આ વિચારણીય છે કે અણુવ્રતાદિના પાલનનો ભાવ ઔદયિકભાવ છે, જે કર્મના ઉદયના નિમિત્તથી થાય છે, તે વીતરાગભાવરૂપ નિશ્ચયધર્મ કેવી રીતે થઈ શકે ?** જે કર્મોદયના નિમિત્તથી થશે, તે તો શુભ કે અશુભભાવ રૂપ વિભાવ જ હશે. તે વીતરાગભાવરૂપ ધર્મ ન થઈ શકે.

વ્રત પાલનના શુભ પરિણામ તથા બાહ્યક્રિયા ને તો ઉપચારથી વ્યવહારધર્મ કહ્યો છે. આને વ્યવહારધર્મ પણ એટલા માટે કહ્યો છે, કારણ કે આની સાથે બે કષાય ચોકડીના અભાવપૂર્વક આંશિક વીતરાગરૂપ નિશ્ચય ધર્મ હોય છે.

ચોથા ગુણસ્થાનથી જ આંશિક વીતરાગતારૂપ જ્ઞાનધારા/ધર્મધારા પ્રારંભ થઈ ગઈ છે, ચોથામાં રાગધારા અર્થાત્ કર્મધારા વિશેષ પ્રમાણમાં હતી. હવે દેશવિરત ગુણસ્થાનમાં વીતરાગધારા વધી ગઈ છે અને રાગધારા ચોથા ગુણસ્થાનની અપેક્ષાએ હીન થઈ ગઈ છે.

**નામ અપેક્ષા વિચારઃ**

વિરતાવિરત, સંયમાસંયમ, દેશસંયમ, દેશચારિત્ર ઈત્યાદિ અનેક નામ પાંચમા ગુણસ્થાન માટે છે. પંચમ ગુણસ્થાનવર્તી ત્રસ હિંસાથી વિરત છે અને સ્થાવર હિંસાથી અવિરત રહે છે, તેથી આનું વિરતાવિરત નામ પણ સાર્થક છે.

બાર પ્રકારની અવિરતિમાંથી આંશિકરૂપથી સંયમનું પાલન કરે છે અને શેષ અસંયમ છે, એવું જેનું જીવન હોય, તેને સંયમાસંયમી કહે છે. જે ચારિત્ર સકલ ચારિત્ર નથી, તેને દેશચારિત્ર કહે છે.

ભેદ :

અગ્યાર પ્રતિમાઓની અપેક્ષાએ દેશવિરતગુણસ્થાનના અગ્યાર ઉપભેદ છે, જે આ પ્રકારે છે. - દર્શનપ્રતિમા, વ્રત, સામાયિક, પૌષધ, સચેતત્યાગ, દિવામૈથુનત્યાગ અથવા રાત્રિભોજન ત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ અને ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા.

ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમાના પણ બે ભેદ છે. (૧) એક વસ્ત્રધારી શ્રાવક ઐલક અને (૨) બે વસ્ત્રધારી શ્રાવક ક્ષુલ્લક - આ પ્રતિમાઓનું સામાન્ય સ્વરૂપ નાટક સમયસારના ચૌદમાં અધિકારના ૫૮માં છંદમાં શાસ્ત્રકારના શબ્દોમાં આ રીતે છે.

**संजम अंश जग्यौ जहाँ, भोग अरुचि परिणाम।**
**उदय प्रतिज्ञा कौ भयो, प्रतिमा ताकौ नाम।।**

સંયમનો અંશ પ્રગટ થવો, પરિણામોના ભોગોથી વિરક્ત થવું અને પ્રતિજ્ઞાનો ઉદય થવો, તેને પ્રતિમા કહે છે.

ઉક્ત દોહામાં ત્રણ વિષય બતાવેલ છે.

(૧) સંજમ અર્થાત્ ચારિત્રનો અંશ પ્રગટ થયો છે. બે કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યક્ત વીતરાગતા જ અહીં નિશ્ચય ચારિત્ર છે.

(૨) વિશિષ્ટ આંશિક વીતરાગતા વ્યક્ત થતાં જ તે જ સમયે સ્પર્શનાદિ પાંચ ઈન્દ્રિયોના સ્પર્શાદિ વિષય સંબંધી ભોગોથી વિરક્તી/અરૂચિના ભાવ ઉત્પન્ન થયા.

(૩) પ્રતિજ્ઞાનો ઉદય અર્થાત્ પંચેન્દ્રિયોના ભોગોથી અરૂચિરૂપ ભાવને કારણ ભોગોનો ત્યાગ કરવા માટે બુદ્ધિપૂર્વક વ્રત લેવાનો જે શુભભાવ થયો, તે જ વ્યવહાર પ્રતિમા છે.

**જૈનધર્મ ભાવ પ્રધાન છે. આત્મા માત્ર ભાવ જ કરે છે, તેથી ભાવને અનુસાર ક્રિયામાં પણ પરિવર્તન થયા વિના નથી રહેતું.** (મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૨૭૯) છતાં બાહ્ય ક્રિયાને અનુસાર ભાવમાં પરિવર્તન થવાનો નિયમ નથી.

દોહામાં વ્યક્ત ત્રણ વિશેષતાઓમાં પ્રથમ બે અર્થાત્ સંયમ અને ભોગોથી અરૂચિરૂપ વિરક્તતાનો ભાવ તો વીતરાગ ભાવરૂપ અર્થાત્ નિશ્ચયધર્મરૂપ છે અને પ્રતિજ્ઞા ગ્રહણ કરવાનો ભાવ શુભભાવરૂપ ઔદયિકભાવ છે.

પહેલી પ્રતિમાનું નામ દર્શનપ્રતિમા છે અને અગ્યારમી પ્રતિમાનું નામ ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા છે. આ બંને પ્રતિમાઓના બાહ્ય ત્યાગમાં અંતર તો ઘણું છે. છતાં બંનેનું ગુણસ્થાન પાંચમું જ છે, કારણ કે બંનેમાં બે કષાય ચોકડીનો જ અનુદય છે.

દર્શનપ્રતિમાધારી આત્માનુભવી સમ્યક્દ્રષ્ટિ શ્રાવક મૂળગુણોમાં તથા સપ્ત વ્યસનના ત્યાગમાં અતિચાર નથી લગાવતો. દેવપૂજા આદિ છ કર્મોનું પાલન કરે છે. તે શ્રાવક માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની તથા બાળકોની સાથે ઘરમાં રહે છે. નીતિ-ન્યાયપૂર્વક વ્યાપારાદિ આરંભ કાર્ય કરીને ધન કમાવે છે. હેય બુધ્ધિપૂર્વક અરૂચિથી અનેક વાર ભોજન કરે છે. પરિણામોમાં ઉત્સાહ ન હોવા છતાં પણ ભૂમિકા અનુસાર લૌકિક વ્યવહારમાં અનેક પ્રકારના સુંદર કપડાં પહેરે છે. પોતાના પરિણામોની કમજોરી તથા પુણ્યોદયાનુસાર અલ્પ કે અધિક પરિગ્રહ પણ રાખે છે.

અગ્યારમી પ્રતિમાધારી ઉત્કૃષ્ટ શ્રાવક ક્ષુલ્લક અને ઐલક તો નિયમથી ઘર છોડી દિગંબર મુનિરાજના સંઘ સાથે વન-વસતિકા આદિમાં નિવાસ કરે છે. વ્યાપારાદિ અશુભોપયોગરૂપ આરંભ - પરિગ્રહના સર્વથા ત્યાગી છે. ધન રાખવાનો ભાવ જ મનમાં નથી આવતો. ઉદ્દિષ્ટ રહિત દિવસમાં એકવાર જ ભિક્ષાવૃત્તિથી પ્રાસુક ભોજન કરે છે. દૂધ કે પાણી આદિ પેય ભોજનના સમયે જ લે છે, અન્ય સમયમાં નહી. ક્ષુલ્લક બે - ખંડવસ્ત્ર તથા લંગોટી અને ઐલક માત્ર એક લંગોટીનો જ ઉપયોગ કરે છે.

પૂર્વોક્ત પ્રકાર પહેલી અને અગ્યારમી પ્રતિમાધારી શ્રાવકના બાહ્ય જીવનમાં ઘણો અંતર હોવા છતાં પણ બંનેને માત્ર બે જ કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતા છે, તેથી બંને પંચમ ગુણસ્થાનવર્તી જ છે.

**પ્રશ્ન ૪૯ :** પહેલી પ્રતિમાધારી અને ક્ષુલ્લક-ઐલક અગ્યારમી પ્રતિમાધારી - આ બંનેની વ્યક્ત વીતરાગતા/શુધ્ધિ/ધર્મ એક સમાન જ છે કે કાંઈ ભેદ પણ છે ?

ઉત્તર : બે કષાય ચોકડીના અનુદયરૂપ નિમિત્તથી એમનું ગુણસ્થાન પાંચમું જ છે, કારણ કે બે કષાય ચોકડીના અભાવમાં થવાવાળી વ્યક્ત વીતરાગતારૂપ પરિણતિ/શુધ્ધતામાં કોઈ અંતર નથી, છતાંય બંનેની વ્યકત વીતરાગતારૂપ પરિણતિમાં ઘણો જ અંતર છે, કારણ કે પંચમગુણસ્થાનવર્તી સાધકોના સૂક્ષ્મ પરિણામોની દ્રષ્ટિથી અસંખ્યાત

ભેદ છે. તે અસંખ્યાત ભેદોને અગ્યાર પ્રતિમાઓમાં વિભક્ત કરેલ છે. આ ભેદોનું મૂળ કારણ ત્રિકાળી, સહજ, નિજશુધ્ધાત્માની સાધનારૂપ પુરૂષાર્થની હીનાધિકતા જ છે.

આ સાધનાના ફળસ્વરૂપ વિશુધ્ધિીનું નિમિત્ત પામી પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન ક્રોધાદિ ચતુષ્ટય કર્મોનો ઉદય તીવ્ર, મંદ, મંદતર, મંદતમ હોય છે. આ ઉદયના નિમિત્તથી શુધ્ધિમાં અંતર હોય છે. તેથી બંનેની શુધ્ધિ, સુખ, સંવર, નિર્જરા આદિમાં પણ યથાયોગ્ય અંતર રહે છે.

**પ્રશ્ન ૫૦:** ક્ષુલ્લક અને ઐલકમાં માત્ર બાહ્ય કપડાં તથા કાંઈક બાહ્ય ક્રિયાઓને કારણ જ ભેદ છે કે વીતરાગતામાં પણ કાંઈ ભેદ છે ?

**ઉત્તર :** કપડાંરૂપ પરિગ્રહ અને આહાર ક્રિયાની અપેક્ષાએ ચરણાનુયોગ સાપેક્ષ જે અંતર છે, તે તો સ્પષ્ટ છે જ. સાથે જ વ્યક્ત વીતરાગતામાં પણ અંતર છે. સંવર, નિર્જરા, સુખ, શાંતિ, શુધ્ધોપયોગ, શુધ્ધપરિણતિ આદિ અધિક માત્રામાં વ્યક્ત થવાને લીધે/નિમિત્તથી જ ઐલકના કપડાં આદિ બાહ્ય પરિગ્રહમાં ઓછપ આવી છે.

ક્ષુલ્લકના જીવનમાં ઐલકની અપેક્ષાએ વીતરાગતા ઓછી માત્રામાં પ્રગટ થઈ છે. તેથી તેમની પાસે કપડાં વધારે છે અને ભોજનાદિની ક્રિયા પણ ભિન્ન છે.

ઐલકની નિજ શુધ્ધતાની સાધના વિશેષ બળવાળી થઈ ગઈ છે. આ નિમિત્તથી પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન કષાય ચતુષ્ટય કર્મોનો ઉદય મંદ, મંદતર, મંદતમ થઈ જાય છે. તેથી ઐલકની આત્મિક શુધ્ધિની વૃધ્ધિ થાય તે સ્વાભાવિક છે.

**પ્રશ્ન ૫૧:** એક શ્રાવકે આજે સાતમી પ્રતિમા સ્વીકાર કરી છે અને અન્ય કોઈ શ્રાવકની અનેક વર્ષોથી સાતમી પ્રતિમાની સાધના ચાલુ છે, આ બંનેમાં કોઈ અંતર છે કે નહીં ?

**ઉત્તર :** બંને સાધકોમાં બે દ્રષ્ટિથી અંતર હોઈ શકે છે. સામાન્ય અપેક્ષાથી વિચારીએ તો અનેક વર્ષોથી સાતમી પ્રતિમાની સાધના કરવાવાળાની વીતરાગતા વિશેષ અધિક હોવી જોઈએ, કારણ કે તેને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય મંદ થઈ ગયો છે અને સંજ્વલન કષાયનો પણ સાપેક્ષ મંદોદય થાય છે.

જો આજનો સાતમી પ્રતિમાધારી વિશેષ પુરૂષાર્થી હોય તો તે

પહેલાનાં સાતમી પ્રતિમાધારીથી પણ પોતાની પર્યાયની યોગ્યતાથી વધારે વીતરાગતા પ્રગટ કરી શકે છે. વ્યક્ત વીતરાગતાની હીનાધિકતા હોવી, તે તે સાધક જીવના નિજશુધ્ધાત્માના આશ્રયરૂપ પુરૂષાર્થ પર નિર્ભર છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર:**

દેશવિરત નામના પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકને ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક - આ ત્રણ સમ્યક્ત્વોમાંથી કોઈ પણ એક સમ્યક્ત્વ રહી શકે છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર:**

પંચમ ગુણસ્થાનવર્તી વ્રતી શ્રાવકને સંયમાસંયમ ચારિત્ર હોય છે. અહીં અપ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મોના વર્તમાનકાલીન સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય, ભવિષ્યમાં ઉદયમાં આવવા યોગ્ય સર્વઘાતિ સ્પર્ધકોનો સદવસ્થારૂપ ઉપશમ તથા પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મનો ઉદય રહે છે, તેથી પંચમ ગુણસ્થાનવર્તીને ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ હોય છે. **(ધવલા પુસ્તક ૧, પાનું ૧૭૫-૧૭૬)**

ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં અનંતાનુબંધીના અનુદયથી ચારિત્રમાં સમ્યક્પણું થઈ જાય છે, કારણ કે સમ્યક્દર્શન સાથે જ્ઞાન અને ચારિત્ર - બંને સમ્યક્ થઈ જ જાય છે. દેશવિરત ગુણસ્થાનમાં ઉપર ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ ઘટિત કરીને બતાવેલ છે, પરંતુ દેશસંયમ ચારિત્રને ક્ષાયોપશમિક ચારિત્ર નથી કહેતા.

"ક્ષાયોપશમિક ચારિત્ર" એવું નામ તો સકલ ચારિત્રને જ આપવામાં આવે છે. તત્વાર્થસૂત્ર ગ્રંથનાં બીજા અધ્યાયના પાંચમાસૂત્રમાં ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ બતાવેલ છે. તેમાં ક્ષાયોપશમિક ચારિત્ર અને સંયમાસંયમરૂપ દેશચારિત્ર ભિન્ન - ભિન્ન ગણાવ્યા છે.

જ્યારે ભાવલિંગી મુનિરાજના ત્રણ કષાય ચોકડીના અભાવને કારણ વીતરાગતારૂપ નિશ્ચય ચારિત્ર પ્રગટ થાય છે, ત્યારે દેશઘાતિરૂપ સંજ્વલન કષાય તથા નવ નોકષાયોનો ઉદય રહે છે. તે સમયે જ ક્ષાયોપશમિક ચારિત્ર ઘટિત થાય છે.

જ્યારે જીવના પરિણામ/ભાવોમાં દેશઘાતિ કર્મનો ઉદય નિમિત્ત રહે છે, ત્યારે જ જીવના ક્ષાયોપશમિક ભાવ પ્રગટ થાય છે, એવો નિયમ છે.

આ નિયમ ક્ષાયોપશમિક ભાવના અઢાર ભેદોમાં પણ લાગુ પડે છે.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મ - આ ત્રણે સર્વઘાતિ હોવાથી આમાં ક્ષયોપશમ ભાવની પરિભાષા પૂર્ણપણે ઘટિત થતી નથી. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણ કષાયના અનુદય તથા પ્રત્યાખ્યાનાવરણનો ઉદય થવાથી ઔપચારિક ક્ષાયોપશમિક માનવામાં આવે છે. - આ કારણ છે કે દેશવિરત ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ચારિત્ર નથી કહ્યું.

**કાળ અપેક્ષાએ વિચાર :**

**જઘન્ય કાળ :** અંતર્મુહૂર્ત. મનુષ્ય કે તિર્યંચ જીવ વિરતાવિરત નામના ગુણસ્થાનવર્તી થઈ જાય છે અને તે આ પંચમ ગુણસ્થાનમાં રહે છે તો ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત કાળ જ રહે છે. આનાથી ઓછા કાળમાં સાધક આ ગુણસ્થાનથી અન્ય ગુણસ્થાનોમાં ગમન નથી કરતો.

જેમ કે - છઠ્ઠા - સાતમાં ગુણસ્થાનથી લઈને ઉપશમશ્રેણીના ચારેય ગુણસ્થાનોનો કાળ મરણની અપેક્ષા એક - બે સમયાદિનો હોઈ શકે છે. સાસાદનનો કાળ એક-બે-સમયાદિ હોઈ શકે છે, પરંતુ પંચમ ગુણસ્થાનનો કાળ અંતર્મુહૂર્તથી ઓછો હોઈ જ ન શકે.

**ઉત્કૃષ્ટ કાળ :** મનુષ્યની અપેક્ષા ગર્ભકાળ સહિત આઠ વર્ષ અને એક અંતર્મુહૂર્ત ઓછું એક પૂર્વકોટી વર્ષ છે તથા સંમૂર્ચ્છિમ તિર્યંચની અપેક્ષાએ ત્રણ અંતર્મુહૂર્ત ઓછા એક પૂર્વકોટી વર્ષ છે. (ધવલા પુ ૪. પાના નં. ૩૬૬)

**મધ્યમ કાળ :** યથાયોગ્ય અંતર્મુહૂર્ત જઘન્યકાળમાં એક-બે-ત્રણ આદિ સમયોને વધારતાં - વધારતાં એક અંતર્મુહૂર્ત ઓછું પૂર્વ કોટી વર્ષ સુધી જેટલાં-જેટલાં ભેદ હોય છે, તે સર્વ ભેદ દેશવિરત ગુણસ્થાનના મધ્યમકાળના ભેદ સમજવા જોઈએ.

**પ્રશ્ન ૫૨ :** સંમૂર્ચ્છિમ જીવ તો અસંજ્ઞી હોય છે અને અસંજ્ઞી જીવોને જ્યારે સમ્યક્દર્શન જ નથી થતું, તો તેમને પાંચમું ગુણસ્થાન કેમ થઈ શકે?

**ઉત્તર :** સંમૂર્ચ્છિમ જીવ સંજ્ઞી-અસંજ્ઞી બંને હોય છે, આ કથન સ્વયંભૂરમણ સમુદ્રમાં નિવાસ કરવાવાળા સંમૂર્ચ્છિમ તિર્યંચોની મુખ્યતાથી છે.

ધવલા પુસ્તક-૪, પાના-૩૬૬ પર આનો ઉલ્લેખ આ પ્રકારે છે કે **મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિઓની સત્તાવાળા તિર્યંચ કે મનુષ્ય**

**મિથ્યાદ્રષ્ટિ, સંજ્ઞી, પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ, પર્યાપ્ત દેડકાં, માછલાં, મગરમચ્છ આદિ તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે.**

**ગમનાગમન અપેક્ષા વિચાર:**

**ગમન : ૧)** કોઈ પંચમ ગુણસ્થાનેવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ પહેલા જેટલો શુધ્ધાત્માનો આશ્રય લઈ રહ્યા હતાં, તેથી પણ વિશેષ અધિક રીતિથી નિજ શુધ્ધાત્માનો આશ્રય લઈને અર્થાત્ શુધ્ધોપયોગ દ્વારા જ અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં ગમન કરવાથી ભાવલિંગી મુનિરાજ થઈ જાય છે.

ભાવલિંગી પંચમગુણસ્થાનવર્તી શ્રાવક હો કે પંચમગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ હો, તે પાંચમાંથી –

૨) ચોથા ગુણસ્થાનમાં અથવા

૩) ત્રીજા ગુણસ્થાનમાં અથવા ઔપશમિક સમ્યક્ત્વની સાથે હોય તો,

૪) બીજા ગુણસ્થાનમાં અથવા પરિણામોમાં વિશેષ અધઃપતન થવાથી સીધા,

૫) મિથ્યાત્વ ગુણસ્થાનમાં પણ ગમન કરી શકે છે.

**આગમન : ૧)** પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિરાજ સીધા દેશવિરતમાં આવી શકે છે.

૨) ચોથા ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ અથવા દ્રવ્યલિંગી શ્રાવક દેશવિરત ગુણસ્થાનમાં આવી શકે છે.

૩) પ્રથમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ અથવા દ્રવ્યલિંગી શ્રાવક પણ સીધા આ દેશવિરત ગુણસ્થાનમાં આવી શકે છે.

**વિશેષ અપેક્ષા વિચાર:**

(૧) સર્વાર્થસિધ્ધિ આદિ એક ભવાવતારી દેવોના સમ્યક્ત્વ, બાલબ્રહ્મચર્યત્વ, દ્વાદશાંગજ્ઞાનત્વાદિની ઉપસ્થિતિમાં તથા તેમના જનસામાન્યવત્ પાંચપાપ, સ્થૂળ વિષય-કષાય, અસિ-મસિ આદિ હિંસાજન્ય ષટ્કર્મ જોવામાં ન આવવા છતાં અંતરંગમાં એક કષાય ચોકડીના અભાવમાં ઉત્પન્ન વીતરાગતા થવાથી તેઓને દેશસંયમ નથી, પરંતુ અસંયમ જ છે અને મનુષ્ય તિર્યંચોની ઉપર્યુક્ત બાહ્ય પ્રવૃત્તિ જોવામાં આવવા છતાં પણ અંતરંગમાં સમ્યક્દર્શન સહિત બે કષાય ચોકડીના અનુદયમાં ઉત્પન્ન વીતરાગતા વિદ્યમાન થવાથી દેશસંયમ છે.

આનો સ્પષ્ટ અર્થ એ થયો કે બાર અંગના જ્ઞાતા સૌધર્મ ઈન્દ્ર,

લૌકાંતિક દેવ અથવા અહમિન્દ્ર દેવ, જે આત્માનંદનો અનુભવ કરી સુખી જીવન વ્યતીત કરે છે, તેનાથી પણ અતિ અલ્પજ્ઞાનના ધારક, ભૂમિકા યોગ્ય બાહ્ય હિંસાદિ પાપથી આંશિક વિરત રહેવાવાળા દેશવ્રતી મનુષ્ય - તિર્યંચ પણ અધિક(વિશેષ) સુખી જીવન વ્યતીત કરે છે. (આ **વિષયના સ્પષ્ટીકરણ માટે મોક્ષમાર્ગ પ્રકાશકનું પાના નં. ૨૩૨ જુઓ અને ડૉ. હુકમચંદ્જી ભારિલ્લે લખેલ ધર્મના દસલક્ષણના "ઉત્તમ સંયમ ધર્મ" નું અવલોકન કરો.)** **સુખનો સીધો સંબંધ વ્યક્ત વીતરાગતાથી છે, બાહ્ય પ્રવૃત્તિને અનુસાર ત્યાગ-ગ્રહણથી નથી.**

(૨) સ્વયંભૂરમણ સમુદ્રમાં પ્રતિકૂળ વાતાવરણમાં પણ શુધ્ધાત્માનુભવરૂપ સમ્યક્દર્શન સહિત બે કષાય ચોકડીનાં અભાવપૂર્વક વ્યક્ત વીતરાગતારૂપ દેશચારિત્ર હોય છે. આ કારણે અસંખ્યાત તિર્યંચ પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતાં થકા પંચમ ગુણસ્થાનવર્તી છે.

ધર્મ (વીતરાગતા) વ્યક્ત કરવા માટે, ધર્મની વૃધ્ધિ કરવા માટે અથવા ધર્મની પરિપૂર્ણતા માટે બાહ્ય અનુકૂળતા કે પ્રતિકૂળતા અકિંચિત્કર છે, આ વિષય અહીં સ્પષ્ટ સમજમાં આવી જાય છે.

**બાહ્ય પ્રતિકૂળ વાતાવરણ ધર્મ પ્રગટ કરવાના કાર્યમાં કાંઈ બાધક થતું હોત તો નરકમાં કોઈ પણ જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થવી જોઈએ, પરંતુ અસંખ્યાત નારકી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે. નવ ગ્રૈવેયક સુધીના સ્વર્ગના બધાં દેવોને બાહ્ય અનુકૂળતાને કારણ સમ્યક્દર્શન થવું જ જોઈએ, એવો નિયમ ન થઈ શકે, કારણ કે અનેક દેવ મિથ્યાદ્રષ્ટિ જોવા મળે છે.**

ઉપસર્ગ કે પરિષહમાં જકડાયેલાં સાધુની સાધુતા નષ્ટ થઈ જવી જોઈએ અને તેઓને ઉપસર્ગ તથા પરિષહ વિજયી થઈને કેવળી થવાનો અવસર પણ ન મળવો જોઈએ, છતાં અનેક મુનિરાજ ઉપસર્ગ - પરિષહ વિજયી થઈ અંતર્મુખ પુરૂષાર્થ કરતાં થકા કેવળી થાય છે અને પોતાની અતીન્દ્રિય અનંતસુખરૂપ પર્યાયને પ્રતિસમય પ્રગટ કરી જ રહ્યા છે.

ધર્મની ક્રિયા તો આત્માની પોતાની સ્વાધીન અને સ્વતંત્ર ક્રિયા છે, તેને બાહ્ય અન્ય દ્રવ્યોની ક્રિયાથી કાંઈ પણ સંબંધ નથી.

(૩) અહીં **સંયમ** શબ્દ આદી દીપક છે, કારણ કે આ સંયમાસંયમ ગુણસ્થાનથી લઈને ઉપરના સર્વે ગુણસ્થાનોમાં સંયમ નિયમથી જોવામાં

આવે છે. સંયમ + અસંયમ આ બંને શબ્દોની સંધિથી સંયમાસંયમ આ એક શબ્દ બનેલ છે.

(૪) **અસંયમ** શબ્દને અંતદીપક સમજવો જોઈએ, કારણ કે પંચમ ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનોમાં અસંયમ હોતો જ નથી. આને સમજવા માટે પ્રથમ ચાર ગુણસ્થાનોની સાથે અસંયમ શબ્દ જોડીને સમજવું ઉપયોગી થઈ પડે છે. જેમ કે - મિથ્યાત્વ અસંયમ, સાસાદન સમ્યક્ત્વ અસંયમ, મિશ્ર અસંયમ આદિ.

**ધવલા પુસ્તક ૧ નો અંશ (પાના નં ૧૭૪ થી ૧૭૬)**

**સામાન્યથી સંયતાસંયત જીવ છે ॥૧૩॥**

જે સંયત હોવા છતાં પણ અસંયત હોય છે, તેઓને સંયતાસંયત કહે છે.

**શંકા 10 :** જે સંયત હોય છે તે અસંયત નથી હોઇ શકતો અને જે અસંયત હોય છે તે સંયત નથી હોઇ શકતો, કારણ કે સંયમભાવ અને અસંયમભાવનો પરસ્પર વિરોધ છે, માટે આ ગુણસ્થાન નથી બનતું.

**સમાધાન :** વિરોધ બે પ્રકારના છે, પરસ્પર પરિહારલક્ષણ વિરોધ અને સહાનવસ્થા લક્ષણ વિરોધ. આમાંથી એક દ્રવ્યના અનંતગુણોમાં પરસ્પર પરિહાર લક્ષણ વિરોધ ઈષ્ટ જ છે, કારણ કે જો ગુણોનો એક - બીજાનો પરિહાર કરી અસ્તિત્વ ન માનવામાં આવે તો તેના સ્વરૂપની હાનીનો પ્રસંગ આવે છે. પરંતુ એટલા માત્રથી ગુણોમાં સહાનવસ્થા લક્ષણ વિરોધ સંભવ નથી.

જો વિવિધ ગુણોનું એકસાથે રહેવું જ વિરોધ સ્વરૂપ માની લેવામાં આવે તો વસ્તુનું અસ્તિત્વ નથી રહી શકતું, કારણ કે વસ્તુનો સદ્ભાવ અનેકાંત - નિમિત્તક જ હોય છે. જે અર્થક્રિયા કરવામાં સમર્થ છે, તે વસ્તુ છે. પરંતુ અર્થક્રિયા એકાંતપક્ષમાં નથી થઇ શકતી, કારણ કે અર્થક્રિયાને જો એકરૂપ માનવામાં આવે તો ફરી ફરી તે જ અર્થક્રિયાની પ્રાપ્તિ થવાથી અને જો અનેકરૂપ માનવામાં આવે તો અનવસ્થાદોષ આવવાથી એકાંતપક્ષમાં અર્થક્રિયાના હોવાપણામાં વિરોધ આવે છે.

પૂર્વના કથનથી ચૈતન્ય અને અચૈતન્યની સાથે પણ અનેકાંત દોષ નથી આવતો, કારણકે ચૈતન્ય અને અચૈતન્ય આ બંને ગુણ નથી. જે સહભાવી હોય છે, તેને ગુણ કહે છે. પરંતુ આ બંને સહભાવી નથી,

કારણ કે બંધરૂપ અવસ્થા નહી રહેવાથી ચૈતન્ય અને અચૈતન્ય આ બંને એકસાથે નથી જોવામાં આવતાં.

બીજું, વિરૂધ્ધ બે ધર્મોની ઉત્પત્તિનું કારણ જો સમાન અર્થાત્ એક માનવામાં આવે તો વિરોધ આવે છે, પરંતુ સંયમભાવ અને અસંયમભાવ આ બંને ને એક આત્મામાં સ્વીકાર કરી લેવા છતાં પણ કોઈ વિરોધ નથી આવતો, કારણકે તે બંનેની ઉત્પત્તિનું કારણ ભિન્ન ભિન્ન છે.

**સંયમભાવની ઉત્પત્તિ કારણ ત્રસહિંસાથી વિરતિભાવ છે અને અસંયમભાવની ઉત્પત્તિનું કારણ સ્થાવર હિંસાથી અવિરતિભાવ છે. માટે સંયતાસંયત નામનું પાંચમું ગુણસ્થાન થઈ જાય છે.**

**શંકા 11 :** ઐાદયિક આદિ પાંચ ભાવોમાંથી ક્યા ભાવના આશ્રયથી સંયમાસંયમ ભાવ ઉત્પન્ન થાય છે ?

**સમાધાન :** સંયમાસંયમ ભાવ ક્ષાયોપશમિક છે, કારણકે અપ્રત્યાખ્યાનવરણ કષાયના વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકો ના ઉદયભાવી ક્ષય થવાથી અને આગામી કાળમાં ઉદયમાં આવવા યોગ્ય તેના જ સદ્વસ્થારુપ ઉપશમ થવાથી તથા **પ્રત્યાખ્યાનાવરણ કષાય ના ઉદયથી સંયમાંસંયમરૂપ અપ્રત્યાખ્યાન ચારિત્ર ઉત્પન્ન થાય છે.**

**શંકા 12 :** સંયમાંસંયમરૂપ દેશચારિત્રના આધારથી સંબંધ રાખવાવાળા કેટલા સમ્યક્દર્શન હોય છે?

**સમાધાનઃ-** ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઐાપશમિક આ ત્રણેમાંથી કોઈએક સમ્યક્દર્શન વિકલ્પથી થાય છે, કારણકે તેમાંથી કોઈ એકના વિના અપ્રત્યાખ્યાન ચારિત્રનો પ્રાદુર્ભાવ જ નથી થઈ શકતો.

**શંકા 13 :** સમ્યક્દર્શન વગર પણ દેશસંયમી જોવામાં આવે છે?

**સમાધાન :** ના, કારણ કે જે જીવ મોક્ષની આકાંક્ષાથી રહીત છે અને જેની વિષય પિપાસા દૂર નથી થઈ, તેને અપ્રત્યાખ્યાન સંયમની ઉત્પત્તિ નથી થઈ શકતી. કહ્યું પણ છે -

"જે જીવ જિનેન્દ્રદેવમાં અદ્વિતીય શ્રધ્ધાને રાખતો થકો એક જ સમયમાં ત્રસજીવોની હિંસાથી વિરત અને સ્થાવર જીવોની હિંસાથી અવિરત હોય છે, તેને વિરતાવિરત કહે છે."

-o-o-o-o-

# ૬

## પ્રમત્તવિરત ગુણસ્થાન

છઠ્ઠા ગુણસ્થાનનું નામ પ્રમત્તવિરત ગુણસ્થાન છે. આ ગુણસ્થાન ભાવલિંગી મુનિરાજનું છે.

જેમ બીજું સાસાદન ગુણસ્થાન છઠ્ઠા, પાંચમાં કે ચોથા ગુણસ્થાનથી નીચે પડતા સમયે જ હોય છે, તેમ જ **છઠ્ઠું પ્રમત્તવિરત ગુણસ્થાન પણ સાતમાં અપ્રમત્તવિરત ગુણસ્થાનથી નીચે ઉતરતા સમયે જ થાય છે. આ સાર્વકાલિક તથા સાર્વદેશિક નિયમ છે.**

જેવી રીતે કોઈ પણ જીવ મિથ્યાત્વ ગુણસ્થાનથી સાસાદન ગુણસ્થાનમાં નથી આવતો, તેવી જ રીતે મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈ દેશવિરત સુધીના - આ પાંચે ગુણસ્થાનોથી કોઈપણ જીવ ચઢીને આ પ્રમત્તવિરત ગુણસ્થાનમાં ક્યારેય પણ નથી આવતો.

જેમ બીજા ગુણસ્થાનની પ્રાપ્તિ મહાનતાની નિશાની નથી, **તેમ પ્રમત્તવિરત ગુણસ્થાનની પ્રાપ્તિ પણ મહાનતાની નિશાની નથી, છતાં છઠ્ઠા ગુણસ્થાનમાં આવવું સપ્તમ ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિરાજનું અનિવાર્ય અંગ છે.** છઠ્ઠા ગુણસ્થાનમાં આવવાનું કોઈપણ મુનિરાજ ટાળી નથી શકતા.

બીજા ગુણસ્થાનની અપેક્ષાએ આ છઠ્ઠા ગુણસ્થાનની એ વિશેષતા છે કે સાસાદન ગુણસ્થાનથી જીવ નિયમથી નીચેના મિથ્યાત્વ ગુણસ્થાનમાં ગમન કરે છે, પરંતુ **પ્રમત્તસંયતથી નીચેના કોઈ પણ ગુણસ્થાનમાં જવાનો ત્રિકાળ નિયમ નથી.**

છઠ્ઠા ગુણસ્થાનથી નીચે કોઈપણ ગુણસ્થાનમાં ગમન કર્યા વિના પણ આ ભાવલિંગી મુનિરાજ છઠ્ઠાથી સાતમાં અને સાતમાંથી છઠ્ઠામાં જવું -આવવું કે આવવું - જવું સતત કરતા થકા સાતિશય અપ્રમત્ત થઈને

શ્રેણી માંડી સિદ્ધ ભગવાન પણ થઈ શકે છે.

પ્રમત્તસંયત ગુણસ્થાનના પરિણામોની અર્થાત્ શુભોપયોગરૂપ બાહ્ય મહાવ્રતાદિની ઉપાદેયતા ભાવલિંગી મુનિરાજોને બિલ્કુલ પણ રહેતી નથી, કારણ કે એમનું મુખ્ય લક્ષ તો સતત પૂર્ણ શુદ્ધતાને પ્રાપ્ત કરવાનું જ હોય છે.

**છઠ્ઠા ગુણસ્થાનમાં ભાવલિંગી મુનિરાજ અપ્રમત્તસંયતથી આવે તો છે પ્રત્યેક અંતર્મુહૂર્તમાં, પરંતુ જ્યારે - જ્યારે છઠ્ઠામાં આવે છે તો શીઘ્ર જ સાતમાં અપ્રમત્તસંયત દશામાં જ જવાનો બુદ્ધિપૂર્વક પુરૂષાર્થ કરે છે, પ્રમત્તદશામાં જામી રહેવાનો નહીં.**

અન્ય શબ્દોમાં એમ કહી શકાય કે જેને પ્રમત્તસંયત (શુભોપયોગ)ની મહિમા આવી જાય તો તે જીવ નિયમથી મિથ્યાત્વી થઈ જાય છે. **શ્રાવક અથવા મુનિરાજ કોઈપણ સાધક જીવને પોતાના ત્રિકાળી નિજ શુદ્ધાત્માની ઉપાદેયતા છૂટીને કોઈપણ શુભાશુભ પરિણામ અથવા બાહ્ય મન-વચન-કાયારૂપ ક્રિયાની મહિમા/ઉપાદેયતા આવી જાય તો તેમનો મોક્ષમાર્ગ નિયમથી છૂટી જાય છે,** આમ નિશ્ચિતરૂપથી સમજવું જોઈએ.

ત્રણ કષાય ચોકડીના અભાવમાં શુદ્ધ પરિણતિરૂપ વીતરાગતા સદા હોવા છતાં ૨૮ મૂળગુણોના પાલનના શુભ પરિણામ જ છઠ્ઠું ગુણસ્થાન છે.

શ્રાવકના ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનમાં અને પાંચમા દેશવિરત ગુણસ્થાનની અનેક પ્રતિમાઓમાં શુભ-અશુભ અને શુદ્ધ - આ ત્રણે ઉપયોગોમાંથી વધુ સમય તો પૂર્વ સંસ્કારવશ અશુભોપયોગમાં અથવા કદાચિત્ શુભોપયોગમાં જાય છે. પરંતુ **શ્રાવકના જ્ઞાન - શ્રદ્ધામાં તો ત્રિકાળી નિજ શુદ્ધાત્માની જ ઉપાદેયતા રહે છે તથા તેનો જ આશ્રય(ધ્યાન) કરવાનો પુરૂષાર્થ રહે છે.**

શ્રાવક મુખ્યતાથી સામાયિકના કાળમાં સ્વભાવના આશ્રયથી શુદ્ધોપયોગનો જ પ્રયાસ કરતાં રહે છે, પરંતુ સામાયિકના કાળના અતિરિક્ત સમયમાં કદાચિત્ અશુભોપયોગ અથવા બુદ્ધિપૂર્વક શુભોપયોગના બાહ્ય કાર્ય પણ કરતાં જોવામાં આવે છે. તેવી જ રીતે ભાવલિંગી મુનિરાજના જીવનમાં શુદ્ધોપયોગની અપેક્ષા શુભોપયોગનો કાળ હંમેશા બેગણો રહે છે. છતાં પણ તેમને બહુમાન/મહિમા/ઉપાદેયતા

શુભોપયોગની અણુમાત્ર (લેશમાત્ર)ની પણ રહેતી નથી.

**પ્રશ્ન ૫૩ :** જીવ જે પરિણામમાં રહે છે, તેને તે પરિણામની મહિમા આવે છે ને ?

**ઉત્તર :** એવું બિલકુલ નથી. નારકી જીવ ૩૩ સાગરકાળ સુધી સાતમી નરકમાં રહે છે અને પ્રત્યેક સમયમાં નરકગતિના દુઃખોથી છૂટવા ઈચ્છે છે. સમ્યક્દ્રષ્ટિ ચક્રવર્તી ૯૬ હજાર રાણીઓના રાગ અને છ ખંડના પરિગ્રહ પરિણામો સાથે જીવનને હેય બુધ્ધિથી વિતાવે છે, છતાં પણ તે સંયોગો તથા સંયોગીભાવોથી છૂટવાની તડપન મનમાં સતત હોય જ છે.

સમ્યક્દ્રષ્ટિ સંયોગો અને સંયોગીભાવોમાં જળથી જુદા કમળવત્ રહે છે. મુક્તિગત સિધ્ધ જીવ પણ ભૂતકાળમાં અનાદિકાળથી મિથ્યાત્વને કારણ કુસંસ્કારોમાં રહેતા આવ્યા હતાં, પરંતુ તેઓને જ્યારે મિથ્યાત્વ આદિ વિકારો રહિત પોતાના સહજ શુધ્ધ આત્મસ્વભાવની ઉપાદેયતા ઉત્પન્ન થઈ ત્યારે જ તે સમ્યક્દ્રષ્ટિ થયા હતાં.

કોઈપણ મિથ્યાદ્રષ્ટિને જો સમ્યક્દ્રષ્ટિ થવું હોય તો તેને પણ પોતાના વર્તમાનકાળમાં વિધમાન મિથ્યાત્વભાવને અને તેના વિષયને બુધ્ધિપૂર્વક હેય કરીને **પોતાના વ્યક્ત જ્ઞાન-શ્રધ્ધાનમાં માત્ર ત્રિકાળી સહજ નિજ શુધ્ધાત્મ સ્વભાવની જ મહિમાની સ્વીકૃતિ અથવા પ્રતીતિ કરવી જ સમ્યક્દ્રષ્ટિ થવાનો એકમાત્ર ઉપાય છે. સમ્યક્ત્વની** ઉત્પત્તિનો અન્ય કોઈ ઉપાય છે જ નહીં.

આ વિષયને સ્પષ્ટ સમજાવવા માટે ગ્રંથાધિરાજ સમયસાર શાસ્ત્ર ગાથા ૧૮૬ દ્વારા આચાર્ય શ્રી કુંદકુંદદેવે અત્યંત સુબોધ તથા મૌલિક શબ્દોમાં આસન્ન ભવ્ય જીવોને શુધ્ધ થવાની સલાહ આપી છે.

**"શુધ્ધ આત્માને જાણતો થકો - અનુભવ કરતો થકો જીવ શુધ્ધ આત્માને જ પ્રાપ્ત કરે છે અને અશુધ્ધ આત્માને જાણતો થકો - અનુભવ કરતો થકો જીવ અશુધ્ધ આત્માને જ પ્રાપ્ત કરે છે."**

અસ્તુ ! પ્રકરણ તો પ્રમત્તસંયત ગુણસ્થાનનું ચાલી રહ્યું છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૩૨માં પ્રમત્તવિરત ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે : -

**संजलण-णोकसायाणुदयादो संजमो हवे जम्हा ।**
**मलजणणपमादो वि य, तम्हा हु पमत्तविरदो सो।।**

જો (ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક) વીતરાગ પરિણામ, સમ્યક્ત્વ અને સકલ વ્રતોથી સહિત હોય, પરંતુ સંજ્વલન કષાય અને નવ નોકષાયના તીવ્ર ઉદય નિમિત્ત, પ્રમાદ સહિત હોય, તેને પ્રમત્તવિરત ગુણસ્થાન કહે છે.

નામ અપેક્ષા વિચાર :

પ્રમત્તસંયત, વિરત, સંયમ, સકલસંયમ, સકલચારિત્ર ઈત્યાદિ અનેક નામ છે. મોક્ષ સાધક મુનિજીવનમાં આ પ્રમત્તસંયત ગુણસ્થાન નિયમથી હોય જ છે.

અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન સુધી યથાયોગ્ય વીતરાગ પરિણામ અને રાગ પરિણામ - બંને મિશ્રભાવ ભૂમિકાનુસાર થાય છે. જો કોઈ એવું માને કે છઠ્ઠા ગુણસ્થાનમાં માત્ર વીતરાગ પરિણામ જ રહે છે, રાગ નહીં અથવા મહાવ્રતાદિ ૨૮ મૂળગુણોનાં પાલનના રાગ પરિણામ જ રહે છે, વીતરાગ પરિણામ નહી, તો તેની બંને માન્યતાઓ ઠીક નથી. અહીંયાના વીતરાગ પરિણામમાં ત્રણ કષાય ચોકડીનો અનુદય નિમિત્ત છે અને ઔદયિક રાગ પરિણામને માટે સંજ્વલન કષાય ચોકડીનો તીવ્ર ઉદય નિમિત્ત છે.

**પ્રશ્ન ૫૪ :** પ્રમત્તવિરત ગુણસ્થાનમાં સંજ્વલન કષાય ચોકડી અને નવ નોકષાયોનો ઉદય કહ્યો, એ તો ઠીક, પરંતુ તીવ્ર ઉદય કહેવાનું કારણ શું છે ?

**ઉત્તર :** ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૪૫માં અપ્રમત્તગુણસ્થાનનું સ્વરૂપ સમજાવતાં આચાર્યશ્રી નેમિચંદ્રદેવે કષાય તથા નોકષાયનો મંદ ઉદય કહ્યો છે. અપ્રમત્તસંયત સાતમા ગુણસ્થાનમાં (શુદ્ધોપયોગરૂપ ધ્યાનાવસ્થામાં) કષાય - નોકષાયોનો ઉદય મંદ હોય છે, એ અપેક્ષાએ ધ્યાનરહિત શુભોપયોગરૂપ પ્રમત્તસંયત છઠ્ઠા ગુણસ્થાનમાં તીવ્ર ઉદય કહ્યો છે, કારણ કે મુનિરાજ સંજ્વલન કષાયના તીવ્ર ઉદયથી જ સહજ નીચે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે, છતાંય અનંતાનુબંધી આદિ ત્રણ કષાય ચોકડીના અભાવથી શુદ્ધ પરિણતિ સતત રહે જ છે.

છઠ્ઠા ગુણસ્થાનથી લઈને દસમાં સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન સુધી કષાય અને નોકષાયોનો ઉદય નિમ્નાનુસાર રહે છે.

(૧) પ્રમત્તસંયતમાં સંજ્વલન તથા નોકષાયનો તીવ્ર ઉદય હોય છે.

(૨) અપ્રમત્તસંયત ગુણસ્થાન માં સંજ્વલન કષાય ચોકડી તથા નોકષાયોનો **મંદઉદય** રહે છે.

(૩) અપૂર્વકરણ ગુણસ્થાનમાં સંજ્વલન તથા નોકષાયનો **મંદતર** ઉદય હોય છે.

(૪) અનિવૃત્તિકરણ ગુણસ્થાન માં સંજ્વલન તથા નોકષાયોનો **મંદતમ** ઉદય હોય છે.

(૫) સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાનમાં માત્ર **સૂક્ષ્મ લોભનો જ** ઉદય રહે છે, અન્ય કોઈ કષાય-નોકષાયનો ઉદય રહેતો નથી, કારણ કે શેષ બધા કષાયોની ઉદય-વ્યુચ્છિત્તિ નવમામાં જ થઈ જાય છે.

વાસ્તવમાં તો સાધકરૂપ મુનિજીવનમાં માત્ર સંજ્વલન અને નોકષાયોના ઉદયનો જ ખેલ છે. અન્ય અનંતાનુબંધી આદિ ત્રણે કષાયનો તો ભાવલિંગી મુનિ જીવનમાં ઉદય તથા તત્ જન્ય પરિણામોનો અભાવ જ વર્તે છે. મુનિજીવનમાં કષાય તો માત્ર કણિકારૂપમાં જ વિદ્યમાન રહે છે. (જુઓ, પ્રવચનસાર ગાથા -૫, ૨૪૬ તથા ૨૫૪ની તત્વપ્રદીપિકા ટીકા)

**પ્રથમ ગુણસ્થાનથી લઈને ચૌદ ગુણસ્થાનોમાં કષાયના સ્વરૂપનું સામાન્ય કથન આ પ્રકારે છે :-**

(૧) મિથ્યાત્વથી મિશ્ર ગુણસ્થાન સુધીના ત્રણે ગુણસ્થાનોમાં કષાય **સુમેરૂપર્વત** સમાન છે, કારણ કે અનંતાનુબંધી આદિ ચારે કષાયો પોતાના પૂર્ણ વૈભવ સાથે વિદ્યમાન છે. તે સંસારને વધારવાનું જ કામ કરી રહ્યા છે.

(૨) અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં કષાય **મહાપર્વતરૂપ** રહી જાય છે, કારણ કે અનંતસંસારનું કારણ અનંતાનુબંધીનો અભાવ થઈ ગયો છે, તેથી કષાયોની શક્તિ આંશિક ક્ષીણ થઈ ગઈ છે.

(૩) દેશવિરત ગુણસ્થાનમાં કષાયમાત્ર **પર્વતરૂપ** રહી જાય છે, કારણ કે ઉદયમાત્ર બે કષાય (પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન) ચોકડીનો જ છે અને તે પણ નાશોન્મુખ થઈ ગઈ છે, છતાંય જીવના પુરૂષાર્થની કમજોરીથી તેનું અસ્તિત્વ છે.

(૪) પ્રમત્તસંયમ ગુણસ્થાનથી સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન સુધીના પાંચેય ગુણસ્થાનોમાં સકલચારિત્રના સદ્ભાવમાં ઉત્તરોત્તર **નષ્ટ થતો થકો** સંજ્વલન કષાય તથા **નોકષાયોનો** ઉદય યથાખ્યાતચારિત્રમાં

તારતમ્યરૂપથી બાધક છે.

(૫) ઉપશાંતમોહ ગુણસ્થાનથી લઈને અયોગકેવળી ગુણસ્થાન સુધીના ચારેય ગુણસ્થાનોમાં અને ગુણસ્થાનાતીત સિદ્ધાવસ્થામાં પણ માત્ર વીતરાગભાવ જ રહે છે, કષાયોનો સર્વથા અભાવ જ છે.

**પ્રમત્તસંયત શબ્દનું સ્પષ્ટીકરણ**: પ્રમત્ત + સંયત = પ્રમત્તસંયત.

**પ્રમત્ત** = પ્રકૃષ્ટ, **મત્ત** = મદયુક્ત/અસાવધાન, **સંયત** = સંયમ.

સકલ સંયમરૂપ વીતરાગતા પ્રગટ થઈ જવાથી સંયત થઈ જવા છતાં પણ **સંજ્વલન કષાય અને નોકષાયોના ઉદયવશ વિકથા આદિ પંદર પ્રમાદોમાં હેય બુદ્ધિથી પ્રવૃત્તિ થવાને કારણ** સ્વરૂપમાં અસાવધાનવૃત્તિ થઈ જવાથી પ્રમત્તસંયત છે.

**"कुशलेषु अनादरः प्रमादः"** (સર્વાર્થસિદ્ધિ પૃ. ૨૮૯)

કુશળકાર્યો - આત્મકલ્યાણકારી કાર્યોમાં અનાદર - અસાવધાની પ્રમાદ છે.

**વિકથા** - સ્ત્રીકથા, ભોજનકથા, રાજ્યકથા અને ચોર કથા. **કષાય** - ક્રોધ, માન, માયા, લોભ. **વિષય** - સ્પર્શેન્દ્રિયાદિકના સ્પર્શ, રસ, ગંધ આદિ પાંચ વિષય. નિંદ્રા અને સ્નેહ. આ પંદર પ્રકારના પ્રમાદ છે. તેના જ પ્રભેદ ૩૭,૫૦૦ થાય છે.

**પ્રશ્ન ૫૫**: શું આ પંદર પ્રમાદ ભાવલિંગી મુનિરાજના જીવનમાં પણ હોય છે?

**ઉત્તર**: **હા. પંદર પ્રમાદ ભાવલિંગી મુનિરાજને જ હોય છે.** આ કારણે છઠ્ઠા ગુણસ્થાનનું નામ પ્રમત્તવિરત છે. એનું વિવરણ:-

ચારે વિકથાઓમાં પ્રથમ ક્રમ સ્ત્રીકથાનો છે. જ્યારે મુનિરાજ પ્રથમાનુયોગના શાસ્ત્ર લખે છે અથવા પ્રસંગવશ ઉપદેશમાં શ્રોતાઓને વૈરાગ્ય પોષક કથામાં કોઈ ચક્રવર્તીની પટરાણીના સૌદર્યનું વર્ણન કરે છે તો તેઓને **સ્ત્રીકથાજન્ય પ્રમાદ થઈ જાય છે.**

ચરણાનુયોગના ઉપદેશમાં આ પદાર્થ ભક્ષ્ય છે, શ્રાવકને ખાવા યોગ્ય છે, આ પદાર્થ અભક્ષ્ય છે, એવું ભોજન સંબંધી કથન કરવામાં, લખવામાં અથવા વિચારવામાં અથવા ગુરૂની સમક્ષ આહારચર્યાના સમયે લાગેલા દોષોની વાત કરી પ્રાયશ્ચિત આદિ લેવામાં **ભોજનકથાજન્ય પ્રમાદ ઘટિત થઈ જાય છે.**

શાસ્ત્રની રચનાનો પ્રારંભ કરતાં સમય અથવા શાસ્ત્રની સમાપ્તિ સમયે કોઈ દેશ કે રાજાનો ઉલ્લેખ કરવાનો ભાવ આવી જાય તો તે રાષ્ટ્રકથા કે **રાજકથાજન્ય પ્રમાદ થઈ જાય છે.**

પ્રથમાનુયોગ શાસ્ત્રની રચના કરતાં સમય અથવા ઉપદેશ દેતા સમય ચોરની કથા દ્વારા તત્વ સમજાવવામાં **ચોરકથા નામનો પ્રમાદ થઈ જાય છે.**

આચાર્ય મહારાજને પોતાના સંઘના વ્યવસ્થિત સંચાલનના સમયે કોઈ મુનિ શિષ્યોના પ્રતિ તેમની ભૂમિકા અનુસાર સંજ્વલન કષાયજન્ય ક્રોધાદિ ઉત્પન્ન થતા જ રહે છે, તેને તેઓ કેવી રીતે ટાળી શકે?

વિહાર કરતાં સમય કે ધ્યાન માટે બેસતાં અથવા ઉભા રહેતાં સમય અનુકૂળ - પ્રતિકૂળ માટી-કાંકરાદિ વસ્તુઓના સ્પર્શનું જ્ઞાન થતું જ રહે છે. ઘ્રાણેન્દ્રિયથી ગંધનું જ્ઞાન થવા પર, આહાર ગ્રહણ કરતાં સમયે ખાટો-મીઠો આદિ રસનું પણ જ્ઞાન થવા પર **નિજ શુધ્ધાત્માના સાક્ષાત અનુભવથી ચ્યુત થઈ જવા પર જ પંચેન્દ્રિયજન્ય પ્રમાદ થઈ જાય છે.**

"**पिछली रयनी में कछु शयन**" નો નિંદ્રારૂપ પ્રમાદ મુનિ જીવનમાં ઘટે જ છે. નિંદ્રાને સમય તેટલા કાળ સુધી અર્થાત્ યથાયોગ્ય અંતર્મુહૂર્તકાળ સુધી શુધ્ધોપયોગરૂપ દશા નથી રહેતી. આ નિંદ્રા પ્રમાદ છે. સ્નેહ અર્થાત્ પ્રણય, એક મુનિરાજને અન્ય મુનિરાજ પ્રત્યે પ્રેમ/અપનાપન (પોતાપણું) થાય છે, તેને સ્નેહ નામક પ્રમાદ કહે છે. આમ જ પ્રમાદના વિવિધ કાર્યો મુનિ જીવનમાં કદાચિત્ પરિસ્થિતિ વશ હેયબુધ્ધિથી થતાં રહે છે.

ગૃહસ્થ જીવનની જેમ આળસમાં સમય ગુમાવવો, સુઈ જવું, ગપ્પા મારવા આદિ અશુભોપયોગ જનિત પ્રમાદ તો મુનિના જીવનમાં સંભવ જ નથી, પણ ઉપર કહ્યા મુજબ પ્રમાદના બધા પ્રકાર મુનિજીવનમાં યથાકાળ ઘટિત થઈ શકે છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર:**

આ પ્રમત્તસંયત ગુણસ્થાનમાં ભાવલિંગી મહામુનિરાજને ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વમાંથી કોઈ એક સમ્યક્ત્વ હોય છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર:**

આ છઠ્ઠા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે. તે આ પ્રકારે છે - અહીં પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયભાવી ક્ષય, તેમના જ ભવિષ્યમાં ઉદયમાં આવવા

યોગ્ય સર્વઘાતિ સ્પર્ધકોનો સદવસ્થારૂપ ઉપશમ અને દેશઘાતિ સંજ્વલન કષાય કર્મ અને નવ નોકષાય કર્મનો તીવ્ર ઉદય રહે છે. આ પ્રકારે ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ ઘટિત થાય છે.(ધવલા પુ. ૧, પાનું ૧૭૭)

નિશ્ચયનયથી તો ચારિત્ર એક વીતરાગભાવસ્વરૂપ જ હોય છે. તેને ક્ષાયોપશમિક આદિ નામ તો કર્મનું નિમિત્ત જાણી વ્યવહારનયથી જ આપેલા છે. મુનિરાજના જીવનમાં ત્રણ કષાય ચોકડીના અનુદયપૂર્વક વ્યક્ત વીતરાગતાતો નિશ્ચય ચારિત્ર છે અને તેજ સમયે સંજ્વલન કષાયોદયથી ૨૮ મૂળગુણોના પાલનનો જે શુભરાગ હોય છે, તેને નિશ્ચય વીતરાગભાવનો સહચારી જાણીને વ્યવહારનયથી ચારિત્ર કહે છે. આનું જ કથન મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૨૯ પર આ પ્રમાણે કરેલ છે:-

**"......સકલ કષાય રહિત જે ઉદાસીનભાવ, તેનું જ નામ ચારિત્ર છે.... જે ચારિત્રમોહના દેશઘાતિ સ્પર્ધકોના ઉદયથી મહામંદ પ્રશસ્ત રાગ થાય છે, તે ચારિત્રનો મળ છે.....કેટલાયે મંદકષાયરૂપ મહાવ્રતાદિનું પાલન કરે છે, પરંતુ તેને મોક્ષમાર્ગ નથી માનતા."**

**કાળ અપેક્ષા વિચાર:**

**જઘન્યકાળ:** એક સમય છે. કોઈ મુનિરાજ ધ્યાનમય અપ્રમત્ત ગુણસ્થાનથી છૂટીને શુભોપયોગરૂપ છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે અને ત્યાં માત્ર એક સમય કાળ વ્યતીત થતાં જ તેમની મનુષ્ય આયુ પૂર્ણ થઈ જાય તો મરણની અપેક્ષા પ્રમત્તસંયત ગુણસ્થાનનો જઘન્યકાળ માત્ર એક સમય જ ઘટિત થાય છે.

**ઉત્કૃષ્ટકાળ:** પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી મુનિરાજ માત્ર યથાયોગ્ય એક (મધ્યમ) અંતર્મુહૂર્ત કાળ સુધી જ અહીં રહે છે. આ ગુણસ્થાન ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યક્ત શુદ્ધ પરિણતિ સહિત શુભોપયોગરૂપ છે.

મુનિરાજ શુદ્ધોપયોગરૂપ ધ્યાનાવસ્થાની સતત રૂચિ રાખે છે અને પુરૂષાર્થ પણ તે તેવો જ કરે છે. તેથી તેઓ તુરંત અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં જ ગમન કરે છે. જો છઠ્ઠેથી સીધા મિથ્યાત્વ ગુણસ્થાનમાં ગમન કરે તો જ પ્રમત્તવિરત ગુણસ્થાનવર્તી મુનિરાજનો સર્વોત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ હોય છે.

**મધ્યમકાળ:** જેમ મરણની અપેક્ષા જઘન્યકાળ એક સમય સિદ્ધ થાય છે, એવી જ રીતે બે, ત્રણ, ચાર આદિ સમય, સંખ્યાત સમય, એક

આવલી આદિ રૂપ ભેદ, જે યથાયોગ્ય એક અંતર્મુહૂર્તની અંદર થશે, તે સર્વભેદ મરણની અપેક્ષા પ્રમત્તસંયત ગુણસ્થાનનો મધ્યમકાળ ઘટીત થઈ શકે છે.

**પ્રમત્તસંયત ગુણસ્થાનના અંતર્મુહૂર્તકાળથી અપ્રમત્તસંયમ ગુણસ્થાનનો કાળ નિયમથી અડધો હોય છે.**

**પ્રશ્ન ૫૬ :** છઠ્ઠા ગુણસ્થાનનો જ્યારે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તકાળ પૂરો થઈ જાય છે અને મુનિરાજ અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં ગમન કરવારૂપ પુરુષાર્થ ન કરી શકે, તો એવી સ્થિતિમાં તે મુનિરાજ છઠ્ઠાગુણસ્થાનમાં ક્યાં સુધી રહી શકે છે ?

**ઉત્તર :** પ્રમત્તસંયતનો ઉત્કૃષ્ટકાળ માત્ર એક (મધ્યમ) જ અંતર્મુહૂર્ત છે. તેનાથી વધારેસમય કોઈપણ પરિસ્થિતિમાં કોઈ પણ મુનિરાજ પ્રમત્તસંયત ગુણસ્થાનમાં રહી શકતા જ નથી. જો છઠ્ઠાનો અંતર્મુહૂર્ત કાળ પૂર્ણ થતાં જ તત્કાળ સાતમાં અપ્રમત્તસંયત શુધ્ધોપયોગરૂપ દશામાં ગમન ન થાય તો નીચેના પાંચમા આદિ પાંચ ગુણસ્થાનોમાંથી કોઈને કોઈ એક ગુણસ્થાનમાં તે ગમન કરે જ છે. ક્ષાયિક સમ્યક્ત્વ સહિત પ્રમત્તવિરત ગુણસ્થાન હોય તો તેમનું પતન ચોથાથી નીચે થતું નથી. પ્રમત્તસંયત ગુણસ્થાનમાં માત્ર એક અંતર્મુહૂર્ત જ રહી શકે છે.

**પ્રશ્ન ૫૭ :** શું અંતર્મુહૂર્તના પણ અનેક ભેદ છે ?

**ઉત્તર :** હા, અંતર્મુહૂર્તના અસંખ્યાત ભેદ છે. અસંખ્યાત સમયોની એક આવલી હોય છે. એક આવલી કાળમાં એક સમય વધારે જોડી દેવાથી જઘન્ય અંતર્મુહૂર્ત થાય છે. તેમાં બે, ત્રણ, ચાર આદિ સમય જોડતાં જવાથી અંતર્મુહૂર્તના ભેદ થતા જાય છે. આ રીતે ભેદ કરતાં-કરતાં મુહૂર્ત અર્થાત્ ૪૮ મિનિટમાંથી બે સમય ઓછો કાળ સુધી એમ ભેદ કરતાં જતાં અંતર્મુહૂર્તના અસંખ્યાત ભેદ થઈ જાય છે. આ બધાં અંતર્મુહૂર્તના જ ભેદ છે.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન : ૧)** પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિરાજ પોતાને યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત કાળ વ્યતીત થયા પછી હંમેશા અભ્યસ્ત થઈ જવાના કારણે ત્રિકાળી નિજ સહજાનંદમય શુધ્ધાત્માના ધ્યાન દ્વારા શુધ્ધોપયોગ પ્રગટ કરીને ઉપરના એકમાત્ર અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં

જ ગમન કરે છે, અન્ય અપૂર્વકરણ આદિગુણસ્થાનોમાં સીધા ગમન નથી કરતાં.

૨) જો છઠ્ઠાથી નીચેની તરફ ગમન કરે તો પોતાના પુરૂષાર્થની હીનતાથી/પોતાના અપરાધથી અને અન્ય ગુણસ્થાન માટે યથાયોગ્ય કર્મોના ઉદયાદિથી પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિરાજ સીધા દેશવિરત ગુણસ્થાનમાં ગમન કરી શકે છે. અહીં આવતાં જ તે ભાવલિંગી મુનિરાજ પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના ઉદયથી પાંચમા ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિ થઈ જાય છે.

૩) અંતર્મુહૂર્ત પહેલા જે ત્રણ કષાય ચોકડીના અનુદયથી ભાવલિંગી મુનિરાજ હતાં, તે જ પૂર્વ કુસંસ્કારોની તીવ્રતાવશ પોતાના પરિણામોમાં હીનતા આવવાથી આગળના અંતર્મુહૂર્તમાં છઠ્ઠાથી સીધા અપ્રત્યાખ્યાનાદિ કષાય કર્મના ઉદયમાં અવિરત સમ્યક્દ્રષ્ટિ થઈ જાય છે. અર્થાત્ ચતુર્થ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી થઈ જાય છે.

૪) કોઈ છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાચા મુનિરાજ પોતાની વ્યક્ત પરિણતિરૂપ વીતરાગતાથી ચ્યુત થાય છે અને તે જ સમય શ્રદ્ધામાં સમ્યક્મિથ્યાત્વરૂપ પરિણમિત થઈને મિશ્ર દર્શનમોહનીય કર્મના ઉદયના નિમિત્તથી છઠ્ઠાથી સીધા ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં ગમન કરે છે. તેઓને પણ દ્રવ્યલિંગી કહી શકીએ છીએ.

૫) કોઈ દ્વિતીયોપશમ સમ્યક્ત્વ સહિત પ્રમત્તસંયત મુનિરાજ ચારિત્ર અને સમ્યક્દર્શનથી ચ્યુત થઈને અનંતાનુબંધી કષાય પરિણામના વ્યક્ત થવાથી તથા તે જ સમયે અનંતાનુબંધી કષાય કર્મનો ઉદય પણ આવી જવાથી બીજા સાસાદનસમ્યક્ત્વ ગુણસ્થાનમાં ગમન કરે છે અને દ્રવ્યલિંગી મુનિરાજ બની જાય છે. ત્રીજા તથા બીજા ગુણસ્થાનનો કાળ અલ્પ હોવાથી તેની સાથે દ્રવ્યલિંગીરૂપ વ્યવહાર ગૌણ રહે છે.

૬) કોઈ પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી મુનિરાજ છઠ્ઠાથી સીધા મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય કર્મનો ઉદય થવાથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં પણ ગમન કરે છે. અર્થાત્ જે પહેલા સમયમાં ભાવલિંગી મુનિરાજ હતાં, તે જ પોતાના પુરૂષાર્થની વિપરીતતાને કારણ વિશિષ્ટ વીતરાગતારૂપ ધર્મથી ચ્યુત થઈ જવાથી પ્રથમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ થઈ જાય છે.

**જુઓ, પરિણામોની વિચિત્રતા !** બાહ્યમાં દ્રવ્યલિંગરૂપ મુનિપણું તો યથાર્થરૂપથી જેમનું તેમ જ છે, પરંતુ અંદરમાં ન મુનિયોગ્ય ધર્મ(શુદ્ધતા) રહ્યો, ન વ્રતી શ્રાવકને યોગ્ય, ન સમ્યક્દ્રષ્ટિને યોગ્ય પરિણામ.

**આગમન :** આ પ્રમત્તસંયત ગુણસ્થાનમાં આગમન માત્ર અપ્રમત્તસંયતથી જ થાય છે. અપૂર્વકરણ આદિ ઉપરના કોઈપણ ગુણસ્થાનોથી સીધા છઠ્ઠા ગુણસ્થાનમાં આગમન થતું નથી.

નીચલા પાંચેય ગુણસ્થાનોમાંથી પણ પ્રમત્તસંયત ગુણસ્થાનમાં આગમન થતું નથી.

**સાતમા શુદ્ધોપયોગરૂપ અપ્રમત્તસંયત ગુણસ્થાનથી જ શુભોપયોગરૂપ છઠ્ઠા ગુણસ્થાનમાં આગમનનો નિયમ છે.**

**પ્રશ્ન ૫૮ :** છઠ્ઠા ગુણસ્થાનને શુભોપયોગરૂપ જ કેમ કહ્યું ? અને નીચેની તરફ પતન થતા સમયે પ્રાપ્ત થવાવાળું ગુણસ્થાન પણ કેમ કહ્યું ?

**ઉત્તર :** છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનમાં ત્રણ કષાય ચોકડીનો અનુદય થવાથી શુદ્ધ પરિણતિરૂપ વીતરાગતા તો છે, પરંતુ અહીં મુનિરાજના સંજ્વલન કષાયના તીવ્ર ઉદયથી બુદ્ધિપૂર્વક શુભોપયોગરૂપ ભાવ છે, તેથી તેને શુભોપયોગરૂપ કહ્યું છે. મુનિરાજને બે જ ઉપયોગ મુખ્યતાથી હોય છે. (૧) શુદ્ધોપયોગ અને (૨) શુભોપયોગ.

નિર્વિકલ્પ ધ્યાનરૂપ અવસ્થા, જે અપ્રમત્તદશા છે, તેને શુદ્ધોપયોગ કહે છે. ધ્યાનથી ચ્યુત થવાથી સવિકલ્પ અવસ્થા શુભોપયોગરૂપ છે, એ જ પ્રમત્તસંયત દશા છે. ધ્યાનથી ચ્યુત થવું કહો અથવા નીચેની તરફ પતન કહો, બંનેનો અર્થ એક જ છે. સાતમાની અપેક્ષાએ છઠ્ઠું ગુણસ્થાન નિચલાસ્તરનું છે. તેથી તે નીચેની તરફ પતન થવા સમયે પ્રાપ્ત થાય છે.

**નીચેની તરફ પતન એટલે પ્રમત્તસંયત અવસ્થા મુનિ અવસ્થા જ નથી અથવા તે ભ્રષ્ટ મુનિ અવસ્થા છે - એવું પણ નથી. મુનિજીવન જ એવું હોય છે કે જેમાં ધ્યાન રહિત અવસ્થા થવી તેને વ્યવહારસ્વરૂપ કહેવાય છે, તેને શુભોપયોગ પણ કહે છે અને શુભોપયોગ - શુદ્ધોપયોગથી ભિન્ન અને ઉતરતીકોટીનું છે.**

**પ્રશ્ન ૫૯ :** શું છઠ્ઠા ગુણસ્થાનમાં આર્તધ્યાન પણ થાય છે ?

**ઉત્તર :** હા, છઠ્ઠા ગુણસ્થાનમાં આર્તધ્યાન થાય છે. પરંતુ તે મુખ્યરૂપથી શુભભાવરૂપ હોય છે અને કદાચિત્ અશુભોપયોગરૂપ પણ થઈ શકે છે

છતાં તે પણ હેયબુદ્ધિથી થાય છે.

**પ્રશ્ન ૬૦ :** ચોથા અવિરતસમ્યક્ત્વ અને પાંચમા દેશવિરત ગુણસ્થાનોમાં સ્વાનુભૂતિરૂપ શુદ્ધોપયોગ હોય છે: ચોથા, પાંચમા ગુણસ્થાનોથી પણ ઉપરના છઠ્ઠા ગુણસ્થાનમાં માત્ર શુભોપયોગ જ હોય છે. શુદ્ધોપયોગ નહીં ......... આ કેવી વાત છે ?

**ઉત્તર :** ચોથા ગુણસ્થાનમાં સમ્યક્દર્શનરૂપ ધર્મની ઉત્પત્તિ થાય છે, તે કરણલબ્ધિ વિના થતી નથી. તેથી ચોથા ગુણસ્થાનની ઉત્પત્તિ પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં જ જીવ આત્મધ્યાનનો બુદ્ધિપૂર્વક પ્રયાસ કરે છે અને ભેદવિજ્ઞાનથી યથાર્થ તત્વજ્ઞાનની ભાવભાસનાપૂર્વક શુદ્ધોપયોગના કાળમાં જ સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે.

અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં શુભ, અશુભ અને શુદ્ધ ત્રણે ઉપયોગ હોય છે તથા જે પ્રકારે ચતુર્થ ગુણસ્થાનથી શુદ્ધોપયોગની સાથે પંચમ ગુણસ્થાનમાં આગમન થાય છે. તેવી જ રીતે પંચમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજ શુદ્ધોપયોગથી જ સાતમાં ગુણસ્થાનમાં ગમન કરે છે.

**ચોથા કે પાંચમા ગુણસ્થાનવર્તી સાધક જીવ ઉપરનાં ગુણસ્થાનોમાં ગમન ન કરતાં થકા પણ યથાસમય શુદ્ધોપયોગની પ્રાપ્તિ કરતા રહે છે, કારણ કે આ બંને ગુણસ્થાનવર્તી જીવ મોક્ષમાર્ગી છે. શુદ્ધોપયોગના અભાવમાં પણ તેને શુદ્ધ પરિણતિ સતત બની રહે છે અને શુદ્ધપરિણતિને ટકાવવા માટે તથા તેની વૃદ્ધિ માટે તથા આનંદનો ભોગ કરવા માટે પણ શુદ્ધોપયોગનો પુરૂષાર્થ કરતા રહે છે.**

જો યથાયોગ્ય કાળ પછી પણ શુદ્ધોપયોગ ન થાય તો તેમનું ચોથું કે પાંચમું ગુણસ્થાન પણ નથી રહેતું, તેમને મિથ્યાત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ થઈ જશે, આ વસ્તુસ્વરૂપ છે. માટે ચોથા-પાંચમાં ગુણસ્થાનમાં જીવના પુરૂષાર્થને અનુસાર કદાચિત્ અશુભોપયોગ, શુભોપયોગ અથવા શુદ્ધોપયોગ હોય છે.

છઠ્ઠા ગુણસ્થાનનું સ્વરૂપ જ અલગ ઢંગનું છે. આ ગુણસ્થાનનું સ્વરૂપ જ બુદ્ધિપૂર્વક શુભોપયોગરૂપ છે. પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી શુભોપયોગી ભાવલિંગી મુનિરાજ જો શુદ્ધોપયોગ કરે છે તો તેમનું ગુણસ્થાન સાતમું અપ્રમત્તસંયત થઈ જાય છે. શુદ્ધોપયોગથી છૂટે છે/પડે છે, તો તે જ અપ્રમત્ત મુનિરાજ પ્રમત્તસંયત મુનિરાજ પ્રમત્તસંયત અર્થાત્ શુભોપયોગી

થઈ જાય છે.

**કોઈપણ જીવને મોક્ષમાર્ગી થઈ રહેવા માટે તેને વીતરાગતા હોવી આવશ્યક છે. તે વીતરાગતા બે કારણોથી જીવની પાસે કે સાથે રહે છે. એક તો શુદ્ધોપયોગથી અને બીજી શુદ્ધ પરિણતિથી.**

છઠ્ઠા ગુણસ્થાનમાં વીતરાગતારૂપ મોક્ષમાર્ગ અર્થાત્ શુદ્ધપરિણતિ શુભોપયોગની સાથે -સાથે સતત રહે અવશ્ય છે, પરંતુ છઠ્ઠુ ગુણસ્થાન ભાવલિંગી મુનિરાજનું હોવા છતાં તેનું સ્વરૂપ જ વ્યક્ત શુભોપયોગરૂપ છે. માટે પ્રમત્તસંયત ગુણસ્થાનમાં શુભોપયોગ જ હોય છે, શુદ્ધોપયોગ નહીં.

સાતમાં ગુણસ્થાનમાં અને તેની આગળનાં પણ બધાં ગુણસ્થાનોમાં માત્ર શુદ્ધોપયોગ જ રહે છે. અન્ય કોઈ ઉપયોગ હોતો જ નથી. છઠ્ઠાથી મુનિજીવન છે, આનાથી આ સ્વયમેવ નિર્ણય થઈ જાય છે કે મુનિજીવનમાં માત્ર બે જ ઉપયોગ છે - એક શુદ્ધોપયોગ અને બીજો શુભોપયોગ.

આપણે દ્રવ્યાનુયોગની અપેક્ષાએ ગુણસ્થાનોનું વિભાજન આ પ્રકારે કરી શકીએ.

(૧) મિથ્યાત્વ ગુણસ્થાનથી ત્રીજા મિશ્ર ગુણસ્થાન સુધી નિયમથી શુભ અને અશુભ ઉપયોગ જ હોય છે. (૨) ચોથા તથા પાંચમા ગુણસ્થાનોમાં શુભ, અશુભ અને શુદ્ધોપયોગ ત્રણ ઉપયોગ રહી શકે છે. (૩) છઠ્ઠા ગુણસ્થાનમાં માત્ર શુભોપયોગ અને (૪) સાતમાં ગુણસ્થાનથી લઈને આગળના સર્વ ગુણસ્થાનમાં માત્ર શુદ્ધોપયોગ જ રહે છે.

**વિશેષ અપેક્ષા વિચારઃ**

(૧) પ્રમત્તસંયત આ છઠ્ઠું ગુણસ્થાન શુદ્ધપરિણતિ સહિત શુભોપયોગરૂપ છે, છતાં આ દશા મુનિજીવનમાં અવશ્યભાવી છે છતાં પણ બંધકારક છે. નાટક સમયસાર (મોક્ષદ્વાર છંદ ૪૦)માં આને જગપંથ કહ્યો છે, જે નીચેપ્રમાણે છે:-

**ता कारण जगपंथ इत, उत शिवमारग जोर।**
**परमादी जग कौं धुकै, अपरमादि शिव ओर।।**

**અર્થ**: માટે પ્રમાદ સંસારનું કારણ છે અને અનુભવ મોક્ષનું કારણ છે. પ્રમાદી જીવ સંસારની તરફ જુએ છે અને અપ્રમાદી જીવ મોક્ષની તરફ જુએ છે.

**મુક્તિ પ્રાપ્ત કરવા પૂર્વે અનિવાર્ય ગુણસ્થાનોના સંબંધમાં અહીં**

**થોડો વિચાર કરીએ :-**

૧) અનેક જીવ બીજા સાસાદન ગુણસ્થાનને પ્રાપ્ત કર્યા વગર પણ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે, કારણ કે જે જીવ ઔપશમિક સમ્યક્ત્વની સાથે ચોથા આદિ ઉપરના ગુણસ્થાનોથી પતિત થાય છે, તે જ બીજા ગુણસ્થાનમાં આવે છે. **એવા ઉપરનાં ગુણસ્થાનોથી સાસાદનમાં પતિત ન થવાવાળા અનેક જીવ મોક્ષ જઈ શકે છે. તેથી બીજું ગુણસ્થાન અનિવાર્ય નથી.**

૨) ત્રીજું ગુણસ્થાન પણ અનિવાર્ય નથી, **આ ત્રીજા ગુણસ્થાનમાં પ્રવેશ કર્યા વગર પણ મુક્તિ સંભવ છે,** કારણ કે જો જીવ પહેલા ગુણસ્થાનથી જ ચોથામાં આવે છે અથવા પાંચમા, સાતમામાં આવે છે તો છઠ્ઠા-સાતમામાં આત્માનંદનું રસપાન કરતાં - કરતાં નીચે ગમન કર્યા વગર જ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે. **તેથી ત્રીજું ગુણસ્થાન પણ અનિવાર્ય નથી.**

૩) **ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનની પ્રાપ્તિ વગર પણ જીવ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે,** કારણ કે અનાદિ મિથ્યાત્વ ગુણસ્થાનથી સીધા સાતમાં અપ્રમત્તમાં આવીને છઠ્ઠા-સાતમામાં ઝૂલતાં થકા આગળ શ્રેણી માંડીને મુક્ત થઈ શકે છે. **તેથી મુક્તિ પૂર્વે અવિરત સમ્યક્ત્વ ચોથું ગુણસ્થાન અનિવાર્ય નથી.**

૪) **જો દ્રવ્યલિંગી મુનિરાજ અનાદિ મિથ્યાત્વથી જ સાતમાં અપ્રમત્તસંયતમાં જાય છે** અને છઠ્ઠા-સાતમામાં હજારો વખત ઝૂલતાં થકા શ્રેણી માંડી મુક્તિ પ્રાપ્ત કરે છે **તો તેઓને પાંચમું દેશવિરત ગુણસ્થાન પણ અનિવાર્ય નથી.**

૫) જો મુનિરાજ ઉપશમશ્રેણી પર આરોહણ કરે તો જ ઉપશાંતમોહ નામના અગ્યારમાં ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. જે મુનિરાજ ઉપશમશ્રેણી પર આરોહણ ન કરતાં થકા **માત્ર ક્ષપકશ્રેણી પર જ આરોહણ કરે છે તો તેમને ઉપશાંતમોહ ગુણસ્થાનની પ્રાપ્તિ થતી જ નથી, માટે અગ્યારમું ગુણસ્થાન પણ અનિવાર્ય નથી અને ઉપશમશ્રેણીના પ્રથમ ત્રણ ગુણસ્થાન પણ અનિવાર્ય નથી.**

આ રીતે સંક્ષેપમાં બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં, અગ્યારમાં - આ પાંચે ગુણસ્થાનો વગર તો કદાચિત્ જીવ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાન વગર તો કોઈ જીવ મુક્તિ પ્રાપ્ત કરી શકતો

જ નથી અર્થાત્ મિથ્યાત્વ, પ્રમત્તવિરત, અપ્રમત્તવિરત ક્ષપકશ્રેણીના ચારેય ગુણસ્થાન, સયોગકેવળી અને અયોગકેવળી આ નવ ગુણસ્થાનો વગર જીવ મુક્ત નથી થઈ શકતો.

**પ્રશ્ન ૬૧ :** આ પ્રમત્તસંયત ગુણસ્થાનને બંધનકારક, શુભોપયોગરૂપ, જગપંથ અને કથંચિત્ આકુળતા ઉત્પાદક જાણવા છતાં પણ ભાવલિંગી મુનિરાજ આ ગુણસ્થાનમાં શા માટે આવે છે?

**ઉત્તર :** મોક્ષપ્રાપ્તિનો ક્રમ કોઈપણ જીવની ઈચ્છાનુસાર નથી થતો, જેવું વસ્તુસ્વરૂપ છે, તેના અનુસાર જ થાય છે. તે વસ્તુસ્વરૂપ તથા ક્રમ અનંત સર્વજ્ઞ ભગવંતોએ જાણ્યો છે અને તેને દિવ્યધ્વનિમાં કહ્યો છે.

**મુનિજીવનમાં સૌથી પહેલા શુદ્ધોપયોગરૂપ અપ્રમત્તવિરત ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે.** ત્યારબાદ સાતમા ગુણસ્થાનથી જ સીધા ક્ષપકશ્રેણી આરોહણ કરીને મુક્ત થવાની વ્યવસ્થા નથી. શુદ્ધોપયોગ રૂપ અપ્રમત્તવિરત દશામાં યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત કાળ વ્યતીત થતાં જ પર્યાયગત યોગ્યતાને કારણ તથા યથાયોગ્ય કર્મોદયના નિમિત્તથી શુભોપયોગરૂપ પ્રમત્તવિરત ગુણસ્થાનમાં આવવું અનિવાર્ય થઈ રહે છે. મુનિઅવસ્થામાં માત્ર એક અંતર્મુહૂર્ત રહીને મુક્તિ પ્રાપ્ત કરવાવાળા ભરત આદિને પણ છઠ્ઠા ગુણસ્થાનમાં આવવું અનિવાર્ય હતું. અંતર્મુહૂર્તમાં મુક્તિ પામવાવાળા મુનિરાજ પણ શ્રેણી-આરોહરણની પહેલા તૈયારીની દશામાં તો એક અંતર્મુહૂર્ત દશામાં હજારો વખત છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં ઝૂલે છે અર્થાત્ તેઓને પણ છઠ્ઠા ગુણસ્થાનમાં આવવું પડે છે, તેઓ આવવા નથી ઈચ્છતાં. મોક્ષ પ્રાપ્તિની પહેલાનો વસ્તુગત ક્રમ એવો જ છે. આગમ પ્રમાણથી વસ્તુનું સ્વરૂપ સમજવાથી જ્ઞાનમાં યથાર્થતા તેમજ નિર્મળતાની પ્રાપ્તિ જરૂર થાય છે.

જગપંથનો અર્થ સંસારનો માર્ગ છે અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનનો શુભોપયોગરૂપ ભાવ અર્થાત્ શુભપરિણામ બંધરૂપ હોવાથી સંસારમાર્ગ છે. **જેમ અગ્નિમાં શીતળતાની ખોજ વ્યર્થ છે, તેમ શુભમાં વીતરાગતારૂપ મોક્ષમાર્ગ શોધવો વ્યર્થ છે.**

૨) આચાર્યકૃત બધા શાસ્ત્ર-લેખન, ઉપદેશ, દીક્ષા-શિક્ષા આદિ પ્રશસ્ત વ્યવહાર કાર્ય આ છઠ્ઠા પ્રમત્તવિરત ગુણસ્થાનમાં જ થાય છે. મુનિજીવનના છઠ્ઠા ગુણસ્થાનવર્તી મહામુનિરાજને સંજ્વલન કષાય તથા

હાસ્યાદિ નવ નોકષાયના તીવ્ર ઉદયમાં નિયમથી હેયબુદ્ધિપૂર્વક શુભ પરિણામ હોય જ છે, કારણ કે મુનિજીવનમાં (સ્થૂળરૂપથી) અશુભોપયોગ માટે અવકાશ જ નથી. તેથી શુભ પરિણામમાં બુદ્ધિપૂર્વક થવાવાળા કાર્ય પણ મોક્ષમાર્ગને અનુકૂળ જ હોવા જોઈએ.

**વાસ્તવમાં તો ગૃહસ્થ-જીવનમાં જે કાંઈ શુભ પરિણામ કે પુણ્યરૂપ કાર્ય થાય છે, તે બધાં અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ કષાયોના મંદ ઉદયમાં થાય છે અને મુનિજીવનમાં શુભ પરિણામ અથવા પ્રશસ્ત/પુણ્ય કાર્ય નિયમથી સંજ્વલન કષાય અને નવ નોકષાયોના યથાયોગ્ય તીવ્ર ઉદયમાં જ થાય છે.**

આ કારણે શ્રાવકજીવનથી પણ મુનિજીવન કેટલું જુદા પ્રકારનું છે, એનું સ્વયમેવ જ્ઞાન થઈ જાય છે. જે પરિણામ મુનિશ્વરો માટે હેય છે, એ પરિણામ દ્વારા જ શ્રાવકો પર મહાન ઉપકાર થાય છે.

આપણે થોડો વિચાર કરવો જોઈએ કે જ્યારે **મુનિરાજના હેયરૂપ(શુભ) પરિણામથી પણ શ્રાવકનું સહજ કલ્યાણ થાય છે તો વાસ્તવિક વીતરાગતારૂપ ધર્મથી શ્રાવકનું અવિનાશી કલ્યાણ કેમ ન થાય ? અવશ્ય જ થાય.**

૩) આહારક આદિ ઋદ્ધિઓના વ્યવહાર ધર્મ-પ્રભાવના હેતુ કદાચિત્ ઉપયોગ આ સવિકલ્પ અવસ્થારૂપ છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનમાં જ થાય છે, કારણ કે અપ્રમત્તાદિ ઉપરના ગુણસ્થાન નિર્વિકલ્પ શુદ્ધોપયોગ રૂપ જ છે. **ઋદ્ધિ શબ્દનો અર્થ છે - પુણ્યોદયથી અર્થાત્ વિશુદ્ધિથી પ્રાપ્ત કાંઈક વિશિષ્ટ વિકસીત શક્તિઓની ઉપલબ્ધિ.**

જે મુનિરાજોને ઋદ્ધિની પ્રાપ્તિ થઈ ગઈ છે, તેઓને તે ઋદ્ધિનો ઉપયોગ કરવો જ જોઈએ, એવો કોઈ નિયમ નથી, કારણ કે મુનિરાજ ઋદ્ધિઓથી અત્યંત નિરપેક્ષ હોય છે.

૪) છઠ્ઠા ગુણસ્થાનના નામમાં પ્રયુક્ત **'પ્રમત્ત'** શબ્દ અંતદીપક છે, કારણ કે મિથ્યાત્વથી લઈને પ્રમત્તસંયત સુધી સર્વ જીવ નિયમથી પ્રમાદની બુદ્ધિવાળા જ હોય છે. આ બધાંની સાથે 'પ્રમત્ત' શબ્દનો પ્રયોગ પણ કરી શકીએ છીએ. **જેમ** - પ્રમત્ત મિથ્યાત્વ, પ્રમત્ત સાસાદન સમ્યક્ત્વ, પ્રમત્ત મિશ્ર, પ્રમત્તઅવિરત સમ્યક્ત્વ, પ્રમત્ત દેશવિરત. પરંતુ ભાષાવિજ્ઞાનના નિયમાનુસાર સંક્ષિપ્તકરણ માટે માત્ર છઠ્ઠા

ગુણસ્થાંનમાં પ્રમત્ત શબ્દનો પ્રયોગ થયો છે.

**પ્રશ્ન ૬૨ :** છઠ્ઠા - સાતમાં ગુણસ્થાનમાં ઝૂલતાં ઝૂલતાં પ્રચુર સ્વસંવેદનના આનંદની ગટાગટ ઘૂંટ પીવાવાળા સર્વ ભાવલિંગી મુનિરાજની વ્યક્ત વીતરાગતા (નિશ્ચય ધર્મ) સમાન જ હોય છે કે તેમાં કાંઈ ભેદ રહે છે ?

**ઉત્તર :** ૨૮ મૂળગુણોના પાલનરૂપ બાહ્ય વ્યવહારધર્મ તો સર્વ મુનિરાજો (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) ના સમાન જ હોય છે. અંતરંગમાં નિશ્ચયધર્મ રૂપ ત્રણ કષાય ચોકડીના અનુદયથી વ્યક્ત વીતરાગતા પણ સામાન્ય અપેક્ષાથી સમાન/સરખી જ હોય છે. (વિશેષ સ્પષ્ટીકરણ પંચાધ્યાયી અધ્યાય બીજો શ્લોક ૬૩૯ થી ૬૪૩ જુઓ)

સૂક્ષ્મ પરિણામોની અપેક્ષાથી વિચાર કરવામાં આવે તો વીતરાગતા હીન -અધિક પણ થઈ શકે છે, કારણ કે તેનું નિમિત્ત કારણ સંજ્વલન કષાય ચોકડી તથા નોકષાય કર્મોનો તીવ્ર અથવા મંદ ઉદય છે. આ કારણ અનેક વર્ષોથી દીક્ષિત મુનિરાજોની વીતરાગતા વિશેષ અધિક હોઈ શકે છે. આ વિવક્ષાની મુખ્યતાથી અનેક વર્ષોથી દીક્ષિત મુનિરાજોને ચરણાનુયોગ મોટા માને છે. આ કથન પણ સાપેક્ષ જ સમજવું જોઈએ. કારણ કે અલ્પકાળના દીક્ષિત મુનિરાજ પણ નિજશુદ્ધાત્માના ધ્યાનરૂપ વિશેષ પુરૂષાર્થથી જુના(પહેલા દીક્ષિત) મુનિરાજથી પણ વધારે વીતરાગતાને પ્રગટ કરી શકે છે.

આ બધાં કાર્ય પરિણામોની વિચિત્રતા અને પુરૂષાર્થની વિશેષતાથી થાય છે. આ જ કારણ છે કે **તીર્થંકર થવાવાળા આદિનાથ મુનિરાજ એક હજાર વર્ષ મુનિદશામાં સાધના કર્યા બાદ અરહંત ભગવાન થઈ શક્યા. બાહુબલી મુનિરાજને કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટે એક જ વર્ષ પર્યાપ્ત થઈ ગયું. શ્રી મલ્લિનાથ મુનિરાજ માટે અરહંત અવસ્થાની પ્રાપ્તિ માત્ર છ દિવસની સાધનાથી જ થઈ ગઈ હતી અને ભરત મુનિરાજને તો કેવળ અંતર્મુહૂર્તની સાધનાથી જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી લીધું હતું.**

૧) આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ-સામાન્ય દ્રષ્ટિથી આ ત્રણે પરમેષ્ઠીઓની વીતરાગતા સરખી હોવા છતાંપણ ગણધરાદિ પદ પર આરૂઢ સાધુ પરમેષ્ઠીની શુદ્ધિ વિશિષ્ટ હોય છે.

૨) જે મુનિરાજોને પરિહારવિશુદ્ધિ આદિ ઋદ્ધિઓ પ્રાપ્ત થઈ છે

તેઓની તથા અનંતાનુબંધી કષાયની વિસંયોજના કરવાવાળા મુનિરાજોની શુધ્ધિ/વીતરાગતા વિશેષ હોય છે, છતાં પણ થાય છે તો ભૂમિકાની અંદર જ.

**પ્રશ્ન ૬૩ :** ૨૮ મૂળગુણોમાંથી જો મુનિરાજો દ્વારા એક - બે મૂળગુણોનું પાલન ન થઈ શકે તો તેઓને મુનિ મનાય કે નહીં ?

**ઉત્તર :** અનંત તીર્થંકરોના પરમ સત્ય ઉપદેશને આચાર્યોએ શાસ્ત્રોમાં લિપિબધ્ધ કર્યા છે, એવા પરમશ્રધ્ધેય તથા આરાધ્ય શાસ્ત્રોની આજ્ઞા માનવીએ આપણું કર્તવ્ય છે, જેનાથી આલોક અને પરલોકમાં જીવનું આત્મકલ્યાણ થાય છે. એ શાસ્ત્રોની તો આજ્ઞા છે કે ૨૮ મૂળગુણોનું સમગ્રરીતે પાલન કરવું એ જ સાચા સાધુનું સ્વરૂપ છે. કદાચિત્ પૂર્વ સંસ્કારવશ મૂળગુણોનાં પાલનમાં કાંઈ અતિચાર પણ લાગી શકે છે.

જો એક - બે અથવા ત્રણ - ચાર મૂળગુણોનું પાલન ન હોય તો પણ સાચા ગુરૂપણાની માન્યતા સ્વીકૃત થવા લાગે, તો પછી ૫-૬ કે ૭-૮ મૂળગુણોના અભાવમાં પણ ગુરૂપણાની માન્યતા રૂઢ થઈ શકે છે કે માત્ર ૪-૫ મૂળગુણોના પાલનથી પણ ગુરૂપણું માનવામાં આપત્તિ નહીં રહે, કોઈ નિશ્ચિત નિયમ જ નહીં રહી શકે.

એટલા માટે ૨૮મૂળગુણોનું પાલન અખંડપણે કરવું જ સાચું મુનિપણું છે. **'મૂળગુણ' આ શબ્દ જ આપણને બતાવે છે કે ગુરૂપણાંના મૂળગુણ છે અર્થાત્ તેના વગર ગુરૂપણું સંભવ જ નથી, જેમ મૂળની વગર વૃક્ષ હોતું નથી, એવી જ રીતે ૨૮મૂળગુણોની અનિવાર્યતા આગમ, તર્ક તથા યુક્તિથી પણ યથાર્થ સિધ્ધ થાય છે.**

૧) જો કોઈ ૨૮ મૂળગુણોનું આગમાનુસાર નિર્દોષ પાલન કરે છે, તે સાચા ગુરૂ છે, એવી પરિભાષા ચરણાનુયોગના શાસ્ત્રોની મુખ્યતાથી કરવી ઉચિત (યોગ્ય) જ છે. સાચા મુનિપણાના વિષયને અન્ય અપેક્ષાઓથી પણ આપણે સમજવું આવશ્યક છે. તેથી થોડું સ્પષ્ટીકરણ કરીએ છીએ.

૨) અનંતાનુબંધી આદિ ત્રણ કષાય ચોકડીના અનુદયકાળમાં ધ્યાન રહિત તથા શુધ્ધ પરિણતિ સહિત અવસ્થાના સમયે મુનિરાજ જે પ્રકારના બાહ્ય આચરણમાં પ્રવૃત્ત હોય છે, તે આચરણને ૨૮ મૂળગુણ કહે છે.

૩) ત્રણ કષાય ચોકડીના અનુદયના કાળમાં શુધ્ધોપયોગથી છૂટવાથી

શુભોપયોગની ભૂમિકામાં મુનિરાજની જીવનચર્યાને ૨૮ મૂળગુણ કહે છે.

૪) સંજ્વલન કષાય ચોકડીના યથાયોગ્ય તીવ્ર ઉદયના નિમિત્તથી મુનિરાજ જે પ્રકારે આચરણમાં પ્રવૃત્ત થાય છે, તેને ૨૮ મૂળગુણ કહે છે.

**પ્રશ્ન ૬૪ :** શું પુલાક આદિ મુનિ સાચા મુનિ નથી હોતા? પુલાક મુનિનું સ્વરૂપ શું છે?

**ઉત્તર :** "જે ઉત્તરગુણોની ભાવનાથી રહિત હોય અને કોઈ ક્ષેત્ર કે કાળમાં કોઈ મૂળગુણમાં અતિચાર લગાવે તથા જેને અલ્પ વિશુધ્ધતા હોય, તેને પુલાક મુનિ કહે છે." **જેમ કે ગરમીની ઋતુમાં જાંઘ સુધી પગ ધોઈ લેવા આદિ.**

"પુલાક મુનિ આમ તો ભાવલિંગી સમ્યક્‌દ્રષ્ટિ મુનિરાજ જ હોય છે, પરંતુ વ્રતોના પાલનમાં ક્ષણિક અલ્પદોષ થઈ જાય છે, છતાં પણ યથાજાતરૂપ જ છે. (તેઓને ત્રણ કષાય ચોકડીના અનુદયપૂર્વક ભાવલિંગીપણું હોય છે.) તેઓને સામાયિક અને છેદોપસ્થાપના બે સંયમ હોય છે." (વધારે સ્પષ્ટીકરણ માટે સર્વાર્થસિદ્ધિ, તત્વાર્થવૃત્તિ, અર્થપ્રકાશિકા આદિ ગ્રંથોનું અવલોકન કરો.)

ધવલા પુસ્તક ૧ નો અંશ (પાના નં ૧૭૬ થી ૧૭૮)

**સામાન્યથી પ્રમત્તસંયત જીવ છે. ॥ ૧૪ ॥**

**પ્રકર્ષથી મત્ત જીવોને પ્રમત કહે છે** અને સારી રીતે વિરત કે સંયમને પ્રાપ્ત જીવોને સંયત કહે છે. **જે પ્રમત્ત હોવા છતાં પણ સંયત હોય છે તેને પ્રમત્તસંયત કહે છે.**

**શંકા 14 :** જો છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવ પ્રમત્ત છે તો સંયત ન હોઈ શકે કારણ કે પ્રમત્તજીવોને પોતાના સ્વરૂપનું સંવેદન નથી થઈ શકતું. જો તેઓ સંયત છે તો પ્રમત્ત ન હોઈ શકે કારણ કે સંયમભાવ પ્રમાદના પરિહાર સ્વરૂપ હોય છે.

**સમાધાન :** આ કોઈ દોષ નથી, કારણ કે હિંસા, અસત્ય, સ્તેય (ચોરી), અબ્રહ્મ અને પરિગ્રહ આ **પાંચ પાપોથી વિરતિભાવને સંયમ કહે છે,** જે ત્રણ ગુપ્તિ તથા પાંચ સમિતિઓથી અનુરક્ષિત છે. તે સંયમ વાસ્તવમાં પ્રમાદથી નષ્ટ ન કરી શકાય, કારણ કે **સંયમમાં પ્રમાદથી કેવળ મળની જ ઉત્પત્તિ થાય છે.**

**શંકા 15 :** છઠ્ઠા ગુણસ્થાનમાં સંયમમાં મળ ઉત્પન્ન કરવાવાળો જ

પ્રમાદ વિવક્ષિત છે, સંયમનો નાશ કરવાવાળો પ્રમાદ વિવક્ષિત નથી, આ વાત કેવી રીતે નક્કી કરી શકાય ?

**સમાધાન** : છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રમાદના રહેતા થકા સંયમનો સદ્ભાવ અન્યથા થઈ નથી શકતો, માટે નિશ્ચય હોય છે કે **અહીં મળને ઉત્પન્ન કરવાવાળો પ્રમાદ જ અભીષ્ટ છે. બીજું છઠ્ઠા ગુણસ્થાનમાં થવાવાળા સ્વલ્પકાળવર્તી મંદતમ પ્રમાદ સંયમનો નાશ પણ નથી કરી શકતો, કારણ કે સકલસંયમના ઉત્કટરૂપથી પ્રતિબંધ કરવાવાળા પ્રત્યાખ્યાનાવરણના અભાવમાં સંયમનો નાશ જોવામાં નથી આવતો.**

**શંકા 16** : પાંચભાવોમાંથી ક્યા ભાવનો આશ્રય લઈને આ પ્રમત્તસંયત ગુણસ્થાન ઉત્પન્ન થાય છે ?

**સમાધાન** : સંયમની અપેક્ષાએ આ ગુણસ્થાન ક્ષાયોપશમિક છે.

**શંકા 17** : પ્રમત્તસંયત ગુણસ્થાન ક્ષાયોપશમિક કેવી રીતે છે ?

**સમાધાન** : કારણ કે વર્તમાનમાં પ્રત્યાખ્યાનાવરણના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય ક્ષય થવાથી અને આગામી કાળમાં ઉદયમાં આવવાવાળા સત્તામાં સ્થિત તેમના ઉદયમાં ન આવવા રૂપ ઉપશમથી તથા સંજ્વલન કષાયના ઉદયથી પ્રત્યાખ્યાન (સંયમ) ઉત્પન્ન થાય છે, માટે ક્ષાયોપશમિક છે.

**શંકા 18** : સંજ્વલન કષાયના ઉદયથી સંયમ થાય છે, માટે તેને ઔદયિક નામથી કેમ કહેવામાં નથી આવતો ?

**સમાધાન** : ના, કારણ કે સંજ્વલન કષાયના ઉદયથી સંયમની ઉત્પત્તિ થતી નથી.

**શંકા 19** : તો પછી સંજ્વલનનો વ્યાપાર ક્યાં થાય છે ?

**સમાધાન** : પ્રત્યાખ્યાનાવરણ કષાયના સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયભાવી ક્ષયથી (અને સદવસ્થારૂપ ઉપશમથી) ઉત્પન્ન થતા **સંયમમાં મળના ઉત્પન્ન કરવામાં સંજ્વલનનો વ્યાપાર થાય છે.**

સંયમના કારણભૂત સમ્યક્દર્શનની અપેક્ષા તો આ ગુણસ્થાન ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવનિમિત્તક છે.

**શંકા 20** : અહીંયા સમ્યક્દર્શન પદની જે અનુવૃત્તિ બતાવી છે તેનાથી શું આ તાત્પર્ય નીકળે છે કે સમ્યક્દર્શન વગર પણ સંયમની ઉપલબ્ધિ થાય છે ?

**સમાધાન :** એવું નથી, કારણ કે આપ્ત, આગમ અને પદાર્થોમાં જે જીવને શ્રધ્ધા ઉત્પન્ન નથી થઈ તથા જેનું ચિત્ત ત્રણ મૂઢતાથી વ્યાપ્ત છે, તેને સંયમની પ્રાપ્તિ નથી થઈ શકતી.

**શંકા 21 :** અહીં દ્રવ્યસંયમને ગ્રહણ નથી કર્યું, એ કેવી રીતે જાણી શકાય ?

**સમાધાન :** ના, કારણ કે ભલાપ્રકારે જાણીને અને શ્રદ્ધાન કરીને જે યમસહિત છે તેને સંયમ કહે છે. સંયત શબ્દની આ પ્રકારે વ્યુત્પત્તિ કરવાથી આ સમજાય છે કે અહીં દ્રવ્યસંયમને ગ્રહણ નથી કર્યું.

-o-o-o-o-

## દિગંબર મુનિરાજના ૨૮ મૂળગુણ

| | |
|---|---|
| ૫ મહાવ્રત | : અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ મહાવ્રત. |
| ૫ સમિતિ | : ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપના (ઉત્સર્ગ સમિતિ) |
| ૫ ઈન્દ્રિયવિજય | : સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુઈન્દ્રિય અને કર્ણેન્દ્રિય વિજય. |
| ૬ આવશ્યક | : સમતા, સ્તુતિ, વંદના, પ્રતિક્રમણ, આલોચના (અથવા સ્વાધ્યાય), પ્રત્યાખ્યાન. |
| ૭ અન્ય ગુણ | : કેશલોચન, વસ્ત્રત્યાગ, અસ્નાન, ભૂમિશયન , અદંતઘોવન, ઉભા ઉભા ભોજન, દિવસમાં એકવાર અલ્પ આહાર. |

## ૭

## અપ્રમત્તવિરત ગુણસ્થાન

સાતમાં ગુણસ્થાનનું નામ અપ્રમત્તસંયત ગુણસ્થાન છે. આ ગુણસ્થાન ધ્યાનસ્થ મુનિરાજનું છે. વિચાર કરીએ તો **વાસ્તવિક મુનિજીવનનું પ્રથમ ગુણસ્થાન તો અપ્રમત્તસંયત જ છે, કારણ કે પ્રમત્તસંયત ગુણસ્થાન તો અપ્રમત્તસંયતથી નીચે પડવાથી પ્રાપ્ત થાય છે.**

જ્યારે કોઈ પણ સાધક ભાવલિંગી મુનિરાજ થઈ જાય છે, ત્યારે મિથ્યાત્વ, અવિરતસમ્યક્ત્વ અથવા દેશવિરત ગુણસ્થાનથી સીધા આ અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં આવીને જ થાય છે. આ વિવક્ષાની મુખ્યતાથી અથવા પ્રવચનસાર ગ્રંથની ચરણાનુયોગ ચૂલિકાની દ્રષ્ટિથી મોક્ષમાર્ગપ્રકાશકના પ્રથમ અધ્યાયમાં સાધુના સ્વરૂપનું વિવેચન કરતા સમયે પાંના ત્રણ પર આવ્યું છે - **જે વિરાગી થઈને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને .......**

અહીં શુદ્ધોપયોગની પ્રમુખતાથી અપ્રમત્તસંયત ગુણસ્થાન ને જ સમજવું જોઈએ. શ્રેણી આરોહણની તૈયારી અર્થાત્ અપૂર્વ અને અલૌકિક પુરૂષાર્થ સાતમાંની સાતિશય અપ્રમત્તદશામાં જ થાય છે.

આચાર્યશ્રી અમૃતચંદ્ર અને આચાર્યશ્રી જયસેન પ્રવચનસાર ગાથા ક્રમાંક ૭૯ની ટીકામાં આ શુદ્ધોપયોગ ને જ અથવા અપ્રમત્તસંયત ગુણસ્થાનને પરમ-ઉપેક્ષા લક્ષણ પરમસામાયિક કહે છે. મુનિરાજની પ્રતિજ્ઞા અને આંતરિક ભાવના તો શુદ્ધોપયોગરૂપ અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં જ રહેવાની હોય છે, પરંતુ પુરૂષાર્થની કમજોરીવશ તેઓને પ્રમત્તવિરત ગુણસ્થાનમાં આવવું પડે છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૪૫માં અપ્રમત્તસંયત ગુણસ્થાનની કર્મોદય સાપેક્ષ **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે:-

**संजलणणोकसायाणुदओ, मंदो जदा तदा होदि ।**
**अपमत्तगुणो तेण य, अपमत्तो संजदो होदि ।।**

સંજ્વલન કષાય તથા નવ નોકષાયના મંદ ઉદયના સમયમાં અર્થાત્ નિમિત્તથી પ્રમાદ રહિત થવાવાળી વીતરાગદશાને અપ્રમત્તસંયત ગુણસ્થાન કહે છે.

અહીં ધ્યાનાવસ્થા છે, શુદ્ધોપયોગ છે, માટે વ્યવહાર સકલસંયમ પાળવાનો શુભવિકલ્પ નથી થઈ શકતો. મુનિરાજ બુદ્ધિપૂર્વક તો નિજ શુદ્ધાત્મામાં મગ્ન છે. આ કારણે ધ્યાનજન્ય આત્માનંદનું રસપાન કરતા રહે છે.

**અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં સંજ્વલન દેશઘાતિ કષાય કર્મ અને હાસ્યાદિ નવ નોકષાય કર્મોનો મંદ ઉદય છે, જે મુનિરાજને પ્રમાદભાવ ઉત્પન્ન કરવામાં સમર્થ નથી, પરંતુ આત્મામાં અબુદ્ધિપૂર્વક વિભાવ પરિણામનું અસ્તિત્વ બન્યું રહે છે. આ પરિણામોના નિમિત્તથી હીન સ્થિતિ-અનુભાગવાળા નવા કર્મબંધ પણ નિયમથી થાય જ છે.**

સંજ્વલનજન્ય મંદ વિભાવ પરિણામ અને ત્રણ કષાય ચોકડીના અનુદયપૂર્વક ઉત્પન્ન વીતરાગ પરિણામ - આ બંનેની મિશ્ર દશાને અપ્રમત્તસંયત ગુણસ્થાન કહે છે.

વીતરાગતા તથા રાગ - દ્વેષ બંને ચારિત્રગુણની પર્યાય છે. મોહ અને યોગના નિમિત્તથી આત્માના શ્રદ્ધા તથા ચારિત્ર ગુણોમાં થવાવાળી તારતમ્યરૂપ અવસ્થાઓને ગુણસ્થાન કહે છે. **માત્ર વીતરાગ પરિણામોને અપ્રમત્તગુણસ્થાન નથી કહ્યું.** સાતમાં ગુણસ્થાનમાં સ્થિત મુનિરાજ માત્ર વીતરાગ પરિણામોના ધારક નથી. તેઓને કષાય-નોકષાય કર્મોના મંદ ઉદયના નિમિત્તથી અબુદ્ધિપૂર્વક મંદ રાગ-દ્વેષ પરિણામ પણ ધારાવાહીરૂપથી ચાલ્યા જ કરે છે.

મુનિરાજ રાગ-દ્વેષ પરિણામોનો બુદ્ધિપૂર્વક અનુભવ ભલે ન કરતા હોય, ત્રિકાળી નિજ શુદ્ધાત્માનો જ અનુભવ કરતા હોય, પરંતુ સાધક અવસ્થા હોવાને લીધે આત્મપરિણામોમાં વિભાવભાવોનો સદ્ભાવ છે અને તેના નિમિત્તભૂત કર્મોની સત્તા અને ઉદય પણ છે. સંજ્વલન કષાય-નોકષાયના મંદ પરિણામોના નિમિત્તથી યથાયોગ્ય નવા કર્મબંધ

પણ થાય છે.

અપ્રમત્તસંયતથી લઈને સૂક્ષ્મસાંપરાય સુધીના ચારે ગુણસ્થાનોમાં થવાવાળા અબુદ્ધિપૂર્વક વિભાવ ભાવ સાધકની પોતાની બુદ્ધિ દ્વારા પકડમાં આવતાં નથી અર્થાત્ તેમના જ્ઞાનમાં સ્પષ્ટ જ્ઞેય બનતા નથી, કારણ કે તે કેવળજ્ઞાનગમ્ય સૂક્ષ્મ ભાવ છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે જ ગોમ્મટસાર જીવકાંડ ગાથા-૪૬માં સ્વસ્થાન અપ્રમત્તગુણસ્થાનની ધ્યાનની મુખ્યતાથી ભેદ સહિત **પરિભાષા** નીચે પ્રમાણે પણ આપેલ છે, જે વિશેષ મહત્વપૂર્ણ છે -

**णट्ठासेसप्रमादो वयगुणसीलोलिमंडिओ णाणी।**
**अणुवसमओ अखवओ झाणणिलीणो हु अपमत्तो॥**

**જેના વ્યક્ત અને અવ્યક્ત બધા પ્રકારના પ્રમાદ નષ્ટ થઈ ગયા છે, જે વ્રત, ગુણ અને શીલોથી મંડિત છે, જે નિરંતર આત્મા અને શરીરના ભેદવિજ્ઞાનથી યુક્ત છે, જે ઉપશમ અને ક્ષપકશ્રેણી પર આરૂઢ નથી થયા અને જે ધ્યાનમાં લવલીન (તલ્લીન) છે, તેઓને અપ્રમત્તસંયત કહે છે.**

આ ગાથાથી સ્પષ્ટ થાય છે કે સાતમાં ગુણસ્થાનમાં મુનિરાજને નિયમથી ધ્યાન હોય જ છે, જેને શુદ્ધોપયોગ નામથી પણ કહી શકીએ છીએ.

કદાચિત્ આ ને જ ધર્મધ્યાન આદિ નામથી અન્યત્ર કહેવાયું હોય તો આપણે ભ્રમિત થવાની આવશ્યકતા નથી. નામ તો અન્ય હોઈ શકે છે, પરંતુ સાતમું ગુણસ્થાન ધ્યાનાવસ્થાનું છે, આ નિર્ણયરૂપથી આપણે સમજવું જોઈએ.

**ભેદ અપેક્ષા વિચાર :**

સાતમાં ગુણસ્થાનના બે ભેદ છે (૧) સ્વસ્થાન અપ્રમત્ત
(૨) સાતિશય અપ્રમત્ત.

**૧. સ્વસ્થાન અપ્રમત્ત (નિરતિશય અપ્રમત્ત) -**

૧) સર્વ પ્રમાદનાશક, વ્રત-ગુણ-શીલોથી સહિત અનુપશમક-અક્ષપક ધ્યાનમાં લીન મુનિદશા સ્વસ્થાન અપ્રમત્ત છે.

૨) જે અપ્રમત્તસંયત ગુણસ્થાનથી મુનિરાજ નિયમથી છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનમાં જાય છે, તે અપ્રમત્તસંયત ગુણસ્થાનને સ્વસ્થાન કે

નિરતિશય અપ્રમત્ત કહે છે.

૩) ભાવલિંગી મુનિરાજ સાતમાં-છઠ્ઠા અને છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં સતત ગમનાગમન કરતા જ રહે છે/ઝૂલતાં જ રહે છે. એ કાળમાં તેઓને પ્રાપ્ત થવાવાળા અપ્રમત્તસંયત ગુણસ્થાનને સ્વસ્થાન કે નિરતિશય અપ્રમત્ત કહે છે.

**૨. સાતિશય અપ્રમત્તસંયત :**

૧) ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓ (અપ્રત્યાખ્યાનાવરણ-૪, પ્રત્યાખ્યાનાવરણ-૪, સંજ્વલન - ૪ અને હાસ્યાદિક નવ નોકષાય)ના ઉપશમ તથા ક્ષયમાં નિમિત્ત અધઃકરણાદિ ત્રણ કરણોમાંથી પ્રથમ અધઃપ્રવૃત્તકરણ દશા સાતિશય અપ્રમત્તસંયત છે.

૨) જે અપ્રમત્તસંયત ગુણસ્થાનથી વિશેષ પુરૂષાર્થી મુનિરાજ નિયમથી છઠ્ઠા પ્રમત્તસંયત ગુણસ્થાનમાં નીચે આવતા જ નથી, એ અપ્રમત્ત દશાને સાતિશય અપ્રમત્તસંયત કહે છે.

૩) જે અપ્રમત્તસંયત ગુણસ્થાનથી વિશેષ પુરૂષાર્થી મુનિરાજ નિયમથી પ્રમત્તસંયતમાં ન જઈ ઉપર અપૂર્વકરણ ગુણસ્થાનમાં જ જાય છે અર્થાત્ શ્રેણી પર આરૂઢ થાય છે, તેને સાતિશય અપ્રમત્તસંયત કહે છે.

**શ્રેણી તો આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથી જ પ્રારંભ થાય છે, છતાં પણ શ્રેણીની પૂર્વ તૈયારી સાતિશય અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં જ થાય છે.**

**અપ્રમત્તનું સ્પષ્ટીકરણ :**

પૂર્વોક્ત વિકથાદિ પંદર પ્રમાદોની અભાવરૂપ દશા અર્થાત્ શુધ્ધોપયોગરૂપ અવસ્થાને જ અપ્રમત્તસંયત ગુણસ્થાન કહે છે. અપ્રમત્ત દશા કહો અથવા પ્રચુર આત્માનંદની દશા કહો - બંનેનો એક જ અર્થ છે. પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી મુનિજીવનની અપેક્ષા આ અપ્રમત્તસંયત/ આત્મલીનતારૂપ અવસ્થાને સાવધાન અવસ્થા કહે છે. જિનાગમની રચના કરવી, ધર્મોપદેશ દેવો, સ્વયં દીક્ષાર્થી પાત્ર શ્રાવકોને મુનિદીક્ષા આપવી આદિ કાર્યો કરવા મુનિને માટે છઠ્ઠા ગુણસ્થાનની પ્રમાદ દશા છે.

**કેવળી પ્રણિત વીતરાગધર્મ મહાન, અદ્‌ભુત અને આશ્ચર્યકારી છે. જે જે વિષયોને સર્વ જગત સર્વોત્તમ માને છે/ કહે છે, તે જ કાર્યોને કરવા પ્રમાદ કે આત્માની અસાવધાનતા અથવા મુનિજીવનના**

**અનુત્તમ કાર્ય છે, એવું કથન કેવળી ભગવાન કરે છે.**

મુનિપણું જ અલૌકિક તથા અનુપમ દશા છે. આ જ દશા સાક્ષાત ભગવાન થવાનો સાચો એકમાત્ર ઉપાય છે. **સાધુ થયો તે સિધ્ધ થયો, કરણી રહી ન કોઈ** આ અભિપ્રાય સત્ય છે. સાધુ અર્થાત્ દિગંબર મુનિ છે તો મનુષ્ય ગતિના જીવ, પરંતુ વાસ્તવમાં તે હરતાં - ફરતાં સિધ્ધ ભગવાન જ છે, કારણ કે મુનિજીવન સિધ્ધદશારૂપી પર્વતની તળેટી જ છે. જેમ સિધ્ધ ભગવાન સાક્ષાત જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયા છે, તેમ જ દિગંબર ભાવલિંગી સંત પણ પોતાની ભૂમિકા અનુસાર જ્ઞાતા-દ્રષ્ટાપણે જ રહે છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

સ્વસ્થાન અપ્રમત્ત મુનિરાજને તો ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક - આ ત્રણે સમ્યક્ત્વમાંથી કોઈપણ એક સમ્યક્ત્વ રહી શકે છે. પરંતુ સાતિશય અપ્રમત્ત મુનિરાજને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ - આ બંનેમાંથી કોઈ એક જ રહે છે.

સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનવર્તી મુનિરાજને તો શ્રેણી પર આરૂઢ થવાનું છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સાથે તે શ્રેણી આરોહણ ન કરી શકે, કારણ કે **ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જે કેવળજ્ઞાનગમ્ય ચલ-મલ-અગાઢ દોષ હોય છે, તે સૂક્ષ્મ દોષ પણ શ્રેણીના આરોહણ કાર્યમાં બાધક છે.** છતાંય આ દોષ સમ્યક્ત્વરૂપી ધર્મમાં તો વિશેષ બાધા ઉત્પન્ન નથી કરી શકતા, પરંતુ શ્રેણી આરોહણના અલૌકિક કાર્યમાં બાધક જરૂર થાય છે.

તેથી બાધકપણાંને દૂર કરવા માટે જ મુનિરાજના ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ ઔપશમિક સમ્યક્ત્વરૂપથી પરિણમિત થઈ જાય છે. આ કારણે ઔપશમિક સમ્યક્ત્વમાં ક્ષાયિક સમ્યક્ત્વ જેવી નિર્મળતા આવી જાય છે, આ સમ્યક્ત્વને **દ્વિતિયોપશમ સમ્યક્ત્વ** કહે છે.

શ્રેણી ચઢવાના સન્મુખ સાતિશય સપ્તમ ગુણસ્થાનવર્તી ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિ જીવના ત્રિકરણપૂર્વક અનંતાનુબંધી કષાય ચતુષ્ટયના વિસંયોજન તથા દર્શનમોહનીયત્રિકના ઉપશમના સમયે થવાવાળા શ્રદ્ધાગુણના સમ્યક્ પરિણમનને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ કહે છે. (ઉપશમશ્રેણીવાળા માટે અનંતાનુબંધીનું વિસંયોજન હોય અથવા ન

પણ હોય કોઈ નિયમ નથી.)

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

આ અપ્રમત્તસંયત સાતમાં ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે. તે ક્ષાયોપશમિકપણું નિમ્નપ્રકારે ઘટીત થાય છે - પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકોના ઉદયાભાવી ક્ષય, તેના જ ભવિષ્યમાં ઉદય આવવા યોગ્ય સ્પર્ધકોના સદ્અવસ્થારૂપ ઉપશમ અને દેશઘાતિ સંજ્વલન કષાય તથા હાસ્યાદિ નવ નોકષાયોનો મંદ ઉદય હોય છે.

મુનિજીવનમાં વ્યક્ત/પ્રગટ વીતરાગભાવ તો નિશ્ચય ચારિત્ર છે અને વીતરાગતાની સાથે તે જ સમયે અબુધ્ધિપૂર્વક રાગ પરિણામ, તે વ્યવહાર ચારિત્ર છે. નિશ્ચય ચારિત્ર તો મોક્ષમાર્ગસ્વરૂપ હોવાથી તેનાથી સંવર-નિર્જરા સતત થતાં જ રહે છે, તે જ સમયે જે અબુધ્ધિપૂર્વક કષાયરૂપ પરિણમન છે, તે વ્યવહારચારિત્ર છે, તેનાથી આશ્રવ-બંધ પણ થતાં રહે છે.

**કાળ અપેક્ષા વિચાર:**

**જઘન્યકાળ :** કોઈ પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી સંત શુભોપયોગનો અભાવ કરીને શુધ્ધોપયોગરૂપ અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં માત્ર એક સમય જ રહે અને તત્કાલ જ મનુષ્યાયુનો ક્ષય થઈ જાય તો ધ્યાનાવસ્થામાં જ મરણ થાય છે. આ પ્રકારે મરણની અપેક્ષાથી જ માત્ર એક સમય ઘટિત થઈ જાય છે.

જ્યારે ઉપશમક મુનિરાજ શ્રેણીથી ઉતરતાં સમયે અપૂર્વકરણ ગુણસ્થાનથી નીચે સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં આવે છે, ત્યારે અપ્રમત્તસંયતમાં માત્ર એક સમય રહી શક્યા અને તત્કાળ મનુષ્યાયુનો ક્ષય થઈ જાય તો મરણની અપેક્ષા માત્ર એક સમય ઘટિત થઈ જાય છે.

**ઉત્કૃષ્ટકાળ :** જો અપ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી મુનિરાજનું મરણ નથી થતું તો તે યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત કાળ સુધી આ સાતમાં ગુણસ્થાનમાં રહે છે. સાતમાં ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત છે.

**મધ્યમ કાળ :** છઠ્ઠા ગુણસ્થાનથી ઉપર અપ્રમત્તસંયતમાં જવાની અપેક્ષા તથા અપૂર્વકરણ ગુણસ્થાનથી નીચે અપ્રમત્તસંયતમાં આવવાની અપેક્ષા પણ વિચાર કરીએ છીએ અને મરણની વિવક્ષાથી પણ વિચારીએ છીએ

તો બે, ત્રણ, ચાર આદિ સમયરૂપ કાળથી લઈને યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળ સુધી વચ્ચેના જેટલા પણ ભેદ છે, તે સર્વે અપ્રમત્તસંયતના મધ્યમકાળના જ ભેદ છે.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** ૧) સાતિશય અપ્રમત્તસંયત મુનિરાજનું ઉપરની તરફ ગમન માત્ર અપૂર્વકરણ ગુણસ્થાનમાં જ થાય છે.

૨) સ્વસ્થાન અપ્રમત્તસંયત મુનિરાજનું ગમન નીચે પ્રમત્તસંયત ગુણસ્થાનમાં જ થાય છે.

૩) જો ઉપશમશ્રેણીથી નીચે પતનકાળમાં કોઈ મુનિરાજ અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં આવે તો તેમનું ગમન પણ પ્રમત્તસંયત ગુણસ્થાનમાં જ થાય છે.

૪) છઠ્ઠા થી સાતમામાં આવ્યા હોય અથવા આઠમાથી સાતમાં ગુણસ્થાનમાં આવ્યા હોય તો પણ જો ધ્યાનમગ્ન મુનિરાજનું શુદ્ધોપયોગના કાળમાં જ મરણ થઈ જાય છે તો તે મુનિરાજનું ગમન વિગ્રહગતિના સમયે ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં જ થાય છે.

**આગમન :** ૧) સાદિ કે અનાદિ મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજનું મિથ્યાત્વથી સીધું અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં આગમન થઈ શકે છે.

૨) અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજનું સીધું અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં આગમન સંભવ છે.

૩) દેશવિરત ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી મુનિરાજનું સીધું અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં આગમન થઈ શકે છે.

૪) પ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી ભાવલિંગી સંતોનું આગમન સાતમાં અપ્રમત્તસંયતમાં તો હંમેશા થાય જ છે.

૫) ઉપશમશ્રેણીથી નીચે તરફ પતન કરવાવાળા અપૂર્વકરણ ગુણસ્થાનથી અપ્રમત્તસંયતમાં આવવું થાય છે.

**વિશેષ અપેક્ષા વિચાર:**

સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનમાં ચાર આવશ્યક કાર્ય થાય છે.

**૧. સમયે -સમયે પ્રતિ આત્મામાં અનંતગુણી વિશુદ્ધિ થતી રહે છે.** પહેલા સમયમાં જેટલી માત્રામાં વિશુદ્ધિ છે, તેનાથી અનંતગણી

નવી વિશિષ્ટ વિશુધ્ધિ બીજા સમયમાં થઈ જાય છે. બીજા સમયની વીતરાગતાથી ત્રીજા સમયની વીતરાગતા અનંતગણી વધારે છે, એવો ક્રમ અંતર્મુહૂર્તકાળ સુધી નિરંતર ચાલુ જ રહે છે.

વિશુધ્ધિ કે વિશુધ્ધતામાં વૃધ્ધિગત વીતરાગ પરિણામ અને ઘટતો કષાયનો અંશ - બંને ગર્ભિત છે. આને મિશ્રધારા પણ કહે છે.

**જેમ કે :-** કોઈ માણસને આજે પહેલા દિવસે ૧૦રૂ.નો લાભ થયો. તે દસ રૂપિયાનો લાભ પ્રત્યેક દિવસ દસગણો વધતો રહે તો તેને સાતમાં દિવસે કેટલો લાભ થાય છે, તેનો નિર્ણય કરીએ. તેનાથી વીતરાગતામાં અનંતગણી વૃધ્ધિનું અનુમાન થઈ જાય છે.

(૧) પહેલા દિવસે લાભ માત્ર ૧૦ રૂા. નો છે.

(૨) બીજા દિવસે લાભ દસ ગણો અર્થાત્ ૧૦ × ૧૦ = ૧૦૦ રૂા.

(૩) ત્રીજા દિવસે લાભ ૧૦૦ × ૧૦ = ૧૦૦૦ રૂા.

(૪) ચોથા દિવસે લાભ ૧૦૦૦ × ૧૦ = ૧૦૦૦૦ રૂા.

(૫) પાંચમા દિવસે લાભ ૧૦૦૦૦ × ૧૦ = ૧૦૦૦૦૦ રૂા.

(૬) છઠ્ઠા દિવસે લાભ ૧ લાખ × ૧૦ = ૧૦ લાખ રૂા.

(૭) સાતમા દિવસે લાભ ૧૦ લાખ × ૧૦ = ૧ કરોડ રૂા.

વ્યાપારમાં જો કોઈને રોજ દસગણો લાભ થાય છે, તો તે વ્યાપારીને સાતમા દિવસે જ ૧ કરોડ રૂા. નો લાભ થઈ જાય છે.

અહીં અપ્રમત્તસંયત ગુણાસ્થાનમાં તો પ્રતિસમય અનંતગણી વીતરાગતા વધતી જ જાય છે. જો સાતિશય અપ્રમત્તસંયત મુનિરાજના યથાયોગ્ય માત્ર એક અંતર્મુહૂર્ત કાળના અસંખ્યાત સમયોમાં સમય-સમય પ્રતિ અનંતગણી વીતરાગતા વધતી જાય છે તો તે વીતરાગતા આગળ કેટલી વધી શકે છે, એનો સામાન્ય બોધ આપણને આગમ પ્રમાણથી થઈ જાય છે. અનંતનું પ્રત્યક્ષ જ્ઞાન તો માત્ર સર્વજ્ઞ ભગવાનને જ હોય છે.

વીતરાગતાની અનંતગણી વૃધ્ધિની તથા કષાયની ઉત્તરોત્તર હાની/હીન-હીન થવાનો આ ક્રમ જીવ જ્યાંસુધી પૂર્ણ વીતરાગતારૂપ નથી પરિણમતો ત્યાંસુધી અર્થાત્ ૧૧માં અથવા ૧૨માં ગુણસ્થાન સુધી નિરંતર ચાલ્યા જ કરે છે.

**આના ફળસ્વરૂપે સ્વભાવમાં વિશેષ મગ્નતા અને પ્રચુર અતીન્દ્રિય**

**આનંદનો ભોગ મુનિરાજ કરતા રહે છે.**

**પ્રશ્ન ૬૫ :** બારમાં ગુણસ્થાનથી આગળ વીતરાગતામાં અનંતગુણી વૃદ્ધિ કેમ થતી નથી ?

**ઉત્તર : બારમાં ગુણસ્થાનમાં પ્રથમ સમયમાં જ વીતરાગતા પરિપૂર્ણ પ્રગટ થઈ ગઈ છે તો હવે આગળ વધવા માટે કાંઈ અવકાશ રહ્યો જ નથી.** તેથી પૂર્ણ વીતરાગ થવાથી અનંતગણી વિશુદ્ધિરૂપ પૂર્ણ વીતરાગતા સતત અખંડ અને અવિચળરૂપથી અનંતકાળ સુધી બની જ રહે છે.

**પ્રશ્ન ૬૬ :** સ્થિતિબંધ કોને કહે છે ?

**ઉત્તર :** જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમિત પુદ્‌ગલ સ્કંધોનું આત્મપ્રદેશો સાથે એકક્ષેત્રાવગાહ સ્થિતિરૂપ કાળાવધિના બંધન ને સ્થિતિબંધ કહે છે.

**૨. સ્થિતિબંધાપસરણ થાય છે.** પ્રત્યેક સંસારી જીવને પોત-પોતાની ભૂમિકાઅનુસાર મોહ-રાગ-દ્વેષ પરિણામોના નિમિત્તથી પ્રત્યેક સમયમાં નવા કર્મનો બંધ થતો જ રહે છે. આ સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનવર્તી મુનિરાજને વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વ તો છે જ નહીં. તે તો ચોથા ગુણસ્થાનથી જ નથી રહેતું. તેથી દર્શનમોહનીયના નિમિત્તથી તો નવા કર્મબંધ થતાં જ નથી.

અપ્રમત્તસંયત મુનિરાજના રાગ-દ્વેષ પરિણામ પણ અત્યંત હીન થઈ ગયા છે. આગળના અંતર્મુહૂર્તથી તો તે મુનિરાજ શ્રેણી પર જ આરૂઢ થવાના છે તથા વર્તમાનકાળમાં વીતરાગતા સમય-સમય પ્રતિ વધતી જ રહી છે. તેથી **નવા થવાવાળા કર્મબંધ ઉત્તરોત્તર ઓછી સ્થિતિ લઈને બંધાતા રહે છે, તેને જ સ્થિતિબંધાપસરણ કહે છે.**

જેમ કોઈને પહેલા અંતર્મુહૂર્તમાં સો વર્ષના કર્મનો સ્થિતિબંધ થયો હતો, તેને જ બીજા અંતર્મુહૂર્તમાં ૯૦ વર્ષનો સ્થિતિબંધ થાય છે. ત્રીજા અંતર્મુહૂર્તમાં ૮૦ વર્ષનો સ્થિતિબંધ થાય છે. ચોથા અંતર્મુહૂર્તમાં ૭૦ વર્ષનો. આ રીતે નવા કર્મનો સ્થિતિબંધ ઓછા કાળાવધિનો જ થતો રહે છે. તેને સ્થિતિ-બંધાપસરણ કહે છે.

કર્મબંધમાં જીવના રાગ-દ્વેષભાવ, નિમિત્ત માત્ર છે અને નવા કર્મબંધ સ્વયમેવ પોતાના કારણથી હીન સ્થિતિવાળા બંધાતા જાય છે. આમાં સાતિશય અપ્રમત્તગુણસ્થાનવર્તી મુનિરાજનું બુદ્ધિપૂર્વક કાંઈ કર્તવ્ય નથી. માટે સર્વજ્ઞ કથિત સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજવો બહુ જ

મહત્વપૂર્ણ છે.

આચાર્ય અમૃતચંદ્રના પુરૂષાર્થસિદ્ધિઉપાય શ્લોક ૧૨માં આ વિષય અત્યંત સ્પષ્ટ રીતિથી આવ્યો છે, જે આ પ્રકારે છે:-

જીવે કરેલા રાગાદિ પરિણામોનું માત્ર નિમિત્ત પામી **કાર્મણ વર્ગણાઓના પુદ્ગલ સ્કંધ આત્મામાં પોતાની મેળે જ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમન કરી જાય છે.**

**પ્રશ્ન ૬૭ :** નિમિત્ત - નૈમિત્તિક સંબંધ કોને કહે છે ?

**ઉત્તર :** જ્યારે ઉપાદાન સ્વયં કાર્યરૂપ પરિણમે છે, ત્યારે ભાવરૂપ કે અભાવરૂપ જે કોઈ યોગ્ય નિમિત્ત કારણનો તેની સાથે સંબંધ છે - તે બતાવવા માટે તે કાર્યને નૈમિત્તિક કહે છે. આ રીતે ભિન્ન પદાર્થોના આ સ્વતંત્ર સંબંધને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ કહે છે.

નિમિત્ત - નૈમિત્તિક સંબંધ પરતંત્રતાનું સૂચક નથી, પરંતુ નૈમિત્તિકની સાથે કોણ નિમિત્તરૂપ પદાર્થ છે, તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નિમિત્તની અપેક્ષાએ નૈમિત્તિક કહ્યું છે, તેને જ ઉપાદાનની અપેક્ષા ઉપાદેય પણ કહે છે. (આ સંબંધ બે દ્રવ્યો - ઉપાદાન તથા નિમિત્તની એક સમયવર્તી વર્તમાનકાળની પર્યાયોમાં જ બને છે.)

**૩. પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ સમયે-સમયે અનંતગણો વધે છે.** પ્રશસ્ત પ્રકૃતિઓનો અર્થ છે સાતાવેદનીય આદિ પુણ્ય પ્રકૃતિ. આ વિષયને સમજવા માટે આપણે પહેલાં આ નિર્ણય કરીએ કે પુણ્યકર્મનો બંધ શ્રાવકને વધારે હોય છે કે મુનિરાજને. શ્રાવકના જીવનમાં બાહ્ય પુણ્યક્રિયા વધારે હોય છે, કારણ કે પૂજા, પ્રતિષ્ઠા, વિધાન, દાન, પરોપકાર, યાત્રાદિ સર્વ પુણ્યક્રિયાઓ શ્રાવક જ તો કરે છે.

**મુનીજીવનમાં પુણ્યરૂપ બાહ્ય ક્રિયાકાંડ માટે અવકાશ જ નથી કારણ કે પુણ્યક્રિયાઓ આરંભનું મૂળ હોય છે અને મુનિરાજ તો આરંભના ત્યાગી છે.** છતાં પણ મુનિજીવનમાં પુણ્યભાવ વધારે હોય છે.

આનું મૂળ કારણ મુનિરાજની કષાયોની મંદતા અર્થાત્ વિશેષ વિશુદ્ધતા જ છે. **જ્યાં કષાયોની વધારે મંદતા હોય છે, ત્યાં પુણ્યનો અનુભાગ બંધ વધારે હોય છે, એવો સ્વાભાવિક નિયમ છે.**

સાતિશય અપ્રમત્તસંયત અવસ્થામાં બિરાજમાન મુનિરાજની વીતરાગતા તો વિશેષ છે જ અને પ્રતિસમય અનંતગણી વધી પણ રહી

છે. તેની સાથે જ વિદ્યમાન સંજ્વલન કષાય ઉત્તરોત્તર ઘણો-ઘણો મંદ થતો જાય છે. આ કારણે નવાં પુણ્ય કર્મનો બંધ તો અલ્પ સ્થિતિ અને વધારે અનુભાગવાળો જ હોય છે, પરંતુ પૂર્વબદ્ધ પ્રશસ્ત(પુણ્ય) પ્રકૃતિઓનો અનુભાગ પણ પ્રતિસમય અનંતગણો વધતો અર્થાત્ ઉત્કર્ષિત જ થતો રહે છે.

**૪. અપ્રશસ્ત (પાપ) પ્રકૃતિઓનો અનુભાગ સમયે - સમયે પ્રતિ અનંતગણો ઘટે છે.** મુનિરાજની વીતરાગતાનું વધવું, કષાયનું સતત મંદ થતા જવું - આ વિશુદ્ધિ પરિણામોના નિમિત્તથી સત્તામાં સ્થિત તથા નવા પાપ કર્મોનો અનુભાગ ઘટવો તે પણ સ્વયમેવ થતું જાય છે.

**જેમ**-ગોળ મીઠો હોય છે, સાકર મીઠી હોય છે અને મીસરી પણ મીઠી હોય છે. છતાં આ ત્રણેના મીઠાપણામાં અંતર હોય છે. તેમજ કર્મોની ફળપ્રદાન શક્તિમાં પણ અલગ-અલગ વધતી - વધતી અથવા ઘટતી - ઘટતી વિશેષતાઓ હોય છે, તેને જ અનુભાગબંધ સમજવો જોઈએ.

જુઓ - પ્રકૃતિની વિચિત્રતા! **મિથ્યાદ્રષ્ટિ જીવ અંતરંગની રૂચિથી પુણ્ય ઈચ્છે છે, પરંતુ તેને પુણ્ય નથી મળતું, ઉલ્ટું પુણ્યની ઈચ્છાથી પાપની જ પ્રાપ્તિ થાય છે. સમ્યક્દ્રષ્ટિ પુણ્ય ઈચ્છતો નથી અર્થાત્ પુણ્યને હેય માને છે, તો પણ તેને સાતિશય પુણ્યનો બંધ થતો રહે છે.**

આગળ શ્રેણી સન્મુખ કે શ્રેણી પર આરૂઢ સાધકનો ધર્મ તો વિશેષ વધતો જ જાય છે, સાથે જ પુણ્યનો અનુભાગ પણ પ્રતિસમય અનંતગણો વધતો જવો અને તે જ સમયે પાપનો અનુભાગ પણ પ્રતિસમય અનંતગણો ઘટતો રહેવો એ કાર્ય સ્વયમેવ તથા સતત થતા રહે છે.

ઉપર લખેલ (૧) પ્રતિ સમય અનંતગણી વિશુદ્ધિ (૨) સ્થિતિ બંધાપસરણ (૩) પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ અનંતગણો વધવો અને (૪) અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ અનંતગણો ઘટવો - આ ચારે આવશ્યક કાર્ય સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનમાં પ્રારંભ થઈ જાય છે અને આગળ આઠમાં, નવમાં અને દસમાં ગુણસ્થાનોમાં પણ થતાં જ રહે છે.

**પ્રશ્ન ૬૮ :** ઉપશાંતમોહ આદિ આગળના ચારે ગુણસ્થાનોમાં આ ઉપર લખેલ ચારેય આવશ્યક કાર્ય કેમ નથી થતા ?

**ઉત્તર :** તેના ત્રણ કારણ આ પ્રમાણે છે :-

(૧) ઉપશાંતમોહ આદિ આગળના ચારે ગુણસ્થાનમાં નવા કર્મોનો

બંધ થવો જ અટકી ગયો છે, તેથી સ્થિતિ ઓછી થવાનું કોઈ કામ જ ન રહ્યું.

(૨) ઉપશાંતમોહ આદિ આગળના ચારે ગુણસ્થાનમાં મુનિરાજ પૂર્ણતઃ વીતરાગી થઈ ગયા છે. આ કારણે આ આવશ્યક કાર્યો માટે અવકાશ જ નથી.

(૩) કષાય - નોકષાયનો અભાવ જ થઈ ગયો છે, આ કારણે અનુભાગ વધવા - ઘટવાનું કાંઈ કામ જ રહ્યું નથી. માટે ચારેય આવશ્યક કાર્ય અગ્યારમાં આદિ ગુણસ્થાનોમાં થતાં જ નથી.

૫. સાતમાં ગુણસ્થાનના નામમાં **અપ્રમત્ત** શબ્દ આવ્યો છે, તે આદિ દીપક છે, કારણ કે આ સાતમાં ગુણસ્થાનથી લઈને ઉપરના બધાં ગુણસ્થાન અપ્રમત્ત જ હોય છે.

અપ્રમત્તદશા અર્થાત્ ધ્યાનાવસ્થા, શુધ્ધોપયોગ, આત્મલીનતા, શુધ્ધાત્માની અસ્તિની મસ્તીમાં મગ્નતા -એમ અનેક નામ છે.

અપ્રમત્તસંયત ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનોમાં નિવાસ કરવાવાળા સર્વ મહામુનિરાજ અભૂતપૂર્વ અતીન્દ્રિય આત્માનંદનો પ્રચુરતાથી રસપાન કરે છે.

૬. ઉપરિમ સમયવર્તી જીવોના પરિણામો થી ઓછા સમયવર્તી જીવોના પરિણામોની સદ્દશ-સ્થિતિને અધઃપ્રવૃત્તકરણ કહે છે.

સમજી લો, સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનવર્તી બે મુનિરાજ છે. એક મુનિરાજને સોળમાં સમયમાં આવવાવાળા શુધ્ધ પરિણામ પંદરમો સમય વીત્યા પછી સોળમામાં થયા. અન્ય મુનિરાજને વિશેષ પુરૂષાર્થ દ્વારા માત્ર ચાર સમય વ્યતીત થયા બાદ તરત જ સોળમાં સમયને યોગ્ય/ સદ્દશ શુધ્ધ પરિણામ થઈ ગયા. આ પ્રકારે ઉપરિમ સમયવર્તી જીવના પરિણામોથી ઓછા સમયવર્તી જીવના પરિણામોની સદ્દશતા ઘટિત થઈ, તેને જ અધઃપ્રવૃત્તકરણ કહે છે. ઉપરોક્ત ભિન્ન સમયવર્તી પરિણામોની સદ્દશતાને અનુકૃષ્ટિ રચના પણ કહે છે.

૭. ચારિત્રમોહનીય કર્મના ઉપશમ તથા ક્ષયના પ્રસંગમાં અપૂર્વકરણના સન્મુખ શુધ્ધોપયોગ પરિણામને અધઃપ્રવૃત્તકરણ કહે છે.

૮. સાતમાં અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં મરીને વિગ્રહગતિના સમયે ચોથું ગુણસ્થાન થઈ જાય છે અથવા મરણની પહેલાં સાતમાં ગુણસ્થાનથી

પડીને છઠ્ઠા, પાંચમા, ચોથા, બીજા તથા પહેલાં ગુણસ્થાનોમાંથી કોઈ પણ એક ગુણસ્થાનમાં આવ્યા બાદ મરણ થઈ શકે છે, પરંતુ આ નિયમ નથી કે સાતમાં ગુણસ્થાનવાળા ચોથા ગુણસ્થાનમાં જ આવીને મૃત્યુ પામે, કારણ કે સાતમાં ગુણસ્થાનમાં પણ મૃત્યુ થઈ શકે છે.

**ધવલા પુસ્તક - ૧નો અંશ** (પાના નં. ૧૭૯-૧૮૦)

**સામાન્યથી અપ્રમત્તસંયત જીવ છે ॥૧૫॥**

પ્રમત્તસંયતોનું સ્વરૂપ પહેલા કહેવામાં આવ્યું છે, **જેનો સંયમ પ્રમાદ સહિત નથી હોતો, તેને અપ્રમત્તસંયત કહે છે અર્થાત્ સંયત હોતા થકા જે જીવોના પંદર પ્રકારના પ્રમાદ જોવામાં ન આવે તેને અપ્રમત્તસંયત સમજવું જોઈએ.**

**શંકા 22 :** બાકીના સંપૂર્ણ સંયતોનો આ અપ્રમત્તસંયત ગુણસ્થાનોમાં અન્તર્ભાવ થઈ જાય છે, માટે શેષ સંયતગુણસ્થાનનો અભાવ થઈ જશે ?

**સમાધાન :** એવું નથી, કારણ કે જે આગળ કહેવામાં આવવાવાળા અપૂર્વકરણાદિ વિશેષણોથી યુક્ત નથી અને જેનો પ્રમાદ નષ્ટ થઈ ગયો છે એવા સંયતોને જ અહીં ગ્રહણ કરેલ છે. માટે આગળના સમસ્ત સંયત ગુણસ્થાનોનો આમાં અંતર્ભાવ નથી થતો.

**શંકા 23 :** આ કેવી રીતે જાણવામાં આવે કે અહીંયા આગળ કહેવામાં આવનારા અપૂર્વકરણાદિ વિશેષણોથી યુક્ત સંયતોને ગ્રહણ નથી કરવામાં આવ્યાં ?

**સમાધાન :** ના, કારણ કે જો આ ન માનવામાં આવે, તો આગળના સંયતોનું નિરૂપણ થઈ નથી શકતું. માટે એ ખ્યાલ આવે છે કે અહીંયા અર્પૂવકરણાદિ વિશેષણોથી રહિત કેવળ અપ્રમત્ત સંયતોને જ ગ્રહણ કરવામાં આવ્યા છે.

વર્તમાન સમયમાં પ્રત્યાખ્યાનાવરણીય કર્મના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયક્ષય થવાથી અને આગામી કાળમાં ઉદયમાં આવવાવાળા તેના જ ઉદયાભાવલક્ષણ ઉપશમ થવાથી તથા સંજ્વલન કષાયનો મંદ ઉદય થવાથી પ્રત્યાખ્યાનની ઉત્પત્તિ થાય છે, માટે આ ગુણસ્થાન પણ ક્ષાયોપશમિક છે.

-૦-૦-૦-૦-

૮

## અપૂર્વકરણ ગુણસ્થાન

અપૂર્વકરણ નામનું આ આઠમું ગુણસ્થાન શ્રેણીના ગુણસ્થાનોમાં પ્રથમ ગુણસ્થાન છે.

**પ્રશ્ન ૬૯ : શ્રેણી કોને કહે છે ?**

**ઉત્તર :** ચારિત્રમોહનીય કર્મની (અનંતાનુબંધી ચતુષ્ટય રહિત) ૨૧ પ્રકૃતિઓના ઉપશમ કે ક્ષયના નિમિત્તથી વૃધ્ધિગત થવાવાળા જીવની વિશુધ્ધિને/વીતરાગ પરિણામોને શ્રેણી કહે છે. શ્રેણીના બે ભેદ છે. (૧) ઉપશમ શ્રેણી (૨) ક્ષપક શ્રેણી.

**પ્રશ્ન ૭૦ : ઉપશમ શ્રેણી તથા ક્ષપક શ્રેણીની પરિભાષા શું છે ?**

**ઉત્તર :** જેમાં ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમની સાથે વિશુધ્ધતા/વીતરાગતા ઉત્તરોત્તર વધતી જાય છે, તેને ઉપશમશ્રેણી કહે છે. આઠમું, નવમું, દસમું અને અગ્યારમું આ ચાર ગુણસ્થાન ઉપશમશ્રેણીના છે.

જેમાં ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ક્ષયની સાથે વીતરાગતા/વિશુધ્ધતા ઉત્તરોત્તર વધતી જાય છે, તેને ક્ષપક શ્રેણી કહે છે. આઠમું, નવમું, દસમું અને બારમું આ ચાર ગુણસ્થાન ક્ષપકશ્રેણીના છે.

**પ્રશ્ન ૭૧ : ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓની ક્ષપણા (ક્ષય) કરવાવાળા ક્ષપક મુનિરાજ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનથી શું ઉપશાંતમોહ ગુણસ્થાનને ઓળંગી ક્ષીણમોહી થઈ જાય છે ?**

**ઉત્તર :** ના, અહીં ઓળંગી જવાની વાત નથી. ક્ષપક મુનિરાજ ચારિત્રમોહનીય કર્મનો ક્ષય કરતાં થકા ઉત્તરોત્તર વીતરાગતા વધારતાં તેને પૂર્ણ કરે છે અર્થાત્ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં શેષ સૂક્ષ્મ લોભ કષાય કર્મનો પણ ક્ષય કરીને સીધા ક્ષીણમોહ નામના બારમાં ગુણસ્થાને પહોંચી જાય છે. માટે તેમના માર્ગમાં ઉપશાંતમોહ ગુણસ્થાનના આવવાનો

પ્રશ્ન જ નથી. ક્ષય કરવાવાળાના માર્ગમાં કર્મોના ઉપશમનું સ્થાન કેવી રીતે આવી શકે છે ? બંનેનું સ્વરૂપ એક-બીજાથી ભિન્ન છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૫૦માં અપૂર્વકરણ ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે : -

**अंतोमुहुत्त कालं, गमिऊण अधापवत्तकरणं तं ।**
**पडिसमयं सुज्झंतो, अपुव्वकरणं सम्मिल्लियइ ।।**

**અધઃપ્રવૃત્તકરણ સંબંધી અંતર્મુહૂર્તકાળ પૂર્ણ કરી પ્રતિ સમય અનંતગુણી શુધ્ધિને પ્રાપ્ત થયેલ પરિણામોને અપૂર્વકરણ ગુણસ્થાન કહે છે. આમાં અનુકૃષ્ટિ રચના થતી નથી.**

આ ગુણસ્થાનનું પુરૂં નામ "અપૂર્વકરણ પ્રવિષ્ટ શુધ્ધિસંયત" છે.

**ઉપરિમ સમયવર્તી જીવના પરિણામ અને નિમ્ન સમયવર્તી જીવના પરિણામોમાં સમાનતાનું હોવું, તેને અનુકૃષ્ટિ કહે છે.** એવી સમાનતા અપૂર્વકરણ ગુણસ્થાનમાં નથી થઈ શકતી, **કારણ કે અપૂર્વકરણ ગુણસ્થાનમાં જીવના પ્રત્યેક સમયના પરિણામ પૂર્વ સમયની અપેક્ષાએ અપૂર્વ - અપૂર્વ જ હોય છે. અર્થાત્ અહીં એક સમયના પરિણામોની સમાનતા બીજા સમયના પરિણામોની સાથે** ક્યારેય હોઈ જ નથી શકતી.

**ભેદ અપેક્ષા વિચાર**: ઉપશમક અપૂર્વકરણ અને ક્ષપક અપૂર્વકરણ - એમ બે ભેદ છે.

**અપૂર્વકરણપ્રવિષ્ટ શુધ્ધિસંયત સંબંધી સ્પષ્ટીકરણ :-**

**શબ્દાર્થ** - અ = નહીં, **પૂર્વ** = પહેલા, **અપૂર્વ** = અત્યંત નવીન, **કરણ** = પરિણામ, અર્થાત્ પૂર્વમાં ક્યારેય પણ પ્રગટ ન થયા હોય તેવા અનુપમ શુધ્ધ પરિણામો. **પ્રવિષ્ટ** = પ્રવેશ મેળવવો, **શુધ્ધિ** = શુધ્ધોપયોગ **સંયત** = શુધ્ધાત્મ સ્વરૂપમાં સમ્યક્તયા લીન.

ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમ કે ક્ષયમાં નિમિત્ત થવાવાળા, પૂર્વમાં અપ્રાપ્ત, વિશિષ્ટ વૃધ્ધિગત, શુધ્ધોપયોગ પરિણામ યુક્ત જીવ અપૂર્વકરણ પ્રવિષ્ટ શુધ્ધિસંયત છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

અપૂર્વકરણ ગુણસ્થાનમાં દ્વિતિયોપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ આ બંને સમ્યક્ત્વોમાંથી મુનિરાજને કોઈ એક સમ્યક્ત્વ

હોય છે. દ્વિતીયોપશમ સમ્યક્દ્રષ્ટિ મુનિરાજ તો ઉપશમ શ્રેણી પર જ આરૂઢ થાય છે અને ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ મુનિરાજ ઉપશમ અથવા ક્ષપક આ બંને શ્રેણીઓમાંથી કોઈપણ એક શ્રેણી પર આરોહણ કરી શકે છે.

**પ્રશ્ન ૭૨ :** દ્વિતિયોપશમ સમ્યક્દ્રષ્ટિ મુનિરાજ ક્ષપક શ્રેણી નથી ચઢતા તેનું શું કારણ છે ?

**ઉત્તર :** પુરૂષાર્થની કમજોરીને કારણ જે મુનિરાજોને યથાર્થ શ્રધ્ધામાં બાધક દર્શનમોહનીય કર્મોની સત્તામાંથી સર્વથા નાશ ન કર્યો હોય, તેઓને ચારિત્રમોહનીય કર્મોનો નાશ કરવાનો ઉગ્ર પુરૂષાર્થ ક્યાંથી અને કેવી રીતે થઈ શકે છે ? અર્થાત્ નથી થઈ શકતો.

વાસ્તવિક સ્થિતિ એ છે કે દ્વિતીયોપશમ સમ્યક્દ્રષ્ટિની પાસે હમણાં દર્શનમોહનીયની સત્તા છે, આ કારણે કાંઈક વિશિષ્ટ કાળ વીતી ગયા બાદ તે મુનિરાજ કદાચિત્ નીચેના ગુણસ્થાનોમાં પડીને મિથ્યાદ્રષ્ટિ પણ થઈ શકે છે. પોતાના પુરૂષાર્થની ખામીને કારણ, પૂર્વ સંસ્કારવશ તથા સત્તામાં રહેલ કર્મનો ઉદય આવવાથી કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સુધી સંસારમાં પરિભ્રમણ પણ કરી શકે છે.

**જે મુનિરાજની શ્રધ્ધા ભવિષ્યમાં કિંચિત્ માત્ર પણ મલિન થવાની સંભાવના છે, તે મુનિરાજની વર્તમાનકાળની પર્યાયમાં ચારિત્રમોહનીય કર્મનો ક્ષય કરવાની યોગ્યતા હોતી નથી.**

ઉપરના વિવેચનથી આપણને આ નિર્ણય થઈ જાય છે કે શ્રધ્ધાની કોઈ પણ પ્રકારની અંશમાત્ર પણ ઓછપ અથવા તેને બાધક કર્મની સત્તા પણ ચારિત્રની નિર્મળતામાં અને પૂર્ણતામાં બાધક હોય છે. માટે પ્રથમ શ્રધ્ધાની નિર્મળતા માટે અપ્રતિહત પુરૂષાર્થની આવશ્યકતા હોય છે.

**શ્રધ્ધાની ક્ષાયિકરૂપ પરિપૂર્ણ નિર્મળ દશા પ્રગટ થયા પછી જ ચારિત્રની પૂર્ણતા કરવાનો પુરૂષાર્થ જાગૃત થાય છે.**

ચારિત્ર અર્થાત્ સર્વોત્કૃષ્ટ ધર્મ, મુક્તિની પ્રાપ્તિના સાક્ષાત કારણરૂપ ધર્મ પ્રગટ કરવા માટે અથવા વિશેષ વિકસીત કરવા માટે અથવા પૂર્ણ કરવા માટે સર્વ પ્રથમ, ધર્મનું મૂળ જે સમ્યક્દર્શન છે, તે ક્ષાયિકરૂપ હોવું જ જોઈએ, એવો સર્વથા નિયમ છે. માટે દ્વિતીયોપશમ સમ્યક્ત્વી મુનિરાજની ક્ષપકશ્રેણી ચઢવાની વર્તમાનકાળમાં યોગ્યતા નથી હોતી.

**દર્શનમોહનીય કર્મનો પૂર્ણ નાશ થવા પર જ ચારિત્રમોહનીય કર્મનો નાશ થવાનો ક્રમ છે. સર્વજ્ઞ ભગવંતોએ કેવળજ્ઞાનથી જેને જાણ્યું છે. પરંપરાથી પ્રાપ્ત તે જ જ્ઞાનને દિગંબર મુનિરાજોએ શાસ્ત્રમાં લિપીબધ્ધ કરેલ છે.**

**પ્રશ્ન ૭૩ :** મુનિરાજને દ્વિતીયોપશમ સમ્યક્દ્રષ્ટિ થવું જ ન જોઈએ, તેઓ આવું જઘન્યકાર્ય શા માટે કરે છે ?

**ઉત્તર :** કર્મનો ઉપશમ કરવો અથવા ક્ષય કરવો એ કામ ન કોઈ મુનિરાજનું છે અને ન કોઈપણ શ્રાવકનું છે, કારણ કે કર્મ જડ છે અને તે આત્માથી અત્યંત ભિન્ન છે.

**મુનિરાજ નિજ શુધ્ધાત્મામાં રમણ કરવારૂપ કાર્ય (ચારિત્ર) કરતા રહે છે. તેના નિમિત્તથી કર્મોમાં તેઓની પોતાની સ્વયંની યોગ્યતાનુસાર જે અવસ્થા થવી જોઈએ, તે થતી રહે છે.**

**મારે ક્ષાયિક સમ્યક્ત્વ કરવું છે,** એ ઈચ્છાથી કોઈને પણ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત નથી થતું, મુક્તિ પણ નથી થતી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું સારૂં - ખરાબ અથવા બીજા દ્રવ્યમાં કાંઈ હેર - ફેર જ નથી કરી શકતાં, એવો નિઃશંક નિર્ણય કરવો જોઈએ.

**પ્રશ્ન ૭૪ :** કરણાનુયોગના કથન સમયે વચ્ચે-વચ્ચે અધ્યાત્મનો વિષય શું ખીરમાં કાંકર જેવો નથી લાગતો ? તેને છોડીને વાત કરોને ?

**ઉત્તર :** અરે ભાઈ! તમે આ શું વાત કરી ? કરણાનુયોગમાં અધ્યાત્મ કંકર જેવો નહી સાકર જેવો છે. **જેમ** - સાકર વગર ખીર - ખીર જેવી નથી લાગતી, તેમ અધ્યાત્મ વગર કરણાનુયોગની અપેક્ષા સમજમાં નથી આવતી.

**એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ કરી શકતું નથી. સર્વ દ્રવ્ય સ્વાધીન તથા સ્વતંત્ર તથા સ્વયં પરિણમનશીલ છે.** આ તો સર્વજ્ઞ કથિત વસ્તુ-વ્યવસ્થાનું મૂળ પ્રાણ અર્થાત્ સર્વસ્વ છે. આ માત્ર અધ્યાત્મનો જ વિષય નથી, ચારે અનુયોગોનો મૂળ આધાર છે. આના વગર જીવનમાં ધર્મ થવાની વાત તો જવા દો, ધર્મ સમજવાની પાત્રતા પણ નથી આવી શકતી.

**પ્રશ્ન ૭૫ :** આપે ઉપર પ્રશ્ન નં ૭૩માં કહ્યું કે - "કર્મોની પોત-પોતાની યોગ્યતાનુસાર ઉપશમાદિક કાર્ય થાય છે." આનો અર્થ શું છે ?

**ઉત્તર :** પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ આઠેય કર્મમાં અચેતનપણું સમાન

હોવા છતાં **પરિણમન સ્વભાવને કારણ પ્રત્યેક કર્મની પરિણમન કરવાની પોત-પોતાની સ્વતંત્ર યોગ્યતા હોય છે.**

વિશેષ સ્પષ્ટીકરણ આ પ્રકારે છે :-

૧. **ક્ષયોપશમ** તો માત્ર જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય - આ ચાર ઘાતિ કર્મોમાં જ થાય છે. અન્ય ચાર અઘાતિ કર્મોમાં નહીં તથા જ્ઞાનાવરણ, દર્શનાવરણ તથા અંતરાય - આ ત્રણેય કર્મોનો ક્ષયોપશમ અનાદિથી નિગોદના જીવોમાં પણ નિયમથી જોવામાં આવે છે.

૨. **અંતરકરણરૂપ/પ્રશસ્ત ઉપશમ** અનંતાનુબંધીને છોડીને દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય કર્મોમાં જ થાય છે, અન્ય સાતે કર્મોમાં નહીં.

૩. **સદવસ્થારૂપ** કે અપ્રશસ્ત ઉપશમ માત્ર ચારે ઘાતિકર્મોમાં જ થાય છે, અન્ય ચારે અઘાતિ કર્મોમાં નહીં.

૪. **વિસંયોજના** માત્ર અનંતાનુબંધી કષાયોની થાય છે, અન્ય કોઈ પણ કર્મમાં કે અપ્રત્યાખ્યાનાવરણ આદિ કષાયોની પણ નથી થતી.

૫. **સંક્રમણ** પણ બધા કર્મોમાં નથી થતું. **જેમ કે** - આયુકર્મના ચારે ભેદનું પરસ્પરમાં સંક્રમણ નથી થતું. દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીયમાં પણ પરસ્પર સંક્રમણ નથી થતું. મૂળ કર્મોમાં સંક્રમણ નથી થતું.

સજાતીય પ્રકૃતિનું ઉત્તર ભેદોમાં સંક્રમણ થાય છે. **જેમ કે** - સાતાનું અસાતાવેદનીયમાં, મિથ્યાત્વનું મિશ્રમાં અને મિશ્રનું સમ્યક્ત્વ પ્રકૃતિમાં, અનંતાનુબંધી ચારે કષાયોનું ૧૨ કષાય અને ૯ નોકષાયોમાં, અપ્રત્યાખ્યાનાવરણ તથા પ્રત્યાખ્યાનાવરણ કષાયોનું અન્ય કષાય - નોકષાયમાં આદિ.

૬. આયુકર્મને છોડી જ્ઞાનાવરણાદિ **સાતે કર્મોનો** નિરંતર બંધ થાય છે. કદાચિત્ કોઈને એક અંતર્મુહૂર્ત કાળ સુધી આઠેય કર્મોનો પણ બંધ થાય છે.

૭. **દર્શનમોહનીય કર્મના ત્રણ ભેદોમાંથી માત્ર મિથ્યાત્વ કર્મનો જ બંધ થાય છે.** મિશ્ર અને સમ્યક્ત્વપ્રકૃતિ - આ બંનેની સત્તા હોય છે અને તેનો ઉદય પણ હોય છે, પરંતુ નિયમથી બંધ નથી થતો.

૮. **મિથ્યાત્વ કર્મનો ક્ષય સ્વમુખથી નથી થતો.** મિથ્યાત્વ કર્મ મિશ્રરૂપ પરિણમિત થાય છે. મિશ્રદર્શનમોહનીય કર્મ સમ્યક્પ્રકૃતિરૂપથી પરિણમિત થાય છે. ત્યારબાદ સમ્યક્પ્રકૃતિ કર્મ ઉદયમાં આવીને

સ્વમુખથી નષ્ટ થાય છે. આવી રીતે ક્રમથી મિથ્યાત્વનો નાશ થાય છે.

૯. **અનંતાનુબંધી કષાય કર્મનો પણ સ્વમુખથી ક્ષય નથી થતો, તેનો વિસંયોજના દ્વારા જ અભાવ થાય છે.** વાસ્તવમાં વિચાર કરીએ તો વિસંયોજના નો અર્થ સર્વ સંક્રમણ જ છે. છતાંય વિસંયોજિત અનંતાનુબંધી કષાય ચોકડી કદાચિત્ ફરીથી સંયોજિત પણ થઈ શકે છે, માટે તેને વિસંયોજન કહ્યું છે. અન્ય ચારિત્રમોહનીય પ્રકૃતિઓમાં વિસંયોજના નથી થતી.

**૧૦. આયુકર્મનો બંધ નિરંતર નથી થતો.** ભુજયમાન આયુ કર્મ (સ્થિતિબંધ)ના બે ભાગ વ્યતીત થઈ ગયા બાદ ત્રીજા ભાગના પ્રથમ અંતર્મુહૂર્તમાં (આયુ ૬૦ વર્ષની હોય તો ૪૦ વર્ષ વ્યતીત થવા પર) પ્રથમ અપકર્ષકાળ થાય છે. તેમાં નવી આયુ કર્મનો બંધ ન થાય તો શેષ આયુના ત્રિભાગમાં બીજો અપકર્ષકાળ થાય છે, તેમાં આયુકર્મનો બંધ થઈ શકે છે. જો તેમાં પણ ન થાય તો આ પ્રકારે ક્રમથી આઠ ત્રિભાગમાંથી કોઈ ને કોઈ એક અપકર્ષકાળમાં આયુકર્મનો બંધ થઈ શકે છે. જો આઠેય અપકર્ષકાળમાં આયુનો બંધ ન થાય તો મરણના અંતર્મુહૂર્ત પૂર્વે આયુકર્મનો બંધ અવશ્ય થાય જ છે. આ વ્યવસ્થા કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંચ જીવોની છે.

દેવ અને નારકીઓમાં આયુના અંતિમ છ માસમાં આઠ અપકર્ષ કાળનો નિયમ છે. અથવા જેને પ્રથમ અપકર્ષમાં કે દ્વિતીયાદિ અપકર્ષ કાળમાં આયુબંધ થશે તો શેષ અપકર્ષકાળોમાં તે જ-તેનો બંધ થઈ શકશે, થાય જ છે, એવો નિયમ નથી.

ભોગભૂમિના જીવોનો આયુના અંતિમ નવ માસ શેષ રહે, ત્યારે આઠ અપકર્ષોમાં આયુના બંધનો નિયમ છે. (સમ્યક્જ્ઞાનચંદ્રિકા ભા-૨, પૂર્વાર્ધ પૃ.૧૯)

૧૧. જીવના પ્રતિસમયમાં થવાવાળા પરિણામોને નિમિત્ત કરી કર્મોમાં પોત-પોતાની યોગ્યતાથી -૧) **પ્રકૃતિબંધ** ભિન્ન - ભિન્ન જ થાય છે. ૨) **પ્રદેશબંધ** પ્રત્યેક કર્મનો અલગ - અલગ થાય છે. ૩) **સ્થિતિબંધ** પણ નિયમથી ભિન્ન - ભિન્ન જ થાય છે. ૪) **અનુભાગબંધ** પણ અલગ - અલગ જ થાય છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર:**

અપૂર્વકરણ ગુણસ્થાનમાં ઉપશમકને ઔપશમિક ચારિત્ર અને ક્ષપકને

ક્ષાયિક ચારિત્ર હોય છે. તે આ પ્રકારે છે - જોકે અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજે કોઈ પણ ચારિત્રમોહનીય કર્મનો ઉપશમ કે ક્ષય નથી કર્યો, છતાં ઉપશમન શક્તિથી સમન્વિત અપૂર્વકરણ શ્રમણના ઔપશમિક ચારિત્રભાવના અસ્તિત્વને માનવામાં કોઈ વિરોધ નથી (વિશેષ સ્પષ્ટીકરણ માટે જુઓ-ધવલા પુસ્તક ૫, પાના નં.૨૦૫, ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૪, ગોમ્મટસાર કર્મકાંડ ગાથા -૨૦ની ટીકા તથા ભાવદીપિકા પાના નં. ૨૨૬-૨૩૪)

**પ્રશ્ન ૭૬ :** ઉપશમ તથા ક્ષપકશ્રેણીના આરોહક(ચઢવાવાળા)ને ઔપશમિક અને ક્ષાયિકચારિત્ર કેમ કહ્યો ? આમ જોઈએ તો આ કાર્ય તો ઉપશાંતમોહ અને ક્ષીણમોહ ગુણસ્થાનમાં થાય છે.

**ઉત્તર :** આપનું કહેવું સત્ય છે. ઉપશાંતમોહ ગુણસ્થાનમાં પૂર્ણ ઔપશમિક ચારિત્ર હોય છે અને ક્ષીણમોહ ગુણસ્થાનમાં પૂર્ણ ક્ષાયિક ચારિત્ર હોય છે, કારણ કે ત્યાં જ ચારિત્રમોહનીય કર્મનો પૂર્ણ ઉપશમ કે ક્ષય થાય છે. અહીં જે હમણા કહ્યું, એ કથન પરમ સત્ય હોવા છતાં પણ આઠમા ગુણસ્થાનનાં પ્રથમ સમયમાં ઔપશમિક ચારિત્ર અને ક્ષાયિક ચારિત્ર આગમમાં ઉપચારથી કહ્યું છે. આ ઉપચાર કથનનું કારણ પણ આ પ્રકારે છે -

જે મહામુનિશ્વર ઉપશમ અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ સમયમાં પ્રવેશી ચુક્યા છે, તે નિયમથી (જો આઠમાંથી અગ્યારમાં ગુણસ્થાન સુધી વચ્ચે મૃત્યુ ન થાય તો) ક્રમપૂર્વક ત્રણ જ અંતર્મુહૂર્તરૂપ ગુણસ્થાનોમાં ઉત્તરોત્તર શુધ્ધિની વૃધ્ધિ કરતા થકા ઉપશાંતમોહી થઈ જાય છે. માટે અપૂર્વકરણના પ્રથમ સમયમાં જ ઔપશમિક ચારિત્ર છે, એવું આગમમાં કહ્યું છે.

ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મહામુનિશ્વરની પાસે તો તે ઉપશમકથી પણ અધિક પુરૂષાર્થ છે, કારણ કે ક્ષપકને તો મૃત્યુ થવાનો પણ અપવાદ નથી. ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મહામુનિરાજ આઠમાંના પ્રથમ સમયથી તે માત્ર યથાયોગ્ય ત્રણ અંતર્મુહૂર્ત પછી નિશ્ચિત જ ક્ષાયિક ચારિત્રવંત થઈ જાય છે.

આ કારણે અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ સમયથી જ ક્ષાયિક ચારિત્ર ઉપચારથી કહેવામાં કાંઈ પણ આપત્તિ નથી.

વાસ્તવિક રીતે વિચારીએ તો જેમ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ચારિત્ર ઘટિત થાય છે, તેમ જ દસમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનના અંતિમ

સમય સુધી પણ ક્ષાયોપશમિક ચારિત્ર જ ઘટિત થાય છે.

**કાળ અપેક્ષા વિચાર :**

**જઘન્યકાળ :** જો કોઈ મુનિશ્વર ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનમાં ઓછામાં ઓછો કાળ રહેશે તો માત્ર એક જ સમય રહી શકે છે.

**જેમ કે :-** કોઈ મહામુનિરાજ ઉપશાંતમોહ ગુણસ્થાનથી ઉતરતા સમયે નીચે અપૂર્વકરણ ગુણસ્થાનમાં માત્ર એક સમય જ રહી શકે અને તે મહામુનિરાજના મનુષ્યાયુનો ક્ષય થઈ જાય, તો મરણની અપેક્ષા અપૂર્વકરણ ગુણસ્થાનનો જઘન્યકાળ એક સમય ઘટિત થાય છે.

**પ્રશ્ન ૭૭ :** આપે આ કથન ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજ ઉપર શા માટે ઘટિત ન કર્યું ?

**ઉત્તર :** ભાઈ ! ક્ષપક શ્રેણી પર આરૂઢ મુનિરાજનું મૃત્યુ થતું જ નથી, આ એક અફર નિયમ છે, કારણ કે તેઓ અપ્રતિહત પુરૂષાર્થના બળથી કર્મોનો ઉત્તરોત્તર ક્ષય કરતા થકા ક્ષપકશ્રેણી પર આરોહણ કરી રહ્યા છે અને શીઘ્ર પૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત કરશે. તેથી ક્ષપક મુનિરાજ માટે મરણની અપેક્ષા જઘન્ય એક સમય ઘટિત થતો નથી, માટે નથી ઘટાવ્યો.

**પ્રશ્ન ૭૮ :** આઠમા ઉપશમક અપૂર્વકરણમાં આવવાવાળા સાતિશય અપ્રમત્તસંયત ગુણસ્થાનવર્તી મુનિરાજને શા માટે ન લીધા?

**ઉત્તર :** ઉપશમશ્રેણી ચઢવાવાળા મુનિરાજ આઠમા ગુણસ્થાનના પ્રથમ ભાગમાં મૃત્યુ પામતા નથી - એવું આગમમાં કથન છે. તેથી આઠમા ઉપશમક અપૂર્વકરણવાળા મુનિરાજને નથી લીધા.

**પ્રશ્ન ૭૯ :** આ આઠમા ઉપશમક અપૂર્વકરણમાં ન મરવારૂપ નિયમની શું આવશ્યકતા છે ?

**ઉત્તર :** કરણાનુયોગ શાસ્ત્રના પ્રત્યેક કથનનું કારણ/હેતુ ન આપી શકાય, કારણ કે કરણાનુયોગ શાસ્ત્ર અહેતુવાદ આગમ છે, માટે જેમ છે તેમ સર્વજ્ઞ ભગવંતોએ કહ્યું છે, આપ પણ તેને આજ્ઞાનુસાર માની લો.

**શ્રેણી ચઢવાના તીવ્ર પુરૂષાર્થરૂપ પરિણામમાં મરણ નથી થતું. આ કારણ** પણ કહી શકીએ છીએ.

**ઉત્કૃષ્ટકાળ :** યથાયોગ્ય એક જ અંતર્મુહૂર્ત છે. જો ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજ વધારેમાં વધારે કાળ આ ગુણસ્થાનમાં રહેશે તો

માત્ર એક અંતર્મુહૂર્ત જ રહેશે.

ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનનો કાળ પણ યથાયોગ્ય અંતર્મુહૂર્ત જ છે. તેનો જઘન્ય -ઉત્કૃષ્ટ કાળ એવો ભેદ જ નથી.

**મધ્યમકાળ :** ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનનો મરણની અપેક્ષાથી બે, ત્રણ, ચાર આદિ સમયોથી લઈને યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળ સુધી વચ્ચેના કાળના સર્વભેદ મધ્યમકાળના થઈ શકે છે.

**ગમનાગમન અપેક્ષા વિચાર:**

**ગમન :** ૧) ઉપશમક કે ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજ ઉપરની તરફ નિયમથી અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં ગમન કરે છે.

૨) ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજ શ્રેણીથી ઉતરતા સમયે નિયમથી અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં ગમન કરે છે.

૩) જો આઠમા ગુણસ્થાનવર્તી મુનિરાજનું આઠમા ગુણસ્થાનમાં મૃત્યુ થઈ જાય તો તત્કાળ જ વિગ્રહગતિના પહેલા સમયમાં જ તે ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

ચઢતા સમયે ઉપશમક અપૂર્વકરણના પ્રથમ ભાગમાં મરણ ન થવાનો નિયમ છે. અન્ય ભાગમાં ચડતાં સમયે પણ મરણ થઈ શકે છે. ઉતરતા સમયે ઉપશમક અનિવૃત્તિકરણથી નીચે અપૂર્વકરણ ગુણસ્થાનમાં કોઈ પણ સમય મરણ થઈ શકે છે.

**આગમન :** ૧) ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનમાં આગમન નીચલા સાતમા અપ્રમત્તસંયત ગુણસ્થાનથી જ થાય છે.

૨) ઉપશમશ્રેણીથી ઉતરતા સમયે ઉપરના ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનથી પણ આઠમા ગુણસ્થાનમાં આગમન થાય છે.

૩) ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનમાં આગમન માત્ર અપ્રમત્તસંયત ગુણસ્થાનથી થાય છે. ઉપરના કોઈ પણ ગુણસ્થાનથી નહીં, કારણ કે ક્ષપક નીચે ઉતરતા જ નથી, તે તો નિયમથી અરહંત બનીને સિદ્ધ થઈ જ જાય છે.

**વિશેષ અપેક્ષા વિચાર :**


૧) સાતિશય અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં અધઃપ્રવૃત્તકરણના નિમિત્તથી જે ચાર આવશ્યક બતાવ્યા છે, તે સર્વ આવશ્યક આ અપૂર્વકરણ ગુણસ્થાનમાં પણ નિરંતર થતાં જ રહે છે. તેને આ

આઠમા ગુણસ્થાનના સંબંધમાં ફરીવાર જોવાનો કષ્ટ કરવો.

**૨) પૂર્વબદ્ધકર્મોનો અસંખ્યાતગણો સ્થિતિકાંડક ઘાત થાય છે.** સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનમાં અધઃપ્રવૃત્તકરણના નિમિત્તથી નવા બંધાવાવાળા કર્મોનો ઉત્તરોત્તર અલ્પ સ્થિતિબંધ થાય છે. આ કાર્યને સ્થિતિબંધાપસરણ કહે છે. અપૂર્વકરણને કારણ પૂર્વબદ્ધ કર્મોનો **સ્થિતિકાંડક ઘાત** થાય છે.

અહીં રહસ્યની વાત એ છે કે કોઈપણ કર્મની સ્થિતિ (પુણ્ય હો કે પાપ) ઓછી થવી તે સાધકને માટે સારૂં જ છે, કારણ કે વધારે સ્થિતિબંધનો અર્થ સંસારમાં વધારે સમય સુધી રહીને જન્મ-મરણની ચક્કીમાં પીસાતા રહેવું એમ છે. અલ્પ સ્થિતિબંધમાં તો જીવનો મંદકષાયરૂપ ભાવ કારણ છે, પરંતુ સ્થિતિકાંડક ઘાતમાં તો વૃદ્ધિગત વીતરાગ પરિણામની સાથે રહેવાવાળા મંદકષાયરૂપ વિશુદ્ધભાવ નિમિત્ત કારણ છે. સાતમા ગુણસ્થાનથી આઠમા ગુણસ્થાનમાં વીતરાગતા વધી ગઈ છે.

સ્થિતિબંધાપસરણનો ભાવ એ છે કે જેમ સામે, લડવા માટે આવેલા શત્રુઓને પોતાની સામર્થ્યથી બળહીન કરતા રહેવા સમાન છે અને સ્થિતિકાંડક ઘાતનો ભાવ એ છે કે જેમ સુતેલા અથવા લડવાના લક્ષ્યથી વિસ્મૃત થયેલ બળવાન શત્રુઓને સાવધાન કરી અથવા શત્રુતાનું સ્મરણ કરાવી તેની સાથે પોતાના વિશેષ સામર્થ્યથી લડતા થકા તે શત્રુઓને શીઘ્રાતીશીઘ્ર તેમની શક્તિ ક્ષીણ કરતા થકા જીતી લેવા સમાન છે.



સ્થિતિકાંડક ઘાત સમજવા માટે નકશાની મદદ લઈએ. રેખા પૂર્વબદ્ધ કર્મના સ્થાન પર છે. તેના ઉપરના ભાગની બાજુમાં એક ચૌક બતાવ્યો છે, જે બહુ જ વર્ષો પછી ઉદયમાં આવવાવાળા સત્તામાં પડેલ કર્મોનો પુંજ છે. તે કર્મપૂંજથી નીચેની તરફ જતું બાણ બનાવેલ છે. એનો અર્થ ઘણા વર્ષો પછી ઉદયમાં આવવા યોગ્ય કર્મોને વિશુદ્ધ પરિણામોના નિમિત્ત થવાથી ઓછા વર્ષોમાં ઉદયમાં આવવા યોગ્ય વિશિષ્ટ પ્રમાણથી અર્થાત્ ઉપરિતન વિભાગમાં સ્થિત

કર્મોની સ્થિતિ ઘટીને અધઃસ્તનના વિભાગમાં મળી ગયા, આને જ સ્થિતિ કાંડકઘાત કહે છે.

**૩) પૂર્વબધ્ધ અશુભ કર્મોનો અસંખ્યાતગણી અનુભાગ કાંડકઘાત થાય છે.** વૃધ્ધિગત વીતરાગતા અને મંદકષાયરૂપ પરિણામોને કારણે ઉપર સ્થિતિકાંડક ઘાત સમજાવેલ છે. નકશાથી પણ સમજાવવાનો પ્રયાસ કરેલ છે. જે પાપકર્મનો જેટલો સ્થિતિકાંડકઘાત થાય છે, તે સંખ્યામાં તે પાપકર્મનો અનુભાગ નિયમથી ઓછો થાય છે, એવો કર્મશાસ્ત્રનો નિયમ છે.

પહેલા સમયમાં ઉદયમાં આવવાવાળા પાપકર્મોમાં જેટલો અનુભાગ છે, તેના આગળ-આગળના સમયમાં ઉદયમાં આવવાવાળા તે કર્મોનો અસંખ્યાતગણા અનુભાગ ઘટીને ફલદાન શક્તિની હીનતા થવી, અસંખ્યાતગણો અનુભાગકાંડકઘાત છે.

અધિક અનુભાગવાળા કર્મ પરમાણુઓનું નીચે ઓછા અનુભાગવાળા કર્મપરમાણુરૂપ વિશિષ્ટ પ્રમાણથી શક્તિહીન થવું જ અનુભાગકાંડક ઘાત છે.


અનુભાંગ વધારે અને કર્મ-પરમાણુ ઓછા તથા અનુભાગ ઓછા તથા કર્મ પરમાણુ વધારે, એવું જ અનુભાગબંધ અને પ્રદેશબંધનું સ્વરૂપ છે.

**૪) અપૂર્વકરણ પરિણામોના નિમિત્તથી પૂર્વબધ્ધ કર્મોની ગુણ શ્રેણી નિર્જરાનો પ્રારંભ થયો છે.**

પહેલા સમયમાં જેટલા કર્મોની નિર્જરા થાય છે, બીજા સમયમાં તેનાથી અસંખ્યાતગણી વધારે કર્મોની નિર્જરા થાય છે, તેને અસંખ્યાતગણી નિર્જરા કહે છે.

**પહેલા તો પૂર્વબધ્ધ સત્તાના કર્મોમાં જીવના પરિણામોના નિમિત્તથી સ્વયમેવ કર્મોની ગુણશ્રેણીની રચના થાય છે. ત્યારબાદ ફરી ગુણશ્રેણી નિર્જરાનો પ્રારંભ થાય છે.** નકશાથી આ વિષયને સ્પષ્ટ કરીએ છીએ. નકશામાં ૧ થી લઈને ૭ સુધીની સંખ્યાં ક્રમથી બતાવવામાં આવી છે.

એક ક્રમાંકની જે પહેલી આડી લીટી છે, તેનાથી બીજા નંબરવાળી




લીટી પહોળાઈમાં વધારે છે. અર્થાત્ પહેલા સમયમાં જેટલા કર્મોની નિર્જરા થાય છે, તેનાથી અસંખ્યાતગણી વધારે કર્મોની નિર્જરા દ્વિતીય સમયમાં થાય છે. દ્વિતીય સમયમાં જેટલા કર્મ નિર્જરીત થઈ ખરી જાય છે, તૃતીય સમયમાં

તેનાથી અસંખ્યાતગણા વધારે કર્મ ખરતા રહે છે.

એવો જ ક્રમ હવે ભવિષ્યમાં અખંડરૂપથી બારમાં ગુણસ્થાનના અંતિમ સમય સુધી ચાલતો જ રહેશે. આને જ ગુણશ્રેણી નિર્જરા કહે છે.

ગુણશ્રેણીની રચના થવી અને ગુણશ્રેણીરૂપ નિર્જરા થતી રહેવી આ ક્રમ જીવના વૃધ્ધિગત શુધ્ધ પરિણામોથી સ્વયમેવ થતા જ રહે છે.

**આમાં પોતાના સહજ સ્વભાવના આશ્રયથી નિરંતર શુધ્ધિની વૃધ્ધિ કરતા રહેવું, એ તો જીવનું કાર્ય છે અને કર્મોની નિર્જરા થવી તે પુદ્ગલમાં થવાવાળું કાર્ય છે. કર્મોની નિર્જરાનો ઉપાદાન કર્તા પુદ્ગલ દ્રવ્ય છે, જીવ નહીં.**

**પ્રશ્ન ૮૦ :** શ્રેણી પર આરૂઢ મુનિરાજના વીતરાગ પરિણામોમાં પ્રતિસમય જ્યારે અનંતગણી વૃધ્ધિ થઈ રહી છે, ત્યારે કર્મોની નિર્જરા પણ અસંખ્યાતગણી ની જગ્યાએ અનંતગણી કેમ નથી થતી?

**ઉત્તર :** શ્રેણી પર આરૂઢ મુનિરાજના પરિણામોમાં વિશુધ્ધિ અનંતગણી જોવામાં આવે છે, તે **અવિભાગી પ્રતિચ્છેદોની અપેક્ષાથી છે અને કર્મોની નિર્જરા સમયપ્રબધ્ધ પ્રમાણથી થાય છે.**

એક સંસારી જીવના વધારેમાં વધારે અસંખ્યાતાસંખ્યાત સમયપ્રબધ્ધ પ્રમાણ જ કર્મનું સત્વ જોવામાં આવે છે તો નિર્જરા અનંતગણી કેમ થાય? એક સમયમાં ઉત્કૃષ્ટથી અસંખ્યાત સમયપ્રબધ્ધની જ નિર્જરા થાય છે, તેનાથી વધારે નહી. તેથી નિર્જરાનું પ્રમાણ અસંખ્યાતગણું જ હોય છે માટે અનંતગણી નિર્જરા થતી નથી.

જો કર્મોની નિર્જરા અનંતગણી થશે તો અલ્પકાળમાં જ મુનિરાજના આઠેય કર્મોનો ક્ષય થઈ જશે અને મુક્તિ પણ થઈ જશે. તેનો અર્થ સાતિશય અપ્રમત્તગુણસ્થાનના કાંઈક સમયોમાં જ આઠ કર્મ ખરી જશે.

જો અલ્પકાળમાં જ મુનિરાજ સિધ્ધ ભગવાન થઈ જશે તો ગુણસ્થાન માત્ર સાત જ રહેશે. તેરમાં ગુણસ્થાનમાં અરહંત અવસ્થામાં થવાવાળા વિહાર, દિવ્યધ્વનિથી થવાવાળા ઉપદેશ આદિને માટે અવકાશ જ નહી રહે, સર્વજ્ઞ કથિત વ્યવસ્થા જ બગડી જશે.

આનાથી બે દ્રવ્યોના પરિણમનની સ્વતંત્રતા સ્વયમેવ સ્પષ્ટ થઈ જ જાય છે. **જીવદ્રવ્યમાં પ્રતિસમય ઉત્તરોત્તર અનંતગણી વિશુધ્ધતાની વૃધ્ધિ થઈ રહી છે. તે પોતાની સ્વતંત્ર યોગ્યતા (ઉપાદાન)થી અને તે જ સમયે વિશુધ્ધતાનું નિમિત્ત પામી સત્તામાં પડેલા કર્મ પરિણત**

**કાર્મણવર્ગણારૂપ પુદ્ગલસ્કંધોની અસંખ્યાતગણી નિર્જરારૂપ કાર્ય સ્વયમેવ થઈ રહ્યું છે, તે પણ પુદ્ગલની પોતાની સ્વતંત્ર યોગ્યતાથી.**

કોઈનું પરિણમન કોઈના આધીન નથી. જીવાદિ સર્વ અનંતાનંત દ્રવ્યોનું પરિણમન પોત-પોતાનામાં પૂર્ણ સ્વતંત્ર અને સ્વાધીન છે.

**૫) ગુણસંક્રમણ અર્થાત્ અનેક અશુભ પ્રકૃતિઓ શુભ પ્રકૃતિઓમાં બદલાઈ જાય છે.**

**પ્રશ્ન ૮૧ :** સંક્રમણ કોને કહે છે?

**ઉત્તર :** વિવક્ષિત કર્મ પ્રકૃતિઓના પરમાણુઓને સજાતીય અન્ય પ્રકૃતિરૂપ પરિણમન થવાને સંક્રમણ કહે છે.

**જેમ** કે - જીવના વિશુદ્ધ પરિણામોના નિમિત્તથી પૂર્વબદ્ધ અસાતાવેદનીય પ્રકૃતિના પરમાણુઓનું સાતાવેદનીયના રૂપમાં પરિણમવું.

**આમાં પણ એટલી વિશેષતા છે કે ૧) મૂળ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ નથી થતું ૨) ચારે આયુ કર્મોમાં આપસમાં સંક્રમણ નથી થતું ૩) મોહનીય કર્મના ઉત્તરભેદ, દર્શનમોહનીયનું ચારિત્રમોહનીય કર્મમાં સંક્રમણ થતું નથી. ૪) દર્શનમોહનીયના ભેદોમાં તથા ચારિત્રમોહનીય કર્મના ભેદોમાં પરસ્પર સંક્રમણ થાય છે.**

આ પ્રકરણમાં રહસ્યપૂર્ણ વાત એ છે કે **જીવના મોહ-રાગ-દ્વેષ ભાવોના નિમિત્તથી પૂર્વબદ્ધ કર્મ બદલ્યા વગર જેમ છે તેમ જ સત્તામાં પડ્યા રહે અને તે જ રૂપથી ઉદયમાં આવી જીવને ફળ આપે, એવો નિયમ નથી.**

જીવના પરિણામાનુસાર સત્તાના કર્મોમાં પરિવર્તન સ્વયમેવ થતું જ રહે છે, કારણ કે જીવના પરિણામ સતત બદલાતા રહે છે. **તેથી પૂર્વબદ્ધ પાપકર્મોની ચિંતાથી ખિન્ન/આકુળ-વ્યાકુળ થવાની જરાય પણ આવશ્યકતા નથી.**

**જેમ** - કોઈ ધનવાન મનુષ્યએ ૨૫ વર્ષ પૂર્વે અત્યંત ઉત્સાહ અને ધર્મભાવનાથી લાખો રૂપિયા જિનબિંબ પ્રતિષ્ઠા, ગ્રંથ પ્રકાશનાદિ વ્યવહાર ધર્મ કાર્યોમાં ખર્ચ કરેલા હતાં. તેના તે પુણ્ય પરિણામ અનુસાર વિશેષ પુણ્યકર્મનો બંધ પણ તે જ સમયે સ્વયમેવ થયો હતો.

વર્તમાનકાળમાં તે ધનવાન મનુષ્યના પૂર્વકાળમાં બાંધેલા કોઈ પાપકર્મના ઉદયથી દરિદ્રતા આવી ગઈ છે. હવે તે વિચારે છે કે જો હું ૨૫ વર્ષ પૂર્વે લાખો રૂા. ધર્મકાર્યોમાં ખર્ચ ન કરત તો સારૂં હતું, આજે હું ગરીબ ન હોત.

વર્તમાનકાળમાં આ વિપરીત ચિંતન અર્થાત્ અશુભભાવથી પૂર્વબદ્ધ

પુણ્યકર્મ પ્રથમ તો તત્કાળ ક્ષીણ/હીન થઈ જાય છે. પછી જો અશુભ વિચારોની પ્રબળતા રહેશે તો પુણ્યકર્મ સંક્રમિત થઈને પાપકર્મરૂપ થઈ જાય છે, આને સંક્રમણ કહે છે. આ પ્રકારે પાપનું સંક્રમણ પુણ્યમાં પણ થઈ જાય છે.

**૬)ભિન્ન-ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ અસમાન જ હોય છે.**

**જેમ :-** અધઃપ્રવૃત્તકરણમાં ભિન્ન-ભિન્ન સમયવર્તી જીવોના પરિણામો સરખા પણ હોઈ શકે છે, પરંતુ આ અપૂર્વકરણ ગુણસ્થાનમાં પરિણામ સરખા નથી હોતા. અપૂર્વકરણ ગુણસ્થાનવર્તી જીવોના ભિન્ન-ભિન્ન સમયવર્તી પરિણામ ઉત્તરોત્તર ભિન્ન-ભિન્ન જ હોય છે અને સમાન સમયવર્તી જીવોના પરિણામ સમાન પણ હોય છે અને અસમાન પણ હોય છે.

## ધવલા પુસ્તક - ૧નો અંશ (પાના નં. ૧૮૦ થી ૧૮૪)

**અપૂર્વકરણ પ્રવિષ્ટ શુધ્ધિ સંયતોમાં સામાન્યથી ઉપશમક અને ક્ષપક આ બંને પ્રકારના જીવ છે ॥૧૬॥**

કરણ શબ્દનો અર્થ પરિણામ છે અને જે પૂર્વ અર્થાત્ પહેલા નથી થયું તેને અપૂર્વ કહે છે. આનું તાત્પર્ય એ છે કે નાના પ્રકારના જીવોની અપેક્ષા આદિથી લઈને પ્રત્યેક સમયમાં ક્રમથી વધતા થકા અસંખ્યાત-લોક-પ્રમાણ પરિણામવાળા આ ગુણસ્થાનને અંતર્ગત વિવક્ષિત સમયવર્તી જીવોને છોડીને અન્ય સમયવર્તી જીવો દ્વારા અપ્રાપ્ય પરિણામ અપૂર્વ કહેવાય છે.

**અર્થાત્ વિવક્ષિત સમયવર્તી જીવોના પરિણામોથી ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ અસમાન અર્થાત્ વિલક્ષણ હોય છે. આવી રીતે પ્રત્યેક સમયમાં થવાવાળા અપૂર્વ પરિણામોને અપૂર્વકરણ કહે છે.**

આમાં આપવામાં આવેલ અપૂર્વ વિશેષણથી અધઃપ્રવૃત પરિણામોનું નિરાકરણ કરવામાં આવ્યું છે, એવું સમજવું જોઈએ, કારણ કે જ્યાં ઉપરિતન સમયવર્તી જીવોના પરિણામ અદસ્તન સમયવર્તી જીવોના પરિણામની સાથે સદશ પણ થાય છે અને વિસદશ પણ થાય છે, એવા અધઃપ્રવૃત્તમાં થવાવાળા પરિણામોમાં અપૂર્વતા નથી જોવામાં આવતી.

**શંકા 24 :** ક્ષપણનિમિત્તક પરિણામ ભિન્ન છે અને ઉપશમનનિમિત્તક પરિણામ ભિન્ન છે. તેમાં એકત્વ કેવી રીતે થઈ શકે ?

**સમાધાન :** ના, કારણ કે ક્ષપક અને ઉપશમક પરિણામોમાં અપૂર્વપણાની અપેક્ષાએ સરખાપણું /સામ્ય હોવાને લીધે એકત્વ થઈ જાય છે.

**શંકા 25 :** પાંચ પ્રકારના ભાવોમાંથી આ ગુણસ્થાનમાં કયો ભાવ જોવામાં આવે છે?

**સમાધાન :** ક્ષપકનો ક્ષાયિકભાવ અને ઉપશમકનો ઔપશમિકભાવ જોવામાં આવે છે.

-૦-૦-૦-૦-

# ૯

## અનિવૃત્તિકરણ ગુણસ્થાન

અનિવૃત્તિકરણ નામનું આ નવમું ગુણસ્થાન છે. શ્રેણીના ગુણસ્થાનોમાં આનો બીજો નંબર છે.

સિધ્ધ ભગવાન અનંત છે. ગુણોની અપેક્ષાએ એક સિધ્ધ ભગવાન બીજા કોઈપણ સિધ્ધ ભગવાનથી નાના કે મોટા નથી હોતા. બધાં સિધ્ધ ભગવાન સરખા જ હોય છે. તત્વાર્થસૂત્રના દસમાં અધ્યાયનું નવમું સૂત્ર ભેદદર્શક છે.

**क्षेत्रकालगतिलिंगतीर्थचारित्रप्रत्येकबुद्धबोधितज्ञानावगाहनान्तर-संख्याल्पबहुत्वत: साध्या: ।**

ક્ષેત્ર, કાળ, ગતિ આદિ બાર અપેક્ષાઓથી સિધ્ધ જીવોમાં ભૂતકાળમાં થવાવાળી વિશેષતાઓની અપેક્ષાએ ભૂતનૈગમનયથી ભેદ પણ બતાવેલ છે. વર્તમાનમાં ધર્મ પરિણામની/વીતરાગ પરિણામની અથવા અનંત ચતુષ્ટયની દ્રષ્ટિથી અથવા સિધ્ધોના આઠ ગુણોની મુખ્યતાથી વિચાર કરીએ તો સિધ્ધોમાં પરસ્પર તલમાત્રનો પણ ભેદ કે અંતર નથી.

**આ અભેદ અર્થાત્ એકરૂપતાનો ખરી દ્રષ્ટિથી પ્રારંભ નવમાં અનિવૃત્તિકરણ ગુણસ્થાનના પ્રથમ સમયથી જ થાય છે.** માટે આ અઢીદ્વીપના કોઈપણ ક્ષેત્રમાં કોઈપણ મુનિરાજ ભલે તે ઉપશમક હો કે ક્ષપક હો, તે જો આ અનિવૃત્તિકરણ ગુણસ્થાનના પ્રથમ સમયમાં પ્રવેશ કરે છે, તો તેમના ધર્મરૂપ પરિણામ સરખા જ હોય છે.

**સંક્ષેપમાં એમ પણ કહી શકીએ કે અનિવૃત્તિકરણ ગુણસ્થાન સમાન ૧૧મા, ૧૨મા, ૧૩માં અને ૧૪માં ગુણસ્થાન સુધીના સર્વ ઉત્કૃષ્ટ સાધકોમાં ઘાતિ-અઘાતિ કર્મોદયથી ઔદયિક ભાવોમાં તો**

**પરસ્પર ભલે ગમે તેટલા પણ ભેદ થઈ શકે છે, પરંતુ તેમાં પરસ્પર વીતરાગતા અર્થાત્ ધર્મ પરિણામ, સુખ, શાંતિમાં બધાની નિયમથી સમાનતા જ રહે છે.**

આનો અર્થ - નવમાં ગુણસ્થાનના પ્રથમ સમયવર્તી એક મુનિરાજની વીતરાગતા અને અન્ય જેટલા પણ નવમા ગુણસ્થાનના પ્રથમ સમયવર્તી મુનિરાજ છે - તે બધાની વીતરાગતા સમાન જ હોય છે. આ રીતે ૧૦માં, ૧૧માં, ૧૨માં, ૧૩માં, ૧૪માં ગુણસ્થાનવર્તી સાધકોની પોત-પોતાનાં ગુણસ્થાનોમાં વીતરાગતા, સુખ આદિની પરસ્પરમાં સમાનતા જ રહે છે.

આ વિષયનો ખુલાસો ધવલા પુસ્તક. ૧, પાના નં. ૧૮૭-૧૮૮ પર આ પ્રકારે આપેલ છે -

**શંકા 26 :** ક્ષપકનું સ્વતંત્ર ગુણસ્થાન અને ઉપશમકનું સ્વતંત્ર ગુણસ્થાન એમ અલગ-અલગ બે ગુણસ્થાન શા માટે નથી કહેવામાં આવ્યા ?

**સમાધાન :** ના, કારણ કે આ ગુણસ્થાનના કારણભૂત અનિવૃત્તિરૂપ પરિણામોની સમાનતા બતાવવા માટે તે બંનેમાં એકતા કહી છે, અર્થાત્ ઉપશમક અને ક્ષપક આ બંનેમાં અનિવૃત્તિરૂપ પરિણામોની અપેક્ષા સમાનતા છે. કહ્યું પણ છે:-

અંતર્મુહૂર્ત માત્ર અનિવૃત્તિકરણના કાળમાંથી કોઈ એક સમયમાં રહેવાવાળા અનેક જીવ જે પ્રકારે શરીરના આકાર, વર્ણ આદિ રૂપથી પરસ્પર ભેદને પ્રાપ્ત થાય છે, તે જ પ્રકારે જે પરિણામો દ્વારા તેમાં ભેદ નથી જોવામાં આવતો, તેને અનિવૃત્તિકરણ પરિણામવાળા કહે છે અને તેના પ્રત્યેક સમયમાં ઉત્તરોત્તર અનંતગુણી વિશુદ્ધિથી વધતા થકા એક જેવા જ (સમાન વિશુદ્ધિને લેતા થકા) પરિણામ જોવામાં આવે છે. તથા તે અત્યંત નિર્મળ ધ્યાનરૂપ અગ્નિની શિખાઓથી કર્મ-વનને ભસ્મ કરવાવાળા હોય છે.

**પ્રશ્ન ૮૨ :** ઘાતિ - અઘાતિ કર્મોદયથી ઔદયિક તથા ક્ષાયોપશમિક ભાવોમાં ભેદ હોઈ શકે છે, એ કેવી રીતે ?

**ઉત્તર :** અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તી અનેક મુનિરાજોના શરીર નાના, મોટા, પાતળા કે જાડા હોઈ શકે છે. તે મુનિશ્વરોના શરીરનો વર્ણ કાળો, ગોરો હોઈ શકે છે, તે મુનિરાજ ઉંમરની દ્રષ્ટિએ યુવા અથવા વૃદ્ધ પણ

હોઈ શકે છે.

તે મુનિરાજોના ઔદયિક ભાવ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મોના ક્ષયોપશમાનુસાર વર્તમાન જ્ઞાનના વિકાસમાં પરસ્પર અંતર પણ હોઈ શકે છે અર્થાત્ તેમાં કોઈ બે જ્ઞાનધારી, કોઈ ત્રણ જ્ઞાનધારી અથવા કોઈ ચાર જ્ઞાનધારી પણ હોઈ શકે છે. અગ્યાર અંગ અને ચૌદ પૂર્વના ધારક શ્રુતકેવળી-રૂપ મહાન જ્ઞાની અથવા માત્ર અષ્ટ પ્રવચનમાતૃકાને જાણવાવાળા અતિ અલ્પજ્ઞાનના ધારકપણાથી અનિવૃત્તિકરણના ધર્મરૂપ પરિણામોની સમાનતામાં કાંઈ પણ ભેદ કે અંતર નથી હોતો.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૫૭માં અનિવૃત્તિકરણ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે: -

**होंती अणियट्टिणो ते, पडिसमयंजेस्सिमेक्कपरिणामा।**
**विमलयरझाणहुयवहसिहाहिं णिद्दड्ढकम्मवणा।।**

**અત્યંત નિર્મળ ધ્યાનરૂપી અગ્નિ શિખાઓ દ્વારા, કર્મવનને બાળવામાં સમર્થ, પ્રત્યેક સમયના એક-એક સુનિશ્ચિત વૃદ્ધિગત વીતરાગ પરિણામોને અનિવૃત્તિકરણ ગુણસ્થાન કહે છે.**

વૃદ્ધિગત શુદ્ધોપયોગરૂપ ધ્યાનનો પ્રારંભ સાતમા અપ્રમત્તસંયત ગુણસ્થાનથી થયો છે. તેથી નવમાં ગુણસ્થાનમાં ધ્યાન અત્યંત નિર્મળ થવું સ્વાભાવિક જ છે.

ધ્યાનને અગ્નિની નહીં, અગ્નિશિખાઓની ઉપમા આપી છે. જે અત્યંત ઉપયુક્ત છે. અગ્નિમાં તો ઉષ્ણતા હોય છે, પરંતુ દાહ્ય વસ્તુને વિશેષ રીતથી બાળવાનું કાર્ય અગ્નિની શિખા જ કરે છે. આ શિખા જાણે કે અગ્નિના હાથ છે, દાહ્ય વસ્તુને પોતાના કબ્જામાં લેવાનું કામ શિખાઓ દ્વારા જ થાય છે. ત્યારબાદ દાહ્ય વસ્તુને અગ્નિ બાળે છે. આઠ કર્મોમાં મુખ્યતાથી ચારિત્રમોહનીય કર્મને વન કહ્યું છે, જેને નિર્મળ ધ્યાનરૂપી અગ્નિશિખા બાળે છે.

વાસ્તવમાં તો આ માત્ર **નિમિત્ત - નૈમિત્તિક સંબંધની અપેક્ષાએ અસદ્ભૂત વ્યવહારનયથી કથન કરવાની પદ્ધતિ છે. સત્ય વસ્તુસ્થિતિ તો એ છે કે જ્યારે મહામુનિરાજ અંતરોન્મુખી પુરૂષાર્થના બળથી વીતરાગભાવને વિશેષ વધારે છે, વીતરાગતા ઉત્તરોત્તર પુષ્ટ થતી જાય છે, ત્યારે તેના નિમિત્તથી પૂર્વબદ્ધ ચારિત્રમોહનીય કર્મના**

**સ્પર્ધક પોતાની મેળે સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત, સંક્રમણાદિ થઈને નિરંતર અકર્મરૂપથી પરિણમિત થતા જાય છે.** આ કાર્યને "ધ્યાનરૂપી અગ્નિશિખાઓએ કર્મવનને બાળી નાખ્યું" આ અલંકારિક શબ્દોમાં આચાર્યદેવે કહ્યું છે.

કાર્મણવર્ગણાઓ જીવના મોહ-રાગ-દ્વેષના નિમિત્ત મેળવી સ્વયં કર્મરૂપથી પહેલા પરિણમિત થઈ હતી. હવે જીવના વીતરાગભાવના નિમિત્ત થવાથી કર્મરૂપ પરિણમિત કાર્મણવર્ગણાઓ સ્વયમેવ અકર્મરૂપ /કાર્મણવર્ગણારૂપ બદલી રહી છે.

અનિવૃત્તિકરણ ગુણસ્થાનને યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળના જેટલા સમય છે, આ ગુણસ્થાનવર્તી મહામુનિરાજના પરિણામ પણ એટલાજ છે અને ઉત્તરોત્તર વિશિષ્ટ શુધ્ધતા સહિત છે. પ્રત્યેક સમયના એક-એક પરિણામ સુનિશ્ચિત છે. સમજી લો નવમા ગુણસ્થાનનો કાળ ચાર સમયનો છે તો આના પરિણામ પણ ચાર જ છે.

ભરતક્ષેત્રના એક તીર્થંકર મુનિરાજ છે, એક ઐરાવત ક્ષેત્રના ઋધ્ધિધારી મુનિશ્વર છે અને એક મહાવિદેહ ક્ષેત્રના સામાન્ય દિગંબર સંત છે. આ ત્રણે અનિવૃત્તિકરણ ગુણસ્થાનના પ્રથમ સમયમાં પ્રવેશ કરે છે તો ત્રણેના પરિણામ એક સરખા જ હોય છે.

બીજા, ત્રીજા અથવા ચોથા સમયમાં પણ તે ત્રણેના પરિણામ પ્રત્યેક સમયમાં પરસ્પર સરખા - સરખા જ હોય છે. **માનો આ બધા સાધક ભવ્યાત્માઓએ પોતાના સહજ જ્ઞાનાનંદ એક સામાન્ય સ્વભાવનો આશ્રય લઈને અનંત સિધ્ધોની સમાન થવાને માટે જ મંગલાચરણ કર્યું ન હોય?**

નવમા ગુણસ્થાનનું પૂર્ણનામ "અનિવૃત્તિકરણ બાદરસાંપરાય - પ્રવિષ્ટ-શુધ્ધિસંયત" છે.

**ભેદ અપેક્ષા વિચાર :** શ્રેણીની અપેક્ષાએ આના તત્સંબંધી બે ભેદ છે - (૧) ઉપશમક અનિવૃત્તિકરણ અને (૨) ક્ષપક અનિવૃત્તિકરણ.

૧) મુનિરાજના જે વીતરાગ પરિણામના નિમિત્તથી ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમના કાર્યની તૈયારી અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ સમયમાં પ્રારંભ થાય છે અને ત્યારબાદ નવમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી માત્ર સૂક્ષ્મ લોભ કષાયને છોડીને ૨૦

કષાયો તથા સમગ્ર નોકષાયોનો પૂર્ણ ઉપશમ થઈ જાય છે, તે વીતરાગ પરિણામને ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાન કહે છે.

૨) મુનિરાજના જે વીતરાગ પરિણામના નિમિત્તથી ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ક્ષયના કાર્યની તૈયારી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ સમયથી પ્રારંભ થાય છે અને ત્યારબાદ નવમાં ગુણસ્થાનના અંતિમ સમય સુધી માત્ર સૂક્ષ્મ લોભ કષાયને છોડી ૧૧ કષાયો તથા ૯ નોકષાયનો પૂર્ણ ક્ષય થઈ જાય છે, તે વીતરાગ પરિણામને ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાન કહે છે.

**અનિવૃત્તિકરણ બાદરસાંપરાય પ્રવિષ્ટ શુદ્ધિસંયતનું સ્પષ્ટીકરણ :-**

**શબ્દાર્થ:** અ + નિવૃત્તિ = અનિવૃત્તિ. અ = નહીં, **નિવૃત્તિ** = ભેદ, **કરણ** = પરિણામ, **અનિવૃત્તિકરણ** = ભેદરહિત, સુનિશ્ચિત સમાન પરિણામ. **બાદર** = સ્થૂળ, **સાંપરાય** = કષાય, **પ્રવિષ્ટ** = પ્રવેશ પ્રાપ્ત, **શુદ્ધિ** = શુદ્ધોપયોગ, **સંયત** = શુદ્ધાત્મ સ્વરૂપમાં સમ્યક્‌પણે લીન.

ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમ તથા ક્ષયમાં નિમિત્ત થવાવાળા સંજ્વલન કષાયના મંદતમ ઉદયરૂપ સ્થૂળ કષાયના સદ્‌ભાવમાં **સુનિશ્ચિત ઉત્તરોત્તર વિશિષ્ટ વૃદ્ધિગત, સ્વરૂપલીન શુદ્ધોપયોગ પરિણામ યુક્ત જીવ અનિવૃત્તિકરણબાદરસાંપરાય પ્રવિષ્ટ શુદ્ધિસંયત છે.**

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

દ્વિતીયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વ - આ બંને સમ્યક્ત્વોમાંથી અહીં એક સમ્યક્ત્વ રહે છે.

જો મુનિરાજ ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તી હોય તો તેઓને દ્વિતીયોપશમક સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ આ બેમાંથી કોઈ એક સમ્યક્ત્વ રહે છે. જો મુનિરાજ ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનવાળા હોય તો તેઓને ક્ષાયિક સમ્યક્ત્વ જ રહે છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર:**

અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં ઉપશમક મુનિરાજને ઔપશમિક ચારિત્ર અને ક્ષપક મુનિરાજને ક્ષાયિક ચારિત્ર હોય છે, કારણ કે આ ગુણસ્થાનમાં ચારિત્રમોહનીય કર્મની ૨૦(સૂક્ષ્મ લોભને છોડી) પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય થઈ જાય છે.(**વિશેષ ખુલાસા માટે જુઓ - ધવલા પુસ્તક-૫, પાના નં.**

**૨૦૫, ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૪, ગોમ્મટસાર કર્મકાંડ ગાથા -૨૦ની ટીકા તથા ભાવદીપિકા- પાના નં. ૨૨૯ થી ૨૩૪)**

ઉપશમ તથા ક્ષપક શ્રેણીના આરોહક થવાથી અહીં ક્રમશઃ ઔપશમિક અને ક્ષાયિક ચારિત્ર કહેવામાં આવે છે. (આઠમા ગુણસ્થાનની આગળના સર્વપ્રકરણ અહી પૂર્ણ રીતે લાગુ પડે છે. તેને અહીં ફરી અવલોકન કરવા.)

આ અનિવૃત્તિકરણ ગુણસ્થાનના ચારિત્રમોહનીયના ઉપશમ કે ક્ષય કરવામાં વિશિષ્ટ યોગદાન આ પ્રકારે છે :-

સૂક્ષ્મતાથી જ્યારે આપણે વિચારીએ ત્યારે આ વિષય સ્પષ્ટ થઈ જાય છે કે પ્રત્યેક શ્રેણીના ગુણસ્થાન તો ચાર-ચાર જ છે. છતાંય પ્રત્યેક શ્રેણીના અંતના ગુણસ્થાન અર્થાત્ ઉપશાંતમોહ અને ક્ષીણમોહ પરિણામોએ ચારિત્રમોહનીય કર્મને ઉપશમ કે ક્ષય કરવાનું કામ તો કાંઈ કર્યું નહીં.

નીચેના ત્રણે ગુણસ્થાનોના પ્રત્યેક સમયના શુદ્ધ ભાવાનુસાર ચારિત્રમોહનીયના ઉપશમ કે ક્ષયનો પ્રારંભ થયો અને તેના ફળસ્વરૂપ પૂર્ણ પણ થયો. ત્યારબાદ અગ્યારમાં અને બારમાં ગુણસ્થાનમાં પૂર્ણ વીતરાગતા પોતાની મેળે સ્વયં પ્રગટ થઈ ગઈ છે.

અપૂર્વકરણ ગુણસ્થાને ચારિત્રમોહનીય કર્મના ઉપશમ કે ક્ષય કરવાનો પ્રારંભ તો કર્યો, પરંતુ કોઈ વિશેષ પ્રકૃતિઓનો ઉપશમ કે ક્ષય ન થઈ શક્યો. ક્ષય પ્રારંભ કરવાનો શ્રેય કહો અથવા બહુમાન કહો, મળ્યો તો અપૂર્વકરણ ને જ, છતાંય ત્યાં પ્રત્યક્ષમાં કોઈ પણ ચારિત્રમોહનીયનો પૂર્ણ ઉપશમ કે ક્ષયરૂપ કાંઈ કાર્ય નથી થયું.

હવે વાત આવે છે અનિવૃત્તિકરણની. **બાર કષાયોમાંથી માત્ર સૂક્ષ્મ લોભને છોડી અગ્યાર કષાયોનો અને નવ નોકષાયોનો પણ પૂર્ણ ઉપશમ કે પૂર્ણ ક્ષય કરવાનું વિશિષ્ટ મહત્વપૂર્ણ કાર્ય તો માત્ર એક અનિવૃત્તિકરણ પરિણામથી જ થયું છે.**

તેથી નવમાં ગુણસ્થાનવર્તી વીતરાગ પરિણામે શ્રેણીના અન્ય ત્રણે ગુણસ્થાનોની અપેક્ષાએ વિશેષ મહત્વપૂર્ણ કામ થયું છે, આ વાત સ્વયં સ્પષ્ટ થાય છે. આ દ્રષ્ટિએ અનિવૃત્તિકરણ ગુણસ્થાન અસાધારણ છે.

**કાળ અપેક્ષા વિચાર :**

**જઘન્યકાળ :** ૧) કોઈ મહામુનિશ્વર ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં

મરણની અપેક્ષાએ માત્ર એક જ સમય રહે છે. **જેમ કે કોઈ મહામુનિરાજ** સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનથી નીચે ઉતરતા સમય નીચે અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં માત્ર એક સમય વ્યતીત કરતાં જ તેમના મનુષ્યાયુનો ક્ષય થઈ જાય તો મરણની અપેક્ષાએ અનિવૃત્તિકરણ ગુણસ્થાનનો જઘન્યકાળ એક સમય ઘટિત થાય છે.

૨) અથવા ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનથી ઉપર ચડતા સમયે કોઈ મુનિરાજ અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં આરૂઢ થયા અને માત્ર એક સમય રહ્યા અને તત્કાળ મનુષ્યાયુ ક્ષય થઈ જાય તો પણ નવમા ગુણસ્થાનનો જઘન્યકાળ એક સમય થઈ શકે છે.

**ઉત્કૃષ્ટકાળ :** યથાયોગ્ય માત્ર એક અંતર્મુહૂર્ત. જો ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તી આ નવમા ગુણસ્થાનમાં વધારેમાં વધારે કાળ રહે તો યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત કાળ સુધી જ રહેશે.

ક્ષપક અનિવૃત્તિકરણ મુનિરાજના જઘન્ય કે ઉત્કૃષ્ટ કાળનો પ્રસંગ જ નથી આવતો, કારણ કે તેમનું તો ન પતન થાય છે અને ન મરણ. માટે જઘન્ય કે ઉત્કૃષ્ટકાળ નથી. **જેને જઘન્યકાળ હોય છે, તેને જ ઉત્કૃષ્ટકાળનો વ્યવહાર હોય છે.**

**મધ્યમકાળ :** ઉપશમ અનિવૃત્તિકરણ ગુણસ્થાનના બે, ત્રણ, ચાર, પાંચ આદિ સમયથી લઈને યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળની વચ્ચેનો કાળ નવમાં ગુણસ્થાનનો મધ્યમકાળ છે; તે પણ મરણની જ અપેક્ષાથી છે.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** ૧) ઉપશમક અથવા ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજ ઉપરની તરફ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

૨) ઉપશમ શ્રેણીથી ઉતરતા સમય અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજ ઉપશમ અપૂર્વકરણ ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

૩) જો ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનવર્તી મુનિરાજનું આયુ ક્ષય થવાથી મૃત્યુ થાય છે તો તે વિગ્રહગતિના પ્રથમ સમયમાં નિયમથી ચોથા અવિરત-સમ્યક્ત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

**આગમન :** ૧) ઉપશમક અનિવૃત્તિકરણમાં આગમન નીચેના ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનથી જ થાય છે.

૨) ઉપશમ શ્રેણીથી નીચે ઉતરતાં સમયે દસમાં ઉપશમક સૂક્ષ્મસાંપરાય

ગુણસ્થાનથી જ આ નવમાં ગુણસ્થાનમાં આગમન થાય છે.

૩) ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં આગમન માત્ર ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનથી થાય છે.

**વિશેષ અપેક્ષા વિચાર:**

૧) અનંતગણી વિશુધ્ધિ આદિ સર્વ આવશ્યક કાર્ય આ અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં આઠમા ગુણસ્થાનની જેમ જ થાય છે, તેને અહીં પણ સમજી લેવું.

૨) ચારિત્રમોહનીય કર્મ બાદરકૃષ્ટિથી સૂક્ષ્મકૃષ્ટિરૂપ થઈ જાય છે. આ કૃષ્ટિકરણથી સૂક્ષ્મલોભકષાય વગર શેષ સર્વ અગ્યાર કષાય અને હાસ્યાદિ સર્વ નવ નોકષાયોનો સર્વથા ઉપશમ કે ક્ષય થઈ જાય છે.

**પ્રશ્ન** ૮૩: કૃષ્ટિકરણ કોને કહે છે ?

**ઉત્તર** : ક્રમથી કષાયોનું કૃષ/હીન કરવાને કૃષ્ટિકરણ કહે છે. અર્થાત્ **અનુભાગ/ફળ પ્રદાન કરવાની શક્તિનું ઉત્તરોત્તર ઓછા-ઓછા થતાં જવું તે જ કૃષ્ટિકરણ છે.** આ અતિ વિશિષ્ટ મહત્વપૂર્ણ કાર્ય અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં જ થાય છે.

**પ્રશ્ન** ૮૪: બાદરકૃષ્ટિ કોને કહે છે ?

**ઉત્તર** : (અનિવૃત્તિકરણ નામના નવમાં ગુણસ્થાનના પૂર્વે જોવામાં આવેલા સ્પર્ધકોને પૂર્વ સ્પર્ધકો કહે છે. અનિવૃત્તિકરણના નિમિત્તથી અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને અપૂર્વસ્પર્ધક કહે છે.)

અપૂર્વસ્પર્ધકથી પણ અનંતમાં ભાગ અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને બાદરકૃષ્ટિ કહે છે. અર્થાત્ સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ કષાયોના અનુભાગને ઘટાવવું/ક્ષીણ કરવું એ જ બાદરકૃષ્ટિ છે. બાદર શબ્દનો અર્થ છે સ્થૂળ અર્થાત્ મોટા-મોટા ટુકડા કરવા.

**પ્રશ્ન** ૮૫: સૂક્ષ્મકૃષ્ટિ કોને કહે છે ?

**ઉત્તર** : બાદર કૃષ્ટિથી પણ અનંતમા ભાગ અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને સૂક્ષ્મકૃષ્ટિ કહે છે.

વસ્તુ-વ્યવસ્થાની અદ્‌ભૂતતા તથા સૂક્ષ્મતા તો નીરખો ! ક્ષપક અનિવૃત્તિકરણવાળા મહામુનિરાજ હવે માત્ર યથાયોગ્ય બે અંતર્મુહૂર્ત સમાપ્ત થતાં જ (અર્થાત્ દસમા અને બારમા ગુણસ્થાનનો સમય પસાર કરતાં જ) સર્વજ્ઞ ભગવાન/અરહંત બનવાવાળા છે. છતાંય તેમને હજુ

પણ આઠેય કર્મોની સત્તા હાજર છે. તેમાંથી એક પણ કર્મનો પૂર્ણ નાશ નથી થયો.

મોહનીયકર્મ નષ્ટોન્મુખ છે, છતાંય સૂક્ષ્મલોભ પોતાના સામર્થ્યથી પોતાના અસ્તિત્વની જાણકારી મહામુનિરાજને પણ જાણે ગૌરવથી બતાવી રહ્યો છે. જેમ - બુઝાતો/ઓલવાતો દીવડો અંતમાં ભભકીને બુઝાઈ જાય છે. અન્ય જ્ઞાનાવરણાદિ સાતે કર્મો પોત-પોતાની સ્થિતિ અનુસાર સત્તામાં છે. છતાં પણ તે સાતે કર્મોની નિર્જરા તો ઉત્તરોત્તર યથાક્રમ તથા યથાસ્થાન ચાલુ છે જ.

૩) ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ સુનિશ્ચિત, વિસદશ તથા એકસમયવર્તી જીવોના પરિણામ સુનિશ્ચિત, સદશ હોય છે.

૪) અનિવૃત્તિકરણ બાદરસાંપરાય ગુણસ્થાનના નામમાં જે બાદર શબ્દ આવ્યો છે, તે અંતદીપક છે. પહેલા ગુણસ્થાનથી લઈને આ ગુણસ્થાન સુધીના સર્વ જીવ બાદર કષાય સહિત છે. જેમ કે મિથ્યાત્વ બાદર સાંપરાય, સાસાદન સમ્યક્ત્વ બાદરસાંપરાય, મિશ્ર બાદર સાંપરાય આદિ.

### ધવલા પુસ્તક - ૧નો અંશ (પાના નં. ૧૮૪થી ૧૮૭)

**અનિવૃત્તિ બાદરસાંપરાયિક પ્રવિષ્ટ શુદ્ધિ સંયતોમાં ઉપશમક પણ હોય છે અને ક્ષપક પણ હોય છે. ॥૧૬॥**

સાંપરાય શબ્દનો અર્થ કષાય છે અને બાદર સ્થૂળને કહે છે. માટે સ્થૂળ કષાયોને બાદર-સાંપરાય કહે છે અને અનિવૃત્તિરૂપ બાદર સાંપરાયને અનિવૃત્તિબાદરસાંપરાય કહે છે. આ અનિવૃત્તિબાદરસાંપરાયરૂપ પરિણામોમાં જે સંયતોની વિશુદ્ધિ પ્રવિષ્ટ થઈ ગઈ છે, તેને અનિવૃત્તિ બાદર સાંપરાય-પ્રવિષ્ટ-શુદ્ધિસંયત કહે છે. એવા સંયતોમાં ઉપશમક અને ક્ષપક બંને પ્રકારના જીવ હોય છે. તે બધા સંયતોને મળીને એક અનિવૃત્તિકરણ ગુણસ્થાન થાય છે.

**શંકા 27 :** જેટલા પરિણામ થાય છે, તેટલા જ ગુણસ્થાન કેમ નથી હોતા ?

**સમાધાન :** ના, કારણ કે જેટલા પરિણામ થાય છે, તેટલા જ ગુણસ્થાન માનવામાં આવે તો વ્યવહાર જ ન ચાલી શકે. માટે

દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિયત સંખ્યાવાળા જ ગુણસ્થાન કહેવામાં આવ્યા છે.

**શંકા 28** : આ સૂત્રમાં સંયતપદનું ગ્રહણ કરવું વ્યર્થ છે ?

**સમાધાન** : આ કોઈ દોષ નથી, કારણ કે સંયમ પાંચેય ગુણસ્થાનોમાં સંભવ છે, આમાં કોઈ વ્યભિચાર દોષ નથી આવતો. આ પ્રકાર જાણવાનો કોઈ બીજો ઉપાય નહી હોવાથી અહીં સંયમ પદને ગ્રહણ કરેલ છે.

**શંકા 29** : **'પમત્તસંજદા'** આ સૂત્રમાં ગ્રહણ કરેલા સંયતપદની અહીં અનિવૃત્તિ થાય છે અને તેનાથી જ ઉક્ત અર્થનું જ્ઞાન પણ થઈ જાય છે માટે ફરી આ પદનું ગ્રહણ કરવું વ્યર્થ છે.

**સમાધાન** : જો એવું છે તો સંયત પદનું અહી ફરી પ્રયોગ મંદબુદ્ધિ જનોના અનુગ્રહ માટે સમજવો જોઈએ.

**શંકા 30**: જો એમ છે, તો ઉપશાંતકષાય આદિ ગુણસ્થાનોમાં પણ સંયતપદનું ગ્રહણ કરવું જોઈએ ?

**સમાધાન** : ના, કારણ કે દશમાં ગુણસ્થાન સુધી બધા જીવ કષાય સહિત હોવાને લીધે, કષાયની અપેક્ષાએ સંયતોની અસંયતોની સાથે સદશતા જોવામાં આવે છે, માટે નીચેના દસમાં ગુણસ્થાન સુધી મંદબુદ્ધિજનોને સંશય ઉત્પન્ન થવાની સંભાવના છે. તેથી સંશયના જ નિરાકરણ માટે સંયત વિશેષણ દેવું આવશ્યક છે, પરંતુ ઉપરના ઉપશાંત કષાય આદિ ગુણસ્થાનોમાં મંદબુદ્ધિજનોને પણ શંકા ઉત્પન્ન નથી થઈ શકતી, કારણ કે ત્યાં સંયત ક્ષીણકષાય અથવા ઉપશાંત કષાય જ હોય છે. માટે ભાવોની અપેક્ષાએ પણ સંયતોની અસંયતોથી સદશતા જોવામાં નથી આવતી. તેથી અહીં પર સંયત વિશેષણ દેવું આવશ્યક નથી.

-o-o-o-o-

**(૧૦)**

## સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન

સૂક્ષ્મસાંપરાય નામનું આ દસમું ગુણસ્થાન છે. ચારિત્ર મોહનીયકર્મનો સાક્ષાત ક્ષય અથવા ઉપશમ કરવાવાળું વિશિષ્ટ સામર્થ્યવાન ગુણસ્થાન છે.

**પ્રશ્ન ૮૬ :** આ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન બળવાન કે વિશિષ્ટ સામર્થ્યવાન કઈ અપેક્ષાએ કહેવામાં આવેલ છે?

**ઉત્તર :** દસમાં ગુણસ્થાનને બળવાન કહેવાની વિવક્ષા એ છે કે **સૂક્ષ્મલોભનો ઉપશમ કે ક્ષય કરવાની શક્તિ ન અપૂર્વકરણમાં છે અને ન અનિવૃત્તિકરણમાં છે. દસમાં સૂક્ષ્મસાંપરાયમાં જ સૂક્ષ્મલોભનો નાશ કરવાનું સામર્થ્ય છે, તેથી આને બળવાન કહ્યું છે.**

**ઉપરોક્ત કથન સંજ્વલન કષાયની અપેક્ષાથી છે અને સંજ્વલન લોભ કષાય નિયમથી સ્વોદયી પ્રકૃતિ હોવાથી છેલ્લે જ નષ્ટ થાય છે, એ પણ યાદ રાખવું જરૂરી છે.**

**પ્રશ્ન ૮૭ :** સંજ્વલન ક્રોધ, માન, માયા અને સ્થૂળલોભ શું સૂક્ષ્મલોભથી બળહીન છે?

**ઉત્તર :** હા, છે જ. કારણ કે સૂક્ષ્મલોભથી પહેલા નવમા ગુણસ્થાનમાં જ સંજ્વલન ક્રોધાદિનું ઉપશમ કે ક્ષય થઈ જાય છે.

**પ્રશ્ન ૮૮ :** શું સંજ્વલન કષાયોથી પણ અનંતાનુબંધી આદિ કષાયો બળહીન છે? કૃપયા આને સ્પષ્ટ કરો.

**ઉત્તર :** કબ્બડી રમતના ઉદાહરણથી આ પ્રશ્નનો ઉત્તર જલ્દી સમજમાં આવી શકે છે. રમતમાં જે પહેલા આઉટ થઈ જાય, તેને કમજોર ખેલાડી માનવામાં આવે છે અને જે રમતમાં છેલ્લે સુધી સ્થાન જમાવી રાખે છે, તેને બળવાન અને ચતુર માનવામાં આવે છે.

સંજ્વલન કષાય અંત સુધી નષ્ટ નથી થતાં, દસમા ગુણસ્થાન સુધી જામેલા રહે છે. આ અપેક્ષાથી તેને બળવાન કહેવામાં આવે તો કોઈ દોષ

નથી. એમ તો અનંતાનુબંધીને જ બળવાન માનવાનાં આવે છે, કારણ કે તે અનંત સંસારનો અનુબંધ કરાવે છે અને મિથ્યાત્વની સહચારિણી છે.

**ચારિત્રમોહનીય કર્મની ૨૫ પ્રકૃતિઓમાંથી જે કર્મનો નાશ(ઉપશમ કે ક્ષય) પહેલા થાય છે, તેને અન્ય કર્મોની અપેક્ષા બળહીન માનવામાં આવે છે. આ યુક્તિના આધારે સંજ્વલન કષાયોની પહેલા અનંતાનુબંધી આદિ કષાયોનો ઉપશમ કે ક્ષય થઈ જાય છે. આ કારણથી તે અનંતાનુબંધી આદિ કષાયો સંજ્વલન કષાયોથી બળહીન સિદ્ધ થઈ જાય છે.**

જ્યારે જીવ નિજશુદ્ધાત્મસન્મુખ થાય છે, ત્યારે અધઃકરણ આદિ પરિણામો દ્વારા ઔપશમિક સમ્યક્દર્શન પ્રાપ્ત કરે છે. તે જ સમય દર્શનમોહ ઉપશમિત થાય છે અને અનંતાનુબંધી કષાય ચતુષ્ટયનો પણ સ્વયમેવ અપ્રશસ્ત ઉપશમ થઈ જાય છે. **દર્શનમોહને મરતો જોઈને જાણે અનંતાનુબંધી સ્વયં મરી જાય છે.**

વિશેષ એટલું છે કે ક્ષાયિક સમ્યક્દર્શનની પ્રાપ્તિના સમયે અધઃકરણાદિ ત્રિકરણ પરિણામપૂર્વક જ અનંતાનુબંધી કષાય ચોકડી અન્ય ૨૧ કષાય, ૯ નોકષાયોમાં વિસંયોજિત થઈ જાય છે. અહીં અનંતાનુબંધીના વિસંયોજન માટે સ્વતંત્ર પુરૂષાર્થ અપેક્ષિત છે.

અપ્રત્યાખ્યાનાવરણ અને પ્રત્યાખ્યાનાવરણ - આઠે કષાય કર્મો એકી સાથે સંજ્વલન કષાય ચતુષ્ટય તથા પુરૂષવેદમાં પોતાને પરિવર્તિત કરીને સમાપ્ત થઈ જાય છે.

**સંજ્વલન આદિ ચારેય કષાયો એક સાથે નષ્ટ નથી થતાં. ક્રોધ કર્મ, માનમાં બદલાય છે, માન -માયા કર્મરૂપ થઈ જાય છે, માયા લોભમાં સંક્રમિત થાય છે, માત્ર લોભ કષાય કર્મ કોઈ અન્યરૂપ નથી થતો. તેથી સંજ્વલન લોભનો પણ અંશ જે સૂક્ષ્મલોભ તે વધારે બળવાન છે, જે બધાથી અંતમાં નષ્ટ થાય છે.**

**પ્રશ્ન ૮૯:** આ યુક્તિથી તો ચારિત્રમોહનીયકર્મથી પણ દર્શનમોહનીય કર્મ હીણ શક્તિવાળા સિદ્ધ થઈ જાય છે.

**ઉત્તર :** હા, આપનું કહેવું સત્ય છે. જો દર્શનમોહનીય કર્મ ચારિત્રમોહનીય કર્મથી શક્તિહીન ન હોત તો મુનિરાજ દર્શનમોહનીયનો ઉપશમ કે ક્ષય કરીને ચારિત્રમોહનીયના ઉપશમ કે ક્ષય માટે શ્રેણીના કાળમાં કટિબદ્ધ શા માટે અને કેવી રીતે થાત ?

માટે મોક્ષમાર્ગી, સાધક, આત્માર્થી જીવ જ્યારે કર્મોથી લડવાનો પ્રારંભ કરે છે, ત્યારે આઠેય કર્મોમાંથી મોહનીય કર્મથી જ સૌ પ્રથમ લડવાની શરૂઆત કરે છે. **મોહનીય કર્મોમાં પણ દર્શનમોહનીયથી યુધ્ધ કરીને તેને જ સૌથી પહેલા પરાજીત કરે છે અને સ્વયં વિજયી અર્થાત્ સમ્યક્ત્વી થાય છે.** તેથી દર્શનમોહનીય કર્મ સ્વયં શક્તિહીન સિધ્ધ થઈ જાય છે.

**પ્રશ્ન ૯૦ :** કરણાનુયોગમાં તો તર્ક, હેતુ, યુક્તિ માટે અવકાશ જ નથી, અહીં તો જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા જ મુખ્ય રહે છે. આપ કરણાનુયોગના વિષયમાં તર્કનો ઉપયોગ શા માટે કરી રહ્યા છો ?

**ઉત્તર :** કરણાનુયોગ શાસ્ત્રમાં તર્ક નથી ચાલતાં, એ વાત સાચી છે, પરંતુ સમજવા-સમજાવવા માટે આચાર્યોએ પણ આગમગર્ભિત યુક્તિઓનો ઉપયોગ કર્યો છે. સ્વયં આચાર્યોએ યુક્તિથી અનેક વિષય સમજાવ્યા છે. આચાર્યશ્રી વીરસેનદેવે તો કરણાનુયોગના શાસ્ત્ર ધવલાદિ ટીકામાં શંકા - સમાધાનની પધ્ધતિથી જ સમજાવ્યું છે. અહીંયા પણ જે સ્પષ્ટીકરણ ચાલી રહ્યું છે તે બધું આગમની મર્યાદામાં જ ચાલી રહ્યું છે.

**પ્રશ્ન ૯૧ :** આઠેય કર્મમાં મોહનીયકર્મ અને મોહનીયમાં પણ દર્શનમોહનીય બળવાન છે, એવું કથન શાસ્ત્રોમાં આવ્યું છે. તેને આપ આજ્ઞાથી પ્રમાણ માનો.

**ઉત્તર :** અમને શાસ્ત્રના પ્રત્યેક વાક્ય પ્રમાણ છે. મોહ અને મોહમાં પણ દર્શનમોહ કર્મ બળવાન છે, આ સર્વ વિષય અમો સો ટકા સ્વીકારીએ છીએ. અહીં અમે એટલું માત્ર સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે "દર્શનમોહનીય કર્મ બળવાન છે" એવું બતાવવામાં અનુકંપાવાન આચાર્ય મહારાજ કયા રહસ્યની વાત કહેવા માંગે છે, તેના પર આપણે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

**પ્રશ્ન ૯૨ :** આમાં અતિ ગંભીર વિચારણાની શું જરૂરત છે ? વિચારવા માટે અવકાશ જ ક્યાં છે ? સ્પષ્ટ શબ્દોમાં આચાર્યોએ શાસ્ત્રમાં કહ્યું છે કે - "દર્શનમોહનીય કર્મ બળવાન છે." તેને સો ટકા ખરૂ માનવું એ જ આપણું પરમ કર્તવ્ય છે. બસ ! વાત પૂરી થઈ જ ગઈ, પછી વાળની છાલ ઉતારવાથી શું લાભ ?

**ઉત્તર :** દર્શનમોહનીય કર્મને બળવાન બતાવવાનું કથન વ્યવહાર-

નયનું છે. એનો અર્થ દર્શનમોહનીય કર્મ બળવાન નથી, એવું સમજી લેવું જોઈએ. શાસ્ત્રના અર્થ કરવાની સાચી પદ્ધતિ આ જ છે. આ જ વિષયને મોક્ષમાર્ગ પ્રકાશક પાનાનં. ૨૫૦-૨૫૧ પર આ પ્રમાણે કહેલ છે-

**વ્યવહારનયથી જે નિરૂપણ કર્યું હોય, તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.. વ્યવહારનય સ્વદ્રવ્ય - પરદ્રવ્યને અને તેના ભાવોને અને કારણ-કાર્યાદિકને કોઈને કોઈનામાં મેળવીને /ભેળવીને નિરૂપણ કરે છે. તેથી એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે. માટે તેનો ત્યાગ કરવો.**

**વ્યવહારનયની મુખ્યતાથી વ્યાખ્યાન છે, તેને તેમ છે નહીં, નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કરેલ છે - એમ જાણવું.**

કર્મને બળવાન બતાવી જીવને વધારે બળવાન થવાની પ્રેરણા આપવાનો આચાર્યનો ભાવ છે, નહીં કે જીવને પુરૂષાર્થહીન બનાવવાનો.

**જેમ :-** લોકમાં પોતાની સેનાને યુદ્ધની તૈયારી કરવાનો ઉત્સાહ આપવા માટે સેનાપતિ કે રાજા શત્રુના શૌર્યની જાણકારી આપે છે, તે શત્રુથી ભયભીત થવા નહીં, પોતાની શક્તિ વધારવા માટે. તેમ જ અહીં કર્મોના સંબંધમાં સમજવું જોઈએ.

અનંત સંસારનું કારણ મિથ્યાદર્શન છે અને મિથ્યાત્વ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડીસાગરની છે, જે સર્વ કર્મોની અપેક્ષાએ પણ ઘણી વધારે છે. અનાદિકાળથી આજસુધી અને ભવિષ્યમાં પણ વિશ્વમાં અનંત જીવ અનંત દુઃખ ભોગવતા આવ્યા છે અને ભોગવશે. આ બધો મિથ્યાત્વનો જ પ્રતાપ છે.

સંસારના સર્વ દુઃખોનું મૂળ પણ મિથ્યાત્વ જ છે. ૩૬૩ વિપરીત મતોના પ્રચાર-પ્રસારનો હેતુ મિથ્યાત્વ જ છે. આ અપેક્ષાથી દર્શનમોહ મહા બળવાન છે. મિથ્યાત્વનો નાશ થતા જ અનંત સંસાર સાંત/ મર્યાદિત થાય છે અને અપુનર્ભવ/મુક્તિ માટે મંગલ પ્રસ્થાન પ્રારંભ થઈ જાય છે. જ્ઞાન તથા ચારિત્ર સમ્યક્દર્શનના જ અનુગામી છે. આ અપેક્ષાને સુરક્ષિત રાખીને અહીંયા ચર્ચા ચાલી રહી છે.

**પ્રશ્ન ૯૩ :** દર્શનમોહ તથા ચારિત્રમોહ - આ બંનેમાંથી પહેલા ઉદય-નાશ કોનો થાય છે?

**ઉત્તર : મિથ્યાત્વનો નાશ અનંત પુરૂષાર્થથી થાય છે અને બધાંથી પહેલા ઉદય-નાશ પણ મિથ્યાત્વનો જ થાય છે. સમ્યક્ત્વની અપેક્ષા**

**ચારિત્ર અર્થાત્ આત્મસ્થિરતાનો પુરૂષાર્થ અનંતગણો વધારે છે.**

આમ તો ચારિત્રમોહનીયનો ઉદય-નાશ મિથ્યાત્વના ઉદય-નાશની સાથે જ પ્રારંભ થઈ જાય છે. પરંતુ પૂર્ણ ઉદય-નાશ અને સત્ત્વનાશ દસમા ગુણસ્થાનના અંતિમ સમયમાં જ થાય છે, અહીં આ વિવક્ષા છે.

વાસ્તવમાં ચોથા, પાંચમાં આદિ આગળના પ્રત્યેક ગુણસ્થાનને પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ પણ ઉત્તરોત્તર અનંત-અનંતગણો છે. **ભલેને શ્રદ્ધા ચોથા ગુણસ્થાનમાં ક્ષાયિક થઈ જાય તો પણ ચારિત્રમાં તેનાથી પણ અનંતગણો પુરૂષાર્થ આવશ્યક છે. સમ્યક્ત્વમાં પ્રતીતિનો પુરૂષાર્થ અને ચારિત્રમાં સ્થિરતા/રમણતાનો પુરૂષાર્થ થાય છે.**

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૦માં સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે :-

**अणुलोहं वेदंतो, जीवो उवसामगो व खवगो वा।**
**सो सुहमसांपराओ, जहखादेणूणओ किंचि ।।**

**ધોયેલા કૌસુંબી વસ્ત્રની આછી લાલીમા જેવા સૂક્ષ્મ લોભનું વેદન કરવાવાળા ઉપશમક અથવા ક્ષપક જીવોના યથાખ્યાત ચારિત્રથી કિંચિત્ ન્યૂન વીતરાગ પરિણામોને સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન કહે છે.**

કૌસુંબી વસ્ત્ર લાલ હોય છે. તેને પાણીમાં ધોવાથી તેની લાલાસ ઓછી થઈ જાય છે. તે ધોયેલા કૌસુંબી વસ્ત્રની લાલીમા સમાન સૂક્ષ્મલોભ પરિણામનું વેદન મુનિરાજ કરે છે અર્થાત્ સૂક્ષ્મલોભ કષાય કર્મના ઉદયથી મહામુનિરાજને અબુધ્ધિપૂર્વક ઉત્તરોત્તર ઘટતાં-ઘટતાં સૂક્ષ્મલોભ પરિણામ થતાં રહે છે.

આમ તો સાતમા અપ્રમત્ત ગુણસ્થાનથી જ મુનિરાજ નિજ સહજાનંદમય શુધ્ધાત્માનું વેદન/અનુભવ કરે છે, છતાંય પૂર્ણ વીતરાગતારૂપ યથાખ્યાત ચારિત્રની ઓછપને દર્શાવવાના ઉદ્દેશથી સૂક્ષ્મલોભનું વેદન કરવાવાળા એવું કથન અશુધ્ધનિશ્ચયનયથી આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગાથામાં કર્યું છે. આને જ અધ્યાત્મની અપેક્ષાએ વ્યવહારનયનું કથન કહે છે.

અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ચાર કષાય, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ચાર કષાય અને સંજ્વલન ક્રોધ, માન, માયા આ કુલ મળીને ૧૧ કષાય અને હાસ્યાદિ નવ નોકષાયોના અનુદયપૂર્વક વ્યક્ત થવાવાળા વીતરાગ પરિણામ દસમા ગુણસ્થાનનું યથાર્થ સ્વરૂપ નથી. તે વીતરાગતા સૂક્ષ્મલોભ

ની સાથે હોય તો દસમું ગુણસ્થાન થાય છે, કારણ કે દસમા ગુણસ્થાનનું નામ જ સૂક્ષ્મસાંપરાય છે. સાંપરાય શબ્દનો અર્થ કષાય થાય છે.

**પ્રશ્ન ૯૪ :** જો સૂક્ષ્મ લોભને ગૌણ કરીએ તો શું કાંઈ દોષ છે?

**ઉત્તર :** જો સૂક્ષ્મલોભને ગૌણ કરવામાં આવે તો દસમાં ગુણસ્થાનમાં જ પૂર્ણ વીતરાગતાનો સ્વીકાર કરવો અનિવાર્ય થઈ જશે અને પછી ચૌદ ગુણસ્થાનની જગ્યાએ તેર જ ગુણસ્થાન રહેશે, જે આગમને માન્ય નથી. કરણાનુયોગમાં કેવળી ભગવાનની આજ્ઞાની પ્રધાનતા રહી છે, તેનું પણ ધ્યાન રાખવું આવશ્યક છે.

દસમા ગુણસ્થાનનું પૂર્ણનામ " સૂક્ષ્મસાંપરાય પ્રવિષ્ટશુધ્ધિસંયત" છે.

**ભેદ અપેક્ષા વિચાર :**

શ્રેણીની અપેક્ષાએ આના બે ભેદ છે. (૧) ઉપશમક સૂક્ષ્મસાંપરાય અને (૨) ક્ષપક સૂક્ષ્મસાંપરાય.

૧) જે વીતરાગ પરિણામમાં માત્ર સૂક્ષ્મસાંપરાય રૂપ કલંક અર્થાત્ રાગ બાકી છે અને અન્ય સર્વ કષાય-નોકષાયોનો સર્વથા ઉપશમ થઈ ગયો છે, તેને ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન કહે છે.

૨) જે વીતરાગ પરિણામમાં માત્ર સૂક્ષ્મસાંપરાય રૂપ કલંક અર્થાત્ રાગ બાકી છે અને અન્ય સર્વ કષાય-નોકષાયોનો સર્વથા ક્ષય અર્થાત્ નાશ થઈ ગયો છે, તેને ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન કહે છે.

**સૂક્ષ્મસાંપરાય પ્રવિષ્ટ શુધ્ધિસંયત સંબંધી સ્પષ્ટીકરણ :-**

**સૂક્ષ્મ** = અત્યંત હીન અનુભાગ.

**સામ્પરાય** = કષાય, **પ્રવિષ્ટ** = પ્રવેશ પ્રાપ્ત,

**શુધ્ધિ** = શુધ્ધોપયોગ, **સંયત** = શુધ્ધાત્મસ્વરૂપમાં સમ્યક્પણે લીન.

અત્યંત હીન અનુભાગ સહિત લોભકષાયના વેદન સહિત, વિશિષ્ટ વૃધ્ધિગત, શુધ્ધાત્મસ્વરૂપમાં લીન, શુધ્ધોપયોગ પરિણામ યુક્ત જીવ, સૂક્ષ્મસાંપરાય પ્રવિષ્ટશુધ્ધિસંયત છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

દ્વિતીયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વ, આ બંને સમ્યક્ત્વમાંથી કોઈપણ એક સમ્યક્ત્વ અહીં રહે છે. જો મુનિરાજ ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી છે તો તેઓને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક

સમ્યક્ત્વ - આ બંનેમાંથી કોઈ એક સમ્યક્ત્વ રહે છે. જો મુનિરાજ ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી છે તો તેઓને નિયમથી ક્ષાયિક સમ્યક્ત્વ જ હોય છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં ઉપશમકને ઔપશમિક ચારિત્ર અને ક્ષપકને ક્ષાયિક ચારિત્ર હોય છે. આ જ ચારિત્રને સૂક્ષ્મસાંપરાય ચારિત્ર પણ કહે છે, કારણ કે અહીં માત્ર સૂક્ષ્મલોભ કષાયનો ઉદય તથા તદનુસાર સૂક્ષ્મલોભ પરિણામ થાય છે. **(વિશેષ માટે જુઓ-ધવલા પુસ્તક-૫, પાના નં.૨૦૫, ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૧૪, ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૮૨૦ની ટીકા તથા ભાવદીપિકા પા.૨૨૬, ૨૩૪)**

**વૃદ્ધિગત સમ્યક્ચારિત્રમાં ઉત્પન્ન સૂક્ષ્માતિસૂક્ષ્મ દોષને બતાવવાવાળા ગુણસ્થાનનું નામ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન છે.**

આ દસમાથી આગળના ગુણસ્થાનોમાં ચારિત્રની અપેક્ષાથી દોષોની વાત જ નથી, કારણ કે ઉપશાંતમોહ આદિ સર્વ ગુણસ્થાન સર્વથા વીતરાગરૂપ જ છે.

સાતમાં ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનોમાં ચારિત્ર સંબંધી વૃધ્ધિનું સ્વરૂપ કાંઈક વિશિષ્ટ જ છે, કારણ કે તેની બાહ્ય પ્રવૃતિમાં કાંઈ પરિવર્તન જોવામાં આવતું નથી. છતાંય અંતરંગમાં ઉત્તરોત્તર વિશેષરૂપથી ચારિત્ર વધતું જ જાય છે. **વધતાં થકા ચારિત્રની તથા લોભકષાયની અંતિમ કડીનું નામ સૂક્ષ્મસાંપરાય છે.** દસમા ગુણસ્થાનના સૂક્ષ્મસાંપરાયરૂપ દોષને માત્ર આગમપ્રમાણથી જાણી શકીએ છીએ. બીજી કાંઈ બાહ્યક્રિયા આદિ ઉપાય નથી.

**કાળ અપેક્ષા વિચાર :**

**જઘન્યકાળ :** જો કોઈ મહામુનિરાજ ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં ઓછામાં ઓછા માત્ર એક સમય રહી શકે છે, તે પણ મૃત્યુની અપેક્ષાથી.

**જેમ :-** ૧) કોઈ મહામુનિરાજ ઉપશાંતમોહ ગુણસ્થાનથી નીચે ઉતરતાં સમય સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં એક સમય રહે અને તત્કાળ મનુષ્યાયુનો ક્ષય થઈ જાય તો મરણની અપેક્ષાએ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનનો જઘન્યકાળ એકસમય હોઈ શકે છે.

૨) ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનથી ઉપર ચડતા સમયે કોઈ

મુનિરાજ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં માત્ર એકસમય આરૂઢ થયા અને તત્કાળ મનુષ્યાયુનો ક્ષય થઈ જાય તો પણ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનનો જઘન્યકાળ એક સમય ઘટિત થાય છે.

**ઉત્કૃષ્ટ કાળ :** સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત છે. જો ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી મુનિરાજ વધારેમાં વધારે આ દસમા ગુણસ્થાનમાં રહે તો યથાયોગ્ય માત્ર એક અંતર્મુહૂર્ત રહી શકે છે.

ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ તો યથાયોગ્ય એક જ અંતર્મુહૂર્ત છે. ક્ષપકનો જઘન્યકાળ કે મધ્યમકાળ હોતો જ નથી.

**મધ્યમકાળ :** ઉપશમક સૂક્ષ્મ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનના બે સમય, ત્રણ, ચાર, પાંચ આદિ સમયોથી લઈને યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત કાળની વચ્ચેનો સમય દસમા ગુણસ્થાનનો મધ્યમકાળ થઈ શકે છે, તે પણ મરણની અપેક્ષા.

**ગમનાગમનનો અપેક્ષા વિચાર :**

**ગમન :** ૧) ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી મહામુનિરાજ ઉપરની તરફ ઉપશાંતમોહ ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

૨) ઉપશમશ્રેણીથી ઉતરતા સમય સૂક્ષ્મસાંપરાય મુનિરાજ જ દસમા ગુણસ્થાનથી નીચે નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં ગમન કરે છે.

૩) જો ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી મુનિરાજનું મરણ થઈ જાય તો વિગ્રહગતિના સમયે તેમનું ચોથા ગુણસ્થાનમાં જ ગમન થાય છે.

૪) ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી મહામુનિરાજ ક્ષીણમોહ ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

**પ્રશ્ન ૯૫ :** ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી મુનિરાજ ઉપશાંતમોહ ગુણસ્થાનમાં ગમન શા માટે નથી કરતા ?

**ઉત્તર :** ચારિત્રમોહનીય કર્મનો ક્રમશઃ ક્ષય અર્થાત્ નાશ કરતા-કરતા પૂર્ણ વીતરાગતાને અલ્પકાળમાં પ્રાપ્ત કરશે. તેથી તે નિયમથી ક્ષીણ મોહ ગુણસ્થાનમાં જ ગમન કરે છે; અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનમાં નહીં.

ક્ષપકશ્રેણીના ગુણસ્થાનોમાં ઉપશમશ્રેણીનું ૧૧મું ગુણસ્થાન નથી આવતું કારણ કે ક્ષપક અને ઉપશમકનો માર્ગ પરસ્પર નિયમથી ભિન્ન છે.

**આગમન :** ૧) ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં આગમન નીચેના

ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનથી જ થાય છે.

૨) શ્રેણીથી ઉતરતા સમયે ઉપરના ઉપશાંતમોહ ગુણસ્થાનથી પણ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં આગમન થાય છે.

૩) ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં આગમન માત્ર ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનથી થાય છે.

**વિશેષ અપેક્ષા વિચાર:**

૧) અનંતગુણી વિશુદ્ધિ આદિ આવશ્યક કાર્ય આઠમા ગુણસ્થાનવત આ સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં પણ સતત થતાં જ રહે છે.

૨) દસમા ગુણસ્થાનના નામને અનુસાર જ દસમામાં સૂક્ષ્મલોભ કષાયનો ઉદય રહે છે અને ઉદયના નિમિત્તથી અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મલોભ પરિણામ પણ થતાં રહે છે. છતાંય **સૂક્ષ્મલોભરૂપ ચારિત્રમોહનીય વિભાવ પરિણામથી ચારિત્ર મોહનીય ક્રોધ, માન, માયા, લોભ અથવા હાસ્યાદિ નવ નોકષાયોમાંથી કોઈનો પણ નવો કર્મબંધ થતો નથી.**

**પ્રશ્ન ૯૬ :** સૂક્ષ્મલોભ કષાય નામના દ્રવ્યકર્મના ઉદયથી સૂક્ષ્મલોભરૂપ પરિણામ પણ મુનિરાજને થાય છે. એવી સ્થિતિમાં ઓછામાં ઓછા સૂક્ષ્મલોભનો બંધ થવો જ જોઈએ ને? આપ નવા કર્મબંધ ન થવાની વાત કેમ અને કયા આધારે કરો છો?

ઉત્તર: લોભરૂપ કષાય પરિણામ અત્યંત સૂક્ષ્મ છે, જઘન્ય છે. **માટે ચારિત્રમોહનીય કર્મનો બંધ નથી થતો. સૂક્ષ્મલોભ કર્મના ઉદયાનુસાર અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મલોભના જઘન્ય પરિણામ થાય છે. જ્યારે મોહ પરિણામ જઘન્ય હોય છે ત્યારે નવા મોહ કર્મનો બંધ નથી થતો. એવો કર્મ બંધનો એક અટલ નિયમ છે.**

જો જઘન્ય ભાવરૂપ સૂક્ષ્મલોભ થવા પર પણ નવા સૂક્ષ્મલોભ કર્મનો નવો બંધ પણ થતો રહેશે તો ક્યારેય જીવને મુક્તિ થશે જ નહીં. જો સૂક્ષ્મલોભથી પણ સૂક્ષ્મલોભનો બંધ માનશું તો સૂક્ષ્મલોભનો ઉદય આવતો રહેશે અને સૂક્ષ્મલોભનો બંધ થતો રહેશે તો જીવને ક્યારેય મુક્તિ મળશે જ નહીં.

આ અતિ મહત્વપૂર્ણ વિષયને પંચાસ્તિકાય ગાથા ૧૦૩ની ટીકામાં સ્પષ્ટ કરેલ છે.

"જે કર્મબંધની પરંપરાનું પ્રવર્તન કરાવવાવાળી રાગ - દ્વેષ પરિણતિને

છોડે છે, તે પુરૂષ, વાસ્તવમાં જેનો સ્નેહ (રાગાદિરૂપ ચીકાશ) જીર્ણ થાય છે, એવો જઘન્ય સ્નેહ(સ્પર્શગુણની પર્યાયરૂપ ચીકાશ). જે પ્રકારે જઘન્ય ચીકાશની સન્મુખ વર્તતા થકા પરમાણુ ભાવીબંધથી પરાન્મુખ છે, તે જ પ્રકારે **જેના રાગાદિ જીર્ણ થઈ જાય છે એવો પુરૂષ ભાવીબંધથી પરાન્મુખ છે.** ગુણની સન્મુખ વર્તતા થકા પરમાણુની જેમ ભાવીબંધથી પરાન્મુખ વર્તતા થકા, પૂર્વ બંધથી છૂટતા થકા, અગ્નિતપ્ત જળની દુઃસ્થિતિ સમાન જે દુઃખ તેનાથી પરિમુક્ત થાય છે." (જુઓ તત્વાર્થ સૂત્ર અધ્યાય ૫ નું સૂત્ર ક્રમાંક ૩૪)

માટે દસમા ગુણસ્થાનમાં અત્યંત સૂક્ષ્મરૂપ લોભ પરિણામ થવાથી કોઈપણ પ્રકારના નવા કષાય અને નોકષાય મોહકર્મનો કર્મબંધ થતો નથી.

૩) સૂક્ષ્મલોભ પરિણામથી મોહકર્મનો બંધ તો નથી થતો, છતાંય આ જ અબુધ્ધિપૂર્વક સૂક્ષ્મલોભ પરિણામથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય - આ ત્રણે ઘાતિકર્મો તથા સાતાવેદનીય આદિનું અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિનું અલ્પ અનુભાગ સહિત બંધ તો થાય જ છે.

**જુઓ, પરિણામ અને કર્મબંધની વિચિત્રતા ! ક્ષપક - દસમા ગુણસ્થાનવર્તી આ જ મહામુનિરાજ માત્ર એક જ યથાયોગ્ય અંતર્મુહૂર્તકાળ વ્યતીત થતાં જ બારમાં ક્ષીણમોહ ગુણસ્થાનને નિયમથી પ્રાપ્ત કરે છે. બારમાં ગુણસ્થાનના અંતિમ સમયમાં જ આ ત્રણે ઘાતિકર્મોનો ક્ષય પણ કરવાવાળા છે, કારણ કે તેઓ અંતર્મુહૂર્તમાં જ સર્વજ્ઞ ભગવાન થવાના છે. છતાંય જ્યાંસુધી દસમા ગુણસ્થાનમાં છે ત્યાં સુધી ત્રણે ઘાતિકર્મોનો બંધ થતો જ રહે છે.**

બંધ થવાનું આ છેલ્લું ગુણસ્થાન છે. ક્ષીણમોહ ગુણસ્થાન તથા તેનાથી આગળના ગુણસ્થાનોમાં બંધ થતો નથી, કારણ કે બંધનું કારણ મોહભાવનો પૂર્ણરીતે નાશ થઈ ગયો છે.

૪) અહીં **સાંપરાય** શબ્દ અંતદીપક છે. તેથી આ સૂક્ષ્મસાંપરાય નામના દસમા ગુણસ્થાનવાળા સાંપરાય અર્થાત્ સૂક્ષ્મ કષાય સહિત જ છે.

મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી સર્વ જીવ નિયમથી કષાય સહિત છે. આ સમજવા માટે પ્રથમ ગુણસ્થાનથી બધા દસે ગુણસ્થાનોને નિમ્નાનુસાર લખી શકીએ છીએ. જેમ કે - સાંપરાય મિથ્યાત્વ, સાંપરાય સાસાદન સમ્યક્ત્વ, સાંપરાય મિશ્ર, સાંપરાય અવિરતસમ્યક્ત્વ આદિ.

## ધવલા પુસ્તક - ૧નો અંશ (પાના નં. ૧૮૮ થી ૧૮૯)

**સૂક્ષ્મસાંપરાયપ્રવિષ્ટશુધ્ધિસંયતોમાં ઉપશમક અને ક્ષપક બંને છે. ॥૧૮॥**

સૂક્ષ્મ કષાયને સૂક્ષ્મસાંપરાય કહે છે. તેમાં જે સંયતોની શુધ્ધિએ પ્રવેશ કર્યો છે, તેને સૂક્ષ્મસાંપરાયપ્રવિષ્ટશુધ્ધિસંયત કહે છે. તેમાં ઉપશમક અને ક્ષપક બંને હોય છે અને સૂક્ષ્મસાંપરાયની અપેક્ષા તેમાં ભેદ ન હોવાથી ઉપશમક અને ક્ષપક, આ બંનેનું એક જ ગુણસ્થાન હોય છે. આ ગુણસ્થાનમાં અપૂર્વ અને અનિવૃત્તિ આ બંને વિશેષણોની અનુવૃત્તિ થાય છે. માટે આ બંને વિશેષણ પણ સૂક્ષ્મસાંપરાય શુધ્ધિસંયતની સાથે જોડી લેવા જોઈએ, અન્યથા પૂર્વવર્તી ગુણસ્થાનોથી આ ગુણસ્થાનની કોઈપણ વિશેષતા નથી થઈ શકતી.

**વિશેષાર્થ :** જો દસમા ગુણસ્થાનમાં અપૂર્વ વિશેષણની અનુવૃત્તિ નહી થાય તો તેમાં પ્રતિસમય અપૂર્વ અપૂર્વ પરિણામોની સિધ્ધિ નહીં થઈ શકે અને અનિવૃત્તિ વિશેષણની અનુવૃત્તિ નહીં માનવાથી એક સમયવર્તી જીવોના પરિણામોમાં સમાનતા અને કર્મોના ક્ષપણ અને ઉપશમનની યોગ્યતા સિધ્ધ થતી નથી. માટે પૂર્વ ગુણસ્થાનોથી આમાં સર્વથા ભિન્ન જાતિના જ પરિણામ હોય છે, આ વાતને સિધ્ધ કરવા માટે અપૂર્વ અને અનિવૃત્તિ, આ બે વિશેષણોની અનુવૃત્તિ કરી લેવી જોઈએ. આ પ્રકારે આ ગુણસ્થાનમાં અપૂર્વતા, અનિવૃતિપણું અને સૂક્ષ્મસાંપરાયપણારૂપ વિશેષતા સિધ્ધ થઈ જાય છે.

આ ગુણસ્થાનમાં જીવ કેટલીયે પ્રવૃતિઓનો ક્ષય કરે છે, આગળ ક્ષય કરશે અને પૂર્વમાં ક્ષય કરી ચૂક્યો, માટે આમાં ક્ષાયિકભાવ છે. તથા કેટલીક પ્રકૃતિઓનો ઉપશમ કરે છે, આગળ ઉપશમ કરશે અને પહેલા ઉપશમ કરી ચૂક્યો, માટે આમાં ઔપશમિક ભાવ છે. સમ્યક્દર્શનની અપેક્ષાએ ક્ષપક શ્રેણીવાળા ક્ષાયિકભાવ સહિત છે અને ઉપશમ શ્રેણીવાળા ઔપશમિક તથા ક્ષાયિક આ બંને ભાવોથી યુક્ત છે, કારણ કે બંનેય સમ્યક્ત્વોથી ઉપશમશ્રેણીનું ચડવું સંભવ છે. આ સૂત્રમાં ગ્રહણ કરેલ સંયતપદની પૂર્વવત અર્થાત્ અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં બતાવવામાં આવેલ સંયતપદની સફલતાની સમાન સફળતા સમજી લેવી જોઈએ. કહ્યું પણ છે -

પૂર્વસ્પર્ધક અને અપૂર્વસ્પર્ધકના અનુભાગથી અનંતગણા હીન અનુભાગવાળા સૂક્ષ્મલોભમાં જે સ્થિત છે, તેને સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનવર્તી જીવ સમજવો જોઈએ.

## ૧૧

## ઉપશાંતમોહ ગુણસ્થાન

અગ્યારમાં ગુણસ્થાનનું નામ ઉપશાંતમોહ છે. શ્રેણીના ચારે ગુણસ્થાનોમાં ઉપશાંતમોહ ઉપશમશ્રેણીનું અંતિમ ગુણસ્થાન છે. એક અપેક્ષાથી વિચારીએ તો **ઉપશમશ્રેણીના ફળરૂપ આ ગુણસ્થાન છે.**

**ચારિત્રમોહનીય કર્મના** ઉપશમનો પ્રારંભ ઉપશમક અપૂર્વકરણ **ગુણસ્થાનના પહેલા સમયથી ચાલુ થયો હતો અને તે ઉપશમનું કાર્ય દસમા ગુણસ્થાનના અંતિમ સમયમાં કહો અથવા અગ્યારમાં ગુણસ્થાનના પહેલા સમયમાં કહો, પરિપૂર્ણ થયું છે.** આને જ આ પ્રકારે સમજી શકીએ છીએ......

સૂક્ષ્મલોભ કષાયનો વ્યય અને વીતરાગતાનો ઉત્પાદ એક સમયવર્તી છે, કારણ કે ઉત્પાદ અને વ્યય બંને એક જ સમયમાં ઉત્પન્ન થાય છે, આ વસ્તુ વ્યવસ્થાનું સ્વરૂપ છે.

અંતમાં ચારે ગુણસ્થાન પરિપૂર્ણ વીતરાગીઓના ગુણસ્થાન છે, તેમાં આ ઉપશાંતમોહ ગુણસ્થાન પ્રથમ ગુણસ્થાન છે. અગ્યારમાં ગુણસ્થાનવર્તી આ મુનીશ્વર પૂર્ણ સુખી થઈ ગયા છે.

**પ્રશ્ન ૯૭ :** આઠેય કર્મોની સત્તા હોવા છતાં અને સાતે કર્મોનો ઉદય હોવા છતાં ઉપશાંતમોહી મુનિરાજ પૂર્ણસુખી કેમ હોઈ શકે ?

**ઉત્તર : દુઃખનુ મૂળ કારણ એક મોહ પરિણામ જ છે.** ઉપશાંતમોહ ગુણસ્થાનવર્તી મહામુનિરાજને મોહનો પૂર્ણ ઉપશમ થઈ ગયો છે. તેઓને રંચમાત્ર પણ મોહ પરિણામ નથી રહ્યો, તેથી તે પૂર્ણ સુખી છે. **સત્તામાં સ્થિત કર્મોનું વર્તમાન કાળના ભાવોથી કાંઈ સંબંધ નથી રહેતો.**

શેષ દ્રવ્યમોહ કર્મ દબાયેલા છે. અંતર્મુહૂર્ત કાળ (ઉપશાંતમોહ

ગુણસ્થાનનો કાળ) સમાપ્ત થતા જ ચારિત્રમોહ કર્મનો ઉદય પોતાની યોગ્યતાથી થાય છે. છતાંય જેટલા સમય સુધી ઉપશાંતમોહી અર્થાત્ વીતરાગી છે, તેટલા કાળ સુધી તે પૂર્ણ સુખી છે. જ્ઞાનાવરણાદિ ત્રણે ઘાતિકર્મોનો ઉદય થવાથી તે અલ્પજ્ઞાની કહેવાય છે, માટે અનંત સુખી નથી. મોહ પરિણામનો જેટલા કાળ સુધી સર્વથા ઉદયાભાવ છે, તેટલા કાળ સુધી તે પૂર્ણ સુખી જ છે.

આ વિષયનો ભાવ મોક્ષમાર્ગ પ્રકાશક પાના -૭૨ પર આ રીતે વ્યક્ત કર્યો છે :- **"જેટલી-જેટલી ઈચ્છા ઘટે તેટલું-તેટલું દુઃખ દૂર થાય છે અને જ્યારે મોહના સર્વથા અભાવથી સર્વ ઈચ્છાનો અભાવ થાય ત્યારે બધું દુઃખ દૂર થાય છે, સાચું સુખ પ્રગટ થાય છે." "સર્વ દુઃખ દૂર થાય છે"** આનો જ અર્થ સુખ પૂર્ણ હોય છે, એ સ્પષ્ટ થયું.

પાપ કર્મની સત્તા હોવાથી કોઈ જીવનો કાંઈ બગાડ થતો નથી અને પુણ્ય કર્મની સત્તા હોવાથી કોઈ જીવનો કાંઈ સુધાર થતો નથી.

**જો જીવ મોહ પરિણામ કરે છે તો જીવનો બગાડ છે,** કારણ કે મોહ સ્વયં દુઃખમય ભાવ છે. **જો જીવ મોહ પરિણામ નથી કરતો તો જીવનો સુધાર થાય છે,** કારણ કે મોહના અભાવથી ઉત્પન્ન વીતરાગભાવ સુખમય છે.

જ્યારે જીવ પોતાના અનાદિકાળના અજ્ઞાનવશ કુસંસ્કારોના અપરાધથી મોહ પરિણામ કરે છે, તે જ સમય પૂર્વબદ્ધ મોહકર્મનો ઉદય નિમિત્તરૂપથી રહે જ છે.

જેમ કે મુનિરાજ પાર્શ્વનાથ પર મુનિજીવનમાં જ્યારે કમઠ ઉપસર્ગ કરી રહ્યો હતો, ત્યારે તેમના ભવિષ્યમાં ઉદયમાં આવવાવાળી તીર્થંકર પ્રકૃતિની સત્તાએ કાંઈ મદદ નહોતી કરી. તેમ જ અહીં મોહનીય કર્મ સત્તામાં હોવા છતાં તે માટીના ઢેફા સમાન જ છે. તેનો વર્તમાનકાળના ભાવોથી કોઈપણ નિમિત્ત-નૈમિત્તિક સબંધ નથી. આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૧માં ઉપશાંતમોહ ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રકારે આપેલ છે :-

**कदकफलजुदजलंवा, सरएसरवाणियंवणिम्मलयं।**
**सयलोवसंतमोहो, उवसंत कसायओ होदि ॥**

**નિર્મલી** ફળ સહિત સ્વચ્છ જળના સમાન અથવા શરદકાળના

**સરોવર જળ સમાન સર્વ મોહોપશમનના સમયે વ્યક્ત થવાવાળી પૂર્ણ વીતરાગી દશાને ઉપશાંત ગુણસ્થાન કહે છે.**

પરિભાષામાં ઉપશાંતમોહી જીવના વીતરાગી પરિણામને સ્વચ્છ જળની ઉપમા આપી છે. કતકફળ (નિર્મલી નામની વનસ્પતિનું બીજ જે મલિન જળને નિર્મળ બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે.)થી નિર્મળ કરેલ જળ અર્થાત્ જળ તો નિર્મળ થયું છે, છતાંય મળ નીચે દબાયેલો સત્તામાં છે. આ પહેલા દ્રષ્ટાંતનો ભાવ છે.

બીજું દ્રષ્ટાંત શરદકાળના સરોવરનું છે. અહીં પણ જળતો નિર્મળ છે, પરંતુ નીચે કાદવ-કીચડનું અસ્તિત્વ છે, છતાંય વર્તમાનમાં તે સ્વચ્છ જળમાં મુખ અથવા ચંદ્રમાનું પ્રતિબિંબ જેમનું તેમ જ ઝલકે છે.

આનો ભાવ એ છે કે વર્તમાનકાળમાં તો વીતરાગભાવ પૂર્ણ નિર્મળ છે, છતાંય એક અંતર્મુહૂર્ત પછી જ પૂર્વ સંસ્કારવશ પોતાના અપરાધથી, કાળક્ષય કે આયુક્ષય થઈ જવાથી રાગાદિરૂપ પરિણમિત થઈ જાય છે. અગ્યારમાં ગુણસ્થાનમાં ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણરૂપ ઉપશમ થયેલ છે.

**પ્રશ્ન ૯૮ :** અંતરકરણરૂપ ઉપશમ કોને કહે છે ?

**ઉત્તર :** અધઃકરણાદિ દ્વારા ઉપશમ વિધાનથી અનંતાનુબંધી ચતુષ્ટય વગર મોહનીયકર્મની જે ઉપશમના હોય છે, તેને પ્રશસ્ત ઉપશમ કહે છે. તેને જ અંતરકરણરૂપ ઉપશમ પણ કહેવાય છે.

• આગામીકાળમાં (ભવિષ્યકાળમાં) ઉદયમાં આવવા યોગ્ય કર્મ પરમાણુઓને જીવના પરિણામ વિશેષરૂપ નિમિત્ત થવાથી આગળ-પાછળ ઉદયમાં આવવા યોગ્ય થવાને અંતરકરણરૂપ ઉપશમ કહે છે. (વિશેષમાટે જુઓ પરિશિષ્ટ ક્રમાંક ૫)

અહીં ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓને ઉપરિતન તથા અધસ્તનસ્થિતિમાં વહેંચી વચ્ચેનો કાંઈક ભાગ ૨૧ ચારિત્રમોહનીય કર્મોથી રહિત કરવામાં આવેલ છે. જ્યારે જીવ અધસ્તન-સ્થિતિના કર્મોના ઉદયને પૂર્ણ ભોગવીને ખાલી જગ્યામાં આવે છે, ત્યારે સ્વયં જ કર્મના રહિતપણાને કારણ જીવને ક્ષાયિક ચારિત્રના જેવું ઔપશમિક નિર્મળતારૂપ પૂર્ણ વીતરાગ ચારિત્ર થઈ જાય છે.

આ અગ્યારમાં ગુણસ્થાનનું પૂર્ણ નામ "ઉપશાંતકષાય-વીતરાગ

છદ્મસ્થ" છે.

**ઉપશાંતકષાય વીતરાગ છદ્મસ્થ સંબંધી સ્પષ્ટીકરણ :-**

**ઉપશાંતકષાય** = દબાયેલો કષાય, **વીતરાગ** = વર્તમાનકાળમાં સર્વ પ્રકારના રાગાદિથી રહિત, **છદ્મ** = જ્ઞાનાવરણ - દર્શનાવરણના સદ્ભાવમાં વિદ્યમાન અલ્પજ્ઞાન-દર્શન, **સ્થ** = સ્થિત રહેવાવાળા અર્થાત્ જ્ઞાનાવરણ -દર્શનાવરણના સદ્ભાવમાં સ્થિત રહેવાવાળા.

સર્વ પ્રકારના કષાય ઉપશાંત થઈ જવાથી વર્તમાનમાં સર્વ રાગાદિના અભાવરૂપ વીતરાગતા પ્રગટ થવા છતાં પણ જ્ઞાનાવરણાદિકનો ક્ષયોપશમ થવાથી છદ્મસ્થ, અલ્પજ્ઞ જ છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

ઉપશાંત મોહી મુનિરાજ દ્વિતીયોપશમ સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વ - આ બંને સમ્યક્ત્વોમાંથી કોઈપણ એક સમ્યક્ત્વના ધારક હોઈ શકે છે. કોઈપણ સમ્યક્ત્વને કારણ આ ઉપશાંતમોહ ગુણસ્થાનના સામાન્ય સ્વરૂપમાં અથવા સુખાદિમાં કાંઈ ફરક નથી પડતો.

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

અહીં ઔપશમિક યથાખ્યાત ચારિત્ર છે.

હવે આ અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનના પ્રથમ સમયમાં જ શેષ સૂક્ષ્મ લોભકષાયનો ઉદય તથા સૂક્ષ્મલોભ પરિણામ - બંને ઉપશમિત થઈ ગયા છે.

**પ્રશ્ન ૯૯ :** અનંતાનુબંધી ચારે કષાયોનું શું થયું ? બતાવશો ?

**ઉત્તર :** જો ઉપશાંતમોહી મુનિરાજ ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ છે તો તેમના અનંતાનુબંધી કષાયોનો અભાવ ક્ષાયિક સમ્યક્ત્વ થવા પહેલા જ વિસંયોજન દ્વારા થઈ ગયો છે.

જો ઉપશાંતમોહી મુનિરાજ દ્વિતીયોપશમ સમ્યક્ત્વના ધારક છે તો ઉપશમશ્રેણી પર આરૂઢ થવા પૂર્વે સાતિશય અપ્રમત્ત અવસ્થામાં જ તેમનું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ દ્વિતીયોપશમ સમ્યક્ત્વરૂપમાં પરિણમી જાય છે. તે સમયે અનંતાનુબંધી ચતુષ્ટ્યની વિસંયોજના કે સદ્અવસ્થારૂપ ઉપશમ થઈ જાય છે. માટે તેના અનંતાનુબંધીની સત્તા ભજનીય છે અર્થાત્ સત્તા હોય પણ અને ન પણ હોય.

**પ્રશ્ન ૧૦૦:** વિસંયોજના કોને કહે છે ?

**ઉત્તર :** અનંતાનુબંધી ચારે કષાયોના અપ્રત્યાખ્યાનાવરણાદિ બાર કષાય અને હાસ્યાદિ નવ નોકષાયરૂપથી પરિણમિત થવાને વિસંયોજના કહે છે. આ વિસંયોજનાનું કાર્ય ચોથા ગુણસ્થાનથી લઈને સાતમા ગુણસ્થાન સુધી ક્યાંય પણ થઈ શકે છે.

ઉપશાંતમોહ ગુણસ્થાનના પ્રથમ સમયથી જ ઔપશમિક ચારિત્ર જેનું બીજું નામ ઔપશમિક યથાખ્યાતચારિત્ર છે, તે પ્રગટ થઈ જાય છે. **આ ગુણસ્થાનના પ્રથમ સમયથી લઈને અંતિમ સમય સુધી એક જ પ્રકારની વીતરાગતા, નિર્મળતા, શુદ્ધિ રહે છે.** તેથી ચારિત્ર એક જ પ્રકારનું ઔપશમિક યથાખ્યાતચારિત્ર રહે છે.

મોહ પરિણામનો અભાવ આટલી વિવક્ષા લઈને વિચારીએ તો બારમાં, તેરમાં, ચૌદમાં ગુણસ્થાનોમાં જે ક્ષાયિક યથાખ્યાતચારિત્ર છે તેમાં અને અગિયારમાં ગુણસ્થાનના ઔપશમિક યથાખ્યાતચારિત્રમાં તલમાત્રનો પણ અંતર નથી. મોહકર્મની સત્તાનો સદ્ભાવ અને ક્ષયરૂપ અભાવની અપેક્ષાથી જે અંતર છે, તે વિષય અહીં ગૌણ છે.

૧૧માં ગુણસ્થાનના કાળ સબંધી જઘન્ય, ઉત્કૃષ્ટ તથા મધ્યમ એમ ત્રણ ભેદ હોય છે. ૧૨મા ગુણસ્થાનના કાળ સંબંધી કોઈ ભેદ નથી.

છતાંય આ અગ્યારમાં ગુણસ્થાનથી મહામુનિરાજ ક્રમશઃ નીચે કાળક્ષય અથવા આયુક્ષયની અપેક્ષાએ ઉતરે જ છે. આ વિષયમાં મોક્ષમાર્ગ પ્રકાશકના પાના ૨૬૫નો અંતિમ પરિચ્છેદ જોવા જેવો છે.

"જુઓ, પરિણામોની વિચિત્રતા! કોઈ જીવ તો ૧૧મા ગુણસ્થાનમાં યથાખ્યાતચારિત્ર પ્રાપ્ત કરીને ફરી મિથ્યાદ્રષ્ટિ થઈ કિંચિત્ ન્યૂન અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ સુધી સંસારમાં રખડે છે અને કોઈ નિત્ય નિગોદથી નીકળી, મનુષ્ય થઈ, મિથ્યાત્વ છૂટ્યા પછી અંતર્મુહૂર્તકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. એવું જાણી **પોતાના પરિણામ બગડવાનો ભય રાખવો અને તેને સુધારવાનો ઉપાય કરવો."**

**કાળ અપેક્ષા વિચાર :**

**જઘન્યકાળ :** કોઈ મુનિરાજે દસમા ગુણસ્થાનથી પોતાની વીતરાગતાને ઉત્તરોત્તર વધારતા-વધારતા અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનમાં પ્રવેશ કર્યો અને માત્ર એક સમય ઉપશાંતમોહ ગુણસ્થાનમાં ઉપશમ યથાખ્યાત ચારિત્રની સાથે પૂર્ણ વીતરાગી તથા પૂર્ણ સુખી જીવન વ્યતીત કરતા

થકા જો મનુષ્ય આયુનો ક્ષય થઈ જાય તો મૃત્યુની અપેક્ષાએ ઉપશાંત મોહ ગુણસ્થાનનો જઘન્યકાળ માત્ર એક સમય જ ઘટિત થાય છે. આવી રીતે એક જ પ્રકારે જઘન્યકાળ ઘટિત થાય છે.

**ઉત્કૃષ્ટકાળ :** કોઈ પણ મહામુનિરાજ જો અગ્યારમા ગુણસ્થાનમાં મૃત્યુ વગર પૂર્ણકાળ સુધી રહે છે તો યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. બધાં ઉપશાંતમોહી મુનિરાજોનો અગ્યારમાં ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ સરખો જ રહે છે.

**મધ્યમકાળ :** જેમ અગ્યારમાં ગુણસ્થાનનો જઘન્યકાળ મરણની અપેક્ષાએ એક સમય જાણી લીધો, તેમ જ મરણની અપેક્ષાએ જ બે, ત્રણ, ચાર, પાંચ આદિ સમયોથી લઈને યથાયોગ્ય અંતર્મુહૂર્તમાં એક સમય ઓછા કાળ સુધી જેટલા પણ ભેદ થાય છે, તે સર્વ પ્રકાર અગ્યારમાં ગુણસ્થાનનો મધ્યમકાળ સમજી લેવો જોઈએ.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** ૧) અગ્યારમું ઉપશાંતમોહ ગુણસ્થાન ઉપશમશ્રેણીનું અંતિમ ગુણસ્થાન છે. તેથી આ અગ્યારમાં ગુણસ્થાનથી આગળ ક્ષીણમોહ આદિ ગુણસ્થાનોમાં ઉપશાંતમોહી મુનિરાજનું ગમન થતું નથી. ઉપશમક મુનિરાજની ઉપશાંતમોહ ગુણસ્થાન સુધી જ વિકસીત થવાની પર્યાયગત યોગ્યતા રહે છે.

જેમ કે - ખેલાડી બોલને ઉપરથી થાપો (સ્ટ્રોક) લગાવી આકાશમાં ઉછાળે છે. બોલને ઉપરથી જ્યારે સ્ટ્રોક લાગે છે ત્યારે જ બોલ કેટલો ઉપર આકાશમાં ઉછળશે તે તેનું સામર્થ્ય નિશ્ચિત થાય છે.

**તેમ જ** ભાવલિંગી સંતોનું આંતરિક બુદ્ધિપૂર્વક પુરૂષાર્થ એ જ રહે છે કે ધારાવાહીરૂપથી શુદ્ધિની ઉત્તરોત્તર વૃદ્ધિ કરતા થકા પૂર્ણતાને પ્રાપ્ત કરે. પરંતુ અબુદ્ધિપૂર્વક શ્રેણી આરોહણના સમયે અપૂર્વકરણ ગુણસ્થાનના પહેલા સમયના પુરૂષાર્થ અનુસાર જ આ સ્વભાવથી જ નિશ્ચિત થઈ જાય છે કે આ મુનિરાજ ઉપરના ક્યા ગુણસ્થાન સુધી જશે. નિર્ણય કરાવવાવાળું કોઈ કર્મ અથવા અન્ય કોઈ પણ નથી.

૨) ઉપશાંતમોહ ગુણસ્થાનવર્તી મુનિરાજ યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત કાળ સુધી ઉપશાંતમોહ ગુણસ્થાનમાં પૂર્ણ વીતરાગી તથા પૂર્ણ સુખી રહે છે. ત્યારબાદ નીચેના ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં ગમન કરે છે.

અહીં એક સુનિશ્ચિત નિયમ સમજવો જોઈએ કે કોઈપણ ઉપશમક ઉપશાંત મોહ ગુણસ્થાનથી નીચે ઉતરે છે તો તે ક્રમ ક્રમથી છઠ્ઠા ગુણસ્થાન સુધી નીચે તો નિયમથી એક પછી એક ગુણસ્થાનમાં ગમન કરે છે. અગ્યારમાંથી સીધા છઠ્ઠામાં કે ચોથામાં અથવા મિથ્યાત્વ ગુણસ્થાનમાં ગમન ક્યારેય અને કોઈપણ નથી કરતા.

પંડિત ભાગચંદ્રજીના ભજનનો સાચો ભાવ ન સમજવાને કારણ કોઈક લોકો ભ્રમબુદ્ધિ રાખે છે, તે ખોટું છે.

ભજનમાં આવ્યું છે કે :-

**मुनि एकादश गुणस्थान चढ़ि, गिरत तहाँ तैं चितभ्रम ठानी।**
**भ्रमत अर्धपुद्गल परिवर्तन, किंचित उन काल परमानी।।**
**जीव के परिणामनि की यह, अति विचित्रता देखहु ज्ञानी।**

**"गिरत तहाँ तै चितभ्रम ठानी"** થી જીવ ઉપશાંતમોહ ગુણસ્થાનથી સીધો મિથ્યાત્વ ગુણસ્થાનમાં ગમન કરે છે, એવું સમજવું સત્ય નથી, કારણ કે પદ્યમાં તો તેઓએ સામાન્ય કથન કર્યું છે. ઉપર જે ક્રમથી નીચે ઉતરવાની વિધિ કહી છે, તેમજ સમજવું જોઈએ.

વાસ્તવમાં જોવા જઈએ તો શ્રેણી ચઢતા સમયે મુનિરાજની જે ક્રમથી કર્મોની ઉપશમતા થઈ છે, અગ્યારમાંથી પાછા ફરતાં સમય વિલોમ(વિપરીત)થી તે જ ઉપશમિત ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓની ઉદીરણા થાય છે. તેથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તો ક્રમથી જ ઉતરીને આવે છે. ત્યારબાદ કોઈપણ ગુણસ્થાનમાં ગમન કરી શકે છે.

૩) ઉપશમશ્રેણી ચડતાં (આઠમાગુણસ્થાનનો પ્રથમ ભાગ છોડીને) કે ઉતરતા સમય ઉપશમક મુનિરાજનું કોઈપણ ગુણસ્થાનમાં મૃત્યુ સંભવ છે. અર્થાત્ મૃત્યુના અંતિમ સમય સુધી મુનિરાજની શ્રેણીનું તે જ ગુણસ્થાન રહે છે, જેમાં મરણ થાય છે. પરંતુ મરણ પછી વિગ્રહગતિમાં તે ઉપશમક મુનિરાજ ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં જ ગમન કરે છે અને દેવગતિમાં જ જન્મ લે છે.

**આગમન :** ઉપશાંતમોહ ગુણસ્થાનમાં નીચેના માત્ર ઉપશમક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનથી જ આગમન થાય છે.

**જેમ :** આઠમા, નવમા અને દસમાં - ત્રણે ગુણસ્થાનોના ઉપશમક અને ક્ષપક એમ બે ભેદ હોય છે, તેમ ઉપશાંતમોહ ગુણસ્થાનના ઉપશમક

અને ક્ષપક એમ બે ભેદ નથી. તેથી ઉપશાંતમોહ એક જ પ્રકારનું છે.

**વિશેષ અપેક્ષા વિચાર :**

૧) અગ્યારમાં ગુણસ્થાનમાં કેવળ સાતાવેદનીયનો ઈર્યાપથાસ્રવ માત્ર એક સમયનો જ હોય છે, ત્યારબાદ તે સ્થિતિ રહિત થવાને કારણ ખરી જાય છે. અહીં સાંપરાયિક આસ્રવ નથી હોતો, કારણ કે તે ઉપશાંતમોહી મુનિરાજ પૂર્ણરૂપથી કષાયરહિત અર્થાત્ વીતરાગી થઈ ગયા છે.

જો કે **ઈર્યા** શબ્દનો અર્થ **ગમન** પણ છે, પરંતુ અહીં તેનો અર્થ **યોગ** લેવામાં આવ્યો છે. **માટે ઈર્યાપથ આસ્રવનો અર્થ માત્ર યોગ દ્વારા થવાવાળા આસ્રવ થાય છે.** આશય એ છે કે જેમ સુકી ભીંત પર ધૂળ આદિ ફેંકવાથી તે તેને ન ચોંટી તત્કાળ જમીન પર સરકી જાય છે, તેમ જ યોગથી ગ્રહણ કરેલા જે કર્મ, કષાયના અભાવમાં આત્માથી ન ચીપકતાં તત્કાળ અલગ થઈ જાય છે, તે ઈર્યાપથાસ્રવ છે. સંસાર પરંપરા માટેનું કારણ જે સાંપરાયિક આસ્રવ છે, તે આ અગ્યારમા ગુણસ્થાનમાં નથી હોતું. (વિશેષ સ્પષ્ટીકરણ ધવલા પુસ્તક ૧૩માં પાનાનં ૪૭-૪૮ જુઓ)

૨) ઔપશમિક ભાવોનો સદ્ભાવ આ અગ્યારમાં ઉપશાંતમોહ ગુણસ્થાન સુધી જ રહે છે.

ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર આ બંને શુદ્ધભાવ તો જીવના ત્રિકાળી, સહજ, શુદ્ધાત્મસ્વભાવના આશ્રયથી જ ઉત્પન્ન થાય છે અને તેમાં કર્મનું ઉપશમ નિમિત્ત માત્ર છે.

**વસ્તુ સ્વાતંત્ર્યની મુખ્યતાથી કે અધ્યાત્મની અપેક્ષા અથવા ઉપાદાન - ઉપાદેયની અપેક્ષા અથવા ધર્મ વ્યક્ત કરવાના ભાવથી વિચારીએ તો કર્મના ઉપશમના સમયે કર્મની અપેક્ષા રાખ્યા વગર જ જીવના આ બંને - સમ્યક્ત્વ તથા ચારિત્ર પરિણામ થાય છે એમ સમજવું જોઈએ.**

શ્રદ્ધાગુણની અપેક્ષા ઔપશમિક સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનમાં પ્રગટ થાય છે. ચોથા ગુણસ્થાનથી અગ્યારમાં ગુણસ્થાન સુધી ઔપશમિક સમ્યક્ત્વભાવ રહી શકે છે.

ઔપશમિક ચારિત્રભાવનો પ્રારંભ તો ઉપશમક અપૂર્વકરણ ગુણસ્થાનના પહેલા સમયથી જ થાય છે અને તેની પૂર્ણતા આ

ઉપશાંતમોહ ગુણસ્થાનમાં થાય છે. અગ્યારમાં ગુણસ્થાનથી આગળના ગુણસ્થાનોમાં ઔપશમિક ભાવ માટે અવકાશ જ નથી.

૩) અગ્યારમાં ગુણસ્થાનના નામમાં જે 'વીતરાગ' શબ્દ આવ્યો છે, તે શબ્દ આદિ દીપક છે.

વીતરાગ શબ્દના આદિ દિપકનો ભાવ સ્પષ્ટ સમજવા માટે આપણે આ પ્રકારે કથન કરી શકીએ. **જેમ કે** - વીતરાગ ઉપશાંત મોહ, વીતરાગ ક્ષીણ મોહ, વીતરાગ સયોગકેવળી, વીતરાગ અયોગકેવળી, વીતરાગી સિધ્ધ ભગવાન.

ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી આંશિક વીતરાગતાનો પ્રારંભ થાય છે. ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ તથા અનંતાનુબંધી એક કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતા. પાંચમા ગુણસ્થાનમાં બે કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતા તથા છઠ્ઠા ગુણસ્થાનમાં ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વીતરાગતા અને સંજ્વલન કષાય તથા નવ નોકષાયજન્ય રાગ-દ્વેષ આ રીતે, વીતરાગતા + રાગ - દ્વેષ, બંને મિશ્રરૂપ ભાવ રહે છે. આ પરિણામોની મિશ્રતા ચોથા ગુણસ્થાનથી લઈને દસમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન સુધી યથાયોગ્ય પ્રત્યેક ગુણસ્થાનમાં સમજી લેવું જોઈએ.

**અગ્યારમા ગુણસ્થાનના સંબંધમાં વિશેષ વિચાર:**

મુનિરાજના ઉપશમશ્રેણીથી પતિત થવાના વિષયને મુખ્ય કરીને **"કર્મ બળવાન છે, કર્મ જીવને સંસારમાં રખડાવે છે, કર્મની સામે કોઈનું કાંઈ નથી ચાલતું"** આદિ વ્યવહારનયના કથનને સત્યાર્થ માની અજ્ઞાની જીવ જિનવાણીનો જ આધાર લઈ મિથ્યાત્વને જ પુષ્ટ કરે છે.

**માટે ઉપશાંતમોહી મુનિરાજનું પતન કેમ થાય છે, આ વિષયનો આપણે ખૂબ સાવધાનીપૂર્વક નિર્ણય કરવો જોઈએ.**

અગ્યારમાં ગુણસ્થાનનું સ્વરૂપ યથાર્થરૂપથી સમજાવવા આચાર્યશ્રી નેમિચંદ્ર કૃત લબ્ધિસાર ગાથા ૩૧૦ની સંસ્કૃત ટીકાનો પંડિતપ્રવરશ્રી ટોડરમલજીકૃત હીન્દી અનુવાદ આ પ્રમાણે છે: -

**बहुरि या प्रकार संक्लेश - विशुध्धता के निमित्त करि उपशांत कषायतैं पड़ना -चढ़ना न हो, जातैं तहाँ परिणाम अवस्थित विशुद्धता लिए वर्तैं हैं।**

સ્પષ્ટ શબ્દોમાં અહીં આવ્યું છે કે સંકલેશ વિશુધ્ધતાથી પડવું-ચડવું

થતું નથી.

એટલે કે અગ્યારમાં ગુણસ્થાનનો જેટલો યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળ છે, તેટલા કાળમાં સમય-સમય પ્રતિપૂર્ણ વીતરાગતા છે. વીતરાગતામાં કાંઈ ઓછું - વધારેપણું નથી.

અગ્યારમાં ગુણસ્થાનના પહેલા સમયથી લઈને અંતિમ સમય સુધી ચારિત્રમોહનીયકર્મના અંતરકરણરૂપ ઉપશમ થવાથી ત્યાંની વિશુધ્ધતામાં અંતર/ફરક પડવામાં કાંઈ નિમિત્તિ નથી, વિશુધ્ધતા અવસ્થિત છે.

છતાં પણ જીજ્ઞાસુના મનમાં શંકા ઉત્પન્ન થઈ જ જાય છે કે ઉપશાંત મોહ ગુણસ્થાનથી પતિત થવાનું કાંઈ ને કાંઈ કારણતો હોવું જ જોઈએ. તેનું સમાધાન લબ્ધિસારના જ શબ્દોમાં -

**"बहुरि तहाँ तैं जो पड़ना हो है, सो तिस गुणस्थान का काल पूरा भए पीछे नियम तैं उपशम काल का क्षय होई, तिसके निमित्त तैं हो है।"**

સંક્ષેપમાં એટલું જ સમજાવ્યું છે કે ચારિત્રમોહનીય કર્મના ઉપશમના કાળનો ક્ષય થવાથી જ ઉપશાંતમોહી મુનિરાજ નીચે દસમાં સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં આવે છે.

આ જ વિષયનો હજી વિશેષ ખુલાસો આવ્યો છે - **.विशुद्ध परिणामनि की हानि के निमित्त तैं तहाँ - (उपशांत मोह) तैं नाहीं पड़े वा अन्य कोई निमित्त तैं नाहीं पड़े है; ऐसा जानना ।.** આ વાક્યમાં સંકલેશ- વિશુધ્ધ પરિણામ નિમિત્ત નથી અને કર્મની પણ નિમિત્તતાનો નિષેધ કર્યો છે, કારણ કે **મુનિરાજ જ્યાંસુધી ઉપશાંતમોહ ગુણસ્થાનમાં છે, ત્યાં સુધી તો કોઈપણ ચારિત્રમોહનીય કર્મના ઉદયનું નિમિત્તપણું બનતું જ નથી.**

જ્યારે સૂક્ષ્મલોભ કષાયના ઉદયનું નિમિત્ત બને છે, ત્યારે અગ્યારમું ગુણસ્થાન જ નથી રહેતું, દસમું સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન થઈ જાય છે. તેથી ઉપશાંતમોહી મુનિરાજ કર્મને કારણ નીચેના ગુણસ્થાનમાં આવ્યા, આ વ્યવહાર નથી થઈ શકતો. **તેથી કાળક્ષય જ નીચેના ગુણસ્થાનમાં આવવાનું કારણ બને છે.**

**પ્રશ્ન ૧૦૧ :** આ અગ્યારમાં ગુણસ્થાનમાં શું મુનિરાજનું મૃત્યુ નથી થઈ શકતું?

**ઉત્તર :** ઉપશાંતમોહ ગુણસ્થાનવર્તી મુનિરાજનું અંતર્મુહૂર્તકાળમાંથી

કોઈપણ સમયમાં મરણ થઈ શકે છે. મરણ તો થાય છે શુધ્ધોપયોગરૂપ (ધ્યાનરૂપ) અવસ્થામાં અને ત્યારબાદ તત્કાળ જ વિગ્રહગતિના પ્રથમ સમયમાં ચોથું ગુણસ્થાન થઈ જાય છે અને તે મુનિરાજ દેવગતિમાં જ સૌધર્મ સ્વર્ગથી સર્વાર્થસિધ્ધિ સુધી ક્યાંય પણ જન્મ લે છે.

**પ્રશ્ન ૧૦૨ :** તો ઉપશાંતમોહથી પડવાના કારણ બે થઈ ગયા. માત્ર એક કાળક્ષય જ ન રહ્યો ?

**ઉત્તર :** આપનું કહેવુ઼ં સત્ય છે. જો મરણની અપેક્ષા લઈએ તો ઉપશાંતમોહથી પડવાના બે કારણ સિધ્ધ થઈ જાય છે. (૧) કાળ-ક્ષય અને (૨) ભવ-ક્ષય. છતાંપણ સામાન્ય કારણથી તો એક માત્ર કાળ-ક્ષય જ છે, કારણ કે ભવ-ક્ષયરૂપ કારણતો કદાચિત્ કોઈ મુનિરાજને હોય છે તથા ઉપશમશ્રેણીના અન્ય ગુણસ્થાનોમાં પણ હોઈ શકે છે. ભવ -ક્ષય અને આયુક્ષય - આ બંનેનો એક જ અર્થ છે.

## ધવલા પુસ્તક ૧ નો અંશ (પાના નં. ૧૮૯ થી ૧૯૦)

**સામાન્યથી ઉપશાન્તકષાયવીતરાગછદ્મસ્થ જીવ છે ।। ૧૯।।**

જેની કષાય ઉપશાંત થઈ ગઈ છે, તેને ઉપશાંતકષાય કહે છે. જેનો રાગ નષ્ટ થઈ ગયો છે, તેને વીતરાગ કહે છે. છદ્મ જ્ઞાનાવરણ અને દર્શનાવરણને કહે છે, તેમાં જે રહે છે તેને છદ્મસ્થ કહે છે. જે વીતરાગ હોવા છતાં પણ છદ્મસ્થ છે, તેને વીતરાગછદ્મસ્થ કહે છે. આમાં આવેલા વીતરાગ વિશેષણથી દસમા ગુણસ્થાન સુધીના સરાગ છદ્મસ્થોનું નિરાકરણ સમજવું જોઈએ. જે ઉપશાંતકષાય હોવા છતાં પણ વીતરાગ છદ્મસ્થ હોય છે, તેને ઉપશાંતકષાયવીતરાછદ્મસ્થ કહે છે. આમાં (ઉપશાંતકષાય વિશેષણથી) આગળના ગુણસ્થાનોનું નિરાકરણ સમજી લેવું જોઈએ..

આ ગુણસ્થાનમાં સંપૂર્ણ કષાયો ઉપશાંત થઈ જાય છે, માટે આમાં ઔપશમિકભાવ છે, તથા સમ્યક્દર્શનની અપેક્ષા ઔપશમિક અને ક્ષાયિક બંને ભાવ છે.

-૦-૦-૦-૦-

(૧૨)

## ક્ષીણમોહ ગુણસ્થાન

બારમાં ગુણસ્થાનનું નામ ક્ષીણ મોહ છે. શ્રેણીના ચાર ગુણસ્થાનોમાં ક્ષીણમોહ આ ક્ષપકશ્રેણીનું અંતિમ ગુણસ્થાન છે. એક અપેક્ષાથી વિચારીએ તો ક્ષપકશ્રેણીની પૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ સ્વરૂપ આ ગુણસ્થાન છે.

ચારિત્રમોહનીય કર્મના ક્ષયનો વિશેષ પ્રારંભ તો ક્ષપક અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ સમયથી ચાલુ થઈ ગયો હતો અને તે ક્ષયનું કાર્ય દસમા ગુણસ્થાનના અંતિમ સમયમાં કહો કે બારમાં ગુણસ્થાનના પહેલા સમયમાં કહો, બંનેનો એક જ અર્થ છે - પરિપૂર્ણ થયું છે. આ વિષયને આપણે આ પ્રમાણે પણ સમજી શકીએ છીએ - સૂક્ષ્મલોભ કષાયનો વ્યય અને પૂર્ણ વીતરાગતાનો ઉત્પાદ બંને એક સમયવર્તી છે, કારણ કે ઉત્પાદ અને વ્યય બંને એક જ સમયમાં થાય છે, આ વસ્તુ વ્યવસ્થાનું સ્વરૂપ છે.

અનંતાનુબંધી કષાય ચોકડીની અપેક્ષાએ વિચારીએ તો ચોથા ગુણસ્થાનથી લઈને સાતમા ગુણસ્થાન સુધી જ્યાં ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી છે, તે ગુણસ્થાનથી ચારિત્ર મોહનીયકર્મના ક્ષયનો પ્રારંભ થયો છે, પરંતુ અહીં ચારિત્ર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓની મુખ્યતાથી કથન કર્યું છે.

ચૌદ ગુણસ્થાનનોમાંથી અંતના ચારે ગુણસ્થાન પૂર્ણ વીતરાગમય છે. તેમાં ક્ષીણમોહ બીજા નંબરનું અને પૂર્ણ સુખ સ્વરૂપ ગુણસ્થાન છે.

**પ્રશ્ન ૧૦૩ :** મોહ કર્મ નષ્ટ થઈ ગયો છે તો શું થયું ? હજી જ્ઞાનાવરણાદિ ત્રણે ઘાતિ કર્મોનો ઉદય સતત ચાલુ જ છે. તેથી ક્ષીણમોહી મુનિરાજને પૂર્ણ સુખી કહેવું કેમ યોગ્ય થશે ?

**ઉત્તર** : અગ્યારમા ગુણસ્થાનના પ્રારંભમાં અમે આ વિષયનું સ્પષ્ટીકરણ કર્યું છે. તેને અહીં ફરી જુઓ.

જ્ઞાનાવરણાદિ ત્રણે ઘાતિકર્મોના ઉદય-નિમિત્તક ઔદયિક અજ્ઞાનનો પર્યાયમાં સદ્ભાવ છે, જ્ઞાન કેવળજ્ઞાનરૂપથી પરિણમિત નથી થયું અને તેના ક્ષયોપશમ અનુસાર જ્ઞાનનો આંશિક વિકાસ થયો છે, આ વાત તો સાચી છે, છતાંય જ્ઞાનની અલ્પજ્ઞતા દુઃખમાં કે સુખની પૂર્ણતામાં કાંઈ બાધક નથી. આ વિષયને હજી વિશેષ સુગમતાથી આ પ્રકારે પણ આપણે સમજી શકીએ છીએ :-

૧) પૂર્ણ સુખમાં જીવના મોહપરિણામ બાધક છે, જેમાં મોહનીય કર્મનો ઉદય તથા ઉદીરણા નિમિત્ત છે. બારમા ગુણસ્થાનમાં મોહકર્મ તથા મોહ પરિણામનો સર્વથા અભાવ થવાને લીધે અહીં અનાકુળ લક્ષણ ક્ષાયિક અતીન્દ્રિય સુખ પ્રગટ થયું છે.

૨) વ્યવહારનયથી અનંતસુખમાં બાધક અંતરંગકારણ - જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મનો ઉદય નિમિત્ત છે.

જેમ જ્ઞાનના સમ્યક્પણામાં સમ્યક્દર્શન નિમિત્ત છે, તેમ જ સુખની અનંતતામાં અનંતજ્ઞાન પણ નિમિત્ત છે. છતાંય સુખની પૂર્ણતામાં જ્ઞાનાવરણાદિ કર્મોનું કાંઈપણ સાક્ષાત બાધકપણું નથી.

**પ્રશ્ન ૧૦૪** : તો અલ્પજ્ઞ અવસ્થામાં વિકસીત બાર અંગનું શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાય જ્ઞાન વધારે સુખનું ઉત્પાદક કારણ છે કે નહીં ?

**ઉત્તર** : અલ્પજ્ઞ અવસ્થામાં વિકસીત જ્ઞાન ન સુખમાં કારણ છે ન દુઃખમાં, કારણ કે જ્ઞાન તો જ્ઞાનરૂપ છે. જ્ઞાનથી જ્ઞાન થાય છે, સુખ-દુઃખ નહીં. જ્ઞાન અને સુખ ગુણ બંને એકબીજાથી ભિન્ન છે. તેમનું પરિણમન પણ ભિન્ન - ભિન્ન જ છે. એક ગુણ અન્યગુણથી રહિત છે - એવું તત્વાર્થસૂત્રમાં પણ આચાર્ય ઉમાસ્વામીએ કહ્યું છે - **द्रव्याश्रया निगुणा गुणाः** (અધ્યાય ૫, સૂત્ર ૪૧) ગુણ દ્રવ્યના આશ્રયથી રહે છે અને એકગુણ અન્ય અનંતગુણોથી રહિત છે. વસ્તુનું જેવું સ્વરૂપ છે, તેવું જ સમજવાથી જ્ઞાનમાં નિર્મળતા અને યથાર્થતા આવે છે.

**પ્રશ્ન ૧૦૫** : આનો અર્થ શું સુખી થવા માટે જ્ઞાનનો કાંઈ ઉપયોગ જ નથી ?

**ઉત્તર**: જ્ઞાનનો ઉપયોગ કેમ નહીં? મુખ્ય રીતે તે જ્ઞાનનો જ ઉપયોગ સુખી થવા માટે છે. અલ્પજ્ઞ અવસ્થામાં વિકસીત જ્ઞાનથી સર્વજ્ઞ કથિત યથાર્થ વસ્તુ-વ્યવસ્થાને જાણી જીવ જેટલો-જેટલો મોહ ઓછો કરતો જાય છે, તેટલું - તેટલું સુખ ઉત્પન્ન થતું જાય છે. મોહ પરિણામ જ દુઃખ છે અને નિર્મોહીપણું જ સુખ છે.

આ વિષયનું સ્પષ્ટીકરણ મોક્ષમાર્ગ પ્રકાશન પાના - ૩૧૦ પર આ પ્રકારે સુબોધ શબ્દોમાં કર્યું છે...**નિર્ણય કરવાનો પુરૂષાર્થ કરો, તો ભ્રમનું કારણ જે મોહકર્મ તેનું પણ ઉપશમાદિ થાય ત્યારે સ્વયમેવ ભ્રમ દૂર થઈ જાય, કારણ કે નિર્ણય કરતા પરિણામોની વિશુધ્ધતા થાય છે, તેનાથી મોહની સ્થિતિ-અનુભાગ ઘટે છે.**

**પ્રશ્ન ૧૦૬** : આ વિષય માટે કાંઈ શાસ્ત્રાધાર પણ છે?

ઉત્તર : હા, શાસ્ત્રાધાર છે. જિનધર્મનો કોઈપણ વકતા હોય તે શાસ્ત્રાધારથી જ વાત કરે છે અને કરવી પણ જોઈએ. શાસ્ત્રને પ્રમાણ માન્યા વગર પોતાની મતિ-કલ્પનાથી સમજવું કે સમજાવવાવાળો જિનધર્મનો યથાર્થ વકતા ન હોઈ શકે. શાસ્ત્ર કથિત વિષયને યુક્તિથી સમજાવવું અલગ વાત છે અને માત્ર કલ્પનાથી તર્ક કે યુક્તિ જ બતાવતા રહેવું અલગ વાત છે.

મોક્ષમાર્ગપ્રકાશકના ત્રીજા અધ્યાયમાં પાના - ૫૦ પર કહ્યું છે - **જો જાણવું ન થવું દુઃખનું કારણ હોય તો પુદ્દગલને પણ દુઃખ થવું જોઈએ, પરંતુ દુઃખનું મૂળ કારણ ઈચ્છા છે.**

**.........મોહનો ઉદય છે, તે દુઃખરૂપ જ છે.** વધારે શાસ્ત્રાધાર માટે મોક્ષમાર્ગ પ્રકાશક ગ્રંથનું પાનું ૬ અને ૭૨નું પણ અવલોકન કરો.

**જો વધારે જ્ઞાન જ સુખનું ઉત્પાદક હોય તો અલ્પજ્ઞાનધારી ભાવલિંગી મુનિરાજથી બારઅંગોના ધારક અસંયમી દેવો તથા, અગ્યારઅંગ અને નવપૂર્વના ધારક દ્રવ્યલિંગી મુનિરાજને પણ વધારે સુખી માનવાનો પ્રસંગ આવી જશે. મતિ-શ્રુતજ્ઞાન -અવધિજ્ઞાન એમ ત્રણ તથા મતિશ્રુતાવધિ-મનઃપર્યય એમ ચાર જ્ઞાનના ધારી મુનિરાજોને અતિસુખી અને શિવભૂતિ જેવા અલ્પ ક્ષયોપશમવાળા મુનિરાજને ઓછા સુખી માનવા પડશે, જે શાસ્ત્ર તથા યુક્તિથી પણ સંમત નથી થઈ શકતું. તેથી મોહથી રહિત વીતરાગ પરિણામ જ નિશ્ચયથી સુખ છે.**

હવે યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત માત્ર કાળ વ્યતીત થઈ જવા પર આ ક્ષીણમોહી મુનિરાજ નિયમથી અરહંત પરમાત્મા થઈ જાય છે.

બારમા ગુણસ્થાનવર્તી મુનિરાજ, આ ગુણસ્થાનના પ્રથમ સમયથી જ ક્ષીણમોહી થઈ ગયા છે. અર્થાત્ આઠેય કર્મોમાંથી મોહકર્મનો સર્વથા નાશ થઈ ગયો છે. તે આ ગુણસ્થાનના પ્રથમ સમયથી જ અરહંત પરમાત્મા થવા માટે ત્રણ ઘાતિકર્મોની ઉત્તરોત્તર અસંખ્યાતગણી નિર્જરા કરી રહ્યા છે (અસંખ્યાતગણી નિર્જરા તો આઠમા ગુણસ્થાનથી જ ચાલુ થઈ ગઈ હતી) વીતરાગ થયા વિના સર્વજ્ઞ થવું સંભવ નથી. આ વાત સત્ય હોવા છતાં પણ વીતરાગ થતાં જ તત્કાળ બારમાં ગુણસ્થાનના પહેલા સમયમાં જ સર્વજ્ઞ નથી થતાં.

**પ્રશ્ન ૧૦૭ :** બારમા ગુણસ્થાનમાં ક્ષીણમોહી થતાં જ સર્વજ્ઞ થઈ જવા જોઈએ, એમાં શું વિપત્તિ છે ?

**ઉત્તર :** જ્ઞાનાવરણાદિ ત્રણ ઘાતિકર્મોની સત્તા તથા ઉદય જ સર્વજ્ઞ થવામાં નિમિત્તરૂપમાં બાધક છે, કારણ કે દસમા ગુણસ્થાનમાં પણ રાગ પરિણામથી જ્ઞાનાવરણાદિનો બંધ થયો હતો. તથા પૂર્વે બાંધેલા કર્મોની પણ સત્તા છે, તેનો ક્ષય થતાં જ કેવળજ્ઞાન થાય છે.

ત્રણ ઘાતિકર્મોનો નાશ કરવા માટે અંતર્મુહૂર્ત સુધી એકત્વવિતર્ક શુકલધ્યાન/ શુદ્ધોપયોગનું હોવું જરૂરી છે.

મુનિરાજ વીતરાગ થયા બાદ સર્વજ્ઞ થાય છે, આ સામાન્ય કથન છે અને પૂર્ણ વીતરાગ થયા બાદ પણ એક અંતર્મુહૂર્ત કાળસુધી એકત્વવિતર્ક શુકલધ્યાન/ શુદ્ધોપયોગ કર્યા પછી જ ત્રણે ઘાતિકર્મોનો ક્ષય થવાથી મુનિરાજ સર્વજ્ઞ થાય છે, આ કથન વિશેષ તથા સૂક્ષ્મ છે. (વિશેષ સ્પષ્ટીકરણ માટે પંચાસ્તિકાય ગાથા-૧૫૦ -૧૫૧ની ટીકા જુઓ)

જો બારમા ગુણસ્થાનના પ્રથમ સમયમાં જ મુનિરાજ સર્વજ્ઞ થઈ જાય છે તો બારમા ક્ષીણમોહ ગુણસ્થાનનો અભાવ થઈ જશે અને ગુણસ્થાન ચૌદના બદલે તેર જ સિધ્ધ થશે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર ગાથા-૬૨માં ક્ષીણમોહ ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે :-

**णिस्सेसखीणमोहो, फलिहामलभायणुदयसमचित्तो।**
**खीणकसायो भण्णदि, णिग्गंथो वीयरायेहिं।।**

**સ્ફટિકમણિના પાત્રમાં રાખેલા નિર્મળ જળની સમાન સંપૂર્ણ કષાયોના ક્ષયના સમય થવાવાળા જીવના અત્યંત નિર્મળ વીતરાગી પરિણોમોને ક્ષીણમોહ ગુણસ્થાન કહે છે.**

પરિભાષામાં ક્ષીણમોહી જીવના વીતરાગ પરિણામને નિર્મળ જળની ઉપમા આપી છે. તે જળ પણ સ્ફટિકમણિના પાત્રમાં રાખેલું નિર્મળ જળ છે. આ પાત્રમાંથી કોઈપણ પ્રકારની ગંદકી ફરીથી પાણીમાં આવવાની સંભાવનાની શંકા પણ ન હો, માટે સ્ફટિકમણિનું પાત્ર લીધું છે.

**જુઓ, આચાર્યોની સૂક્ષ્મદ્રષ્ટિએ પાત્ર(વાસણ)ને કેટલી દીર્ઘદ્રષ્ટિથી (વિચારપૂર્વક) પસંદ કરેલ છે. મહાપુરૂષોની દ્રષ્ટિમાં દ્રષ્ટાંત પણ અનુપમ તથા મૂળ વિષયના પોષક હોય છે. ક્ષીણમોહી મુનિરાજના ભાવી જીવનમાં કોઈપણ પ્રકારની અશુધ્ધતાની સંભાવના જ નથી. આ અભિપ્રાયને અત્યંત સ્પષ્ટ કરવા માટે જ સ્ફટિકમણિમયી પાત્રમાં રાખેલું નિર્મળ જળ લીધું છે.**

ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી મુનિરાજનો મોહ હવે તો અનંતકાળ માટે નષ્ટ થઈ ગયો છે. અંતિમ સૂક્ષ્મલોભ કષાયનો વ્યય અને પૂર્ણ વીતરાગતાનો ઉત્પાદ - આ બંનેની કાળ-પ્રત્યાસત્તિને અત્યંત સ્પષ્ટ કરવા માટે બારમાં ગુણસ્થાનની પરિભાષામાં **"કષાયોના ક્ષયના સમયે "** આ શબ્દોનો પ્રયોગ કર્યો છે. બારમા ગુણસ્થાનના નામમાં **પ્રયુક્ત ક્ષીણ શબ્દનો અર્થ દુબળા, પાતળા, નિર્બળ કે અશક્ત એમ ન કરવો જોઈએ. અહીં ક્ષીણ શબ્દનો અર્થ અભાવ/નાશ છે.**

વીતરાગ શબ્દનો શાબ્દિક અર્થ છે - **"विगत: राग: यस्मात् स: वीतराग:"** જેમાંથી રાગ નીકળી ગયો છે, તેને વીતરાગ કહે છે. **અહીં રાગ શબ્દ જીવના રાગ - દ્વેષ - મોહ/મિથ્યાત્વ, ક્રોધાદિ ચારે કષાય, હાસ્યાદિ નવ નોકષાય, આ બધાનું જ પ્રતિનિધિત્વ કરે છે.** રાગ ગયો તો જીવના સર્વ વિભાવ નીકળી ગયા છે અર્થાત્ પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ ગઈ છે.

આ વીતરાગરૂપ મોહ - ક્ષોભ રહિત સામ્યભાવને જ જિનધર્મમાં ધર્મરૂપ કહેલ છે. આ વીતરાગતા જીવના ચારિત્રગુણની સ્વાભાવિક પર્યાય છે. આ વીતરાગતાનો પ્રારંભ ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં થાય છે. તેથી ચતુર્થ ગુણસ્થાનવર્તી જીવ કોઈપણ ગતિના હો, તે ધાર્મિક જ છે.

વીતરાગ પર્યાયનો ઉત્પાદક તો જીવ દ્રવ્ય અથવા જીવનો ચારિત્રગુણ

છે. છતાંય નિમિત્તની મુખ્યતાથી કથન કરતા સમય નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે સંપૂર્ણ કષાયોના ક્ષયના સમયે અથવા કર્મ ક્ષયથી વીતરાગતા ઉત્પન્ન થઈ, એવા વ્યવહારનય સાપેક્ષ કથન જિનવાણીમાં આવેલ છે.

કષાય કર્મોનો નાશ પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે અને વીતરાગતા જીવ દ્રવ્યની ચારિત્ર ગુણની પર્યાય છે. આ બંનેને એક-બીજાના કાર્ય-કારણ બતાવવાવાળું જ નિમિત્ત-નૈમિત્તિકનું .કથન કહેવાય છે. આમાં બંને દ્રવ્યોની પર્યાયોની ભિન્નતા તથા સ્વતંત્રતાનું જ્ઞાન રાખવું બહુ મહત્વપૂર્ણ તથ્ય છે.

**જો કોઈ અજ્ઞાનવશ-નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં આ બંને પર્યાયોની ભિન્નતા તથા સ્વતંત્રતાનું જ્ઞાન નથી રાખી શકતા અને તેમાં કર્તા-કર્મ સંબંધ માની લે છે તો મિથ્યાત્વનો પ્રસંગ આવી જાય છે, જે સાત વ્યસનોથી પણ મહાન પાપ છે.**

કથન જિનવાણીનું હોવા છતાં પણ જો તેની અપેક્ષા સમજવાની સાચી દ્રષ્ટિ પ્રાપ્ત ન થઈ હો તો અપાત્ર જીવ જિનવાણીના લાભથી વંચિત જ રહે છે, જેના ફળસ્વરૂપ સંસારમાં અનંત દુઃખરૂપ જન્મ-મરણ જ કરતો રહે છે.

**અન્ય નામો**: ક્ષીણમોહ ગુણસ્થાનને જ ક્ષીણકષાય પણ કહે છે. તથા આનું પૂર્ણ નામ ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ છે.

**નામ સંબંધી સ્પષ્ટીકરણ**: **ક્ષીણ** = નાશ, નષ્ટ. **કષાય** = રાગ-દ્વેષ-મોહ/ વિકારી પરિણામ, **વીતરાગ** = રાગ-દ્વેષ આદિ સર્વ વિકારોથી રહિત અત્યંત નિર્મળ દશા, **છદ્મસ્થ** = જ્ઞાનાવરણાદિના સદ્‌ભાવમાં વિધમાન અલ્પ જ્ઞાન-દર્શનમાં સ્થિત.

**સર્વ કષાયોના ક્ષયના સમયે અર્થાત્ નિમિત્તથી પૂર્ણ નિર્મળ વીતરાગદશા પ્રગટ થઈ જવા છતાં જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ થવાથી ક્ષીણમોહી મહામુનિરાજ છદ્મસ્થ અર્થાત્ અલ્પજ્ઞ જ છે.**

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

બારમા ગુણસ્થાનવર્તી મહામુનિરાજને માત્ર ક્ષાયિક સમ્યક્ત્વ જ હોય છે, કારણ કે ઔપશમિક સમ્યક્ત્વ તથા ઔપશમિક ચારિત્રની સીમા અગ્યારમાં ગુણસ્થાન સુધી જ રહે છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

ક્ષીણમોહ ગુણસ્થાનમાં ક્ષાયિક યથાખ્યાતચારિત્ર જ હોય છે.

ક્ષપક અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનના પ્રથમ સમયથી જ ચારિત્ર મોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના આંશિક ક્ષયનું કાર્ય પ્રારંભ થવાથી આઠમામાં પણ ઉપચારથી ક્ષાયિક ચારિત્ર કહ્યું છે.

ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓમાંથી ૨૦ પ્રકૃતિઓનો ક્ષય તો નવમાં ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનના અંતિમ સમય સુધી થયો છે. દસમા ગુણસ્થાનમાં માત્ર સૂક્ષ્મલોભ કષાય બાકી રહ્યો છે. હવે આ બારમા ગુણસ્થાનના પ્રથમ સમયમાં જ બાકી સૂક્ષ્મલોભ કષાય કર્મનો ઉદય તથા પરિણામ બંનેનો ક્ષય થઈ જાય છે. માટે અહીં ક્ષાયિક ચારિત્ર પૂર્ણ થઈ ગયું છે.

**કાળ અપેક્ષા વિચાર :**

ક્ષીણમોહ ગુણસ્થાનનો કાળ અંતર્મુહૂર્ત છે.

છઠ્ઠા ગુણસ્થાનથી સાતમા અપ્રમત્ત ગુણસ્થાનનો કાળ(મૃત્યુની અપેક્ષા છોડીને) અડધો રહે છે. સાતમા થી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનનો કાળ થોડો ઓછો. અપૂર્વકરણની અપેક્ષા અનિવૃત્તિકરણનો કાળ થોડો વધારે ઓછો. નવમા થી દસમા ગુણસ્થાનનો કાળ તેનાથી પણ થોડો ઓછો અને ક્ષપક દસમાથી પણ આ ક્ષીણ મોહ ગુણસ્થાનનો કાળ થોડો ઓછો હોય છે. છતાંય છઠ્ઠા થી બારમા સુધી પ્રત્યેક ગુણસ્થાનનો કાળ પણ અંતર્મુહૂર્ત જ હોય છે.

**આશ્ચર્ય તો એ વાતનું છે કે છઠ્ઠા ગુણસ્થાનથી લઈને ક્ષીણમોહ ગુણસ્થાન સુધી શ્રેણીના ચારે ગુણસ્થાનોના કાળનો યોગ પણ માત્ર એક અંતર્મુહૂર્ત કાળ જ થાય છે, કારણ કે અંતર્મુહૂર્તના અસંખ્યાતા ભેદ છે.**

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી મહામુનિરાજ ઉપરની તરફ એકલા તેરમા ગુણસ્થાન સયોગકેવળીમાં જ ગમન કરે છે.

**આગમન :** આ ક્ષીણમોહ ગુણસ્થાનમાં આગમન માત્ર ક્ષપક સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનથી જ થાય છે.

**વિશેષ અપેક્ષા વિચાર :**

૧) અહીં માત્ર સાતાવેદનીયનો ઈર્યાપથાસ્રવ હોય છે, કારણ કે

બારમા ગુણસ્થાનવર્તી મહામુનિરાજને કોઈપણ પ્રકારના કોઈપણ કષાય-નોકષાયરૂપ અર્થાત્ મોહકર્મનો ઉદય તથા પરિણામ નથી રહ્યા, તે સર્વથા વીતરાગી થઈ ગયા છે. **અહીં આશ્રવનું એક માત્ર કારણ યોગનો જ સદ્ભાવ છે.**

૨) ક્ષપક અપૂર્વકરણના પ્રથમ સમયથી જ ચારિત્રમોહનીય આદિ કર્મોની શ્રેણીગત અસંખ્યાતગણી નિર્જરા પ્રારંભ થઈ છે, તે નિર્જરા નિરંતર ઉત્તરોત્તર વધતી-વધતી વીતરાગ પરિણામોના નિમિત્તથી વૃદ્ધિવંત પણ થતી જાય છે.

બારમા ગુણસ્થાનના પ્રથમ સમયથી જ જ્ઞાનાવરણાદિ ત્રણે ઘાતિકર્મોનો નવો બંધ થવો પણ સર્વથા અટકી ગયો છે. અહીં બારમા ગુણસ્થાનના અંતિમ સમયમાં ત્રણે ઘાતિકર્મોનો સર્વથા નાશ થતાં જ, તે જ સમય જ્ઞાન-દર્શન ગુણની અલ્પજ્ઞ અવસ્થાનો વ્યય અને કેવળજ્ઞાન તથા કેવળદર્શન પર્યાયનો ઉત્પાદ એક જ સમયે થાય છે. તે જ સમયે અલ્પવીર્યનો વ્યય થઈ અનંતવીર્યનો ઉત્પાદ થાય છે.

૩) ઔદારિક શરીરધારી છદ્મસ્થ જીવોના શરીરમાં નીરંતર અનંત નિગોદ જીવ વિદ્યમાન હોય છે. ક્ષીણમોહી મુનિરાજનું શરીર પણ ઔદારિક શરીર જ છે, પરંતુ આ મુનિરાજના શરીરમાંથી પ્રથમ સમયથી જ અનંત બાદર નિગોદ જીવોનું પ્રતિસમય નીકળવું અર્થાત્ મરવું પ્રારંભ થઈ જાય છે. ક્ષીણમોહ ગુણસ્થાનના અંતિમ સમયમાં બધા બાદર નિગોદીયા જીવોના અભાવથી અનંતર સમયવર્તી તેરમા ગુણસ્થાનના પ્રથમ સમયમાં જ મુનિરાજ પરમ ઔદારિક શરીરધારી અરહંત પરમાત્મા થઈ જાય છે. **(વિશેષ માટે ધવલા પુસ્તક-૧૪, પાનું ૪૮૮ થી ૪૯૧ જુઓ)**

**પ્રશ્ન ૧૦૮ :** અનંત નિગોદ જીવોની હિંસા કરવાવાળા મુનિરાજ અહિંસા મહાવ્રતી કેમ માની શકાય ?

**ઉત્તર :** પ્રમત્તયોગનો અભાવ થવાથી મુનિરાજ અહિંસા મહાવ્રતી જ છે. તે બાદર નિગોદ જીવોનું મૃત્યુ તેમના આયુકર્મના ક્ષયના નિમિત્તથી જ થયું છે, તેમાં ઔદારિક શરીરધારી મુનિરાજની કાંઈપણ નિમિત્તતા નથી.

૪) ચોથા ગુણસ્થાનથી બારમા ક્ષીણમોહ ગુણસ્થાન સુધીના સર્વ જીવોની અંતરાત્મા સંજ્ઞા છે.

૫) "ક્ષીણમોહ" આ શબ્દ આદિ દીપક છે. બારમાંથી લઈને ઉપરના

ગુણસ્થાનવર્તી સર્વ જીવ ક્ષીણમોહી જ છે. આ વિષયને સ્પષ્ટ સમજવા માટે આ પ્રકારનો સુલભ ઉપાય સારો છે - ક્ષીણમોહ સયોગકેવળી, ક્ષીણમોહ અયોગકેવળી, ક્ષીણમોહ સિધ્ધ ભગવાન .

૬) "ક્ષીણમોહ વીતરાગ છદ્મસ્થ" આ પૂર્ણ નામમાં આવેલ **છદ્મસ્થ** શબ્દને અંતદીપક સમજવું જોઈએ. પ્રથમ ગુણસ્થાનથી લઈને આ બારમા ગુણસ્થાન સુધીના સર્વ જીવ છદ્મસ્થ જ છે. છદ્મસ્થ શબ્દનું અંતદીપકપણું આ પ્રમાણે સ્પષ્ટ થાય છે - મિથ્યાત્વ છદ્મસ્થ, સાસાદન સમ્યક્ત્વ છદ્મસ્થ, મિશ્ર છદ્મસ્થ, અવિરતસમ્યક્ત્વ છદ્મસ્થ, સંયમાસંયમ છદ્મસ્થ. આ રીતે બારમા ગુણસ્થાન સુધી લગાડતા જ બધું સમજમાં આવી જાય છે.

૭) અહીં બારમા ગુણસ્થાનના પ્રથમ સમયમાં મુનિરાજ ચારિત્ર મોહનીયથી પણ રહિત હોય છે. તેથી તેઓને મોહમુક્ત કહેવું યુક્તિ તથા શાસ્ત્ર સંમત પણ છે.

**ધવલા પુસ્તક - ૧નો અંશ (પાના નં ૧૯૦ થી ૧૯૧)**

**સામાન્યથી ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ જીવ છે ॥૨૦॥**

જેમની કષાય ક્ષીણ થઈ ગઈ છે, તેમને ક્ષીણકષાય કહે છે. જે ક્ષીણકષાય હોવા છતાં વીતરાગી છે , તેમને ક્ષીણકષાય વીતરાગ કહે છે. જે છદ્મ અર્થાત્ જ્ઞાનાવરણ અને દર્શનાવરણમાં રહે છે, તેમને છદ્મસ્થ કહે છે. જે ક્ષીણકષાય વીતરાગ હોવા છતાં છદ્મસ્થ હોય છે તેમને ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ કહે છે. આ સૂત્રમાં આવેલું છદ્મસ્થ પદ અંતદીપક છે, માટે તેને પૂર્વવર્તી સમસ્ત ગુણસ્થાનોના સાવરણપણાનું સૂચક સમજવું જોઈએ.

**શંકા 31 :** ક્ષીણકષાય જીવ વીતરાગ જ હોય છે, એમાં કોઈ પ્રકારનો પણ વ્યભિચાર નથી આવતો, માટે સૂત્રમાં વીતરાગપદનું ગ્રહણ કરવું નિષ્ફળ છે.

**સમાધાન :** ના, કારણ કે નામ, સ્થાપના આદિરૂપ ક્ષીણકષાયની નિવૃત્તિ કરવી એ જ આ સૂત્રમાં વીતરાગપદને ગ્રહણ કરવાનું ફળ છે. અર્થાત્ આ ગુણસ્થાનમાં નામ, સ્થાપના અને દ્રવ્યરૂપ ક્ષીણકષાયનું ગ્રહણ નથી, પરંતુ ભાવરૂપ ક્ષીણ કષાયોનું જ ગ્રહણ છે, આ વાતને પ્રગટ કરવા માટે સૂત્રમાં વીતરાગ પદ આપેલ છે.

**શંકા 32 :** પાંચપ્રકારના ભાવોમાંથી ક્યા ભાવથી આ ગુણસ્થાનની ઉત્પત્તિ થાય છે?

**સમાધાન :** મોહનીય કર્મના બે ભેદ છે - દ્રવ્ય મોહનીય અને ભાવ મોહનીય. આ ગુણસ્થાનની પહેલા બંને પ્રકારના મોહનીય કર્મોનો સર્વથા નાશ થઈ જાય છે, માટે આ ગુણસ્થાનની ઉત્પત્તિ ક્ષાયિક ગુણ(ક્ષાયિકભાવ) થી છે. -૦-૦-

## ૧૩

## સયોગકેવળી ગુણસ્થાન

તેરમા ગુણસ્થાનનું નામ સયોગકેવળી છે. આ ક્ષપકશ્રેણીના ચારે ગુણસ્થાનો બાદ પ્રાપ્ત થવાવાળું પ્રથમ ગુણસ્થાન છે. ક્ષીણમોહ ગુણસ્થાનમાં જે સુખ પૂર્ણરૂપથી પરિણમિત થયું હતું, હવે તે સુખ અહીં કેવળજ્ઞાનના સદ્ભાવથી અનંત સુખરૂપથી કહેવામાં આવ્યું છે.

જીવની સર્વજ્ઞત્વ અને સર્વદર્શિત્વ શક્તિનો પૂર્ણ વિકાસ થઈ ગયો છે. **શરીર સહિત હોવા છતાં પણ શરીરથી નિર્લેપતા તથા નિરપેક્ષતાનું સાક્ષાત જીવન અર્થાત્ સયોગકેવલી અવસ્થા છે.** વીતરાગતાનું ફળ જ સર્વજ્ઞતા તથા સર્વદર્શિત્વ છે, હવે તે વ્યક્ત/પ્રગટ થઈ ગયું છે.

અરહંત અવસ્થામાં આ પ્રકારના અઢારદોષ નષ્ટ થઈ ગયા છે -

**ભૂખ, તરસ, બીમારી, જરા, જન્મ, મરણ, ભય, રાગ, દ્વેષ, ગર્વ, મોહ, ચિંતા, મદ, આશ્ચર્ય, નિંદ્રા, અરતિ, ખેદ અને પરસેવો.**

મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં. ૨ ઉપર પણ અરહંતોનું સ્વરૂપ અત્યંત માર્મિક રૂપથી સ્પષ્ટ કર્યું છે. આંશિક કથન આ પ્રકારે છે.

**"દેવાધિદેવપણાને પ્રાપ્ત થયા છે. તથા શસ્ત્રો, વસ્ત્રાદિક તથા અંગવિકારાદિક જે કામ, ક્રોધ આદિ નિંદ્યભાવોના ચિહ્ન, તેનાથી રહિત જેનું પરમ ઔદારિક શરીર થયું છે. જેના વચનોથી લોકમાં ધર્મતીર્થ પ્રવર્તે છે, જેના દ્વારા જીવોનું કલ્યાણ થાય છે.**

**જેમને લૌકિક જીવોના પ્રભુત્વ માનવાના કારણભૂત અનેક અતિશય અને નાના(વિવિધ) પ્રકારના વૈભવનું સંયુક્તપણું જોવામાં આવે છે.**

**જેમનું પોતાના હિત અર્થે ગણધર-ઇંદ્રાદિક ઉત્તમ જીવ સેવન કરે છે. - એવા સર્વપ્રકારથી પૂજવા યોગ્યશ્રી અરહંત દેવ છે, તેમને**

અમારા નમસ્કાર હો."

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૩-૬૪માં સયોગકેવળી ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

**केवलणाण दिवायरकिरणकलावप्पणासियण्णाणो।**
**णवकेवललद्धुग्गम सुजणिय-परमप्पववएसो ॥**
**असहायणाणदंसणसहिओ, इदि केवली हु जोगेण।**
**जुत्तोत्ति सजोगजिणो, अणाइणिहणारिसे उत्तो ॥**

**ઘાતિ ચતુષ્ટયના ક્ષયના કાળમાં ઔદયિક અજ્ઞાનનાશક તથા અસહાય કેવળજ્ઞાનાદિ નવ લબ્ધિસહિત થવાથી પરમાત્મ સંજ્ઞાને પ્રાપ્ત જીવની યોગસહિત વીતરાગ દશાને સયોગકેવળી ગુણસ્થાન કહે છે.**

ઘાતિ ચતુષ્ટય એટલે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મોનો ક્ષય થતાં જ તે જ સમયે કેવળજ્ઞાનાદિ નવ લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. આ બંને કાર્ય એક જ સમયમાં થાય છે. આ જ એક સમયની ઘટના/કાર્યને "ચાર ઘાતિકર્મોના ક્ષયના નિમિત્તથી કેવળજ્ઞાનાદિ થાય છે." - એવું નિમિત્ત-નૈમિત્તિકનું કથન શાસ્ત્રમાં જોવા મળે છે.

આ વિષયને આચાર્યશ્રી ઉમાસ્વામીએ તત્વાર્થસૂત્રના ૧૦મા અધ્યાયમાં પ્રથમસૂત્ર દ્વારા સ્પષ્ટ કર્યું છે -

**मोहक्षयाज्ज्ञानदर्शनावरणान्तराय-क्षयाच्च केवलम् ।**

કર્મોનો નાશ થવાથી કેવળજ્ઞાનાદિની ઉત્પત્તિ નથી થતી. કોઈ સ્વયં મરવાવાળો બીજાને કેવીરીતે જન્મ આપી શકે? કર્મોનો નાશ કેવળજ્ઞાનને ઉત્પન્ન નથી કરી શકતા. કેવળજ્ઞાનની પર્યાય તો જીવદ્રવ્યના જ્ઞાનગુણમાંથી પ્રગટ થઈ છે. દસમા ગુણસ્થાનના અંતિમ સમયમાં જ મોહકર્મનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો છે. બારમા ગુણસ્થાનના અંતિમ સમયમાં જ્ઞાનાવરણાદિ ત્રણે ઘાતિકર્મોનો નાશ/ક્ષય પણ થઈ ગયો છે. આના અભાવરૂપ નિમિત્તને મુખ્ય કરી નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે મોહ તથા જ્ઞાનાવરણાદિ ત્રણે ઘાતિકર્મોના ક્ષયથી કેવળજ્ઞાન થયું, એવું નિમિત્ત - નૈમિત્તિક સંબંધ જોઈને વ્યવહારનયથી, ઉપચારથી ઘાતિકર્મોના નાશથી કેવળજ્ઞાન થાય છે, એમ આચાર્યશ્રી કથન કરે છે.

**અજ્ઞાન બે પ્રકારનું હોય છે -**

૧) મિથ્યા શ્રધ્ધાના નિમિત્તથી સંશયાદિ વિપરીતતા લઈને જે વ્યક્ત જ્ઞાન હોય છે, તેને **અજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન કહે છે.** આ અજ્ઞાન પ્રથમ ગુણસ્થાનથી લઈને બીજા સાસાદન સમ્યક્ત્વ ગુણસ્થાન સુધી હોય છે. **(ત્રીજા ગુણસ્થાનમાં શ્રધ્ધાને અનુસાર જ્ઞાન પણ મિશ્ર/સમ્યક્‌મિથ્યારૂપ રહે છે.)**

૨) જ્ઞાનાવરણ કર્મના ઉદયથી જે જ્ઞાનની પર્યાયમાં અભાવ રહે છે તેને પણ અજ્ઞાન કહે છે. આ બીજા પ્રકારના અજ્ઞાનનું નામ ઔદયિક અજ્ઞાન છે. આ પહેલા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી રહે છે. ઔદયિક અજ્ઞાનનો નાશ કેવળજ્ઞાન થવાથી જ થાય છે. તેથી પરિભાષામાં ઔદયિક અજ્ઞાન નાશક વિશેષણ કેવળજ્ઞાન માટે આપેલ છે.

કેવળજ્ઞાનનું બીજું વિશેષણ "અસહાય" આપેલું છે. અસહાય શબ્દના બે અર્થ થાય છે.

**પ્રથમ અર્થ :** દીન, હીન, જેનું કોઈ મદદ કરવાવાળું કે સહાયક નથી, છતાંય જે બીજાથી સહયોગ અર્થાત્ મદદની અતિશય હાર્દિક પરિણામોથી અપેક્ષા રાખે છે, તેને અસહાય કહે છે. આ દીનતાનું ઘોતક(પ્રતિક) છે.

**બીજો અર્થ :** જેને કોઈથી પણ મદદ કે સહાયની આવશ્યકતા જ નથી, જે સ્વયં પોતાના સર્વ કાર્યને માટે સમર્થ, સ્વસહાય, સ્વાધીન તથા પરિપૂર્ણ છે, તેને પણ અસહાય કહે છે. આ સ્વયંપૂર્ણતાનું ઘોતક છે.

પ્રસ્તુત પ્રકરણમાં કેવળજ્ઞાન માટે બીજો જ અર્થ લાગુ પડે છે, પહેલો નહીં.

કેવળજ્ઞાન માટે ન શરીરની આવશ્યકતા છે, ન ઈન્દ્રિયોની અને ન બાહ્ય પ્રકાશ આદિ નિમિત્તોની. એટલું જ નહીં, કેવળજ્ઞાનને બાહ્ય જ્ઞેય **(જ્ઞાન જે વસ્તુને જાણે છે, તેને જ્ઞેય કહે છે)** વસ્તુઓની સાક્ષાત ઉપસ્થિતિ પણ આવશ્યક નથી; કારણ કે કેવળજ્ઞાન તો જે જ્ઞેય પદાર્થ વર્તમાનમાં છદ્મસ્થને સાક્ષાત પ્રત્યક્ષ નથી, **(જે જ્ઞેય સૂક્ષ્મ, અંતરિત અને દૂર છે)** એવા અનાદિ ભૂતકાળના સર્વ પદાર્થોને અને ભવિષ્યકાળના અનંતાનંત સર્વ પદાર્થોને પણ અર્થાત્ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને યુગપદ્ એક જ સમયમાં પ્રત્યક્ષ તથા સ્પષ્ટ જાણે છે.

અનંત જ્ઞાન, દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ તથા ચારિત્રને **અનંતચતુષ્ટય** કહે છે. દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યને **પાંચલબ્ધિ** કહે છે. આ રીતે ચતુષ્ટય અને પંચલબ્ધિ મળીને ક્ષાયિક **નવલબ્ધિ** થઈ જાય છે. આ કેવળજ્ઞાનાદિ નવલબ્ધિ સહિત તેરમાં ગુણસ્થાનવર્તી સયોગ કેવળી હોય છે. તેમને જ સકલ પરમાત્મા કહે છે. આ જ અરહંત તીર્થંકર પરમાત્માની પ્રતિમાઓ જિનમંદિરમાં બિરાજમાન કરવામાં આવે છે,જે બધાને પૂજ્ય હોય છે.

**નામ અપેક્ષા વિચાર :**

સયોગકેવલી પરમાત્માના જ અરિહંત, અરહંત, અરૂહંત, કેવળી, પરમાત્મા, સકલપરમાત્મા, સયોગીજિન, પરમજ્યોતિ, સર્વજ્ઞ, જિનેન્દ્રદેવ, જીવનમુક્ત, આપ્ત આદિ એક હજાર આઠ નામ કહેવાયા છે.

૧) મિથ્યાત્વ અને ક્રોધાદિ વિભાવ ભાવરૂપી શત્રુઓને(**અરિ=શત્રુ, હંત = નષ્ટ કરવાવાળા**) જે નષ્ટ કરે છે, તેને અરિહંત કહે છે.

૨) **જે સર્વ જીવોથી પૂજનીય તથા આદર્શ છે, તેને અરહંત કહે** છે. આચાર્ય કુંદકુંદદેવે પોતાના ગ્રંથોમાં મુખ્યપણે અરહંત શબ્દનો પ્રયોગ કર્યો છે.

૩) **જેમનું ફરી જન્મરૂપથી ઉત્પન્ન થવું નષ્ટ થઈ ગયું છે, તેને અરૂહંત કહે છે.**

૪) જે જિનેન્દ્ર ભગવાન યોગ સહિત છે, તેને સયોગીજિન કહે છે.

૫) જે પરમાત્મા હોવા છતાં પણ કલ અર્થાત્ શરીર સહિત છે, તેને સકલ પરમાત્મા કહે છે.

૬) જે જીવ કેવળજ્ઞાન સહિત છે, તેઓને કેવળી કહે છે.

૭) કેવળજ્ઞાનની મુખ્યતાથી જ અરહંતને પરમજ્યોતિ આદિ કહે છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

તેરમા ગુણસ્થાનમાં ક્ષાયિક સમ્યક્ત્વ જ રહે છે, છતાંય સયોગકેવળી ગુણસ્થાનવર્તી પરમાત્માના કેવળજ્ઞાનને કારણ ક્ષાયિક સમ્યક્ત્વને જ પરમાવગાઢ સમ્યક્ત્વ કહે છે.

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

પરમ યથાખ્યાત ચારિત્ર. ક્ષીણમોહ ગુણસ્થાનમાં શ્રદ્ધા તથા ચારિત્રગુણનું પૂર્ણ નિર્મળ પરિણમન થવાને લીધે યથાખ્યાત ચારિત્ર થયું

હતું. હવે તેરમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાનના નિમિત્તથી તે ચારિત્રને **પરમ યથાખ્યાત** ચારિત્ર કહે છે.

**કાળ અપેક્ષા વિચાર:**

**જઘન્યકાળ** : અંતર્મુહૂર્ત. તીર્થંકર સયોગકેવળીને છોડીને અન્ય પરમગુરૂ ઓછામાં ઓછા પોતાનું જીવન અંતર્મુહૂર્ત સુધી અહીં સયોગકેવળી અવસ્થામાં વ્યતીત કરે છે. કોઈપણ સયોગકેવળી જિનેન્દ્ર અંતર્મુહૂર્તથી ઓછા કાળાવધિમાં તેરમા ગુણસ્થાનને છોડીને ચૌદમાં ગુણસ્થાનમાં ગમન નથી કરી શકતા.

આ અરહંત સયોગી પરમાત્માનો દિવ્યધ્વનિથી ઉપદેશ હો કે ન હો, વિહાર હો કે ન હો અથવા અંતઃકૃતકેવળી હો, બધા સયોગકેવળી પરમાત્માઓનો તેરમા ગુણસ્થાનનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત જ છે.

**તીર્થંકર સયોગકેવળી પરમાત્માનો જઘન્યકાળ વર્ષ પૃથકત્વ અર્થાત્ ૩ વર્ષ થી લઈને ૯ વર્ષની અંદર જ હોય છે.** આનો અર્થ એ થયો કે તીર્થંકર સયોગકેવળી પરમાત્માનો જઘન્ય વિહાર કાળ પણ વર્ષ પૃથકત્વ જ હોય છે.

**ઉત્કૃષ્ટકાળ** : ગર્ભકાળ સહિત આઠવર્ષ તથા આઠ અંતર્મુહૂર્ત ઓછા એક પૂર્વ કોટી કાળ. આટલો દીર્ઘકાળ તેરમા ગુણસ્થાનનો કેમ/કેવીરીતે હોય છે. તેનું સ્પષ્ટીકરણ :-

જે એક પૂર્વ કોટીવર્ષની ઉત્કૃષ્ટ આયુના ધારક કર્મભૂમિજ કોઈ શ્રેષ્ઠ પુરૂષ ગર્ભકાળ સહિત આઠ વર્ષના થતાં જ દીક્ષા લઈ કેવળ આઠ અંતર્મુહૂર્તકાળ સુધી મુનિજીવનમાં આત્મસાધના કરીને જે સયોગકેવળી ગુણસ્થાનને પ્રાપ્ત થયા છે, તે જિનેન્દ્ર પરમાત્મા પોતાની મનુષ્યાયુના અંત સુધી દિવ્યધ્વનિથી ઉપદેશ દેતા થકા વિહાર કરે છે.

આ કથન કર્મભૂમિના મનુષ્ય આયુની ઉત્કૃષ્ટ સ્થિતિની મુખ્યતાથી કર્યું છે.

**મધ્યમકાળ** : એક અંતર્મુહૂર્ત અને આઠ વર્ષ તથા આઠ અંતર્મુહૂર્ત ઓછા એક પૂર્વ કોટીકાળની વચ્ચેના જેટલા પણ ભેદ થાય છે, તે સર્વ મધ્યમકાળના પ્રકાર જાણવા જોઈએ. જેમ કે બે, ત્રણ, ચાર, આદિ અંતર્મુહૂર્ત અથવા એક, બે, ત્રણ આદિ દિવસ કે મહીના કે વર્ષ યથાસંભવ લગાવી લેવા જોઈએ.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** સકલ પરમાત્મા જિનેન્દ્ર, તેરમા ગુણસ્થાનથી નિયમપૂર્વક ચૌદમાં અયોગ કેવળી ગુણસ્થાનમાં જ ગમન કરે છે.

**આગમન :** માત્ર ક્ષીણમોહ ગુણસ્થાનથી જ સયોગકેવળી ગુણસ્થાનમાં આગમન થાય છે.

**વિશેષ અપેક્ષા વિચાર :**

૧) જો સયોગકેવળી પરમાત્માને તીર્થંકર નામકર્મનો ઉદય હોય તો તેમના જન્મના દસ, તીર્થંકર પ્રકૃતિ નામકર્મના ઉદયના નિમિત્તથી સમવસરણની રચના કાળમાં કેવળજ્ઞાનના દસ અતિશય, દેવકૃત ચૌદ અતિશય, આઠ પ્રતિહાર્યાદિ બધા ૪૨ અલૌકિક વૈભવ/ અતિશયોનો સહજ સંયોગ હોય છે.

૨) બધા સયોગકેવળી પરમાત્માઓને ક્ષાયિક જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ નિયમથી થાય છે.

૩) સામાન્ય મનુષ્યોની જેમ સયોગકેવળીના કવળાહાર નથી હોતા, પરંતુ નોકર્માહાર હોય છે, જેનાથી પરમૌદારિક શરીરની સ્થિતિ દીર્ઘકાળસુધી એક સરખી બની રહે છે. રોગ તથા જન્મમરણાદિ અઢાર દોષ પણ નથી હોતા તથા અસાતાજન્ય બાધાઓ નથી હોતી.

૪) સયોગકેવળી પરમાત્મા ઘણા પ્રકારના હોય છે. પંચ કલ્યાણકવાળા તીર્થંકર કેવળી, ત્રણ કલ્યાણકવાળા તીર્થંકર કેવળી, બે કલ્યાણકવાળા તીર્થંકર કેવળી, મૂક કેવળી, અંતઃકૃત કેવળી, ઉપસર્ગ કેવળી, સામાન્ય કેવળી, સમુદ્ઘાત કેવળી, સાતિશય કેવળી, અનુબદ્ધ કેવળી, સતત કેવળી આદિ.

**મૂક કેવળી :** જે સયોગકેવળીને વાણીનો યોગ ન હોય અર્થાત્ જેમની દિવ્યધ્વનિ ન હોય, તેમને મૂક કેવળી કહે છે.

**અંતઃકૃત કેવળી :** ધ્યાનારૂઢ અવસ્થામાં બિરાજમાન જે મુનિરાજોને પૂર્વભવ કે આ ભવનો વૈરી દેવ અથવા વિદ્યાધર આદિ ઉપાડી આકાશમાં લઈ જાય છે અને ઉપરથી સમુદ્ર કે અગ્નિમાં અથવા પહાડ પર ફેંકે છે. એવા અત્યંત પ્રતિકૂળ અવસરો વખતે આકાશથી નીચે સમુદ્રમાં કે અગ્નિમાં પડવાથી પહેલા અથવા પહાડ ઉપર પછડાવા પહેલા જ શુકલધ્યાનથી શ્રેણી માંડી આકાશમાં જ સયોગકેવળી થઈને અંતર્મુહૂર્તમાં

સિધ્ધ પદ પ્રાપ્ત કરી લે છે, તેમને અંતઃકૃતકેવળી કહે છે.

જેઓએ સંસારનો અંત કરી દીધો છે અને જે આઠ કર્મોનો અંત અર્થાત્ વિનાશ કરે છે, તે અંતઃકૃતકેવળી કહેવાય છે. તેનો અર્થ એ છે કે જે અંતઃકૃત થઈને સિધ્ધ થાય છે, નિષ્ઠિત થાય છે તે પોતાના સ્વરૂપથી નિષ્પન્ન થાય છે, તે અંતઃકૃત કેવળી છે.

**ઉપસર્ગ કેવળી :** મુની અવસ્થામાં ઉપસર્ગ હોય, તે ઉપસર્ગ અવસ્થાનો નાશ થતાં જ જેને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેમને ઉપસર્ગ કેવળી કહે છે. જેમ કે મુનિ પાર્શ્વનાથ પર કમઠે ઉપસર્ગ કર્યો હતો, ત્યારબાદ તેમને કેવળજ્ઞાન થઈ ગયું હતું.

**સમુદ્ઘાતગત કેવળી :** જે સયોગી જિનેન્દ્ર પરમાત્માના આયુકર્મની સ્થિતિ ઓછી હોય અને વેદનીયાદિ ત્રણ અઘાતિકર્મોની સ્થિતિ વધારે હોય તો તેમને આયુકર્મની સ્થિતિની બરાબર અન્ય ત્રણ કર્મોની સ્થિતિ કરવાને સમુદ્ઘાત કહે છે. એવા સમુદ્ઘાતને કરવાવાળા તેરમાં ગુણસ્થાનવર્તી જિનેન્દ્રને સમુદ્ઘાતગત કેવળી કહે છે.

**પાંચ કલ્યાણકવાળા તીર્થંકર :** ગર્ભમાં આવવાના છ મહિના પૂર્વે જ રત્નોની વર્ષા થવી આદિ અતિશય થાય છે. પછી ગર્ભ કલ્યાણક આદિ પાંચ કલ્યાણક થાય છે. પાંચ કલ્યાણકનું કથન ભરત-ઐરાવત ક્ષેત્રની મુખ્યતાથી છે અને ત્રણ તથા બે કલ્યાણકવાળા તીર્થંકર વિદેહક્ષેત્રમાં જ થાય છે. એટલું વિશેષ જાણવું.

**ત્રણ કલ્યાણકવાળા તીર્થંકર :** જે ચરમશરીરી ભવ્ય આત્માઓએ પોતાના વર્તમાન મનુષ્યભવના અવિરત સમ્યક્ત્વ કે દેશવિરત ગુણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રારંભ કર્યો છે, તેની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક - એમ ત્રણ જ કલ્યાણક હોય છે.

**બે કલ્યાણકવાળા તીર્થંકર :** જે ચરમશરીરી ભવ્ય આત્માઓએ વર્તમાન પ્રમત્તાપ્રમત્ત ગુણસ્થાનમાં તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો છે, તેમને માત્ર કેવળજ્ઞાન અને નિર્વાણ /મોક્ષ કલ્યાણક એમ બે કલ્યાણક હોય છે.

**૫)** માત્ર સયોગ કેવળી ગુણસ્થાનવર્તી અરિહંતોનો જ ઈચ્છારહિત ઉપદેશ હોય છે. તેના માટે તીર્થંકર પરમાત્મા તીર્થંકર પ્રકૃતિ કર્મના ઉદયથી સમવસરણની રચના થાય છે. સામાન્ય કેવળીને માટે પણ

ગંધકુટીની રચના પણ સૌધર્મ ઈન્દ્રની આજ્ઞાથી કુબેર દ્વારા થાય છે.

સાતમા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી તો મુનિરાજ ધ્યાનારૂઢ રહે છે, તેથી તેમનો ઉપદેશ નથી હોતો. **છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજ, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક તથા અવ્રતી શ્રાવકનો ઉપદેશ ઈચ્છાપૂર્વક જ થાય છે.**

જિનેન્દ્ર ભગવાનની સ્વભાવતઃ અસ્ખલિત(નિરંતર) અને અનુપમ દિવ્યધ્વનિ સર્વાંગથી ત્રણે સંધિકાળમાં અને મધ્યરાત્રિમાં પણ છ-છ ઘડી સુધી (૯ કલાક ૩૬ મિનિટ સુધી) ખરે છે અને એક યોજન સુધી સંભળાય છે. તેના અતિરિક્ત વિશેષ પુણ્યાત્મા ગણધરદેવ, ઈન્દ્ર અથવા ચક્રવર્તીના પ્રશ્નાનુસાર અર્થનું નિરૂપણાર્થ તે દિવ્યધ્વનિ શેષ સમયમાં પણ ખરે છે.

એક યોજનની અંદર દૂર કે નજીક બેઠેલા અઢાર-મહાભાષા અને સાતસો લઘુભાષાઓથી યુક્ત એવા તીર્યંચ, મનુષ્ય તથા દેવની ભાષા રૂપમાં પરિણમિત થવાવાળી તથા ન્યૂનતા તથા અધિકતાથી રહિત, મધુર, મનોહર, ગંભીર, વિશદ એવી ભાષાને પ્રાપ્ત (જૈનેન્દ્ર શબ્દકોષ ભાગ -૨-પાના નં. ૪૩૧,૪૩૨) દિવ્યધ્વનિ હોય છે.

તિલોયપણ્ણત્તી ભાગ-૨, ગાથા ૭૨૪, ૭૨૫ના ઉલ્લેખાનુસાર અવસર્પિણીકાળમાં થવાવાળા ૨૪ તીર્થંકરોના સમવસરણોનું પ્રમાણ ક્રમથી બાર યોજનથી પ્રારંભ થાય છે, ઘટતું થકું અંતિમ તીર્થંકરનું સમવસરણ એક યોજનનું રહી જાય છે.

ગાથા ૭૨૬માં ઉત્સર્પિણીકાળના તીર્થંકરોના સમવસરણોનું પ્રમાણ ઉંધા ક્રમથી ચાલે છે. અર્થાત્ પ્રથમ તીર્થંકરનું એક યોજનથી પ્રારંભ થાય છે અને વધતું થકું અંતિમ તીર્થંકરનું બાર યોજન પ્રમાણ થાય છે.

૬) અહીં ઈન્દ્રિયાદિ પરનિમિત્ત નિરપેક્ષ/નિઃસહાય (સ્વયં પરિપૂર્ણ સમર્થ) ત્રિકાળવર્તી લોકાલોકને યુગપદ્ જાણવા-દેખવાવાળું કેવળજ્ઞાન તથા કેવળદર્શન ઉત્પન્ન થાય છે. તે બંનેનું પરિણમન યુગપદ્ હોય છે. (જુઓ - નિયમસાર ગાથા ૧૬૦)

છદ્મસ્થ અવસ્થામાં જેમ જીવને પ્રથમ સામાન્ય અવલોકનરૂપ દર્શન થાય છે, પછી વિશેષ અવલોકનરૂપ જ્ઞાન થાય છે, તેમ જ કેવળદર્શન અને કેવળજ્ઞાનના સંબંધમાં પણ ક્રમિક દર્શન તથા ક્રમિક જ્ઞાનની પ્રવૃત્તિને

માનશું તો સયોગકેવળી જિનેન્દ્ર સર્વજ્ઞ તથા સર્વદર્શી સિધ્ધ નહીં થાય.

**પ્રશ્ન ૧૦૯:** સયોગકેવળી જિનેન્દ્ર સર્વજ્ઞ તથા સર્વદર્શી કેમ સિધ્ધ નહીં થાય ?

**ઉત્તર:** જે સમયે કેવળદર્શન હોય, તે સમયે કેવળજ્ઞાન ન હોય તો જિનેન્દ્ર સર્વજ્ઞ કેમ સિધ્ધ થાય ? અલ્પજ્ઞ જ સિધ્ધ થશે. તેથી સયોગ કેવળી અંવસ્થામાં દર્શન અને જ્ઞાન - આ બંનેના ઉપયોગોની પ્રવૃત્તિ યગુપદ્ જ હોય છે. જ્ઞાનાવરણ તથા દર્શનાવરણ બંને કર્મોનો ક્ષય/અભાવ પણ એક સમયમાં જ થાય છે.

૭) આ સયોગકેવળી ગુણસ્થાનથી આમને જ પરમગુરૂ તથા પરમાત્મા સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

૮) સમ્યક્ત્વના દસ ભેદોમાંથી અહીં સયોગકેવળીનું સમ્યક્ત્વ પરમાવગાઢ કહેવામાં આવે છે. અત્યારસુધી સાધક મુનિરાજ અલ્પજ્ઞ હતા, અહીં સર્વજ્ઞ અને સર્વદર્શી થઈ ગયા છે. આ જ કારણ સમ્યક્ત્વના પરમાવગાઢપણામાં છે.

૯) અહીં 'સયોગ' શબ્દ અંતદીપક છે. તેથી પ્રથમ ગુણસ્થાનથી લઈ ને તેરમા ગુણસ્થાન સુધીના સર્વ જીવ સયોગી/યોગ સહિત જ છે. તેને આ રીતે સ્પષ્ટ સમજી શકીએ છીએ-સયોગ મિથ્યાત્વ, સયોગ સાસાદન સમ્યક્ત્વ, સયોગ મિશ્ર આદિ.

૧૦) **'કેવળી'** શબ્દ આદિદીપક છે. તેરમા ગુણસ્થાનમાં વ્યક્ત થયેલ કેવળજ્ઞાન અર્થાત્ કેવળીપણું તે આગળના ચૌદમા ગુણસ્થાનમાં અને સિધ્ધાલયમાં પણ અનંતકાળ સુધી સતત ધ્રુવ અને અચલરૂપથી રહેવાવાળું છે. જેમ - અયોગકેવળી, સિધ્ધકેવળી.

૧૧) અહીં ચારે ઘાતિ કર્મોનો અભાવ થઈ જવાથી સયોગકેવળી અરહંત પરમાત્માને **જીવનમુક્ત** પણ કહે છે. હજુ ચારે અઘાતિ કર્મોની સત્તા અને ઉદય હોવાથી તથા અસિધ્ધત્વ ભાવને લીધે મુક્તઅવસ્થા નથી થઈ.

૧૨) ભવ્યજીવોના ભાગ્યવશ જ ભગવાનનો વિહાર હોય છે. કેવળી ભગવાનના વિહારના વ્યવસ્થાપક કોઈ ઈન્દ્રાદિક નથી. જે જીવોની મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની પાત્રતા પાકી ગઈ છે, તેમને સહજ જ સર્વોત્તમ નિમિત્ત મળે જ છે. તેથી પાત્ર જીવોની તરફ ભગવાનનો વિહાર તથા

તેમના માટે ઉપદેશ સ્વયં થાય છે. પંડિત દૌલતરામજી એ કહ્યું પણ છે - **भवि भागन वच जोगे वशाय तुम ध्वनि ..........**

૧૩) પાંચ ઈન્દ્રિયપ્રાણોનો તથા મનોબળનો વિનાશ તો ક્ષીણમોહ ગુણસ્થાનના અંતમાં થઈ જાય છે. વચનબળ અને શ્વાસોચ્છવાસ પ્રાણનો વિનાશ સયોગ કેવળીના અંતિમ અંતર્મુહૂર્તમાં થાય છે. કાયબળનો વિનાશ સયોગકેવળીને અંતમાં થાય છે તથા આયુપ્રાણનો વિનાશ અયોગકેવળી ગુણસ્થાનના અંતમાં થાય છે.

તેરમાના અંતમાં અર્થાત્ ચૌદમા ગુણસ્થાનના પ્રથમ સમયમાં જ આત્માના સર્વ પ્રદેશ સ્થિર અર્થાત્ અકંપ થવાથી શરીરથી કિંચિત્ ન્યૂન આકારવાળા થઈ જાય છે. સિદ્ધ અવસ્થાયોગ્ય આત્મ-પ્રદેશોનો આકાર નાળિયેરમાં સૂકા ગોળા જેવો કિંચિત્ ન્યૂન થઈ જાય છે.

**પ્રશ્ન ૧૧૦ :** સયોગકેવળી પરમાત્માના કેટલા અને ક્યા કર્મોનો નાશ થઈ ગયો છે ?

**ઉત્તર :** તેરમા ગુણસ્થાનવર્તી અરહંત પરમાત્માની અવસ્થામાં નવા એકપણ કર્મ પ્રકૃતિનો નાશ નથી થતો. આનું સ્પષ્ટીકરણ - જ્ઞાનાવરણાદિ ચારે ઘાતિ કર્મોની કુલ મળીને સંખ્યા સુડતાલીસ છે. (જ્ઞાનાવરણની -૫, દર્શનાવરણની - ૯, મોહનીયની - ૨૮ અને અંતરાયની - ૫) આનો નાશ તેરમા ગુણસ્થાનની પહેલા યથાસ્થાન થઈ ચૂક્યો છે.

અઘાતિ કર્મોમાંથી નિમ્નાકિંત સોળ પ્રકૃતિઓ પણ અહી નથી - (૧) નરકાયુ (૨) તિર્યંચાયુ (૩) દેવાયુ આ ત્રણે આયુકર્મનું અહીં અસ્તિત્વ જ જોવામાં નથી આવતું. **નામકર્મની** (૧) નરકગતિ (૨) નરકગત્યાનુપૂર્વી (૩) તિર્યંચગતિ (૪) તિર્યંચગત્યાનુપૂર્વી (૫) દ્વિઈન્દ્રિય (૬) ત્રિઈન્દ્રિય (૭) ચતુરિંદ્રીય (૮) ઉદ્યોત (૯) આતપ (૧૦) એકેન્દ્રિય (૧૧) સાધારણ (૧૨) સૂક્ષ્મ અને (૧૩) સ્થાવર. **આયુકર્મની** ત્રણ અને નામકર્મની તેર મળીને સોળ પ્રકૃતિઓ, **ઘાતિકર્મની ૪૭ + અઘાતિ કર્મની ૧૬ = ૬૩.**

## ધવલા પુસ્તક - ૧નો અંશ (પાના નં. ૧૯૧ થી ૧૯૨)

**સામાન્યથી સયોગકેવળી જીવ છે ॥૨૧॥**

કેવળપદથી અહીંયા કેવળજ્ઞાનનું ગ્રહણ કર્યું છે.

**શંકા 33 :** નામના એકદેશના કથન કરવાથી સંપૂર્ણ નામ દ્વારા કહેવામાં આવેલ અર્થનો બોધ કેમ સંભવ છે ?

**સમાધાન :** ના, કારણ કે બળદેવ શબ્દના વાચ્યભૂત અર્થનો, તેના એકદેશરૂપ 'દેવ' શબ્દથી પણ બોધ થતો જોવમાં આવે છે. આ રીતે પ્રતીતિ સિધ્ધ વાતમાં, "આ નહીં થઈ શકે" આ પ્રમાણે કહેવું નિષ્ફળ છે. અન્યથા બધી જગ્યાએ અવ્યવસ્થા થઈ જશે.

જેમાં ઈન્દ્રિય, આલોક અને મનની અપેક્ષા નથી હોતી, તેને કેવળ અથવા અસહાય કહે છે. તે કેવળ અથવા અસહાય જ્ઞાન જેને હોય છે, તેને કેવળી કહે છે. મન, વચન અને કાયની પ્રવૃત્તિને યોગ કહે છે. જે યોગની સાથે રહે છે, તેને સયોગ કહે છે. આ રીતે જે સયોગ હોતાં થકા કેવળી છે તેમને સયોગકેવળી કહે છે.

આ સૂત્રમાં જે સયોગપદનું ગ્રહણ કર્યું છે તે અંતદીપક હોવાથી નીચેના સંપૂર્ણ ગુણસ્થાનોના સયોગપણાનું પ્રતિપાદક છે. ચારે ઘાતિયા કર્મોનો ક્ષય કરી દેવાથી, વેદનીય કર્મને નિઃશક્ત કરી દેવાથી અથવા આઠેય કર્મોના અવયવરૂપ ૬૦ ઉત્તર-કર્મ-પ્રકૃતિઓને નષ્ટ કરી દેવાથી આ ગુણસ્થાનમાં ક્ષાયિકભાવ હોય છે.

**વિશેષાર્થ :** છતાંય અરહંત પરમેષ્ઠીના ચારે ઘાતિયાકર્મોની ૪૭, નામકર્મની ૧૩ અને આયુકર્મની ૩ આ રીતે ૬૩ પ્રકૃતિઓનો અભાવ થાય છે. છતાં પણ અહીં ૬૦ કર્મપ્રકૃતિઓનો અભાવ બતાવ્યો છે. એનો એવો અભિપ્રાય સમજવો જોઈએ કે આયુની ત્રણ પ્રકૃતિઓના નાશ માટે પ્રયત્ન નથી કરવો પડતો.

મુક્તિને પ્રાપ્ત થવાવાળા જીવના એક મનુષ્યાયુને છોડીને અન્ય આયુની સત્તા નથી જોવામાં આવતી. માટે અહીંયા આયુકર્મની ત્રણ પ્રકૃતિઓની અવિવક્ષા કરીને ૬૦ પ્રકૃતિઓનો નાશ બતાવવામાં આવ્યો છે.

-o-o-o-o-

(૧૪)

## અયોગકેવળી ગુણસ્થાન

અયોગ કેવળી આ અંતિમ ગુણસ્થાન છે. કેવળજ્ઞાન સાથે રહેવાવાળું આ બીજું ગુણસ્થાન છે. ક્ષપકશ્રેણીના ચારે ગુણસ્થાનો બાદ પ્રાપ્ત થવાવાળું આ બીજું ગુણસ્થાન છે. વીતરાગી ચારે ગુણસ્થાનોમાંથી આ છેલ્લું ગુણસ્થાન છે. કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સહિત અરહંત પરમાત્માનું પણ આ બીજું ગુણસ્થાન છે. યોગરહિત અર્થાત્ અયોગરૂપ આ એક જ ગુણસ્થાન છે. તેરમા ગુણસ્થાનની જેમ અહીં પણ જ્ઞાન, સુખાદિ અનંતરૂપ છે. અયોગકેવળી ગુણસ્થાન પણ સકલ પરમાત્માનું જ છે.

યોગોનો નાશ થતાં જ સયોગકેવળી પરમાત્મા જ અયોગકેવળી કહેવાય છે. શરીરમાં રહેવા છતાં પણ યોગનો નિરોધ તથા શ્વાસોચ્છવાસ બંધ થવાથી મન-વચન-કાયના નિમિત્તથી થવાવાળા આત્મપ્રદેશોનું કંપન અટકી ગયું છે. તેથી આત્મા અને શરીરનું એકક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અભાવ થઈ ગયો છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૬૫માં અયોગકેવળી ગુણસ્થાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે.

**सीलेसिं संपत्तो, णिरुद्धणिस्सेस आसवो जीवो ।**
**कम्मरयविप्पमुक्को, गयजोगो केवली होदि ॥**

સંપૂર્ણ શીલના ઐશ્વર્યથી સંપન્ન, સર્વ આશ્રવ નિરોધક, કર્મબંધ રહિત જીવની યોગરહિત વીતરાગ સર્વજ્ઞદશાને અયોગકેવળી ગુણસ્થાન કહે છે.

**નામ અપેક્ષા વિચાર :**

સયોગી જિન આ એક નામ છોડી પૂર્વોક્ત તેરમાં ગુણસ્થાનમાં કહેલા

સર્વ નામોનો અહીં પણ વ્યવહાર હોય છે. જેમ - અરિહંત, અરહંત, અરૂહંત, કેવળી, પરમાત્મા, સકલ પરમાત્મા, પરમજ્યોતિ, નિષ્કંપ પરમાત્મા આદિ,

**પ્રશ્ન ૧૧૧ :** અયોગકેવળીને સકલપરમાત્મા કહેવામાં દોષ આવે છે શું?

**ઉત્તર :** કાંઈ દોષ નથી આવતો, કારણ કે અયોગકેવળી ગુણસ્થાનવર્તી અરહંત પરમાત્મા પ્રત્યક્ષમાં શરીરસહિત છે. તેથી સકલ પરમાત્મા જ છે. 'કલ' શબ્દનો અર્થ શરીર છે. સ = સહિત, સ + કલ = સકલ, સકલ = શરીર સહિત.

આ ગુણસ્થાનમાં ચારે અઘાતિ કર્મોમાંથી ૮૫ કર્મોની સત્તા છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર :**

ક્ષાયિક સમ્યક્ત્વ જ અહી પણ પરમાવગાઢ સમ્યક્ત્વરૂપ કહેવાય છે. તેરમા ગુણસ્થાનવત્ અહીં પણ સમજી લેવું જોઈએ.

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

યથાખ્યાત ચારિત્ર, તેરમા ગુણસ્થાનની જેમ.

**કાળ અપેક્ષા વિચાર :**

પાંચ હ્રસ્વ સ્વરો (અ,ઈ,ઉ,ઋ,લૃ)ના ઉચ્ચારણ કાળ સુધી અર્થાત્ અંતર્મુહૂર્ત કાળ છે. અહીં કાળના જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ ભેદ નથી.

ચૌદ ગુણસ્થાનમાંથી આ અયોગકેવળી ગુણસ્થાન જ એકમેવ એવું ગુણસ્થાન છે, જે પોતાના અંતર્મુહૂર્ત કાળનું યથાર્થ જ્ઞાન કરાવવામાં પૂર્ણ સમર્થ છે. અન્ય ગુણસ્થાનોના અંતર્મુહૂર્ત કાળ માટે આપણે કેવલજ્ઞાનગમ્ય યથાયોગ્ય અંતર્મુહૂર્ત કાળ એમ કહેવું અનિવાર્ય થઈ ગયું છે, કારણ કે અંતર્મુહૂર્તના યથાર્થ નિર્ણય માટે ચૌદમા ગુણસ્થાન જેવું કોઈ માપદંડ આપણી પાસે નથી.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** ચૌદમા અયોગકેવળી ગુણસ્થાનથી સિદ્ધદશામાં જ ઉર્ધ્વગમન થાય છે, કારણ કે હવે કોઈપણ પ્રકારની ઓછપ રહી નથી કે જેની પૂર્તિ કરવામાં આવે.

**આગમન :** આ ચૌદમા ગુણસ્થાનમાં આગમન માત્ર સયોગકેવળી ગુણસ્થાનથી જ થાય છે, અન્ય કોઈપણ ગુણસ્થાનથી નહીં.

**વિશેષ અપેક્ષા વિચાર:**

૧) અયોગકેવળી ગુણસ્થાનના ઉપાન્ત્ય સમયમાં **૭૨ પ્રકૃતિઓની** નિર્જરા અર્થાત ક્ષય થઈ જાય છે અને અંતિમ સમયમાં શેષ **૧૩ પ્રકૃતિઓનો** પણ નાશ થઈ જાય છે. આ કર્મોના નાશ થવાના સમયે જ સંસાર અવસ્થાનો વ્યય અને સાદિ અનંતકાળ માટે સિધ્ધદશાનો ઉત્પાદ પણ થઈ જાય છે.

૨) યોગના અભાવને લીધે અયોગકેવળીને ઈર્યાપથાસ્રવ પણ નથી હોતો, જે અગ્યારમાં-બારમાં તથા તેરમામાં પણ થતો હતો.

૩) મુનિરાજના ચોર્યાશીલાખ ઉત્તરગુણોની તથા શીલ સંબંધી ૧૮ હજાર ભેદોની પૂર્ણતા અહીં અયોગકેવળી અવસ્થામાં થાય છે.

**પ્રશ્ન ૧૧૨:** શ્રાવકના પણ ઉત્તરગુણ અને શીલ હોય છે શું?

ઉત્તર : હા, જરૂર હોય છે. અહિંસાદિ પાંચ અણુવ્રત, દિગ્વ્રતાદિ ત્રણ ગુણવ્રત અને સામાયિક આદિ ચાર શિક્ષાવ્રત - કુલ મળીને આ બાર વ્રત હોય છે. તેને જ શ્રાવકના ઉત્તરગુણ કહે છે. ગુણવ્રત તથા શિક્ષાવ્રતને સપ્તશીલ પણ કહે છે.

૪) પૂર્ણ સંવર તથા પૂર્ણ નિર્જરા પણ અયોગકેવળીને જ હોય છે.

૫) અહીં પ્રયુક્ત અયોગ શબ્દ આદિ દીપક છે. સ્વયં અયોગકેવળી ગુણસ્થાનવર્તી અરહંત પરમાત્મા તો અયોગી છે જ અને અહીંથી ઉપરની સિધ્ધદશા અયોગરૂપ અને અશરીરી જ છે.

**ધવલા પુસ્તક - ૧નો અંશ (પાના નં. ૧૯૩ થી ૨૦૦)**

હવે આચાર્ય પુષ્પદંત ભટ્ટારક અંતિમ ગુણસ્થાનના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે, અર્થરૂપથી અરહંત પરમેષ્ઠીના મુખથી નીકળેલા, ગણધરદેવ દ્વારા ગુંથાયેલા શબ્દ રચનાવાળા, પ્રવાહરૂપથી ક્યારેય પણ નાશ ન થવાવાળા અને સંપૂર્ણ દોષોથી રહિત હોવાને કારણ નિર્દોષ એવા આગળના સૂત્રને કહે છે.

**સામાન્યથી અયોગકેવળી જીવ છે ॥૨૦॥**

જેના યોગ વિદ્યમાન નથી, તેને અયોગ કહે છે. જેમાં કેવળજ્ઞાન જોવામાં આવે છે, તેને કેવળી કહે છે. જે યોગ રહિત એવા કેવળી હોય છે, તેને અયોગકેવળી કહે છે.

**શંકા 34 :** પૂર્વ સૂત્રથી કેવળીપદની અનિવૃત્તિ થવા પર આ સૂત્રમાં ફરીથી કેવળીપદનું ગ્રહણ ન કરવું જોઇએ ?

**સમાધાન :** આ કોઈ દોષ નથી, કારણકે સમનસ્ક જીવોના સર્વદેશ અને સર્વકાળમાં મનના નિમિત્તથી ઉત્પન્ન થયેલું જ્ઞાન સ્વીકાર કરેલું છે અને પ્રતીત પણ થાય છે, આ પ્રકારનો નિયમ હોવાથી અયોગીઓને કેવળજ્ઞાન નથી થતું, કારણ કે અહીંયા મન નથી હોતું. આ પ્રકારે વિવાદગ્રસ્ત શિષ્યોને અયોગીઓમાં કેવળજ્ઞાનના અસ્તિત્વના પ્રતિપાદન માટે આ સૂત્રમાં ફરીથી કેવળીપદનું ગ્રહણ કર્યું.

**શંકા 35 :** આ સૂત્રમાં કેવળી આ વચનના ગ્રહણ કરવા માત્રથી અયોગી જિનના કેવળજ્ઞાનનું અસ્તિત્વ કેવી રીતે જણાય છે ?

**સમાધાન :** જો આ પૂછો છો તો અમે પણ પૂછીએ છીએ કે ચક્ષુથી સ્તંભ આદિનું અસ્તિત્વનું જ્ઞાન કેવીરીતે થાય છે ? જો કહેવાય કે ચક્ષુજ્ઞાનમાં અન્યથા પ્રમાણતા નથી આવી શકતી, માટે ચક્ષુ દ્વારા ગૃહીત સ્તંભાદિકનું અસ્તિત્વ છે, એમ માની લઇએ છીએ. તો અમે પણ કહી શકીએ છીએ કે અન્યથા વચનમાં પ્રમાણતા નથી આવી શકતી, માટે વચનના રહેવા પર તેનું વાચ્ય પણ વિદ્યમાન છે, એવું પણ કેમ નથી માની લેતા, કારણ કે બંને વાત સરખી છે.

**શંકા 36 :** વચનની પ્રમાણતા અસિદ્ધ છે, કારણ કે ક્યાંક વચનમાં પણ વિસંવાદ જોવામાં આવે છે.

**સમાધાન :** ના, કારણ કે આના પર તો અમે પણ એવું કહી શકીએ છીએ કે ચક્ષુની પ્રમાણતા અસિદ્ધ છે, કારણ કે વચનની જેમ ચક્ષુમાં પણ ક્યાંક વિસંવાદ પ્રતીત થાય છે.

**શંકા 37 :** જો ચક્ષુ અવિસંવાદિ હોય છે, તેને જ અમે પ્રમાણ માનીયે છીએ ?

**સમાધાન :** ના, કારણ કે બધા ચક્ષુઓનો સર્વદેશ અને સર્વકાળમાં અવિસંવાદિપણું નથી જોવામાં આવતું.

**શંકા 38 :** જે દેશ અને જે કાળમાં ચક્ષુના અવિસંવાદ ઉપલબ્ધ થાય છે, તે દેશ અને કાળમાં તે ચક્ષુમાં પ્રમાણતા રહે છે ?

**સમાધાન :** જો કોઇ દેશ અને કોઇ કાળમાં અવિસંવાદી ચક્ષુને પ્રમાણતા માનો છો તો પ્રત્યક્ષ અને પરોક્ષ વિષયમાં સર્વદેશ અને

સર્વકાળમાં અવિસંવાદી એમ વિવક્ષિત વચનને પ્રમાણ કેમ નથી માનતા ?

**શંકા 39 :** પરોક્ષ-વિષયમાં ક્યાંક વિસંવાદ જોવામાં આવે છે, માટે સર્વદેશ અને સર્વકાળમાં વચનમાં પ્રમાણતા નથી આવી શકતી ?

**સમાધાન :** આ કહેવું પણ ઠીક નથી, કારણ કે તેમાં વચનનો અપરાધ નથી, પરંતુ પરોક્ષ વિષયના સ્વરૂપને નહીં સમજવાવાળા પુરૂષનો જ તેમાં અપરાધ જોવામાં આવે છે. કાંઈ બીજાના દોષથી બીજાને તો પકડવામાં નથી આવતા, અન્યથા અવ્યવસ્થા પ્રાપ્ત થઈ જશે.

**શંકા 40 :** પરોક્ષ વિષયમાં જે વિસંવાદ ઉત્પન્ન થાય છે, તેમાં વક્તાનો જ દોષ છે, વચનનો નહીં, એ કેવીરીતે જાણ્યું ?

**સમાધાન :** ના, કારણ કે તે જ વચનથી ફરી અર્થના નિર્ણયમાં પ્રવૃત્તિ કરવાવાળા તે જ અથવા કોઈ બીજા પુરૂષની બીજીવાર અર્થની પ્રાપ્તિ બરાબર જોવામાં આવે છે. તેથી જ્ઞાત થાય છે કે જ્યાં તત્વ નિર્ણયમાં વિસંવાદ ઉત્પન્ન થાય છે, ત્યાં વક્તાનો જ દોષ છે, વચનનો નહીં.

**શંકા 41 :** જે વચનની વિસંવાદિતા કે અવિસંવાદિતાનો નિર્ણય નથી થયો, તેની પ્રમાણતાનો નિશ્ચય કેવી રીતે કરાય ?

**સમાધાન :** આ કોઈ દોષ નથી, કારણ કે જેની અવિસંવાદિતાનો નિશ્ચય થઈ ગયો છે એવા આ આર્ષના અવયવરૂપ વચનના વિવક્ષિત આર્ષના અવયવરૂપ વચનના પણ અવયવીની અપેક્ષા એકપણું થઈ જાય છે, માટે વિવક્ષિત અવયવરૂપ વચનની સત્યતાનું જ્ઞાન થઈ જાય છે.

**વિશષાર્થ :** જેટલા પણ આર્ષ - વચન છે તે બધા આર્ષના અવયવ છે, માટે આર્ષમાં પ્રમાણતા હોવાથી તેના અવયવરૂપ બધા વચનોમાં પ્રમાણતા આવી જાય છે.

**શંકા 42 : આધુનિક આગમ અપ્રમાણ છે, કારણ કે અર્વાચીન પુરૂષોએ તેના અર્થનું વ્યાખ્યાન કર્યું છે.**

**સમાધાન : આ કહેવું પણ ઠીક નથી, કારણ કે જ્ઞાન-વિજ્ઞાનથી સહિત હોવાને લીધે પ્રમાણતાને પ્રાપ્ત આ યુગના આચાર્યો દ્વારા આના અર્થનું વ્યાખ્યાન કરેલું છે; માટે આધુનિક આગમ પણ પ્રમાણ છે.**

**શંકા 43 : છદ્મસ્થોને સત્યવાદીપણું કેમ માનવામાં આવી શકે?**

**સમાધાન : ના, કારણ કે શ્રુતના અનુસાર વ્યાખ્યાન કરવાવાળા આચાર્યોની પ્રમાણતા માનવામાં કાંઈ વિરોધ નથી.**

**શંકા 44 :** આગમનો આ અર્થ પ્રામાણિક ગુરૂ પરંપરાના ક્રમથી આવેલો છે, તે કેવી રીતે નિશ્ચય કરી શકાય ?

**સમાધાન :** ના, કારણ કે પ્રત્યક્ષભૂત વિષયમાં તો બધી જગ્યાએ વિસંવાદ ઉત્પન્ન નહી હોવાથી નિશ્ચય કરી શકાય છે અને પરોક્ષ વિષયમાં પણ, જેમાં પરોક્ષ-વિષયનું વર્ણન કરવામાં આવ્યું છે, તે ભાગ અવિસંવાદી આગમના બીજા ભાગોની સાથે આગમની અપેક્ષા એકતાને પ્રાપ્ત થવા પર, અનુમાનાદિ પ્રમાણો દ્વારા બાધક પ્રમાણોનો અભાવ સુનિશ્ચિત થવાથી તેનો નિશ્ચય કરી શકાય છે અથવા જ્ઞાન વિજ્ઞાનથી યુક્ત આ યુગના અનેક આચાર્યોના ઉપદેશથી તેની પ્રમાણતા જાણવી જોઈએ અને ઘણા સાધુ આ વિષયમાં વિસંવાદ નથી કરતા, કારણ કે આ રીતનો વિસંવાદ ક્યાંય પણ જોવામાં નથી આવતો. તેથી આગમના અર્થના વ્યાખ્યાતા પ્રામાણિક પુરૂષ છે, આ વાત નિશ્ચિત થઈ જવાથી આર્ષ - વચનની પ્રમાણતા પણ સિધ્ધ થઈ જાય છે અને આર્ષ - વચનની પ્રમાણતાના સિધ્ધ થઈ જવાથી મનના અભાવમાં પણ કેવળજ્ઞાન થાય છે, આ વાત પણ સિધ્ધ થઈ જાય છે.

**શંકા 45 :** સયોગકેવળીને તો કેવળજ્ઞાન મનથી ઉત્પન્ન થતું થકું ઉપલબ્ધ થાય છે.

**સમાધાન :** આ કહેવું પણ ઠીક નથી, કારણ કે જે જ્ઞાન આવરણ કર્મના ક્ષયથી ઉત્પન્ન છે અને જે અક્રમવર્તી છે, તેની ફરી ઉત્પત્તિ માનવી વિરૂધ્ધ છે.

**શંકા 46 :** જે પ્રકારે મતિ આદિ જ્ઞાન સ્વયં જ્ઞાન થવાથી પોતાની ઉત્પત્તિમાં કારકની અપેક્ષા કરે છે, તે જ પ્રકારે કેવળજ્ઞાન પણ જ્ઞાન છે, તેથી તેને પણ પોતાની ઉત્પત્તિમાં કારકની અપેક્ષા કરવી જોઈએ ?

**સમાધાન :** ના, કારણ કે ક્ષાયિક અને ક્ષાયોપશમિક જ્ઞાનમાં સાધર્મ્ય નથી જોવામાં આવતું.

**શંકા 47 :** અપરિવર્તનશીલ કેવળજ્ઞાન પ્રત્યેક સમયમાં પરિવર્તનશીલ પદાર્થોને કેવી રીતે જાણે છે ?

**સમાધાન :** એવી શંકા ઠીક નથી, કારણ કે જ્ઞેય પદાર્થોની જેવું પરિવર્તન કરવાવાળા કેવળજ્ઞાનના તે પદાર્થોને જાણવામાં કોઈ

**વિરોધ નથી આવતો.**

**શંકા 48 :** જ્ઞેયની પરતંત્રતાથી પરિવર્તન કરવાવાળા કેવળજ્ઞાનની ફરીથી ઉત્પત્તિ શા માટે ન મનાય?

**સમાધાન :** ના, કારણ કે કેવળ ઉપયોગ-સામાન્યની અપેક્ષાએ કેવળજ્ઞાનની ફરી ઉત્પત્તિ નથી થતી. વિશેષની અપેક્ષા તેની ઉત્પત્તિ હોવા છતાં પણ તે (ઉપયોગ) ઈન્દ્રિય, મન અને આલોકથી ઉત્પન્ન નથી થતું, કારણ કે જેના જ્ઞાનાવરણાદિ કર્મ નષ્ટ થઈ ગયા છે એવા કેવળજ્ઞાનની ઈન્દ્રિયાદિકથી ઉત્પત્તિ થવામાં વિરોધ આવે છે.

બીજીવાત એ છે કે કેવળજ્ઞાન અસહાય છે, માટે તે ઈન્દ્રિયોઆદિની સહાયતાની અપેક્ષા નથી કરતું, અન્યથા સ્વરૂપની હાનિનો પ્રસંગ આવી જશે.

**શંકા 49 :** જો કેવળજ્ઞાન અસહાય છે તો તે પ્રમેયને પણ ન જાણે?

**સમાધાન :** એવું નથી, કારણ કે પદાર્થોને જાણવું તેનો સ્વભાવ છે અને **વસ્તુનો સ્વભાવ બીજાના પ્રશ્નોને યોગ્ય નથી થયાં કરતાં, જો સ્વભાવમાં પણ પ્રશ્ન થવા લાગે તો પછી વસ્તુઓની વ્યવસ્થા જ નહીં થઈ શકે .**

**શંકા 50 :** પાંચ પ્રકારના ભાવોમાંથી આ ગુણસ્થાનમાં ક્યો ભાવ છે?

**સમાધાન :** સંપૂર્ણ ઘાતિયા કર્મોના ક્ષીણ થઈ જવાથી અને થોડા જ સમયમાં અઘાતિયા કર્મોના નાશને પ્રાપ્ત થવાવાળા હોવાથી આ ગુણસ્થાનમાં ક્ષાયિક ભાવ છે.

## મોક્ષ

ભાઈ! ઉત્તમ સુખનો ભંડાર તો મોક્ષ છે. તેથી મોક્ષ પુરૂષાર્થ જ સર્વ પુરૂષાર્થોમાં શ્રેષ્ઠ છે. પુણ્યનો પુરૂષાર્થ પણ આની અપેક્ષાએ હીન છે અને સંસારના વિષયોની પ્રાપ્તિ હેતુ જેટલા પ્રયત્ન છે, તે તો એકદમ પાપ છે, તેથી તે સર્વથા ત્યાજ્ય છે. સાધકને મોક્ષપુરૂષાર્થની સાથે અણુવ્રતાદિ શુભરાગરૂપ જે ધર્મપુરૂષાર્થ છે, તે અસદ્દ્ભૂતવ્યવહારનયથી મોક્ષનું સાધન છે.

તેથી શ્રાવકની ભૂમિકામાં તે પણ વ્યવહારનયના વિષયમાં ગ્રહણ કરવા યોગ્ય છે. મોક્ષનો પુરૂષાર્થ તો સર્વશ્રેષ્ઠ છે, પરંતુ તેના અભાવમાં અર્થાત્ નીચલી સાધક દશામાં અણુવ્રત-મહાવ્રતાદિરૂપ ધર્મપુરૂષાર્થ જરૂર ગ્રહણ કરવો જોઈએ. (શ્રાવક ધર્મ પ્રકાશ પાનું ૧૫૫)

ॐ

## ગુણસ્થાનાતીત : સિદ્ધ ભગવાન

આ દુઃખમય સંસાર અવસ્થાથી કેટલાક જીવ તો સમ્યક્દર્શન પ્રાપ્ત કરવા છતાં અનેક ભવોમાં કઠોર અને અપ્રતિહત સાધના કર્યા બાદ જ સિધ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે. અનેક જીવ માત્ર અનેક વર્ષોની સાધનાથી જ સિધ્ધ થઈ જાય છે. વિશિષ્ટ મહાપુરુષ માત્ર એક અંતર્મુહૂર્તમાં જ અનંત, ધ્રુવ,અવિચલ, પંચમગતિને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન ૧૧૩ :-** અમે માત્ર અંતર્મુહૂર્તમાં જ સિધ્ધ થવા માંગીએ છીએ, અમને કઠોર સાધના ફાવતી નથી અને મુક્તિ માટે અમે હવે વધારે રાહ પણ જોવા નથી માંગતા,તેથી અતિશીઘ્ર મુક્ત થવાનું સુગમ સાધન બતાવોને!

**ઉત્તર :-** મોક્ષ પ્રાપ્તિનો વાસ્તવિક ઉપાય તો એક માત્ર નિજ શુધ્ધાત્મસ્વભાવનો નિર્વિકલ્પપણે સ્વીકાર અર્થાત્ અનુભવન તથા લીનતા કરવી તે જ છે, જેને અમોએ ગુણસ્થાનના પ્રકરણમાં અનેકવાર કહ્યું છે. જિનવાણી માતા પણ આપણને ચારે અનુયોગોમાં અત્ર-તત્ર-સર્વત્ર આ વિષયને સમજાવી રહી છે.

ભાઈસાહેબ! આત્મસાધનાના પરમપવિત્ર કાર્યની પહેલા, અંત અથવા મધ્યમાં ક્યાંય પણ કષ્ટ, દુઃખ કે તકલીફ નથી. **બધી અસહ્ય તકલીફોને સમાપ્ત કરવાનો એકમાત્ર સાચો ઉપાય પર તથા પરભાવોથી નિરપેક્ષ આત્મસાધના જ છે. આ જ એક સુગમ તથા સહજ સાધન છે.**

જ્યાં સુધી નિજાત્મસ્વભાવનું યથાર્થ જ્ઞાન નથી થતું, ત્યાં સુધી આ પ્રકારના અનેક વિકલ્પ/પ્રશ્ન થતા જ રહેશે. આ બધાંનાં નિરાકરણ માટે સર્વજ્ઞ પ્રણિત આગમનું અધ્યયન-મનન-ચિંતનાદિ કરવું અને આત્મજ્ઞ લોકોનો સત્સમાગમ કરવો તે જ એક શરણ છે, આધાર છે અન્ય બીજો

કોઈ ઉપાય નથી.

બધા આત્મસાધક યથાયોગ્ય માત્ર એક અંતર્મુહૂર્તના આત્મ-ધ્યાન/ આત્મલીનતા કરીને જ મુક્તિની પ્રાપ્તિ કરે છે, તેમાં કાંઈ મતભેદ નથી.

છતાંય આ વિશિષ્ટ અંતર્મુહૂર્ત પુરુષાર્થની પૂર્ણતા અને તેના ફળની પ્રાપ્તિ માટે આદિનાથ જેવા મુનિરાજને એક હજાર વર્ષ લાગ્યા, બાહુબલી મુનિવરને એક વર્ષ લાગ્યું અને ભરત ચક્રવર્તી માટે એક અંતર્મુહૂર્તની જ મુનિ અવસ્થાની સાધના પર્યાપ્ત થઈ ગઈ, છતાંય પુરૂષાર્થ તો સરખો જ રહ્યો.

ખરેખર જોવા જઈએ તો ચક્રવર્તીની અવ્રત અવસ્થામાં પણ પોતપોતાની ભૂમિકા અનુસાર યથાયોગ્ય આત્મ - સાધનાનો પુરૂષાર્થ સતત ચાલતો જ રહે છે, પરંતુ સ્થુળ / બાહ્ય દ્રષ્ટિધારી જગત તેને સ્વીકારતા નથી.

જ્યારે લૌકિક જીવનમાં પણ કદાચિત્ પોતાની ઈચ્છાની પૂર્તિ થાય છે તો થોડીઘણી આકુળતા મટે છે. અર્થાત્ આપણને પણ તત્કાળ જ અલ્પ સુખનો નિરાકુળતાનો આભાસ થાય છે, ત્યારે જ્યાં સર્વ પ્રકારની સર્વથા ઈચ્છાજન્ય આકુળતા નષ્ટ થઇ જાય છે, ત્યાં અનંતસુખ નિયમથી થશે જ. આ રીતે અનુમાનથી પણ સર્વ આકુળતા રહિત સિધ્ધ જીવોના અનંતસુખી હોવાનું યથાર્થ અનુમાનજ્ઞાન આપણે કરી શકીએ છીએ.

અનંત સર્વજ્ઞ પ્રણીત આગમ પરંપરાથી તો આપણને આ માન્ય જ છે કે સિધ્ધ અનંત સુખી છે.

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા-૬૮માં ગુણસ્થાનાતીત સિધ્ધ ભગવાનની **પરિભાષા** આ પ્રમાણે આપેલ છે:-

**अट्ठविहकम्मवियला, सीदीभूदा णिरंजणा णिच्चा ।**
**अट्ठगुणा किदकिच्चा, लोयग्गणिवासिणो सिद्धा ॥**

**જ્ઞાનાવરણાદિ અષ્ટકર્મ રહિત, અનંતસુખામૃતસ્વાદિ, પરમ શાંતિમય, મિથ્યાદર્શનાદિ સર્વવિકારરહિત, નિર્વિકાર, નિત્ય, સમ્યક્ત્વ આદિ આઠ પ્રધાનગુણયુકત, અનંત શુધ્ધ પર્યાયોથી સહિત, કૃતકૃત્ય, લોકાગ્રસ્થિત, વીતરાગી, સર્વજ્ઞ નિકલ પરમાત્માને સિધ્ધ ભગવાન કહે છે.**

**નામ અપેક્ષા વિચાર:**

ગુણસ્થાનાતીત સિધ્ધ ભગવાનને જ વ્યવહારાતીત, પરમશુધ્ધ, કાર્યપરમાત્મા, લોકાગ્રવાસી, સંસારાતીત, નિરંજન, નિરાકાર, નિષ્કામ, નિષ્કર્મ, સાધ્યપરમાત્મા, પરમસુખી, જ્ઞાનાકારી, જ્ઞાનશરીરી, ચિરવાસી, અશરીરી ઇત્યાદિ અનેક નામ છે. તેમને દેહમુકત પણ કહે છે.

**સમ્યક્ત્વ અપેક્ષા વિચાર:**

ક્ષાયિક સમ્યક્ત્વ જ પરમાવગાઢરૂપ નામને પ્રાપ્ત થાય છે. સામાન્ય દ્રષ્ટિથી ચોથા ગુણસ્થાનમાં પ્રગટ થવાવાળા સમ્યક્ત્વ અને સિધ્ધ-અવસ્થાનું સમ્યક્ત્વ - બંને સમાન છે, આ કથન સત્ય છે. આ વિષયને વિશેષ અપેક્ષાથી વિચારીએ તો અંતરનો પણ આપણે સ્વીકાર કરવો જોઇએ. જ્ઞાનગુણની અનંતતા વ્યકત થઇ ગઇ, ચારિત્ર પણ પરિપૂર્ણ શુધ્ધ થઇ ગયું, એવા અનેક સહચર ગુણોની વિશેષતા/ પર્યાયોથી સમ્યક્ત્વમાં પણ વિશેષતા કહેવામાં આવે છે . તેને પણ માનવું જ જોઇએ, કારણ કે એક ગુણની પર્યાય, ભેદ અપેક્ષાએ અન્ય ગુણ ની પર્યાયથી કથંચિત્ ભિન્ન હોવા છતાં પણ સર્વથા ભિન્ન તો છે નહી. એક આત્માના એક-એક પ્રદેશમાં અનંતગુણ અને તેની અનંત પર્યાયો અવિરોધરૂપથી રહે છે.

સાત તત્વોના યથાર્થ શ્રધ્ધાનની અપેક્ષાથી ચોથા ગુણસ્થાનનું સમ્યક્ત્વ અને સિધ્ધ ભગવાનનું સમ્યક્ત્વ સરખું છે. આ કથનને સુરક્ષિત રાખતા થકા આ બધું સમજવાની આવશ્યકતા છે.

સમ્યક્ત્વ તથા જ્ઞાનગુણની પર્યાયોમાં લક્ષણની અપેક્ષા થી કાંઇ પરિવર્તન ન હોવા છતાં પણ બંને અથવા અનંત ગુણોના સહચારીપણાને કારણ જે પરસ્પરમાં આરોપીત વ્યવહાર હોય છે - તેને પણ યથાયોગ્ય -યથાસ્થાન રીતથી સ્વીકારવું ઉચિત છે.

જેમ આંખ બંધ કરી ને ચાલવું અને આંખોથી જોઇને ચાલવું - બંને અવસ્થાઓમાં ચાલવાનું કામતો પગથી જ થાય છે, છતાંય આંખોથી જોઇને પગથી ચાલવામાં જે વિશેષતા હોય છે, તે વિશેષતા આંખો વગર નથી હોતી. તેજ પ્રકારે જ્ઞાનગુણના અનંતરૂપ પરિણમનની સાથે સમ્યક્ત્વ આદિ ગુણોમાં વિશેષતા કહેવામાં આવે છે, તેનો પણ સ્વીકાર કરવો જોઇએ.

**ચારિત્ર અપેક્ષા વિચાર :**

અહીંયા પરમ યથાખ્યાત ચારિત્ર હોય છે.

બારમા ગુણસ્થાનમાં જ ચારિત્ર યથાખ્યાત થઇ ગયું છે, છતાંય તેરમામાં અનંતજ્ઞાનને કારણ તેમાં વધારે વિશેષતા કહેવામાં આવી છે. એક ગુણનું રૂપ અન્ય ગુણના પરિણામમાં વિશિષ્ટ રીતે રહે જ છે. ચૌદમા ગુણસ્થાનમાં યોગજન્ય આત્મપ્રદેશોના કંપનપણાનો પણ અભાવ થઇ જવાથી ચારિત્રમાં વધારે વિશેષતા આવે તે સ્વાભાવિક જ છે. હવે અહીં સિધ્ધ અવસ્થામાં તો ચાર અઘાતિ કર્મોનો પણ નાશ થઇ ગયો છે, માટે ચારિત્રની નિર્મળ પરિણતિમાં અતિવિશિષ્ટતા આવી છે.

વાસ્તવિક રીતે જોઇએ તો અઘાતિકર્મ પણ ઘાતિકર્મ જેવું જ કામ કરે છે.

**પ્રશ્ન ૧૧૪** : અઘાતિ કર્મોને આપ ઘાતિકર્મો શા માટે કહો છો ?

**ઉત્તર** : ભાઇસાબ ! અનંત જ્ઞાનાદિ સ્વભાવ પર્યાયોના વ્યકત થવા પર પણ તે કર્મ સિધ્ધ અવસ્થાની પ્રાપ્તિમાં સાક્ષાત અડચણ નાખવામાં નિમિત્ત થઇ જાય છે, આ અપેક્ષાની મુખ્યતાથી અમે અઘાતિ ને પણ ઘાતિ કહ્યા છે.

**પ્રશ્ન ૧૧૫** : જેમ - યથાખ્યાત ચારિત્રમાં તેરમા, ચૌદમા ગુણસ્થાનોમાં પરિવર્તન / બદલી થાય છે. અર્થાત પરમ યથાખ્યાત ચારિત્ર થઇ જાય છે, તેમ જ શું સુખમાં પણ કાંઇ ફરક થાય છે ?

**ઉત્તર** : હા , સુખમાં પણ અવશ્ય બદલી થાય છે. જે સુખ ક્ષીણકષાય ગુણસ્થાનમાં માત્ર પૂર્ણ થઇ ગયું છે, તે સુખ સયોગ - અયોગ ગુણસ્થાનમાં કેવળજ્ઞાનની અપેક્ષા અનંતસુખ કહેવામાં આવે છે અને હવે આ સિધ્ધાવસ્થામાં વેદનીય કર્મના અભાવથી તે જ અનંતસુખ ને અવ્યાબાધ અનંતસુખ કહેવામાં આવે છે.

સુખ તથા જ્ઞાન વિષયનો ખુલાસો ચિદવિલાસ પાના નં . ૩૭ પર આ પ્રકારે આપેલ છેઃ

**જ્ઞાનનું સુખ યુગપદ્ હોય છે અને પરિણામોનું સુખ સમય માત્રનું છે. અર્થાત્ સમય - સમયના પરિણામ જયારે આવે છે, ત્યારે સુખ વ્યકત થાય છે. ભવિષ્યકાળના પરિણામ જ્ઞાનમાં આવ્યા, પરંતુ વ્યકત થયા નહીં. તેથી પરિણામનું સુખ ક્રમવર્તી છે અને તે તો પ્રત્યેક સમયમાં નવું - નવું થાય છે. જ્ઞાનોપયોગ યુગપદ છે, તે**

ઉપયોગ પોત - પોતાના લક્ષણ સહિત છે. તેથી પરિણામનું સુખ નવીન છે અને જ્ઞાનનું સુખ યુગપદ્ છે.

**પ્રશ્ન ૧૧૬:** કેવળજ્ઞાન થવા છતાં પણ સુખના અવ્યાબાધ થવામાં શું બાધા છે?

**ઉત્તર :** વેદનીય કર્મની સત્તા અને તેનો ઉદય - આ જ સુખને અવ્યાબાધ થવામાં બાધક નિમિત્ત થાય છે.

**કાળ અપેક્ષા વિચાર :**

સાદિ અનંત કાળ. સિધ્ધ અવસ્થાનો પ્રારંભ થાય છે, તેથી તેનો કાળ સાદિ (સ+આદિ) છે અને આ અવસ્થાનો ક્યારેય નાશ થશે જ નહિ, તેથી સર્વે સિધ્ધ ભગવાન નિયમથી સાદિ અનંત જ છે.

છ ઢાળા શાસ્ત્રની છઠ્ઠી ઢાલના તેરમા છંદમાં આ વિષયને ગ્રંથકારે આ શબ્દોમાં કહ્યું છેઃ-

**રહિ હૈ અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે.**

આ રીતે સિધ્ધોનો કાળ સાદિ અનંત હોવાથી કાળના જઘન્ય અને ઉત્કૃષ્ટપણાથી સંબંધ જ નથી.

**ગમનાગમન અપેક્ષા વિચાર :**

**ગમન :** સિધ્ધ અવસ્થાથી કોઇ ઉપર અન્ય ઉત્કૃષ્ટ અવસ્થા છે જ નહી. સિધ્ધ જીવનું અન્યત્ર ગમન થતું નથી. માટે તે ગમન રહિત અવસ્થિત/સ્થિર જ રહે છે.

**આગમન :** અયોગકેવળી ગુણસ્થાનથી અહીં આગમન થયું છે, અન્ય ગુણસ્થાનોથી અહીં આગમન પણ સંભવ નથી.

**વિશેષ અપેક્ષા વિચાર :**

૧) આમ તો અનંતાનંત સિધ્ધ ભગવાનોના જ્ઞાનાદિ અનંતાનંત ગુણોની પર્યાયોમાં કિંચિત્ પણ અંતર નથી તો પણ વ્યંજનપર્યાય અર્થાત આકારમાં અંતર હોય છે. જીવ સ્વયં સ્વભાવથી અમૂર્તિક તો છે જ. હવે સિધ્ધ દશામાં શરીરનો અભાવ થવાથી સર્વથા તથા સદાને માટે નિરાકાર તથા અમૂર્તિક થઇ ગયા છે.

પ્રદેશત્વ સામાન્ય ગુણની અપેક્ષાથી કોઇ ને કોઇ આકાર થવો તે વાત અલગ છે અને શરીરના અભાવથી નિરાકાર થવું અલગ છે. આ નિરાકારપણું પ્રદેશત્વ ગુણનું જ કાર્ય છે, છતાંય તેને શરીરના અભાવની

મુખ્યતા કરીને કહ્યું છે. આ બંને કથનમાં વિરોધ નથી. આ નિરાકારપણા ને લીધે જ જે આકાશના ક્ષેત્રમાં એક સિધ્ધ ભગવાન બીરાજમાન છે, તે જ આકાશના ક્ષેત્રમાં અન્ય અનંત સિધ્ધ ભગવાન પણ પોતાની સ્વતંત્ર સત્તાથી બીરાજે છે. આ કાર્ય અવગાહનત્વ પ્રતિજીવી ગુણનું કાર્ય છે.

૨) ભૂતપ્રજ્ઞાપન નૈગમનયથી ક્ષેત્ર, કાળ આદિ દ્વારા પણ આ સિધ્ધોમાં ભેદ કરવામાં આવે છે. **જેમ કે** - વિદેહક્ષેત્રથી મુકત, ભરતક્ષેત્રથી મુકત, ઉત્સર્પિણી કાળના ચોથાકાળથી મુકત આદિ.

૩) સિધ્ધ દશાનો ઉત્પાદ મનુષ્ય ક્ષેત્ર નિવાસના અંતિમ સમયમાં અને મધ્યમ લોકમાં જ થાય છે. આ દ્રષ્ટિ થી વિચાર કરવામાં આવે તો સિધ્ધાલય તો મનુષ્યલોક જ છે, છતાંય સિધ્ધદશા ઉત્પન્ન થતાં જ પરમપવિત્ર સિધ્ધ જીવનું ઋજુગતિથી આઠમી ઈષતપ્રાગ્ભાર પૃથ્વી સુધી ગમન થાય છે અને ત્યાં જ અનંતકાળ સુધી આઠ ગુણોથી અલંકૃત રહે છે. સિધ્ધ પૂજનમાં પણ કહ્યું છે. -

**સમકિત દર્શન જ્ઞાન, અગુરૂલઘુ અવગાહના,**
**સૂક્ષ્મ વીરજવાન, નિરાબાધ ગુણ સિધ્ધ કે.**

દોહામાં આઠ ગુણ અર્થાત્ પર્યાયોનું કથન છે, જે આઠે કર્મોના અભાવથી વ્યકત થઇ ગયા છે, તે આ પ્રકારે છે - **(જુઓ તત્વાર્થસાર અધ્યાય ૮, શ્લોક ૩૭ થી ૪૦)**

(૧) જ્ઞાનાવરણ કર્મના અભાવથી અનંત જ્ઞાન,
(૨) દર્શનાવરણ કર્મના અભાવથી અનંતદર્શન,
(૩) દર્શનમોહનીય કર્મના અભાવથી ક્ષાયિક સમ્યકૃત્વ, ] અનંત
ચારિત્રમોહનીય કર્મના અભાવથી ક્ષાયિકચારિત્ર, ] સુખ
(૪) અંતરાય કર્મના અભાવથી અનંતવીર્ય,
(૫) વેદનીય કર્મના અભાવથી અવ્યાબાધત્વ,
(૬) આયુ કર્મના અભાવથી અવગાહનત્વ,
(૭) નામ કર્મના અભાવથી સૂક્ષ્મત્વ અને
(૮) ગોત્ર કર્મના અભાવથી અગુરૂલઘુત્વ.

**સિધ્ધોનું સ્થાન :** ઈષતપ્રાગ્ભાર પૃથ્વીના ઠીક મધ્યમાં રજતમય, દિવ્ય, સુંદર, દેદીપ્યમાન અને **સીધા રાખેલા અર્ધ ગોળાની સદશ**

**મોક્ષશિલા છે.** આ અત્યંત પ્રભાયુકત ઉત્તાન છત્રાકાર અને મનુષ્યલોકને સદશ (૪૫ લાખ યોજન) વિસ્તારવાળી છે. આ શિલાની મધ્યની મોટાઇ આઠ યોજન છે, આગળ અંત સુધી ક્રમશઃ હીન થતી ગઈ છે.

સિદ્ધોની મોક્ષ - શિલા, આ સ્થાન વ્યવહારનયથી કહેવામાં આવ્યુંછે. નિશ્ચયથી પ્રત્યેક સિદ્ધ ભગવાન - પોત - પોતાના આત્મપ્રદેશોમાં અવસ્થિત છે.

**સિદ્ધોનું સુખ** - ત્રણે લોકમાં ચતુર્નિકાયના સર્વ દેવો, ઇંદ્રો, અહમિંદ્રો, પદવીધારી ચક્રવર્તી આદિ સર્વ રાજાઓ, ભોગભૂમિના યુગલો અને સર્વ વિદ્યાધરોના ભૂત - ભવિષ્ય - વર્તમાનના સર્વ સુખને એકત્રીત કરવા છતાંય ત્રિકાલજ વિષયોથી ઉત્પન્ન થવાવાળા આ ઇંદ્રીયજન્ય સમસ્ત સુખોથી (વિભિન્ન જાતિના) અનંતાનંતગણા શાશ્વત તથા અતિન્દ્રિય સુખ સિદ્ધ પરમેષ્ઠી એક સમયમાં ભોગવે છે. લોકના અગ્રભાગમાં સ્થિત સિદ્ધપરમેષ્ઠી પોતાના આત્માના ઉપાદાનથી ઉત્પન્ન વૃદ્ધિ - હાનીથી રહિત, પરદ્રવ્યોથી નિરપેક્ષ, સર્વ સુખોમાં ઉત્કૃષ્ટ, બાધા રહિત, ઉપમા રહિત, દુઃખ રહિત, અતીન્દ્રિય, અનુપમ સુખથી ઉત્પન્ન અને સમસ્ત સુખોમાં જે સારભૂત છે, એવા સુખનો ઉપભોગ નિરંતર કરે છે.

**સિદ્ધ ભગવાનનું સ્વરૂપ :** - તનુવાતવલયના અંતમાં છે મસ્તક જેમનું એવા ત્રિજગદ્‌વંદનીય, અનંત સુખમાં નિમગ્ન અને નિત્ય જ આઠ ગુણોથી વિભૂષિત સિદ્ધ પરમેષ્ઠી તે સિદ્ધશિલાની ઉપર અવસ્થિત છે. જ્ઞાન જ છે શરીર જેમનું એવા તે અમૂર્તિક સિદ્ધ કોઇ કાર્યોત્સર્ગથી અને કોઇ પદમાસનથી નાનાપ્રકારના આકારોથી અવસ્થિત છે. પુરૂષાકાર મીણ રહિત ઢાંચામાં જે પ્રકારે આકાશ પુરૂષાકારને ધારણ કરીને રહે છે, તે પ્રકારે પૂર્વ શરીરની લંબાઈ તથા પહોળાઇમાંથી કિંચિત્ ન્યૂન પુરૂષાકાર પ્રદેશોથી યુકત, લોકોત્તમસ્વરૂપ, શરણસ્વરૂપ અને સમસ્ત વિશ્વને મંગલસ્વરૂપ સિદ્ધ ભગવાન અંતરહિત, અનંતકાળ સુધી પોતાના આત્મામાં જ રહે છે. આ પ્રકારના સિદ્ધ ભગવાન વિશ્વના સમસ્ત અરહંતો અને મુનીશ્વરો દ્વારા વંદનીય તથા સ્તુત્ય છે (સ્તુતિ કરવા યોગ્ય), હું પણ તેમનું દયાન કરું છું, તેઓ મને પોતાના ગુણોને સદશ પોતાની સિદ્ધગતિ સમાન અનંત સુખમય સિદ્ધદશા પ્રદાન કરે.

## ધવલા પુસ્તક ૧ નો અંશ (પાનું ૨૦૧)

સામાન્યથી સિધ્ધ જીવ છે. ॥૨૦॥

સિધ્ધ, નિષ્ઠિત, નિષ્પન્ન, કૃતકૃત્ય અને સિધ્ધસાધ્ય - આ એકાર્થવાચી નામ છે. જેઓએ સમસ્ત કર્મોનું નિરાકરણ કરી દીધું છે, જેઓએ બાહ્ય પદાર્થોની અપેક્ષા રહિત, અનંત, અનુપમ, સ્વાભાવિક અને પ્રતિપક્ષરહિત સુખને પ્રાપ્ત કરી લીધું છે, જે નિર્લેપ છે, અચલ સ્વરૂપને પ્રાપ્ત છે, સંપૂર્ણ અવગુણોથી રહિત છે, સર્વ ગુણોના નિધાન છે, જેમનો સ્વદેહ અર્થાત્ આત્માનો આકાર ચરમશરીરથી કાંઇકન્યૂન છે, જે કમાનમાંથી નીકળેલા બાણની સમાન વિનિઃસંગ છે અને લોકના અગ્રભાગમાં નિવાસ કરે છે, તેમને સિધ્ધ કહે છે.

-o-o-o-o-

**પ્રશ્ન :** સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ પ્રગતિ કરીને શીઘ્રાતિશીઘ્ર મુક્ત થાય તો કેટલા સમયમાં અને કેવી રીતે મુક્ત થાય છે?

**ઉત્તર :** ૧) મિથ્યાત્વપર્યાયથી કાંઇક ઓછો અર્ધપુદ્ગલ પરાવર્તન પ્રમાણ સંસારમાં પરિભ્રમણ કરી અંતિમ ભવ ગ્રહણ કરવાથી મનુષ્ય ભવમાં ઉત્પન્ન થયો. ૨) ફરી અંતર્મુહૂર્ત કાળ સંસારનો બાકી રહી જવાથી ત્રણે ત્રણ કરણને કરીને પ્રથમોપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત થયો. ૩) ફરી વેદક સમ્યક્ દ્રષ્ટિ થયો. ૪) ફરી અંતર્મુહૂર્ત કાળ દ્વારા અનંતાનુબંધી કષાયનું વિસંયોજન કરીને ૫) ત્યારબાદ દર્શનમોહનીયનો ક્ષય કરીને ૬) ફરી અપ્રમત્ત સંયત થયો ૭) પછી પ્રમત્ત અને અપ્રમત્ત ગુણસ્થાન આ બંને ગુણસ્થાનો સંબંધી સહસ્ત્રો પરિવર્તન કરીને ૮) ક્ષપકશ્રેણી પર ચઢતો થકો અપ્રમત્તસંયત ગુણસ્થાનમાં અધઃપ્રવૃત્તકરણ વિશુદ્ધિથી શુદ્ધ થઇને ૯) અપૂર્વકરણ ક્ષપક થયો ૧૦) અનિવૃત્તિકરણ ક્ષપક થયો ૧૧) સૂક્ષ્મસાંપરાયિક ક્ષપક થયો ૧૨) ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ થયો. ૧૩) સયોગકેવળી થયા ૧૪) અયોગ કેવળી થયા થકા સિદ્ધ થઇ ગયા.

આ પ્રકારે મોક્ષમાર્ગની સાધનામાં શીઘ્રતા હોય તો ચૌદ અંતર્મુહૂર્ત માં મુકિત થઇ જાય છે અને આ બધા અંતર્મુહૂર્ત માં પણ એક જ મોટા અંતર્મુહૂર્ત માં આવી જાય છે. આનાથી સ્થૂળરૂપથી એ કહી શકીએ કે **સાદિ મિથ્યાદ્રષ્ટિ પણ મિથ્યાત્વ છોડીને અર્થાત્ સમ્યક્દ્રષ્ટિ થઇને એક જ અંતર્મુહૂર્તમાં મુકત થઇ શકે છે.** (આ સાદિ મિથ્યાદ્રષ્ટિની ચર્ચા) (જુઓ ધવલા પુસ્તક ૪ પાનું - ૩૩૬)

અનાદિ મિથ્યાદ્રષ્ટિના સંબંધમાં પંડિતપ્રવર શ્રી ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથમાં પા. નં. ૨૬૫ પર આ શબ્દોમાં કહ્યું છે - **"જુઓ, પરિણામોની વિચિત્રતા..........! કોઇ નિત્ય નિગોદથી નિકળીને મનુષ્ય થઇ મિથ્યાત્વ છુટયા પછી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે."**

પરિશિષ્ટ - ૧.

## જીવ જ બળવાન છે, કર્મ નહીં.

૧) જીવ જ સ્વયં અંતર્વ્યાપક થઇને સંસારયુકત અથવા નિઃસંસાર અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઇને સંસારયુકત અથવા સંસારરહિત એવું પોતાને કરતો થકો પ્રતિભાસિત થાય છે.

**- સમયસાર ગાથા ૮૩ ની ટીકા.**

૨) વસ્તુની શકિત પરની અપેક્ષા નથી રાખતી. માટે જીવ પરિણમન સ્વભાવવાળો સ્વયં છે. **- સમયસાર ગાથા ૧૨૧ - ૧૨૫ ની ટીકા.**

૩) તત્વદ્રષ્ટિથી જોવા જઇએ તો રાગ - દ્વેષને ઉત્પન્ન કરવાવાળા અન્ય દ્રવ્ય કિંચિત્ માત્ર પણ દેખાતા નથી, કારણકે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના સ્વભાવથી જ થતી થકી અંતરંગમાં અત્યંત પ્રગટ પ્રકાશિત થાય છે. **- સમયસાર કલશ ૨૧૯.**

૪) આ આત્મામાં જે રાગ - દ્વેષરૂપી દોષોની ઉત્પત્તિ થાય છે, તેમાં પરદ્રવ્યનો કાંઇપણ દોષ નથી. ત્યાં તો સ્વયં જીવ જ અપરાધી છે.

**- સમયસાર કળશ ૨૨૦.**

૫) જે રાગની ઉત્પત્તિ માં પરદ્રવ્યનું જ નિમિત્તપણું માને છે, પોતાનું કાંઇપણ કારણત્વ નથી માનતા, તે - જેની બુધ્ધિ શુધ્ધ જ્ઞાનથી રહિત અંધ છે, એવા મોહનદીને પાર નથી કરી શકતા.

**- સમયસાર કળશ ૨૨૭.**

૬) આચાર્યશ્રી જયસેન **पुण्णफला अरहंता** ગાથાની ટીકા કરતા લખે છે **- દ્રવ્ય મોહનો ઉદય થવા છતાં પણ જો જીવ શુધ્ધાત્મ ભાવનાના બળથી ભાવ મોહરૂપ પરિણમન નથી કરતો તો બંધ નથી થતો.** જો વળી (ફરીથી) કર્મોદય માત્રથી બંધ થતો હોય તો સંસારીઓને સદૈવ કર્મના ઉદયની વિદ્યમાનતા હોવાથી સર્વથા બંધ જ થશે, મોક્ષ કયારેય પણ નહી થઇ શકે. **- પ્રવચનસાર ગાથા - ૪૫.**

૭) નિગોદ પર્યાયમાં ભાવકલંકની પ્રચુરતા કહેવાઇ છે, કર્મોનું બળવાનપણું તો ત્યાં પણ નથી કહ્યું.

**- ગોમ્મટસાર જીવકાંડ, ગાથા- ૧૬૭.**

૮) પ્રત્યેક દ્રવ્ય પ્રતિસમય ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે. તેથી કોઈને કોઈ નવી અવસ્થા થાય જ છે. તે અવસ્થાના કર્તા દ્રવ્યની ઉત્પાદરૂપ ભાવશકિત જ છે, કર્મ કે અન્ય દ્રવ્ય નહી.

૯) જીવાદિ છયે દ્રવ્યોમાં દ્રવ્યત્વ નામનો એક સામાન્ય ગુણ છે. આ દ્રવ્યત્વ ગુણથી જ પ્રત્યેક દ્રવ્યની અવસ્થાઓ નિરંતર બદલાતી રહે છે. તેથી જીવમાં કાંઇક વિકારરૂપ તથા કાંઇક અવિકારરૂપ અવસ્થાઓ થાય છે, તેનો કર્તા જીવનો દ્રવ્યત્વ ગુણ જ છે, કર્મ નથી.

૧૦) જો કર્મ સ્વયં કર્તા થઇને ઉદ્યમથી જીવના સ્વભાવનો ઘાત કરે, બાહ્યસામગ્રીને મેળવે, ત્યારે તો કર્મને ચેતનપણું પણ જોઇએ અને બળવાનપણું પણ જોઇએ, એમ તો છે નહીં, સહજ જ નિમિત્ત - નૈમિત્તિક સંબંધ છે. **- મોક્ષમાર્ગ પ્રકાશક - પાના નં ૨૫.**

૧૧) હવે, જે રાગાદિકભાવો નું નિમિત્ત કર્મને જ માની પોતાને રાગાદિકનો અકર્તા માને છે, તે કર્તા તો આપ છો, પરંતુ આપને નિરઉદ્યમી થઇને પ્રમાદી રહેવું છે, માટે કર્મને જ દોષ આપો છો, તો તે દુઃખદાયક ભ્રમ છે. **- મોક્ષમાર્ગ પ્રકાશક - પાના નં ૧૯૫.**

૧૨) તત્વનિર્ણય કરવામાં કોઇ કર્મનો દોષ છે જ નહી, તારો જ દોષ છે, પરંતુ તું સ્વયં મહંત રહેવા ઇચ્છે છે અને પોતાનો દોષ કર્માદિકને લગાવે છે, તો જિન આજ્ઞા માને તો આવી અનીતિ સંભવ નથી. તને વિષયકષાયરૂપ જ રહેવું છે, માટે ખોટું બોલે છે. મોક્ષની સાચી અભિલાષા હોય તો આવી યુકિત શા માટે બનાવે ?

સાંસારિક કાર્યોમાં પોતાના પુરૂષાર્થથી સિદ્ધિ ન થતી માને, છતાંય પુરૂષાર્થ થી ઉદ્યમ કર્યા કરે છે, અહીં પુરૂષાર્થ ખોઇ બેઠો, માટે જાણીએ છીએ કે મોક્ષને દેખા - દેખીથી ઉત્કૃષ્ટ કહે છે, તેનું સ્વરૂપ ઓળખીને તેને હિતરૂપ નથી જાણતો. હિત જાણે તો તેનો ઉદ્યમ કરે જ, ન કરે તે અસંભવ છે. **- મોક્ષમાર્ગ પ્રકાશક પાના. નં - ૩૧૧.**

૧૩) કરણાનુયોગના શાસ્ત્રોમાં અનંત સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનાનુસાર આચાર્યોએ આ સાર્વકાલિક તથા સાર્વભૌમિક નિયમ બતાવ્યો છે કે "પ્રત્યેક છ માસ અને આઠ સમયમાં ૬૦૮ જીવ સિદ્ધ દશાને પ્રાપ્ત કરતા રહે છે." તે પણ આપણને જીવના જ સ્વાધીન પુરૂષાર્થ ને દર્શાવી રહ્યા છે.

૧૪) આ વિશ્વમાં અનેક જીવ સમ્યક્દર્શન પ્રાપ્ત કરી રહ્યા છે.

પાંચમા ગુણસ્થાનની પ્રપ્તિ કરી રહ્યા છે. છઠ્ઠા - સાતમામાં ઝૂલી રહ્યા છે તથા પરિષહ અને ઉપસર્ગરૂપ વિપરીત/સંયોગોમાં આત્માનંદનો અનુભવ કરી રહ્યા છે અને સિધ્ધ ભગવાન પણ થઇ રહ્યા છે. આ વાતોથી પણ જીવ જ પુરૂષાર્થી એટલેકે બળવાન છે, આ વિષય આપણને સ્પષ્ટ થઇ જાય છે.

**૧૫)** જડદ્રવ્ય કર્મનો ઉદય અને જીવના વિકારી પરિણામ એક સાથે તથા એક જ સમયમાં થાય છે, એવું કથન **આચાર્યોએ કરણાનુયોગ**માં કરેલ છે. માટે કર્મ જીવના વિકારી પરિણામોનો કર્તા નથી. તેથી કર્મ બળવાન નથી, આ વિષય અત્યંત સ્પષ્ટ રીતે સિધ્ધ થઇ જાય છે.

**૧૬)** કર્મને બળવાન માનશો તો જીવ પરાધીન અને કર્મોનો ગુલામ થવાથી કોઇ મુનિ, વ્રતી, શ્રાવક તથા સમ્યક્દ્રષ્ટિ પણ નહી થઇ શકે, કારણ કે પોત પોતાની ભૂમિકાને યોગ્ય વિશિષ્ટ કર્મોના ઉપશમાદિ થયા વિના કોઇ જીવ મુનિ આદિ થઇ જ નથી શકતા. નષ્ટ તો નબળા હોય છે, બળવાન નહી. આજ સુધી અનંત જીવોએ સ્વયં પુરૂષાર્થપૂર્વક મુક્તિ ની પ્રાપ્તિ કરી છે, તેના ફળસ્વરૂપે કર્મોનું અકર્મપણું સ્વયં થઇ ગયુ છે.

**૧૭)** પૂર્વ જીવનમાં જીવને વિપરીત પુરૂષાર્થથી તીવ્ર મોહાદિ કર્મોનો બંધ કર્યો હતો અને તે કર્મના ઉદય - કાળમાં પુરૂષાર્થહીનતાથી જીવ ધર્મ પ્રકટ કરવામાં સમર્થ નથી થઇ શકતો. તેથી શાસ્ત્રમાં "કર્મ બળવાન છે." એવું કથન પણ વ્યવહારનયથી આવ્યું છે, વાસ્તવમાં **કર્મ બળવાન નથી** એવું સમજવું જોઇએ.

**જેમ** - રામના પરાક્રમ, શૌર્ય, ધૈર્ય આદિની પ્રસિધ્ધિને સ્પષ્ટ કરવા માટે જ દુષ્ટ રાવણના પણ શૌર્યનું વર્ણન જૈન શાસ્ત્રોમાં કર્યું છે. તેમ જ જીવના બળવાનપણાને વિશેષરૂપથી સિધ્ધ કરવા માટે વ્યવહારનયથી કર્મને બળવાન કહેવાય છે, આનો અર્થ જીવ જ બળવાન છે. કર્મરૂપ નિમિત્તનું તો માત્ર જ્ઞાન કરાવવામાં આવ્યું છે.

**૧૮)** જો કર્મ ને બળવાન માનશું તો એક પણ જીવ સિધ્ધ ભગવાન નહીં બની શકે, કારણકે જીવના પુરૂષાર્થપૂર્વક કર્મનો અભાવ થયા વગર કોઇ જીવ સિધ્ધ નથી થઇ શકતો. અનેક જીવ કર્મોના અભાવપૂર્વક સિધ્ધ ભગવાન થઇ ગયા છે. આનાથી સ્વયં સિધ્ધ થઇ ગયું કે જીવ જ બળવાન છે. જાણે સિધ્ધ ભગવાન સિધ્ધાલયમાં બેસીને આપણને જોઇ

પોકારી - પોકારીને સમજાવી રહ્યા છે કે કર્મરહિત એવા આપણે અનંત સિધ્ધોને જાણીને પણ **જીવ જ બળવાન છે, કર્મ નહી** આ નાનકડી વાત તમારી સમજમાં કેમ નથી આવી રહી ?

**૧૯)** શ્રી ચંદ્રપ્રભ ભગવાનની પૂજનના છંદમાં કહ્યું છે,

**કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઇ,**
**અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઇ.**

દેવ - શાસ્ત્ર - ગુરૂ પૂજનનો આ છંદ પણ આપણને સ્પષ્ટ સમજાવી રહ્યો છે-

**જડકર્મ ઘુમાતા હૈ મુજકો, યહ મિથ્યા ભ્રાંતિ રહી મેરી,**
**મૈ રાગ-દ્વેષ કિયા કરતા, જબ પરિણતિ હોતી જડ કેરી.**

**પ્રશ્ન :** શાસ્ત્રોમાં સર્વત્ર સુખી અથવા મુકત થવાને માટે જીવને જ શા માટે સમજાવ્યું છે? કર્મોને શા માટે નથી સમજાવ્યું?

**ઉત્તર :** ૧) જીવ અનાદિ - અનંત છે, તેથી જીવ મોટો છે. કર્મ સાદિ - સાંત છે. માટે ઉંમરની અપેક્ષાથી પણ કર્મ નાના જ છે. કર્મ વધારેમાં વધારે ૭૦ ક્રોડાક્રોડી સાગરની સ્થિતિવાળા હોઇ શકે છે - **જેમ** લૌકિક જીવનમાં મોટા અને નાના ભાઇઓમાં અથવા વિદ્યાર્થીઓમાં ઝઘડો થઇ જાય તો મોટાને સમજાવે છે. સંસારમાં જીવ મોટો છે. તેથી જીવ ને જ સમજાવ્યું છે.

૨) સમજદાર અર્થાત **જ્ઞાનવાનને સમજાવી શકાય છે**. તેથી શાસ્ત્રમાં કથન આવે છે - **કર્મને નષ્ટ કરો** એવું જીવને જ સમજાવ્યું છે, કારણકે જીવ જ્ઞાનવાન છે. કર્મ પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલ જડ અચેતન છે. તેથી "તેને તમે જીવને છોડો, તેને મુકત થવા દો, તેને શા માટે હેરાન કરી રહ્યા છો ?" એવું નથી સમજાવ્યું.

**૨૦)** છઠ્ઠા ગુણસ્થાનમાં ભાવલિંગી મુનિરાજને અસાતાવેદનીય, અરતિ, શોક, ભય આદિ પાપકર્મો નો ઉદય છે તથા પ્રતિકૂળ નિમિત્ત પણ છે, પરંતુ આ કર્મ મુનિરાજને દુ:ખી કે ખેદખિન્ન નથી કરતાં, કારણકે મુનિરાજ જ્ઞાતા - દ્રષ્ટા રહે છે તો કર્મ બળવાન કેવી રીતે ? તેથી આપણી માન્યતા શાસ્ત્રાનુકૂળ બનાવવામાં જ આપણું હિત છે.

-૦-૦-૦-૦-

પરિશિષ્ટ - ૨.

# ગુણસ્થાનોમાં વિશેષ

**૧. જીવોની સંખ્યાઃ-**

૧) પ્રથમ ગુણસ્થાનમાં જીવોની સંખ્યા અનંતાનંત છે, આ તિર્યંચગતિમાં સ્થાવર જીવોની અપેક્ષાથી છે.

૨) બીજા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે છે.

૩) ત્રીજા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે છે.

૪) ચોથા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે છે.

૫) પાંચમા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે છે, આ સંખ્યા સંજ્ઞી તિર્યંચ જીવોની અપેક્ષાથી કહેવામાં આવી છે.

૬) પ્રથમ ગુણસ્થાનમાં મનુષ્યોની અપેક્ષાએ સંખ્યા જગત્ શ્રેણીના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે છે, આ સંખ્યા અપ્ર્યાપ્ત મનુષ્યોની અપેક્ષાથી છે.

૭) દ્વિતીય ગુણસ્થાનમાં મનુષ્યોની અપેક્ષાથી સંખ્યા પર કરોડની છે.

૮) તૃતીય ગુણસ્થાનમાં મનુષ્યોની અપેક્ષાથી સંખ્યા ૧૦૪ કરોડની છે.

૯) ચોથા ગુણસ્થાનમાં મનુષ્યોની અપેક્ષાથી સંખ્યા ૭૦૦ કરોડની છે.

૧૦) પાંચમા ગુણસ્થાનમાં મનુષ્યોની અપેક્ષાથી સંખ્યા ૧૩ કરોડની છે.

૧૧) છઠ્ઠા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા ૫,૯૩,૯૮,૨૦૬ (પાંચ કરોડ ત્રાણું લાખ અઠ્ઠાણું હજાર બસો છ) છે.

૧૨) સાતમા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા ૨,૯૬,૯૯,૧૦૩ (બે કરોડ છન્નું લાખ, નવ્વાણું હજાર એકસો ત્રણ) છે.

૧૩) ઉપશમશ્રેણીના આઠમા, નવમા, દસમા, અગ્યારમાં ગુણસ્થાનોમાં ક્રમથી (૨૯૯,૨૯૯,૨૯૯,૨૯૯) જીવ છે. ટોટલ કુલ ઉપશમ શ્રેણીના ચારે ગુણસ્થાનોમાં જીવોની સંખ્યા ૧૧૯૬ છે.

૧૪) ક્ષપકશ્રેણીના આઠમા, નવમા, દસમા, બારમા ગુણસ્થાનોમાં

જીવોની સંખ્યા ૫૯૮, ૫૯૮, ૫૯૮, ૫૯૮ પ્રમાણે છે.

ક્ષપકશ્રેણીના ચારેય ગુણસ્થાનમાં જીવોની સંખ્યા ૨૩૯૨ છે.

૧૫) તેરમાં ગુણસ્થાનમાં જીવોની સંખ્યા ૮,૯૮,૫૦૨ (આઠ લાખ, અઠ્ઠાણું હજાર, પાંચસો બે) છે.

૧૬) ચૌદમા ગુણસ્થાનમાં જીવોની સંખ્યા ૫૯૮ છે.

૧૭) છઠ્ઠા ગુણસ્થાનથી ચૌદમાં ગુણસ્થાન સુધી જીવોની સંખ્યાનું ટોટલ છે - ૫,૯૩,૯૮,૨૦૬ + ૨,૯૬,૯૯,૧૦૩ + ૧,૧૯૬ + ૨,૩૯૨ ૮,૯૮,૫૦૨ + ૫૯૮ = ૮,૯૯,૯૯,૯૯૭ એટલે કે ત્રણ ઓછા નવ કરોડ મુનિરાજ ભાવલિંગી જ હોય છે.

૧૮) દ્રવ્યલિંગી મુનિરાજ પહેલા, બીજા, ત્રીજા, ચોથા, પાંચમા ગુણસ્થાનમાં પણ હોય છે.

**૨. ગુણસ્થાનોમાં બંધ સંબંધી સામાન્ય નિયમઃ -**

૧) મિથ્યાત્વની પ્રધાનતાથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં ૧૬ **પ્રકૃતિઓ**નો બંધ થાય છે.

૨) અનંતાનુબંધી કષાયના ઉદયજનિત અવિરતિથી ૨૫ **પ્રકૃતિઓ**નો બંધ થાય છે. સમ્યક્‌મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયની અપેક્ષાએ મિશ્ર ગુણસ્થાનમાં બંધની વ્યુચ્છિત્તિનો અભાવ થવાથી કોઇ નવી પ્રકૃતિનો બંધ નથી થતો અને કોઇપણ આયુકર્મનો પણ બંધ નથી થતો.

૩) અપ્રત્યાખ્યાનાવરણ કષાયોદયજનિત અવિરતિથી ૧૦ **પ્રકૃતિઓ**નો બંધ થાય છે.

૪) પ્રત્યાખ્યાનાવરણ કષાય ઉદયજનિત વિરતાવિરતથી ૪ **પ્રકૃતિઓ**નો બંધ થાય છે.

૫) સંજવલનના તીવ્ર ઉદય જનિત પ્રમાદથી ૬ **પ્રકૃતિઓ**નો બંધ થાય છે.

૬) સંજવલન અને નોકષાયના મંદ ઉદયથી ૫૯ **પ્રકૃતિઓ**નો બંધ થાય છે.

૭) યોગથી **એક સાતાવેદનીય**નો બંધ થાય છે. (મોહનો સર્વથા ઉપશમ થવાથી અથવા ક્ષય થવાથી).

૮) તીર્થંકર પ્રકૃતિનો બંધ સમ્યક્દ્રષ્ટિના ચતુર્થ ગુણસ્થાનથી આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી જ થાય છે.

૯) આહારકશરીર અને આહારક અંગોપાંગનો બંધ સાતમા થી આઠમા

ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી જ થાય છે.

૧૦) ત્રીજા ગુણસ્થાનમાં કોઇપણ આયુનો બંધ નથી થતો.

**૩) ગુણસ્થાનોમાં મૂળકર્મોનો બંધ :-**

૧) જ્ઞાનાવરણકર્મનો બંધ પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી થાય છે.

૨) દર્શનાવરણકર્મનો બંધ પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી થાય છે.

૩) વેદનીય કર્મનો બંધ પહેલા ગુણસ્થાનથી તેરમા ગુણસ્થાન સુધી થાય છે.

૪) દર્શનમોહનીયનો બંધ માત્ર પ્રથમ ગુણસ્થાનમાં થાય છે.

- ચારિત્રમોહનીયનો બંધ પહેલાથી નવમા ગુણસ્થાન સુધી થાય છે.
- દસમા ગુણસ્થાનમાં સૂક્ષ્મલોભ કષાયના ઉદયથી સૂક્ષ્મલોભ પરિણામ તો થાય છે, છતાંય ચારિત્રમોહનીય નો કોઇપણ પ્રકૃતિ નો બંધ થતો નથી.

૫) પહેલા ગુણસ્થાનથી સાતમા સ્વસ્થાન અપ્રમત્ત ગુણસ્થાન સુધી આયુકર્મનો બંધ થાય છે. એટલું વિશેષ છે કે મિશ્ર ગુણસ્થાનમાં કોઇ પણ આયુકર્મનો બંધ થતો નથી.

૬) નામ કર્મનો બંધ પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી થાય છે.

૭) ગોત્ર કર્મનો બંધ પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી થાય છે.

૮) અંતરાયકર્મનો બંધ પહેલા ગુણસ્થાનથી દસમા ગુણસ્થાન સુધી થાય છે.

**(૪) ગુણસ્થાનોમાં ઉદય: -**

૧) તીર્થંકર પ્રકૃતિનો ઉદય તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં જ થાય છે.

૨) આહારક શરીર અને આહારક અંગોપાંગનો ઉદય છઠ્ઠા ગુણસ્થાન માં જ થાય છે.

૩) સમ્યક્મિથ્યાત્વ નો ઉદય ત્રીજા ગુણસ્થાનમાં જ થાય છે.

૪) સમ્યક્પ્રકૃતિ નો ઉદય ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી જ થાય છે.

૫) ચોથા ગુણસ્થાનમાં ચારે અનુપૂર્વી નો ઉદય થાય છે.

૬) પહેલું ગુણસ્થાન એક મિથ્યાત્વ અને ચાર અનંતાનુબંધીના ઉદયથી થાય છે.

૭) બીજું ગુણસ્થાન અનંતાનુબંધીના ઉદયથી થાય છે.

૮) ત્રીજું ગુણસ્થાન સમ્યક્‌મિથ્યાત્વ ના ઉદયથી થાય છે.

૯) ચોથું ગુણસ્થાન સાત કર્મોના અર્થાત્ દર્શનમોહનીય ૩, ચારિત્ર મોહનીય- ૪ પ્રકૃતિના ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ (એક સમ્યક્ પ્રકૃતિના ઉદય) થી થાય છે.

૧૦) પાંચમું ગુણસ્થાન ચારિત્રમોહનીયની ૧૭ પ્રકૃતિના ઉદયથી થાય છે. પ્રત્યાખ્યાનાવરણ - ૪, સંજવલન - ૪, અને નવ નોકષાય)

૧૧) છઠ્ઠું ગુણસ્થાન સંજવલન તથા નવ નોકષાયના તીવ્ર ઉદયથી થાય છે.

૧૨) સાતમું ગુણસ્થાન સંજવલન તથા નવ નોકષાયના મંદ ઉદયથી થાય છે.

૧૩) આઠમું ગુણસ્થાન સંજવલન અને નવ નોકષાયના મંદતર ઉદયથી થાય છે.

૧૪) નવમું ગુણસ્થાન સંજવલન અને નવ નોકષાયના મંદતમ ઉદયથી થાય છે.

૧૫) દસમું ગુણસ્થાન સંજવલન સૂક્ષ્મલોભના ઉદયથી થાય છે.

૧૬) અગ્યારમું ગુણસ્થાન મોહનીય કર્મના સર્વથા ઉપશમથી થાય છે.

૧૭) બારમું ગુણસ્થાન મોહનીય કર્મના પૂર્ણ ક્ષયથી થાય છે.

૧૮) તેરમું ગુણસ્થાન ઘાતિ કર્મોના પૂર્ણ ક્ષયથી થાય છે.

૧૯) ચૌદમું ગુણસ્થાન યોગના અભાવની અપેક્ષાએ થાય છે.

### (૫) ગુણસ્થાનોમાં મૂળકર્મોનો ઉદયઃ

૧) જ્ઞાનાવરણ કર્મનો ઉદય પહેલાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.

૨) દર્શનાવરણકર્મનો ઉદય પહેલાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.

૩) વેદનીયકર્મનો ઉદય પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે.

૪) મોહનીય કર્મનો ઉદય પહેલાથી દસમાં ગુણસ્થાન સુધી હોય છે.

૫) આયુકર્મનો ઉદય પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે.

૬) નામકર્મનો ઉદય પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે.

૭) ગોત્રકર્મનો ઉદય પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય છે.

૮) અંતરાયકર્મનો ઉદય પહેલાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.

**(૬) ગુણસ્થાનોમાં મૂળકર્મોનું સત્વઃ-**

૧) જ્ઞાનાવરણ કર્મનો પહેલાથી બારમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૨) દર્શનાવરણ કર્મનો પહેલાથી બારમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૩) વેદનીય કર્મનો પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૪) મોહનીય કર્મનો પહેલાથી અગ્યારમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૫) આયુ કર્મનો પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૬) નામકર્મનો પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૭) ગોત્રકર્મનો પહેલાથી ચૌદમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

૮) અંતરાયકર્મનો પહેલાથી બારમા ગુણસ્થાન સુધી સત્વ જોવામાં આવે છે.

# ગુણસ્થાનોમાં બંધવ્યુચ્છિત્તિની સન્દષ્ટિ

| ગુણસ્થાન | વ્યુચ્છિન્ન પ્રકૃતિઓની સંખ્યા | વ્યુચ્છિન્ન પ્રકૃતિઓના નામ |
|---|---|---|
| મિથ્યાત્વ | ૧૬ | મિથ્યાત્વ, હુંડકસંસ્થાન, નપુંસકવેદ, અસંપ્રાપ્તાસૃપાટિકા-સંહનન, એકેંદ્રિયજાતિ, સ્થાવર, આતપ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, નરકગતિ, નરક-ગત્યાનુપૂર્વી અને નરકાયુ. |
| સાસાદન | ૨૫ | અનંતાનુબંધી કષાય ૪, સ્ત્યાનગૃદ્ધિ, નિદ્રા-નિદ્રા, પ્રચલા-પ્રચલા, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, ન્યગ્રોધપરિમંડલ-સ્વાતિ-કુબ્જક અને વામનસંસ્થાન, વજ્રનારાચ-અર્ધનારાચ-કીલિત-સંહનન, અપ્રશસ્ત-વિહાયોગતિ, સ્ત્રીવેદ, નીચગોત્ર, તિર્યંચગતિ -તિર્યંચ-ગત્યાનુપૂર્વી, તિર્યંચાયુ અને ઉદ્યોત. |
| મિશ્ર | ૦૦ | |
| અસંયત | ૧૦ | અપ્રત્યાખ્યાનાવરણની ચાર કષાય, વજ્રનારાચસંહનન, ઔદારિક શરીર, ઔદાયિકઅંગોપાંગ, મનુષ્યગતિ-મનુષ્યગત્યાનુપૂર્વી અને મનષ્યાયુ. |
| દેશસંયત | ૦૪ | પ્રત્યાખ્યાનાવરણની ચાર કષાય. |
| પ્રમત્ત | ૦૬ | અસ્થિર, અશુભ, અસાતાવેદનીય, અયશઃકીર્તિ, અરતિ અને શોક. |
| અપ્રમત્ત | ૦૧ | દેવાયુ(અહીં સ્વસ્થાન અપ્રમત્ત દેવાયુની બંધ નિષ્ઠાપના વ્યુચ્છિત્તિ જાણવી. સાતિશય અપ્રમત્તમાં દેવાયુની વ્યુચ્છિત્તિ નથી થતી, કારણકે સાતિશય અપ્રમત્તમાં દેવાયુનો બંધ જ નથી થતો.) |
| અપૂર્વકરણ (પ્રથમભાગ) | ૦૨ | નિંદ્રા અને પ્રચલા, આભાગમાં ઉપશમશ્રેણી ચડતા સમયે મૃત્યુ નથી થતું. |
| ષષ્ઠમભાગ | ૩૦ | તીર્થંકર, નિર્માણ, પ્રશસ્તવિહાયોગતિ, પંચેન્દ્રિયજાતિ, તૈજસ, કાર્મણ, આહારક શરીર-આહારક અંગોપાંગ, સમચતુરસ્ત્રસંસ્થાન, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, વૈક્રિયકશરીર, વૈક્રિયક અંગોપાંગ, વર્ણાદિ -૪, અગુરૂલઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છવાસ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક શરીર, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર અને આદેય. |
| સપ્તમભાગ | ૦૪ | હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા. |
| અનિવૃત્તિકરણ | | |
| પ્રથમભાગ | ૦૧ | પુરૂષવેદ |
| દ્વિતીયભાગ | ૦૧ | સંજ્વલન ક્રોધ |
| તૃતીયભાગ | ૦૧ | સંજ્વલન માન |
| ચતુર્થભાગ | ૦૧ | સંજ્વલન માયા |
| પંચમભાગ | ૦૧ | સંજ્વલન લોભ |
| સૂક્ષ્મસાંપરાય | ૧૬ | જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, યશકિર્તી, ઉચ્ચગોત્ર. |
| ઉપશાંતમોહ | ૦૦ | |
| ક્ષીણમોહ | ૦૦ | |
| સયોગી | ૦૧ | સાતાવેદનીય |

આ રીતે સર્વ ૧૨૦ પ્રકૃતિઓ બંધયોગ્ય કહેવાય છે. તેનો બંધવ્યુચ્છિત્તિ ઉપર્યુક્ત ક્રમથી જાણવો જોઇએ. (ઉપર્યુક્ત બધાં કથન વિવિધ જીવોની અપેક્ષાથી છે.)

પરિશિષ્ટ - ૩.

## ગુણસ્થાનોમાં શુધ્ધ પરિણતિ

**શુધ્ધ પરિણતિની પરિભાષા આ પ્રકારે છે:-**

૧) આત્માના ચારિત્રગુણની શુધ્ધ પર્યાય અર્થાત વીતરાગ પરિણામને શુધ્ધ પરિણતિ કહે છે.

૨) કષાયના અનુદયથી વ્યકત વીતરાગ અવસ્થાને શુધ્ધ પરિણતિ કહે છે.

૩) જયાંસુધી સાધક આત્માની વીતરાગતા પૂર્ણ નથી થતી, ત્યાં સુધી સાધક આત્મામાં શુભોપયોગ, અશુભોપયોગ અને શુધ્ધોપયોગ સાથે કષાયના અનુદયપૂર્વક જે શુધ્ધતા અર્થાત વીતરાગતા હંમેશા બની રહે છે, તેને શુધ્ધ પરિણતિ કહે છે. **જેમ :-**

**૧) ચોથા અને પાંચમા ગુણસ્થાનમાં** - જયારે સાધક, બુધ્ધિપૂર્વક શુભોપયોગ કે અશુભોપયોગમાં સંલગ્ન રહે છે, ત્યારે કષાયના અભાવરૂપ આ શુધ્ધ પરિણતિને લીધે જ તે જીવ ધાર્મિક થઇને રહે છે.

**૨) છઠ્ઠા ગુણસ્થાનવર્તી** - શુભોપયોગી મુનિરાજને પણ શુધ્ધ પરિણતિ નિયમથી રહે છે. આ શુધ્ધ પરિણતિને કારણજ યથાયોગ્ય કર્મોનો સંવર અને પૂર્વબધ્ધ કર્મોની નિર્જરા પણ નિરંતર થતી રહે છે.

**શુધ્ધ પરિણતિ અનેક સ્થાન પર આ પ્રકારે રહી શકે છે:-**

**(૧) ચોથા અવિરતસમ્ક્ત્વ ગુણસ્થાનમાં** - મિથ્યાત્વ અને અંનતાનુબંધી એક જ કષાય ચોકડીના અનુદયરૂપ અભાવપૂર્વક વ્યકત વીતરાગતાથી જઘન્ય શુધ્ધ પરિણતિ સતત બની રહે છે. આ કારણે યુધ્ધાદિ અશુભોપયોગમાં સંલગ્ન શ્રવકને પણ યથાયોગ્ય સંવર - નિર્જરા થાય છે.

**(૨) પાંચમાં દેશવિરત ગુણસ્થાનમાં** - અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનાવરણ આ બે કષાય ચોકડીના અનુદયરૂપ અભાવપૂર્વક વ્યકત વિશેષ વીતરાગતાના કારણે મધ્યમ શુધ્ધ પરિણતિ સતત બની રહે છે. માટે દુકાન મકાનાદિ અથવા ઘરના સદસ્યોની વ્યવસ્થારૂપ અશુભોપયોગમાં સમય વીતાવતા થકા પ્રતી શ્રાવકને પણ યથાયોગ્ય સંવર - નિર્જરા થાય છે.

**(૩) છઠ્ઠે - પ્રમત્તવિરત ગુણસ્થાનમાં** - અનંતાનુબંધી આદિ ત્રણ કષાય ચોકડીના અનુદયરૂપ અભાવથી વ્યકત વીતરાગતાને કારણ ઉત્પન્ન શુધ્ધ પરિણતિ શુભોપયોગની સાથે હંમેશા બની રહે છે, આ

કારણે સંવર - નિર્જરા પણ થતી રહે છે. આ કારણથી અપ્રમત્તવિરત મુનિરાજની જેમ જ પ્રમત્તવિરત મુનિરાજ પણ ભાવલિંગી સંત જ છે.

**(૪) સાતમા અપ્રમત્તવિરત ગુણસ્થાનથી** લઇને નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધીના બધા ભાવલિંગી મહામુનિરાજોને ત્રણ કષાય ચોકડી (યથાસંભવ સંજવલ કષાય તથા નવ નોકષાય) ના અનુદયરૂપ અભાવથી વ્યકત વીતરાગરૂપ શુદ્ધોપયોગ હંમેશા બની રહે છે.

ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી વિદ્યમાન સાધકને શુભ કે અશુભરૂપ (છઠ્ઠા ગુણસ્થાનમાં કદાચિત્ અશુભોપયોગ હોય છે.) ઉપયોગ રહે છે, ત્યારે વ્યકત શુદ્ધતા સતત બની રહે છે, તેને જ શુદ્ધપરિણતિ કહે છે. જયારે ઉપયોગ નિજશુદ્ધાત્મામાં લીન થઇ જાય છે, ત્યારે તે જ વ્યકત શુદ્ધતા અર્થાત્ વીતરાગતા વૃદ્ધિગત થઇ જાય છે, તેને શુદ્ધોપયોગ કહે છે. **વ્યાપારરૂપ શુદ્ધતા શુદ્ધોપયોગ કહેવાય છે અને સહજ નિર્વિકલ્પ શુદ્ધતા શુદ્ધ પરિણતિ કહેવાય છે.**

**(૫) દસમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનમાં** ત્રણ કષાય ચોકડી અને સંજવલન ક્રોધ, માન , માયા કષાયો તથા નવ નોકષાયોના ઉપશમ કે ક્ષયરૂપ અભાવથી ઉત્પન્ન વિશેષ વીતરાગતારૂપ (સંજવલન સૂક્ષ્મલોભ કષાય કર્મના સદ્ભાવમાં) શુદ્ધોપયોગ એક અંતર્મુહૂર્ત સુધી રહે છે.

ઉપયોગ (જ્ઞાન-દર્શન) ની સાથે ચારિત્ર ગુણની શુદ્ધતા અર્થાત્ વીતરાગતાને શુદ્ધોપયોગ કહે છે અને સામાન્ય શુદ્ધતા અર્થાત્ વીતરાગતાને શુદ્ધ પરિણતિ કહે છે. સાતમા ગુણસ્થાન થી દસમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી શુદ્ધ પરિણતિ જ શુદ્ધોપયોગરૂપ પરિવર્તિત થઇ જાય છે.

**(૬) અગ્યારમાં ઉપશાંતમોહ અને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં** પણ વીતરાગતાની પૂર્ણતા થઇ ગઇ છે. તેથી આ બંને ગુણસ્થાનોમાં ઉપયોગ તથા પરિણતિ એવો ભેદ રહેતો નથી. પૂર્ણ વીતરાગતાને કારણ શુદ્ધોપયોગ પૂર્ણ થઇ ગયો છે. (મુનિ ભૂમિકાની શુદ્ધ પરિણતિ વિષયનું સ્પષ્ટીકરણ પ્રવચનસાર શાસ્ત્રની ચરણાનુયોગ ચૂલિકાની આ ગાથાઓની ટીકામાં ફરી ફરી આવ્યું છે, તેને જિજ્ઞાસુ જીવો જરૂર જુએ **(ગાથા ૨૪૬, ૨૪૭ તથા ૨૪૯ થી ૨૫૪ વગેરે)**

(૭) તેરમાં અને ચૌદમા ગુણસ્થાનોમાં અનંતદર્શન જ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ પરિણમનનું કાર્ય શુદ્ધોપયોગનું ફળ છે. -૦-

પરિશિષ્ટ - ૪.

## ઘાતિકર્મોના ક્ષયનું વિવરણ

કર્મોના ક્ષયનો પ્રારંભ ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિના સમયથી જ થઈ જાય છે. તીર્થંકરકેવળી, સામાન્યકેવળી અથવા શ્રુતકેવળીના સાનિધ્યમાં જ કર્મભૂમિના મનુષ્ય ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિનો પુરૂષાર્થ પ્રારંભ કરે છે.

૧) સર્વપ્રથમ અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ પરિણામોથી અનંતાનુબંધી કષાય ચતુષ્ટયનો વિસંયોજન દ્વારા અભાવ થઈ જાય છે.

૨) પછી આ જીવ એક અંતર્મુહૂર્ત કાળ સુધી વિશ્રામ લે છે. ત્યારબાદ ફરી અધઃકરણાદિ ત્રણકરણ પરિણામોથી મિથ્યાત્વ કર્મ, સમ્યક્મિથ્યાત્વ કર્મરૂપ પરિણમિત થઈ જાય છે. પછી સમ્યક્મિથ્યાત્વ કર્મ, સમ્યક્પ્રકૃતિરૂપ પરિણમિત થઈ જાય છે. ત્યારબાદ ક્રમથી સમ્યક્પ્રકૃતિ કર્મના ઉદયમાં આવી ક્ષય થઈ જાય છે. આ રીતે દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિઓનો ક્ષય થઈ જાય છે. આ પ્રકારે સમ્યક્ત્વ ઘાતક સાત પ્રકૃતિઓનો ક્ષય થઈ જાય છે.

ક્ષાયિકસમ્યક્ત્વનું ઉપરનું અભૂતપૂર્વ કાર્ય ચોથા અવિરતસમ્યક્ત્વ ગુણસ્થાનથી લઈને સાતમા અપ્રમત્તસંયત ગુણસ્થાન સુધી કોઈપણ એક ગુણસ્થાનમાં ત્રિકાળ સહજશુધ્ધ નિજભગવાન આત્માના આશ્રયરૂપ પુરૂષાર્થથી જ થાય છે.

આ વિષયનો સ્પષ્ટ ખુલાસો મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથમાં પાના નં. ૩૩૪, ૩૩૫ પર આવેલ છે, તેને નીચે આપી રહ્યા છીએઃ -

**એટલું વિશેષ છે કે ક્ષાયિક સમ્યક્ત્વની સન્મુખ થવાથી અંતર્મુહૂર્ત કાળ માત્ર જ્યાં મિથ્યાત્વની પ્રકૃતિનો ક્ષય કરે છે, ત્યાં બે જ પ્રકૃતિઓની સત્તા રહે છે. પછી મિશ્રમોહનીયનો પણ ક્ષય કરે છે, ત્યાં સમ્યક્ત્વમોહનીય ની જ સત્તા રહે છે. પછી સમ્યક્ત્વમોહનીય ની કાંડકઘાતાદિ ક્રિયા નથી કરતો, ત્યાં કૃતકૃત્યવેદક સમ્યક્દ્રષ્ટિ નામ પામે છે - એવું જાણવું.**

**તથા આ ક્ષયોપશમસમ્યક્ત્વ નું જ નામ વેદકસમ્યક્ત્વ છે. જ્યાં મિથ્યાત્વ - મિશ્રમોહનીયની મુખ્યતાથી કહીએ, ત્યાં ક્ષયોપશમ નામ પામે છે. તેથી કથનમાત્ર બે નામ છે, સ્વરૂપમાં ભેદ નથી. તથા તે**

ક્ષયોપશમ સમ્યક્ત્વ ચતુર્થાદિ સાતમા ગુણસ્થાન સુધી જોવામાં આવે છે.

આ રીતે ક્ષયોપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું.

તથા ત્રણે પ્રકૃતિઓના સર્વથા સર્વ નિષકોના નાશ થવાથી અત્યંત નિર્મળ તત્વાર્થશ્રદ્ધાન થાય, તેથી ક્ષાયિક સમ્યક્ત્વ છે. તેથી ચોથા થી સાતમાં ગુણસ્થાન સુધીમાં કયાંક ક્ષયોપશમ સમ્યક્દ્રષ્ટિને આની પ્રાપ્તિ થાય છે.

કેવી રીતે થાય છે? તે કહીએ છીએ - પ્રથમ ત્રણકરણ દ્વારા ત્યાં મિથ્યાત્વના પરમાણુઓને મિશ્રમોહનીય તથા સમ્યક્ત્વમોહનીય રૂપ પરિણમિત કરે તથા નિર્જરા કરે - આ રીતે મિથ્યાત્વનો નાશ કરે તથા મિશ્રમોહનીયના પરમાણુને સમ્યક્ત્વમોહનીય રૂપ પરિણમિત કરી નિર્જરા કરે - આ પ્રકારે મિશ્રમોહનીયનો નાશ કરે. તથા સમ્યક્ત્વ મોહનીયના નિષેક ઉદયમાં આવીને ખરે, તેની વધારે સ્થિતિ આદિ હોય તો તેને સ્થિતિ-કાંડકાદિ દ્વારા ઘટાવે. જયાં અંતર્મુહૂર્ત સ્થિતિ બાકી રહે ત્યારે કૃતકૃત્યવેદક સમ્યક્દ્રષ્ટિ થાય. તથા અનુક્રમથી આ નિષેકોનો નાશ કરીને ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ થાય છે.

તેથી આ પ્રતિપક્ષી કર્મના અભાવથી નિર્મળ છે તથા મિથ્યાત્વરૂપ રંજનાના અભાવથી વીતરાગ છે, તેનો નાશ નથી થતો. જ્યારથી ઉત્પન્ન થાય ત્યારથી સિદ્ધ અવસ્થા સુધી આનો સદ્ભાવ છે. આ પ્રકારે ક્ષાયિકસમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું.

૩) નવમાં ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ અને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ આ આઠ કર્મપ્રકૃતિઓનું સ્તિબુક સંક્રમણ થઈને પરમુખથી અભાવ થઈ જાય છે. અર્થાત્ આ આઠ ઘાતિરૂપ પ્રાપ પ્રકૃતિઓના દ્રવ્યોની ક્ષપણા કાળમાં સમય-સમય પ્રતિ એક-એક ફાલિકા સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ તથા પુરૂષવેદરૂપ કર્મમાં સંક્રમીત થઈ - થઇને બંને કષાય ચોકડીઓનો ક્ષય થઈ જાય છે.

૪) ત્યારબાદ આ ક્ષપક અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં જ દર્શનાવરણ કર્મના નિંદ્રાનિંદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ આ ત્રણ કર્મોનો ક્ષય થઈ જાય છે.

૫) પછી નવમા ગુણસ્થાનમાં જ સ્ત્રીવેદ અને નપુંસકવેદ કર્મનું દ્રવ્ય પુરૂષવેદ કર્મમાં સંક્રમિત થઈ જાય છે. ત્યારબાદ પુરૂષવેદ તથા હાસ્યાદિ છ (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા) આ સાતે કર્મોનું સંક્રમણ સંજ્વલન ક્રોધ કષાય કર્મોમાં થાય છે. આ રીતે નવ નોકષાયોનો ક્ષય થઈ જાય છે.

હવે ચારિત્રમોહનીય કર્મોમાંથી માત્ર સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ કષાયોની જ સત્તા બાકી રહી છે. તેમના ક્ષયનો ક્રમ આ પ્રમાણે છે :-

૬) નવમા ગુણસ્થાનમાં જ સંજ્વલન ક્રોધ કષાય કર્મનું સંક્રમણ સંજ્વલન માન કષાયમાં થાય છે. ત્યારબાદ સંજ્વલન માન કષાયનું સંક્રમણ સંજ્વલન માયા કષાયમાં થઈ જાય છે અને અંતમાં સંજ્વલન માયા કષાયનું સંક્રમણ લોભ કષાયમાં થઈ જવાથી સંજ્વલન ક્રોધ, માન અને માયા આ ત્રણ કષાયોનું સંક્રમણ થઈ-થઈને ક્ષય થઈ જાય છે. સંજ્વલન લોભ કષાય કર્મનું સંક્રમણ થતું નથી. સંક્રમિત થવા માટે ત્યાં (નવમા ગુણસ્થાનના ઉપાન્ત્ય સમયમાં) અન્ય ચારિત્રમોહનીય કર્મની સત્તા પણ શેષ રહી નથી. ચારિત્રમોહનીય કર્મનું સંક્રમણ અન્ય સાત કર્મોમાં પણ થતું નથી. તેથી **સંજ્વલન લોભ કષાય કર્મનો ક્ષય સ્વમુખથી જ થાય છે.**

પૂર્વોક્ત રીતે નવમા ક્ષપક **અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં જ ચારિત્રમોહનીય કર્મની ૨૦ પ્રકૃતિઓનો ક્ષય થઈ જાય છે.**

૭) દસમા ગુણસ્થાનના પ્રથમ સમયથી જ માત્ર સંજ્વલન લોભ કષાય કર્મ સૂક્ષ્મ લોભરૂપથી ઉદયમાં આવી રહ્યો છે. બાદર લોભ કષાય કર્મનું સૂક્ષ્મકૃષ્ટિકરણનું કાર્ય નવમા ગુણસ્થાનમાં જ સંપન્ન થઈ ગયું હતું. **દસમા ગુણસ્થાનના અંતિમ સમયમાં** સૂક્ષ્મ લોભ કષાયનો પણ ક્ષય થઈ જાય છે.

૮) હવે બારમા ગુણસ્થાનના પ્રથમ સમયથી જ મોહકર્મ તથા મોહ પરિણામોના સર્વથા અભાવથી મુનિરાજ પૂર્ણ વીતરાગી થઈ ગયા છે. હવે મોહનીય કર્મ વગર માત્ર ત્રણ ઘાતિ કર્મોની સત્તા બાકી છે. દર્શનાવરણના નવ કર્મોમાંથી છ કર્મ જ બાકી છે. તેમાંથી નિંદ્રા અને પ્રચલા આ બે કર્મનું બારમા **ક્ષીણમોહ ગુણસ્થાનના ઉપાન્ત્ય સમયમાં**

ક્ષય થઈ જાય છે.


૯) ક્ષીણકષાય ગુણસ્થાનના અંતિમ સમયમાં જ્ઞાનાવરણ કર્મની મતિજ્ઞાનાવરણાદિ ૫ પ્રકૃતિઓ, દર્શનાવરણ કર્મની ચક્ષુદર્શનાવરણાદિ ૪ પ્રકૃતિઓ અને અંતરાયકર્મની ૫ પ્રકૃતિઓ - કુલ મળીને ૧૪ કર્મપ્રકૃતિઓનો ક્ષય થઈ જાય છે.

આ રીતે ઘાતિકર્મોની ક્ષપણા/ક્ષયનું વિવરણ પુરૂ થયું.

-o-o-o-o-

પરિશિષ્ટ - ૫.

## ઔપશમિક સમ્યક્ત્વ




આ મોટી રેખા મિથ્યાત્વ કર્મની છે. વચમાં પોલી અર્થાત્ ખાલીજગ્યા મિથ્યાત્વ કર્મનાં ઉદયથી રહિત દેખાડવામાં આવી છે. આ સ્થાનમાં પહેલા પણ મિથ્યાત્વ કર્મની સત્તા હતી. જ્યારથી સમ્યક્ત્વસન્મુખ મિથ્યાદ્રષ્ટિ કરણલબ્ધિ પ્રાપ્ત જીવ અધઃકરણ, અપૂર્વકરણ પરિણામોથી આવશ્યક કાર્ય કરે છે. પછી અનિવૃત્તિકરણ પરિણામનો થોડો સમય વીત્યા પછી મિથ્યાત્વકર્મના કાંઈક નિષેક પ્રતિસમય દીર્ઘકાળ પછી ઉદય આવવા યોગ્ય મિથ્યાત્વની ઉપરિતન સ્થિતિમાં જતા રહે છે અને કાંઈક નિષેક અધસ્તન સ્થિતિમાં જઈને ભળી જાય છે. આ ક્રમ અનિવૃત્તિકરણના અંતિમ સમય સુધી ચાલતો રહે છે. આટલી અવધિમાં/અંતર્મુહૂર્તકાળમાં મિથ્યાત્વકર્મનો ઉદય આવતો રહેવાથી અધસ્તન સ્થિતિના મિથ્યાત્વ કર્મ, ઉદયમાં આવી મળી/ભળી જાય છે અને જીવ મિથ્યાત્વ કર્મથી રહિત સ્થાનમાં પહોંચે છે. તથા ત્યાં મિથ્યાત્વ કર્મનો ઉદય નહીં હોવાથી તથા શ્રદ્ધાગુણની સમ્યક્ત્વરૂપ પર્યાય પ્રગટ થવાને લીધે ક્ષાયિક સમ્યક્ત્વ જેવું યથાયોગ્ય એક અંતર્મુહૂર્તકાળ સુધી ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

♦ સાદિ મિથ્યાદ્રષ્ટિ હોય તો અનંતાનુબંધીના ૪ તથા દર્શનમોહનીયના ૩ કર્મ કુલ મળીને ૭ કર્મોનો ઉપશમ કરે છે.

♦ અનાદિ મિથ્યાદ્રષ્ટિ હોય તો અનંતાનુબંધીના ૪ અને મિથ્યાત્વ નો ૧ - કુલ ૫ કર્મોનો ઉપશમ કરે છે. કદાચિત્ સાદિ મિથ્યાદ્રષ્ટિ પણ ૫,૬ કે ૭નો ઉપશમ કરે છે. ♦ ઔપશમિક સમ્યક્ત્વના ઉત્પત્તિના પ્રથમ સમયમાં જ મિથ્યાત્વકર્મના ૧) મિથ્યાત્વ ૨) સમ્યક્મિથ્યાત્વ ૩) સમ્યક્પ્રકૃતિ - એવા ૩ ટુકડા થઈ જાય છે. ♦ ઔપશમિક સમ્યક્ત્વની પ્રથમ ઉત્પત્તિ ચોથા, પાંચમા અથવા સાતમા ગુણસ્થાનમાંથી કોઈપણ એક ગુણસ્થાનમાં થાય છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વના સંબંધમાં મોક્ષમાર્ગપ્રકાશક શાસ્ત્ર પાના ૨૬૪નું આ કથન પણ અત્યંત મહત્વપૂર્ણ છે -


"આ રીતે અપૂર્વકરણ થયા બાદ અનિવૃત્તિકરણ થાય છે. તેનો કાળ અપૂર્વકરણનો પણ સંખ્યાતમો ભાગ છે. તેમાં પૂર્વોક્ત આવશ્યક સહિત કેટલોય કાળ વીત્યાબાદ અંતરકરણ કરે છે, જે અનિવૃત્તિકરણના કાળ પછી ઉદયમાં આવવા યોગ્ય એવા મિથ્યાત્વકર્મના મુહૂર્તમાત્ર નિષેક તેનો અભાવ કરે છે, તે પરમાણુઓને અન્ય સ્થિતિરૂપ પરિણમિત કરે છે. તથા અંતરકરણ કર્યા બાદ ઉપશમકરણ કરે છે. અંતરકરણ દ્વારા અભાવરૂપ કરેલ નિષેકોના ઉપરવાળા જે મિથ્યાત્વના નિષેક છે તેને ઉદય આવવા અયોગ્ય બનાવે છે. ઈત્યાદિક ક્રિયા દ્વારા અનિવૃત્તિકરણના અંતસમયના અનંતર જે નિષેકોનો અભાવ કર્યો હતો, તેનો કાળ આવે, ત્યારે નિષેકો વિના ઉદય શેનો આવશે ? માટે મિથ્યાત્વનો ઉદય ન થવાથી પ્રથમોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અનાદિ મિથ્યાદ્રષ્ટિના સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયની સત્તા નથી, માટે તે એક મિથ્યાત્વકર્મનો જ ઉપશમ કરીને ઉપશમ સમ્યક્દ્રષ્ટિ થાય છે તથા **કોઈ જીવ સમ્યક્ત્વ પામી ફરી ભ્રષ્ટ થાય છે.**"

"કોઈ જીવ સમ્યક્ત્વ પામી ફરી ભ્રષ્ટ થાય છે." - આ ઉપરોક્ત વાક્યાંશથી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરવાવાળો જીવ નિયમથી મિથ્યાત્વમાં જાય એવો નિયમ નથી, આ વિષય સ્પષ્ટ થાય છે.

-૦-૦-૦-૦-

## પરિશિષ્ટ - ૬

# ઔપશમિક ચારિત્ર




ઉપર બતાવવામાં આવેલ મોટી રેખા ચારિત્રમોહનીયના ૨૧ કર્મો(પ્રકૃતિઓ)ની છે. વચ્ચમાંની ખાલી જગ્યા ચારિત્રમોહનીયની ૨૧ કર્મોથી રહિત દેખાડી છે. આ સ્થાનમાં પણ પહેલા ચારિત્રમોહનીયની ૨૧ કર્મપ્રકૃતિઓ હતી. જ્યારથી દ્વિતીયોપશમી કે ક્ષાયિકસમ્યક્ત્વી મુનિરાજે ઉપશમક અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં પ્રવેશ કર્યો, ત્યારથી અર્થાત્ અનિવૃત્તિના પહેલા સમયથી ચારિત્રમોહનીય ૨૧ કર્મોના કાંઈક નિષેક પ્રતિસમય દીર્ઘકાળ(લાંબા સમય) પછી ઉદયમાં આવવા યોગ્ય ઉપરિતન સ્થિતિમાં (સત્તામાં પડેલા કર્મોમાં) જતા રહે છે. કાંઈક નિષેક અધસ્તન સ્થિતિના કર્મોમાં જઈને ભળી જાય છે.

આ ક્રમ નવમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી ચાલતો રહે છે. આટલી અવધિમાં(અંતર્મુહૂર્ત કાળમાં) ચારિત્રમોહનીયનો ઉદય આવતા-આવતા અધસ્તન સ્થિતિના કર્મ ઉદયમાં આવી ખરી જાય છે અને મુનિરાજ ચારિત્રમોહનીય કર્મોથી રહિત સ્થાનમાં પહોંચે છે. અને મુનિરાજોને અગ્યારમું ઉપશાંતમોહ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

ચારિત્રમોહનીય કર્મના ૨૧ ભેદ - અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ૪, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ ૪, સંજ્વલન ક્રોધાદિ ૪ અને હાસ્યાદિ નવ નોકષાય = ૪+૪+૪+૯ =૨૧.

-૦-

# ગુણસ્થાનોથી ગમન

મિથ્યા મારગ ચારિ, તીનિ ચઉ પાંચ સાત ભનિ,
દુતિય એક મિથ્યાત્વ, તૃતીય ચૌથા પહલાં ગનિ ॥૧॥
અવ્રત મારગ પાંચ, તીનિ દો એક સાત પન,
પંચમ પંચ સુસાત, ચાર તિય દોય એક ભન ॥૨॥
છઠ્ઠે ષટ્ ઈક પંચમ અધિક, સાત આઠ નવ દસ સુનો,
તિય અધ ઉરધ ચૌથે મરન, ગ્યારહ બાર બિન દો મુનો ॥૩॥

- પંડિત ધાનતરાયજી, ચર્ચા શતક, છંદ -૪૪

આ છંદનો ગુજરાતીમાં ભાવાર્થ આ પ્રકારે છે-

૧ **પહેલા ગુણસ્થાનથી** ઉપર ગમનના ચાર માર્ગ છે - ત્રીજા, ચોથા, પાંચમા અને સાતમા ગુણસ્થાનમાં.

૨ **સાસાદન ગુણસ્થાનથી** નીચેની તરફ ગમનનો એક જ માર્ગ છે - પહેલા ગુણસ્થાનમાં.

૩ **ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં** ગમન માટે કુલ બે માર્ગ છે - ઉપરની તરફ ચોથામાં તથા નીચેની તરફ પહેલા ગુણસ્થાનમાં.

૪ **ચોથા ગુણસ્થાનથી** ગમનના પાંચ માર્ગ છે - ઉપરની તરફ પાંચમાં અને સાતમામાં અને નીચેની તરફ ત્રીજા, બીજા અને પહેલા ગુણસ્થાનમાં.

૫ **પાંચમા ગુણસ્થાનથી** પણ પાંચ માર્ગ છે - ઉપરની તરફ સાતમામાં તથા નીચેની તરફ ચોથા, ત્રીજા, બીજા અને પહેલા ગુણસ્થાનમાં.

૬ **છઠ્ઠા ગુણસ્થાનથી** છ માર્ગ છે. - ઉપરની તરફ સાતમામાં તથા નીચેની તરફ પાંચમા, ચોથા, ત્રીજા, બીજા અને પહેલા ગુણસ્થાનમાં.

૭ ઉપશમ શ્રેણીની સન્મુખ **સાતમાગુણસ્થાન થી** ત્રણ માર્ગ છે - ઉપરની તરફ આઠમામાં, પડતા સમય નીચેની તરફ છઠ્ઠામાં અને મૃત્યુ થાય તો વિગ્રહ ગતિમાં ચોથા ગુણસ્થાનમાં.

૮ ઉપશમ શ્રેણીવાળા **આઠમા ગુણસ્થાનથી** ત્રણ માર્ગ છે - ઉપરની તરફ નવમામાં તથા નીચેની તરફ સાતમામાં અને મરણ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં.

૯ ઉપશમ શ્રેણીવાળા **નવમા ગુણસ્થાન થી** ત્રણ માર્ગ છે - ઉપરની તરફ દસમામાં તથા નીચેની તરફ આઠમામાં અને મરણ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં.

૧૦ ઉપશમ શ્રેણીવાળા **દસમા ગુણસ્થાનથી** ત્રણ માર્ગ છે - ઉપરની તરફ અગ્યારમાં તથા નીચેની તરફ નવમામાં અને મરણ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં.

૧૧ **અગ્યારમાંથી** બે માર્ગ જ છે- નીચેની તરફ દસમું અને મરણ અપેક્ષાએ ચોથા ગુણસ્થાનમાં.

-o-

## કરણાનુયોગના વ્યાખ્યાનનું વિધાન

તથા ક્યાંય જેની વ્યકતતા કાંઈ ભાસિત નથી થતી, છતાંય સૂક્ષ્મશક્તિના સદ્ભાવથી તેનું ત્યાં અસ્તિત્વ કહ્યું છે. જેમ - મુનિને અબ્રહ્મ કાર્ય કાંઈ નથી, છતાંય નવમાં ગુણસ્થાન સુધી મૈથુનસંજ્ઞા કહી છે. અહમિન્દ્રોના દુઃખનું કારણ વ્યકત નથી, છતાંય કદાચિત્ અસાતા નો ઉદય કહ્યો છે. આ પ્રકારે અન્યત્ર જાણવું.

તથા કરણાનુયોગ સમ્યક્દર્શન - જ્ઞાન-ચારિત્રાદિક ધર્મનું નિરૂપણ કર્મ પ્રકૃતિઓના ઉપશમાદિકની અપેક્ષા સહિત સૂક્ષ્મશક્તિ જેવીરીતે જોવા મળે છે, તેમ ગુણસ્થાનાદિમાં નિરૂપણ કરે છે તથા સમ્યક્દર્શનાદિના વિષયભૂત જીવાદિઓનું પણ નિરૂપણ સૂક્ષ્મભેદાદિ સહિત કરે છે.

**અહીં કોઈ કરણાનુયોગ અનુસાર તમે ઉદ્યમ કરો તો થઈ નથી શકતો, કરણાનુયોગમાં તો યથાર્થ પદાર્થ બતાવવાનું મુખ્ય પ્રયોજન છે, આચરણ કરાવવાની મુખ્યતા નથી.**

માટે આ તો ચરણાનુયોગાદિક અનુસાર પ્રવર્તન કરો, તેથી જે કાર્ય થવાનું છે તે સ્વયમેવ જ થાય છે. જેમ - તમે કર્મોના ઉપશમાદિ કરવા ઈચ્છો તો કેમ થાય? **આપ તો તત્વાદિકનો નિશ્ચય કરવાનો ઉદ્યમ કરો, તેનાથી જ ઉપશમાદિ સમ્યક્ત્વ થાય છે. આ પ્રકારે અન્યત્ર જાણવું.**

એક અંતર્મુહૂર્તમાં અગ્યારમાં ગુણસ્થાનથી પડીને ક્રમશઃ મિથ્યાદ્રષ્ટિ થાય છે અને ચઢીને કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે, તો એવા સમ્યક્ત્વાદિના સૂક્ષ્મભાવ બુધ્ધિગોચર નથી થતાં. માટે કરણાનુયોગ અનુસાર જેમ છે તેમ જાણી તો લે, પરંતુ પ્રવૃત્તિ બુધ્ધિગોચર જેનાથી ભલું થાય તેવી કરે.

તથા કરણાનુયોગમાં પણ ક્યાંક ઉપદેશની મુખ્યતા સહિત વ્યાખ્યાન હોય છે, તેને સર્વથા તે પ્રકારે નહી માનવું. જેમ - હિંસાદિકના ઉપાયને કુમતિજ્ઞાન કહ્યું છે, અન્ય મતાદિકના શાસ્ત્રાભ્યાસને કુશ્રુતજ્ઞાન કહ્યું છે, ખરાબ જુએ, સારૂં ન જુએ, તેને વિભંગજ્ઞાન કહ્યું છે, તે તો તેને છોડવા અર્થે ઉપદેશ દ્વારા એમ કહ્યું છે. તારત્મયથી મિથ્યાદ્રષ્ટિનું બધું જ્ઞાન કુજ્ઞાન છે, સમ્યક્દ્રષ્ટિનું બધું જ્ઞાન સુજ્ઞાન છે. આ પ્રકારે અન્યત્ર જાણવું.

**- મોક્ષમાર્ગપ્રકાશક, પાના નં. ૨૭૬**